गूजरात विद्यापीठ ग्रंथा
[गूजराती कॉपीराइट विभाग
क्रमांक २५७७० किम
नाम
कि

PRINTED BY
PREMIER OFFSET WORKS BOMBAY 1

गूजरात विद्यापीठ ग्रंथालय

| गुजराती कॉपीराइट विभाग |

अनुक्रमांक २५७०० किंमत 3-0-0

ग्रंथनाम જયહિંદ

वर्गांक ૭૦૨ ૨૫.૫૪

જય હિન્દ

સંપાદકો

વિઠ્ઠલભાઇ કે. ઝવેરી : : સોલી એસ. બાટલીવાલા

અનુવાદક

કરસનદાસ માણેક

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

જન્મભૂમિ પ્રકાશન મંદિર
૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, મુંબઈ-૧

પહેલી આવૃત્તિ : ડિસેમ્બર ૧૯૪૫
બીજી આવૃત્તિ : એપ્રિલ ૧૯૪૬

ત્રણ રૂપિયા

મુદ્રક : પ્રકાશક : અમૃતલાલ પ્રભાશંકર સાતા
સ્ટેટ્સ પિપલ પ્રેસ : ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, મુંબઈ-૧

જય હિન્દ

આઝાદ હિન્દ ફોજની ઝાંસીની રાણી
ટુકડીમાંની એક વીરાંગનાની રોજનીશી



આઝાદ હિન્દ ફોજના સૈનિકોનાં કુટુંબો
માટે શરૂ થયેલ રાહત ફંડના લાભાર્થે

'જય હિન્દ' એ આપણી
રાષ્ટ્રિય સલામી છે.......

રેંટિયાના ચિહ્નવાળી ત્રિરંગી
પતાકા એ આપણો
રાષ્ટ્રિય ધ્વજ છે.

ટાગોરનું 'જય હો' ગીત
એ આપણું રાષ્ટ્રગીત છે.

ટિપૂ સુલતાન સાથે જેનાં
સ્મરણો સંકળાયેલાં છે—એ
વાઘ આપણું સંકેતચિહ્ન છે.

'ચલો દિલ્લી' એ આપણો
યુદ્ધનાદ છે; અને ઇન્કિલાબ
ઝિન્દાબાદ અને આઝાદ
હિન્દ ઝિન્દાબાદ એ
આપણાં સૂત્રો છે.

વિશ્વાસ—એકતા—બલિદાન
એ આપણો ધ્યેયમંત્ર છે.

આરઝી હકૂમતે આઝાદ હિન્દ
(આઝાદ હિન્દની કામચલાઉ સરકાર)

હિન્દમાંના અને હિન્દ બહારના
તમામ
ક્રાન્તિવીરોને
જેમણે
૧૯૪૨-૪૫ના
હિન્દ સ્વાતંત્ર્ય યુદ્ધમાં
સક્રિય રીતે ભાગ લીધો

પ્ર વે શ ક

બ્રહ્મદેશ અને સિયામના મારા છેલ્લા પ્રવાસે મને સુભાષ બોઝની આઝાદ હિંદ સરકાર સાથે સંબંધ ધરાવતાં માનવીઓ અને સામગ્રીઓના સંપર્કમાં મૂકી દીધો; એટલું જ નહિ, પરંતુ વતનમાં પાછા ફર્યા પછી પણ એ સંબંધના કેટલાક બીજા સંપર્કોનું ખાસ લક્ષ એ પ્રવાસને કારણે મારા પ્રત્યે ખેંચાયું. આ લખાણ પ્રસિદ્ધ થાય છે તેની સામગ્રી આ રીતે પ્રાપ્ત થઇ. જે પ્રસિદ્ધની, એ સામગ્રી, ખૂબ અચ્છી રીતે હકદાર હતી, તે આજે એને મળી રહી છે એ જોઇને હું આનંદું છું.

ઇતિહાસકારને ઘટનાઓનો કે એ ઘટનાઓમાં ઓતપ્રોત થયેલી વ્યક્તિઓનો સીધો સંપર્ક ન જ હોય. એ તો પોતાની પાસેની વિવિધ સામગ્રીઓને નીરક્ષીરન્યાયે જુએ, ચકાસે અને છણે; અને એ સંશોધનકાર્યમાંથી ઇતિહાસનું સર્જન કરે. નોંધપોથી એ, મોટે ભાગે, એના લખનારે રોજ-બ-રોજ જોયેલી અને અવલોકેલી ઘટનાઓની નોંધ છે. પરિણામે, નોંધપોથી એ ઇતિહાસ જ છે—એક એવો ઇતિહાસ—કે જેમાં સત્યની પવિત્રતાનું સંરક્ષણ ખૂબ વધારે પ્રમાણમાં થયેલું હોય છે. મને ખાતરી છે કે, આ બધું જોતાં, આ નોંધપોથીના પ્રકાશનને જાહેર જનતા વધાવી લેશે.

એક વાર ફરીથી મારે ભારપૂર્વક જણાવવું જોઇએ કે આ પ્રકાશન એ ફક્ત ઘટનાઓની સાદીસીધી નોંધ જ છે...અને એ જ એનો આશય છે. યુદ્ધકાળ ચાલુ હોત, તો, રખે ને એના પ્રકાશનને કારણે યુદ્ધના સંચાલન ઉપર અસર થાય એ વિચારે, મેં પ્રકાશકને આ પ્રકાશન ન કરવાની સલાહ આપી હોત; પરંતુ યુદ્ધ હવે પૂરું થયું છે; એટલે હવે સ્મૃતિઓ ઝાંખી થઇ જાય અને અતિશયોક્તિ કે વિભૂતિપૂજાનાં તત્ત્વો એમાં છાનાંછપનાં દાખલ થઇ જાય તે પહેલાં એને સત્વર જ મુદ્રાંકિત કરી દેવી જોઇએ. આ પ્રકાશને એ બન્ને દોષોને અળગા રાખવાનો પ્રયત્ન કર્યો છે.


હવે સુભાષબાબુ અને એમની આઝાદ હિંદ સરકારને માટે બે એક શબ્દો. સુભાષબાબુએ આઝાદ હિંદ સરકારની સ્થાપના કરી અને એવાં બીજાં પગલાં લીધાં તે જેમને ન ગમ્યાં હોય એવા લોકો હિંદમાં છે. એમને એમનું દૃષ્ટિબિન્દુ અખત્યાર કરવાનો અધિકાર છે. પરંતુ તે લોકોને પણ, અને સુભાષબાબુનાં કટ્ટરમાં કટ્ટર વિરોધીઓને પણ, ન્યાયને ખાતર, સુભાષબાબુના હેતુઓની ઉચ્ચતા, એમણે ખેડેલ ઐતિહાસિક જોખમ અને આઝાદ હિંદ સરકારના એમના સાહસને અંગે એમણે આપેલ ભવ્ય આત્મભોગનો સ્વીકાર તો કરવો જ પડશે.

છેલ્લા બે સૈકાઓથી આપણને આપણા શાસકોએ નિ:શસ્ત્ર બનાવી દીધા છે. શસ્ત્ર ઉપાડતા આપણે ડરીએ છીએ. આપણને લાગે છે કે સશસ્ત્ર બનીને

આપણી સ્વાધીનતા માટે લડવાનું આપણાથી ન બની શકે. સુભાષે આપણને અને આખી દુનિયાને પુરવાર કરી બતાવ્યું છે કે, આપણો એ સંક્ષોભ ક્ષણિક છે. આપણે વ્યપારીઓ અને કારકૂનો સુદ્ધાં, આપણી છોકરીઓ સુદ્ધાં આયુધો ઉપાડી શકીએ છીએ અને લડી શકીએ છીએ.

આપણી કોમી સમસ્યા, આહારની સમસ્યા, ભાષાની સમસ્યા—અને એવી એવી અનેક સમસ્યાઓને એમણે ઉકેલી બતાવી છે. પૂર્વ એશિયાનો એમનો આ પ્રયોગ, એ આપણી પ્રજાના ભાવી કાર્યક્રમ માટેની દોરવણીની એક નવી પ્રેરણા છે. આઝાદ સરકારના પૂર્વ એશિયાના પ્રયોગે આપણને ઘણું શીખવ્યું છે અને આપણી આંખો ઉઘાડી છે. આપણે આપણને ધારી બેઠા હતા તેના કરતાં વધારે ધરખમ, વધારે સશક્ત અને સારા, અને સ્વાધીનતા માટે વધારે સુયોગ્ય છીએ, એ વાતનું એમણે આપણને ભાન કરાવ્યું છે. આપણો દેશ સુભાષબાબુનો ઋણી બન્યો છે. એમણે હિંદમાં જે કંઇ કર્યું કારવ્યું છે તેને માટે તો આપણે એમના ઋણી હતા જ. પરંતુ પૂર્વ એશિયામાં એમણે જે કર્યું છે તેણે તો આપણને એમના ખૂબ ખૂબ વધારે ઋણી બનાવી મૂકયા છે.

સુભાષબાબુ ઝિન્દાબાદ! ઇન્કિલાબ ઝિન્દાબાદ! જય હિન્દ!



સપ્ટેમ્બર ૨૯, ૧૯૪૫

પ્રિય ભાઈ,

એક મહામોલી ચીજ તમને મોકલું છું—હિન્દી સ્વાતંત્ર્ય માટેના આપણાં યુદ્ધ દરમિયાનના કટોકટીના કેટલાક મહિનાઓની મારી નોંધપોથી. આનો કોઇ પણ ઉપયોગ કરવાની છૂટ છે—એમ કરવાથી દેશનું કલ્યાણ સધાશે એમ તમને લાગતું હોય તો.

આના કોઇ પણ એક ભાગને પ્રસિદ્ધ કરવાની તમારી ઇચ્છા હોય તો તેમ પણ તમે કરી શકો છો—તમને યોગ્ય લાગે તે રીતે.

મારી શરત તો ફક્ત એક જ છે. આની પ્રસિદ્ધિથી આપણી આઝાદીનાં આંદોલનને વેગ મળવો જોઇએ. આ શરતે આખીય સામગ્રીની કુલ મુખત્યારી તમારી છે.

જય હિન્દ !

તમારી ભગિની
મ—

અ નુ ક્ર મ

જય હિન્દ

હિંદની એક અપ્રસિદ્ધ વીરાંગનાની રોજનીશીનાં આ થોડાંક પાનાં છે. પૂર્વ એશિયામાં હિંદી આઝાદીને ખાતર જે એક યશસ્વી મહાભારત સર્જાયું તે આ વીરાંગનાએ નજરો-નજર દીઠેલું.

૧૯૪૧ના ડિસેમ્બરના વાવંટોળસમા દિવસોમાં અને તે પછી, બ્રિટિશ સલ્તનતના કડાકા બોલતા, આ મહિલાએ કાનોકાન સાંભળેલા.

મલાયા અને બ્રહ્મદેશમાં એક છેડેથી બીજે છેડે સુધી પીતવર્ણા જાપાનીઓનાં ધાડાં ફરી વળતાં એ વીરાંગનાએ દીઠેલાં; અને સ્વતંત્ર હિંદની આરઝી હકૂમત તથા અમર આઝાદ હિંદ ફોજની જનતા સમી ક્રાન્તિના ઉદયને પણ એણે દીઠેલો. એ ક્રાન્તિના ઉદયકાળે એ હાજર હતી, એના મધ્યાહ્નકાળનો ઝગારા મારતો પ્રકાશ પણ એણે માણ્યો. અને છેલ્લે એના સાયંકાળના સુદીર્ઘ ઓળાઓને, આવનારી કાળરાત્રીના ધીરે ધીરે ગાઢ બનતા જતા અન્ધકારમાં સમાતાં પણ, એણે દીઠા.

આરામખુરશીમાં આળોટનાર કોઇ આત્મતુષ્ટ માનવીની આ રોજનીશી નથી; નથી કોઇ સમાજની ઢીંગલીના અંતરની ધૂમ્રસૃષ્ટિ કે નથી કોઇ સિદ્ધહસ્ત અખબારનવેશનો હાથ-કસબ. ઝાંસીની રાણી ટુકડીની સંગાથે હાથમાં બંદૂક લઇને લડવા નીકળેલી એક ક્રાન્તિવાદી હિંદી યુવતીની આ છે એક સીધીસાદી અનુભવસિદ્ધ અને રંગરોગાન વગરની કથા.

અલંકારોની એને આવશ્યકતા નથી. એ વીરાંગના ઇચ્છતી હતી ફક્ત એટલું કે–'જય હિંદ'નો નાદ...અને મુક્તિ-સંગ્રામના ખેલણહારા એશિયાના ત્રીશ લાખ હિંદીઓનાં અંતરોમાં એ નાદે કરીને ઊઠતી સ્વપ્નસૃષ્ટિ...એ બધું એના સાચા અને વાસ્તવિક સ્વરૂપમાં આપણા દેશવાસીઓ પાસે રજૂ થાય.

આમાં અમે જો કૈં પણ કર્યું હોય તો તે ફકત એટલું કે કાર્યકરોનાં નામોને અમે કાળજીપૂર્વક કાઢી નાખ્યાં છે અને દેખીતાં કારણોસર અત્યારે જે સામગ્રીની પ્રસિદ્ધિ અનિષ્ટ ગણાય, તેને અમે આ પ્રકાશનમાંથી બાતલ રાખી છે. —સંપાદકો

અનુવાદકના બે શબ્દ

જય હિન્દનું અંગ્રેજી પુસ્તક હાથમાં આવ્યું કે તરત જ વાંચી ગયો–એક જ બેઠકે. મનમાં થયું કે આને ગુજરાતીમાં ઉતારવું જોઇએ. મુ૦ અમૃતલાલ શેઠને કાને આ ઈચ્છા પહોંચી. એમણે પણ સંમતિ આપી...

અનુવાદનું કામ ચાલતું હતું તે દરમિયાન મારે મુંબઇની બહાર જવાનું થવાથી પૃષ્ટ ૬૩–૮૪ તથા પૃષ્ઠ ૧૨૪–૧૨૬ સુધીનો અનુવાદ શ્રી. દિલીપ કોઠારીએ કર્યો છે, જે માટે તેમનો આભારી છું. વળી, હસ્તપ્રતને પ્રેસમાં મોકલતાં પહેલાં તેને તપાસી જવાની તેમ જ પ્રૂફ જોવાની મહેનત શ્રી. જીવનલાલ જાનીએ લીધેલ છે જેની સાભાર નોંધ લેવી ઘટે છે.

ભારેલો અગ્નિ

ફેબ્રુઆરી ૧, ૧૯૪૨

મારી આસપાસ, સર્વત્ર, હૃદયને હલમલાવી મૂકે એવી ઘટનાઓ ઘડાઇ રહી છે. એ બધીને નિયમિત રીતે આ નોંધપોથીનાં પાનાં ઉપર અંકિત કરવાનો મેં નિશ્ચય કર્યો છે. નોંધપોથી રાખવાનો વિચાર તો મેં આ પહેલાં ઘણીયે વાર કર્યો છે, પરંતુ થોડો વખત એ શુભ સંકલ્પ પ્રમાણે કામ ચાલે અને પછી એ બધું ભૂલી જવાય.

મહાસત્તાઓનો યુરોપીય સંગ્રામ બહુ દૂર લાગતો હતો: હજારો માઇલ દૂર, અને મનથી તો લાખો માઇલ દૂર; પરંતુ હવે તો, એકજ ઝપાટે, 'દૂર પૂર્વ'' ની પૃથ્વી એની- જ્વાળાએમાં ઝીંકાઇ ગઇ છે. બ્રિટનનું પ્રચંડ નૌકાદળ પ્રશાંતની અમારી સાગરસપાટી ઉપરથી લગભગ અદૃશ્ય જ થઇ ગયું છે. પૂર્વની દુનિયા હવે એમના હાથમાંથી સરકતી જાય છે. બ્રિટનનો સૂરજ કદી આથમતો જ નથી એમ કહેવાતું; હવે એને ઊગવા માટે પણ કોઇ સ્થાન નહિ રહે. લાગે છે કે હવે એ સદા આથમેલો જ રહેશે.

હવે બધાને ભાન થતું જાય છે કે બ્રિટિશ સામ્રાજ્ય એ કૈં અભેદ્ય વસ્તુ નથી. પરાજય અને અપમાન બ્રિટિશ સામ્રાજ્યના ધ્વજને પણ કલુષિત કરી શકે છે. ગયે વરસે, ૭ મી ડિસેમ્બરે, જાપાનીઓએ પર્લ હારબર ઉપર પહેલો ઘા કર્યો. ૧૩મીએ ગુઆમ પડ્યું. ૨૨મીએ વેઇક ટાપુઓ. ૨૫મીએ હોંગકોંગ અને ૨જી જાનેવારીએ મનિલા. પેનાંગ તો ૨૦મી ડિસેમ્બરથી જ જાપાનના હાથમાં છે. કલઇ-ઉદ્યોગનું મથક ઇપોહ ૨૯મી ડિસેમ્બરે પડેલું.

અજેય બ્રિટિશ શાહીવાદીઓ આજે ઊભી પૂછડીએ નાસી રહ્યા છે. હવાઇ જહાજોનાં મથકો અને બંદરો ઉપર આજે ભીડ જામી છે—એકબીજાને ગૂંગળાવી નાખે એવી ભીડ. દુનિયા જેમને સિંહ જેવા સમજી બેઠી હતી એ પામરો આજે, ગભરાયેલ ઊંદરો જેમ આડુંઅવળું જોયા વગર નાસે, એમ નાસવા જ માંડ્યા છે. જાપનીઓ એમની બરાબર પાછળ પડ્યા છે. અફવાઓ અને અત્યાચારોની કહાણીઓ મારા કાનમાં પડી રહી છે. મારી

આસપાસ જે ત્રાસ અને ભય પ્રવર્તી રહ્યા છે તેમાં હું પણ જકડાઇ ગઇ છું...અને મને પણ થાય છે કે નાસી છૂટું!

પણ નાસી છૂટીનેય તે જાઉં ક્યાં? કોની પાસે? કેવી રીતે? ના. હું નાસી નહિ જાઉં. હું તો જ્યાં છું ત્યાં જ રહીશ. મારા પતિ આવે અને મને અહીં ન જુએ તો એમને શું થાય? એમને ભય વચ્ચે મૂકીને હું સલામતી શોધવા ચાલી નીકળું? એમણે મને કહ્યું હતું–જતી વેળા–કે આપણે સિંગાપુરમાં જ મળીશું. હું સિંગાપુરમાં જ રહીશ. એમની પ્રતીક્ષા કર્યા કરીશ. ભલે આસમાન તૂટી પડે!

'પોટેશ્યમ સાયેનાઇડ'ની એક શીશી તો મેં મેળવી જ લીધી છે. જાપાનીઓ મારું શિયળ લૂંટવાની કોશિશ કરશે તો...તો એ શીશી મારી સાથી બનશે. તમે ક્યાં હશો, અત્યારે, મારા દેવ? તમે મારા અંતરના બોલને અત્યારે સાંભળી શકતા હો તો કેવું સારું.. તો એક વાતની તમને ખાતરી થઇ જાય કે નિર્દયમાં નિર્દય અત્યાચારી સામે પણ હું સ્વસ્થ રહી શકીશ. તમારી આબરુ ઉપર અને આપણા કુળના નામ ઉપર હું કલંક આવવા નહિ દઉં.

આ સિંગાપુરમાં જીવવું હવે તો ખરેખર બહુ જ ખર્ચાળ બન્યું છે. ભાવ તો વધતા જ જાય છે–અજબ રીતે. બધું જ મોઘું છે. અને ખાધાખોરાકીનું ખર્ચ તો, મારી પાસે જે થોડાક પૈસા છે તેને પૂર ઝડપથી ખતમ કરવા માંડયું છે. મારે કોઇ નોકરીની તલાશ કરવી જોઇએ. પણ નોકરી છે ક્યાં? જે ધરતી ઉપર ઊભી છું, એના ઉપર તો ધરતીકંપ આવું આવું થઇ રહ્યો છે. ધરતી તો એવા ભયની કલ્પનાથી અત્યારથી જ ધ્રૂજી રહી છે.

ફેબ્રુઆરી ૨, ૧૯૪૨

થાઇ તરફથી જાપાનીઓ બ્રહ્મદેશમાં ઘૂસી રહ્યા છે. મરન્યુઇ, તેવોર અને મૌલમીન ઉપર બોમ્બોની ઝડીઓ વરસી રહી છે. મૌલમીન તો જાપાનીઓના હાથમાં યે ગયું. મર્તબાન ટકી રહેવા માટે બહાદુરીભર્યા પ્રયત્નો કરી રહ્યું છે. પણ કેટલા દહાડા?

લોકો નાસી રહ્યા છે–મલાયાના ડૂબતા વહાણને છોડી છોડીને. જાપાની વિજેતાનો રસ્તો સાફ છે. બ્રિટિશ અમલદારો, એમની પત્નીઓ, એમનાં બાળકો–કોઇ નાસી છૂટયાં અને કોઇ નાસી રહ્યાં છે. અમારા સિંગાપુર

ઉપર જાપાનીઓએ ત્રણ દિશાઓ તરફથી આક્રમણ માંડયું છે—બાટુ પહાટ, કલુઆંગ અને મરસીંગ તરફથી. મલાયાની ધરતીથી અમને એ જોતજોતામાં વિખૂટું પાડી દેશે. શહેરને અમે બચાવી શકીશું? બ્રહ્મદેશમાં પેગુ અને સિતાંગવેલી ઉપર જાપાનનાં દળો ઊભરાઇ રહ્યાં છે.

સત્તાધીશો તો હજુ યે ડિંગો માર્યા કરે છે કે સિંગાપુર 'અભેદ્ય' છે. પણ એમના ઉપર હવે ઇતબાર રાખે છે કોણ? એમની આબરુ ધૂળમાં મળી ગઇ છે. પણ મલાયાવાસીઓ અને હિંદીઓ પ્રત્યેની એમની તુમાખી હજુ એવીને એવી જ છે.

ભાગો! ભાગો! નાસભાગની વાત સિવાય બીજી કોઇ વાત જ કાને પડતી નથી! ગમે ત્યાં, ગમે તે રીતે, પણ અહીંથી નાસી જાઓ! નાસી જઇને કોક એવે ઠેકાણે પહોંચો કે જ્યાં જાપાનીઓનો પંજો આપણા ઉપર ન પડે! એ જ છે અત્યારે બ્રિટિશરોની મનોદશા.

મને લાગે છે કે જાપાનીઓ સિંગાપુર લઇ લેશે તે પહેલાં હિંદી વસતિનો અર્ધો ભાગ મલાયામાંથી પલાયન કરી ગયો હશે. બ્રિટિશ ગુલામીએ આપણને મેંઢા જ બનાવી મૂકયાં છે ને!

ફેબ્રુઆરી ૧૫, ૧૯૪૨

છેલ્લા કેટલાએક દિવસો થયાં આ નોંધપોથી લખવાની મને ફુરસદ જ નથી મળી. બનવાનું હતું તે બની ગયું છે. અભેદ્ય કિલ્લો ભેદાઇ ગયો છે. સિંગાપુર ઉપર હવે બ્રિટનનો ધ્વજ ફરકતો નથી. બ્રિટિશ નૌકાદળના આ મથકને બાંધવા ૪૫ કરોડ રૂપિયાનો ધુમાડો થયેલો. આજે એ આખું ને આખું, અકબંધ, જાપાનીઓના હાથમાં જઇ પડયું. ૧૫૦૦૦ બ્રિટિશ સૈનિકો, ૧૩૦૦૦ ઑસ્ટ્રેલિયન સૈનિકો અને ૩૨૦૦૦ હિંદી સૈનિકો—સૌ હથિયાર હેઠાં મેલીને શરણે થઇ ગયા. મલાયાના પ્રકૃતિરમ્ય પ્રદેશો અને ૫૦ લાખ માનવીઓ આમ, પાંપણના પલકારામાં, જાપાનના હાથમાં આવી ગયાં!

લોકો ગભરાઇ ઊઠયાં છે, પણ રસ્તે જતાં આજે ઓછામાં ઓછા છ સાત જણાએ મને ઊભી રાખીને એક વાતની નિરાંત તો બતાવી જ કે જાપાનીઓએ હજુ સુધી તો કશું જ અધમ વર્તન કર્યું નથી.

જગતની કલાઇ અને જગતના રબરનું મોટામાં મોટું ઉત્પાદન મલાયા—૩૮% કલાઈ અને ૪૩% રબર—આજે જાપાનનું બન્યું.

આખી પરિસ્થિતિનું મારે સરવૈયું કાઢવું જોઇશે. જાપાનીઓ વિજયી બન્યા એથી હું ખુશી થઇ છું? ખુશી થઇ છું, એમ હું પ્રામાણિકપણે નથી કહી શકતી. શ્રી. જ. ખુશી થયા છે અને શા માટે, તે, આજે મને એ દલીલો દઇ દઇને સમજાવતા હતા. એમનું વલણ નિર્ણયાત્મક છે...મારું એથી ઊલટું. સંભવ છે કે, હું જરા વધારે દીર્ઘદૃષ્ટિવાળી થવા માગતી હોઉં. મલાયાની ધરતી ઉપર ઊતરેલી આ નવી પીડા–એની અસરને પૂરેપૂરી સમજ્યા–સારવ્યા વગર, કોઇ પણ નિશ્ચિત વલણ કેમ લઇ શકાય?

શ્રી. જ., એમના કહેવા પ્રમાણે, જાત–અનુભવની વાતો કરતા હતા. ઉત્તરમાં બ્રિટિશ જમીનદારીઓ છે. તેમાં મજૂરો ઉપર થોડા જ વખત પહેલાં, બંદૂકો ચલાવવામાં આવી હતી એ વાત એમણે મને કરી. મજૂરોનો અપરાધ એક જ હતો: યુદ્ધને કારણે આકાશે ચડેલ ભાવોને પહોંચી વળવા માટે એ બિચારાઓએ રોજમાં વધારાની માગણી કરેલી. બ્રિટિશ અખબારોને સંપૂર્ણ વાણીસ્વાતંત્ર્ય હતું અને હિંદી અખબારોને કશું પણ લખાણ પ્રસિદ્ધ કર્યા પહેલાં સત્તાધીશોની સંમતિ મેળવવી પડતી એ બાબત પણ એમને ખૂબ રોષ હતો.

હિંદીઓને અંતરમાં ખટકતા રંગદ્વેષના ઘણા યે કિસ્સાઓ વિષે હું પોતે પણ જાણું છું. 'સિંગાપુર સ્વિમિંગ કલબ'માં યુરોપિયનો સિવાય બીજા કોઇને દાખલ જ કરવામાં નહોતા આવતા. હિંદીઓને તો નહિ જ. હિંદી અમલદારોએ આ લાઇનદોરી સામે એટલો બધો ઉહાપોહ કર્યો કે છેવટે તેમને એ કલબમાં દાખલ થવાની પરવાનગી આપવામાં આવી...પણ તે એક શરતે! નહાવાના હોજથી તેમણે છેટા રહેવું! હિંદી અને બ્રિટિશ અમલદારો એક જ હોજમાં સાથે નહાય તો કયું આસમાન તૂટી પડવાનું હતું–પ્રભુ જાણે! તુમાખીની યે કૈં હદ છે ને!

તમે કુશળ તો છો ને, મારા દેવ? આજે હું તમારી સામે એકરાર કરવા માગું છું કે મને ભય લાગે છે...મને ભય લાગે છે કે તમને કૈં થયું તો નહિ હોય! મને એક પળનું પણ ચેન નથી. ઊંઘ પણ નથી આવતી. તમે કયાં છો, અને જ્યાં છો ત્યાં કુશળ છો કે કેમ...એ જાણ્યા વગર મને આરામ કેવો!

ભભૂકતી જ્વાળા

ફેબ્રુઆરી, ૧૭, ૧૯૪૨

અહીંની આખીયે હિંદી વસતિ ખળભળી ઊઠી છે. જાગ્રત થઇ ગઇ છે. દરેક વાત ભારપૂર્વક બોલાય છે—મેજ ઉપર હાથ પછાડી પછાડીને, હાથને આવેશપૂર્વક ઊંચા કરીને કરીને. આ બધું શા માટે થાય છે એના કારણની ખબર ન હોય, તો કોઇને એમ જ લાગે કે આખી વસતિ કોઇ સામુદાયિક સન્નિપાતનો શિકાર બની ગઇ છે.

જાપાની લશ્કરી મુખ્ય મથકવાળા મેજર ફુજીવારાએ આજે અહીંના કેટલાક અગ્રગણ્ય હિંદીઓને તેડાવ્યા. એ લોકો જ્યારે પાછા ફર્યા અને ત્યાં શું થયું એની વાત કરવા માંડયા ત્યારે, પૂરેપૂરા ભરાઇ ગયેલ ડ્રોઇંગ રૂમમાં હૃદયના ધબકારા પણ સંભળાય એટલી શાન્તિ છવાઇ ગઇ. મેજર ફુજીવારા જાણે સજ્જનતાની કોઇ સાક્ષાત પ્રતિમા જ ન હોય એવી રીતે તેમની સાથે વર્ત્યો હતો. બહુ જ સભ્યતાપૂર્વક એણે સમજાવ્યું હતું કે ઇંગ્લાં-ડની લશ્કરી તાકાત ઉપર જીવલેણ ફટકા પડી ચૂકયા છે. હિંદીઓને જો પોતાના દેશની આઝાદી માટે લડવું હોય તો આજના જેવો રૂડો બીજો અવ-સર મળવાનો નથી. જાપાન હિંદીઓને બધી રીતે મદદ કરવા તૈયાર છે. આમ તો હિંદીઓ બ્રિટિશ પ્રજા કહેવાય એટલે સૈદ્ધાન્તિક દૃષ્ટિએ તો એ જાપાનના દુશ્મનો જ ગણાય. પરંતુ જાપાનીઓ સમજે છે કે હિંદીઓ બ્રિટિશ પ્રજા છે તે કૈં રાજીખુશીથી નથી. એટલે જાપાની સૈન્ય હિંદીઓ પ્રત્યે દુશ્મનની પેઠે નહિ વર્તે. હિંદીઓ જો બ્રિટિશ પ્રજા તરીકે ન રહેવાનો નિશ્ચય કરે તો જાપાન તેમની પ્રત્યે મિત્રની માફક વર્તવાને પણ તૈયાર થાય. મેજર ફુજીવારાની સૂચના એ હતી કે હિંદીઓ જો 'સ્વાતંત્ર્ય સંઘ' જેવું કૈં ઊભું કરે તો જાપાન એમને એમના કાર્ય માટે જોઇએ તેટલી સગવડ કરી આપે.

આગેવાનો બધા એકમત નહોતા. ઘણાયના મનમાં તો જાપાનના હેતુઓ મલિન છે એવી શંકા પણ હતી. એટલે "આપની આ સહાનુભૂતિને માટે અમે આપનો આભાર માનીએ છીએ. પણ અમારે આ પ્રશ્ન ઉપર બધીયે

બાજુએથી ખૂબ વિચાર કરવો પડશે. થોડા દિવસો પછી આપણે મળીએ'' એમ કહીને તેઓ ચાલ્યા આવેલા.

હજુ તમારા તરફથી તો કશા જ સમાચાર નથી, મારા દેવ ! હું ચહેરો તો બહુ જ ઠાવકો રાખીને ફરું છું. હસું છું. ઠઠામશ્કરીઓમાં ભાગ લઉં છું. આ ચર્ચાએ જે ઉત્સાહ જગાવ્યો છે તેમાં ઓતપ્રોત થવાની કોશિશ કરું છું. પણ મારા અંતરના ઊંડાણમાં કેટકેટલી વ્યથાઓ સળગી રહી છે એ બીજા શું જાણે? પ્રતિપળે મારા હૃદયમાં તમારા નામનું રટણ ચાલી રહ્યું છે. અખંડ જાપ. પ્રભુ એમને કુશળ રાખજો. એમની પડખે રહેજો. એમનુ જતન કરજો.

ફેબ્રુઆરી ૨૧, ૧૯૪૨

આગેવાનોએ મેજર ફુજીવારાને સાવધાનીભર્યો જવાબ મોકલ્યો છેઃ આઘા જઈને પાછા ન વળવું પડે એવો. આવો ગંભીર નિર્ણય કરતાં પહેલાં આખા મલાયાની ધરતી ઉપરની હિંદી વસતિના આગેવાનો સાથે મસલત કરવી જરૂરી છે એમ તેમણે જણાવ્યું છે. મલાયામાં 'સેંન્ટ્રલ ઇન્ડિયન એસોસીએશન' નામની એક સંસ્થા છે એ વાતની પણ તેમણે એને ખબર આપી છે. એસોસી-એશનના પ્રમુખ શ્રી. એમ. રાઘવનને આ સંબંધી ચર્ચામાં ભાગ લેવા માટે સિંગાપુર તેડાવવા જોઇએ, એવી સૂચના પણ તેમણે મોકલી છે.

એટલે હવે આવતા મહિનાના પહેલા અઠવાડિયા સુધીમાં આખા મલાયાના હિંદી આગેવાનો વચ્ચે આ બાબત મંત્રણા થવાનો સંભવ છે. સિંગાપુરમાં તો લોકમત બન્ને બાજુએ છે. જો કે બહુમતિ 'હિંદી સ્વા-તંત્ર્ય સંઘ' સ્થાપવાની તરફેણમાં છે. એમનું કહેવું એમ છે કે જાપાનીઓ પોતાનો બોલેલો બોલ પાળે છે કે નહિ એનું પારખું તો કરી જુઓ. આપણે ફક્ત હિંદની સ્વાધીનતાને ખાતર જ આપણી સેવાઓ આપવાના છીએ એટલી ચોખવટ પહેલાં કરી દેવી.

પણ કેટલાક માને છે કે બ્રિટિશરો હજુ યે પાછા આવશે. એટલે આપણે માટે સારો રસ્તો એ છે કે વધુ નહિ તો એકાદ બે મહિના માટે 'તેલ જુઓ તેલની ધાર જુઓ' એ વૃત્તિ રાખવી. દૂધના દાઝયા છાશ ફૂંકીને પીએ!

ભભૂકતી જ્વાળા

ફેબ્રુઆરી ૨૩, ૧૯૪૨

અભેદ્ય સિંગાપુરને જાપાનીઓએ કેવી રીતે ભેદ્યું–એ કથા હજુ હમણાં જ મેં સાંભળી. યુદ્ધકેદીઓની છાવણીમાં કેટલાક હિંદી અમલદારો છે એમની પાસેથી શ્રી. કે.એ એ સાંભળેલી.

સિંગાપુર–અમારું સિંહપુર–જાપાનના સાણસાવ્યૂહમાં સપડાઇ ગયું. એ હતું તો ખરેખર અભેદ્ય–પણ તે પ્રશાંત સાગર તરફથી કોઇ શત્રુ ચડી આવે તો. પણ જમીનમાર્ગે જો કોઇ શત્રુ ચડી આવે તો? તો એને જીતવું એ બચ્ચાંના ખેલ જેવી વાત હતી.

જોહરનું સંરક્ષણ જનરલ બેનેટની સરદારી નીચેના ઓસ્ટ્રેલિયન સૈન્યને સોંપવામાં આવ્યું હતું. પણ એ સૈન્ય તો આવી રહેલા આક્રમણના વાવડ સાંભળતાંવેંત પીછેહઠ કરીને સિંગાપુર ભેગું થઇ ગયું.

વળી સિંગાપુરને પાણી પૂરું પાડનાર તળાવો યે જોહરમાં હતાં. જાપાનીઓએ પાણી બંધ કર્યું એટલે શરણે થવા સિવાય સિંગાપુર માટે બીજો કોઇ રસ્તો જ ન રહ્યો.

'લશ્કરી બુદ્ધુઓ!' સિંગાપુરને જે લોકો 'અભેદ્ય' જાહેર કરતા હતા તેમને માટે હિંદી અમલદારોનું આ વિશેષણ..બ્રિટિશ સેનાપતિઓને જાપાનીઓએ યુદ્ધવ્યૂહના ક્ષેત્રમાં આબાદ છક્કડ ખવડાવી એમ શ્રી. કે. માને છે. યુદ્ધની અદ્યતન વ્યૂહરચનાની બારાખડી પણ બ્રિટિશ સેનાપતિઓ જાણતા લાગતા નથી. તાઇલેન્ડ એ જ મલાયા તરફ આવવાનો મુખ્ય રાજમર્ગ છે એટલું પણ જેઓ નહોતા સમજતા તેમને વિષે શું કહેવું? બાળક પણ; નકશા ઉપર ફક્ત એક જ દૃષ્ટિ નાખીન એટલું તો સમજી શકે!

શ્રી. કે.એ કહ્યું કે જાપાનીઓએ જ્યારે કોટાબાહારુ પાસેથી પોતાના આક્રમણની શરૂઆત કરી ત્યારે બ્રિટિશરો પાસે મલાયાની ધરતી ઉપર સમ ખાવા માટે પણ એક ટૅન્ક નહોતું! યાંત્રિકદળ કહી શકાય એવી એક પણ ટુકડી નહોતી. થોડીઘણી બખ્તરિયા ગાડીઓ હતી–પણ એ પણ પેલેસ્ટાઇનનો ભંગાર! કેટલીક તો પચ્ચીસ વરસ પહેલાંની જુનવાણી ઢબની: આધુનિક ગોળીબાર સામે ટક્કર ઝીલવા માટે તદ્દન નકામી: કોઇ છમકલું થાય અને લડનારા બે પક્ષો નિઃશસ્ત્ર હોય તો શોભાના ગાંઠિયા તરીકે વાપરી શકાય

એવી ! આ ખખતરિયા ગાડીઓમાં વજનદાર મશીનગનો સુદ્ધાં નહોતી. આ સ્થિતિમાં જાપાનીઓ સીધા ચાલ્યા જ આવ્યા એમાં નવાઈ શી?

અને મલાયાની બ્રિટિશ હકૂમતની નાગરિક બાજુને જોઈએ તો તે પણ એવી જ–'શિંગમાંથી સડેલી.' બ્રિટિશ અમલદારો અને તુમાખીના પૂતળાં જેવા ગૌરાંગ બડાસાહેબો, જાપાનીઓએ મલાયાની અરધી ધરતી આંચકી લીધી ત્યાં સુધી રોજ રાતે નાચગાનના જલસા ઉડાવતા–એ મેં મારી સગી આંખોએ જોયું છે.

મલાયા, પર્લ હાર્બર અને મનિલા ઉપર જાપાનીઓ ખાબકયા તે પહેલાં પાંચ દિવસ પર દૂરપૂર્વના બ્રિટિશ સેનાધિપતિ બ્રુક પોપહામે એક મુલાકાત આપી હતી તે શ્રી૦ કે.ને હજી પણ યાદ છે. ૩જી ડિસેમ્બરનો એ દિવસ. શ્રી. કે. કહે છે કે સેનાધિપતિના શબ્દો હજુયે મારા કાનમાં ગૂંજ્યા કરે છે: "ટોજો માથું ખંજવાળી રહ્યો છે. જાપાનીઓની બુદ્ધિ બહેર મારી ગઈ છે. કઈ તરફ ઢળવું એનો નિર્ણય તેઓ કરી શકતા નથી. જાપલાઓની પાસે કોઈ નિશ્ચિત રાજનીતિ નથી. બ્રિટિશ કે અમેરિકનો ઉપર હુમલા કરવાની તો તેઓ હિમ્મત જ નહિ કરે, અને ભગવાન ભુલાવશે ને કરશે, તો અમે એમને ખોખરા કરીને એમની ખોડ ભુલાવી દઈશું. અમે તૈયાર છીએ–એમને મટે."

અને જાપલાઓએ હિંમત કરી. 'પ્રિન્સ ઓફ વેલ્સ' અને 'રિપલ્સ': બ્રિટનની બે ઉત્તમોત્તમ પંક્તિની યુદ્ધનૌકાઓ: ત્રાંબાકુંડીમાં કાગળનું વહાણ ડૂબી જાય એમ ડૂબી ગઈ.

બ્રિટિશ સિંહે શું ખરેખર પોતાની ઘોર જ ખોદવા માંડી છે? લાગે છે તો એવું.

ફેબ્રુઆરી ૨૮, ૧૯૪૨

હા...શ ! આખરે સમાચાર મળ્યા. પી.–મારા દેવ–યુદ્ધકેદીઓની છાવણીમાં છે. લાગે છે કે એમની ટૂકડીને જાપાનીઓને શરણે થયા સિવાય છૂટકો જ નહોતો. એની પાસે બે જ માર્ગો હતા: જાપાની ટેન્કો વડે કપાઈ મરવું અથવા શરણે થવું. એ શરણે થયા. અને નવાઈ પણ નથી. એમની પાસે નહોતી પૂરતી બંદૂકો અને નહોતું એમની પાછળ હવાઈ જહાજોનું પીઠબળ.

અધૂરામાં પૂરું ઑસ્ટ્રેલિયનો પીછેહઠ કરી ગયા હતા અને એમની પાંખ રક્ષણવિહોણી બની ગઇ હતી.

હથિયાર હેઠાં મેલી દેવાનો હુકમ સાંભળ્યો ત્યારે સૈનિકોની આંખોમાં આંસુ આવી ગયાં હતાં એમ મેં સાંભળ્યું છે.

પણ મોટામાં મોટી વાત તો એ છે કે પી. સલામત છે. મેં જાપાની સેનાપતિને અરજી કરી છે–પી. ને મળવાની. એમને ભોજન, કપડાં, વાંચવા માટે પુસ્તકો અને બીજું જે કંઇ જોઇએ તે પહોંચાડવાની મેં રજા માગી છે.

મને ખાતરી આપવામાં આવે છે કે એમને જલદી મુક્ત કરવામાં આવશે. કારણ કે જે ઘડીએ 'હિંદી સ્વાતંત્ર્ય સંઘ'ની સ્થાપના થશે તે જ ઘડીએ હિંદીઓની ચિંતા હિંદીઓને જ સોંપાશે ને ?

ઘટનાઓની ઘટમાળમાં એક કડી નોંધાવી રહી ગઇ. શ્રી. રાસબિહારી બોઝે આંહીના આગેવાનોને તાર કર્યો છે. ટોકિયો પરિષદમાં હાજરી આપવા માટે એમણે એ સૌને તેડાવ્યા છે.

માર્ચ ૧૧, ૧૯૪૨

બીચારી નોંધપોથી ! તને તો હું સાવ ભૂલી જ ગઇ હતી. ચાલ હવે બધા જ સમાચાર નોંધી લઉં.

પી. મઝામાં છે. હું એમને મળી આવી–છાવણીના કમાન્ડરની કચેરીમાં. મને જોતાં જ એમનો ચહેરો આનંદથી ચમકી ઊઠયો; પણ એમને સંકટ ઘણાં સહેવાં પડયાં છે. એમના ચહેરા ઉપરની ચિંતાની રેખાઓ અને એમની આંગળીઓ ઉપરની ઝીણી ધ્રુજારી–મારી નજરની બહાર ન રહી શકયાં. જાપાની સેનાપતિએ એમના સેનાપતિઓને શત્રુ–પ્રદેશમાં ઘૂસી જવાની પોતાની નૂતન તરકીબોથી કેવી રીતે મહાત કર્યા હતા તે બધું પી.એ મને સમજાવ્યું. પશ્ચિમ કિનારા ઉપર એ લોકો ઠેકઠેકાણે ઊતરી પડયા હતા...બધે ય ઠેકાણે અમારા મોરચાની પાછળ !. પરિણામે બ્રિટિશ સૈન્યની પીછેહઠને એમણે બે વાર પલાયનમાં જ પલટી નાખી ! પી.ના સેનાપતિઓ મૂંઝાઇ ગયા હતા. જાપાની વ્યૂહરચનાની સમસ્યા જ તેઓ નહોતા ઉકેલી શકતા !

રંગૂન જાપાનીઓના હાથમાં છે. ચાર દિવસ પહેલાં બ્રિટિશરો ખાલી કરી ગયા. બીચારું રંગૂન–સુવર્ણ શ્વેડેગોન પાગોડાનું પ્રખ્યાત રંગૂન !

ભગવાન બુદ્ધનાં બે કેશથી પાવન બનેલું રંગૂન, જાપાનની આણ નીચે આવી ગયું !

હિંદીઓની પહેલી પરિષદ ભરાઇ ગઇ, ગઇ કાલે અને પરમ દહાડે, અહીં સિંગાપુરમાં જ. પણ મારે આ સ્થાનને હવે 'સિંગાપુર' તરીકે ન ઓળખાવવું જોઇએ. હવે તો એ 'સ્યોનાન' છે. 'દક્ષિણની પ્રભા' છે.

જાપાનીઓએ આ એના નવા નામકરણસંસ્કાર કર્યા છે. પરિષદને મેં પણ મારી સેવા અર્પેલી—એક સ્વયંસેવિકા તરીકે. આખા મલાયામાંથી પ્રતિનિધિઓ આવ્યા હતા. થોડાક તાઇલેન્ડમાંથી પણ. ટોકિયો પરિષદ માટે રાસબિહારી બોઝે મલાયા અને તાઇલેન્ડના હિંદીઓ પાસેથી વિધિપૂર્વકના પ્રતિનિધિમંડળોની માગણી કરી હતી. જાપાનીઓને એ બાબત ખાસ આગ્રહ હતો. પરંતુ અમારા આગેવાનોએ ખૂબ સાવધાનીપૂર્વક આગળ વધવાનો નિરધાર કર્યો છે. પ્રતિનિધિમંડળને બદલે તેમણે એક શુભેચ્છા-મિશન મોકલવાનું ઠરાવ્યું. ટોકિયોમાં જે કાર્યક્રમ નક્કી થાય તેના ઉપર જોયાજાણ્યા વિના આગળથી જ એકડા કરી આપવાની તેમની ઇચ્છા નહોતી. દરમિયાન જેલોમાં પુરાયેલા તમામ હિંદીઓને મુક્ત કરવાનું તેઓ જાપાની સેનાપતિ ઉપર દબાણ કરી રહ્યા છે.

માર્ચ ૨૭, ૧૯૪૨

પી.ને હવે હું ઠીક ઠીક વાર મળી આવી. છાવણીમાં હિંદી કેદીઓ છે. તેઓ હૃદય ખોલીને એકબીજા સાથે ચર્ચા કરી રહ્યા છે એમ એ કહે છે. ઘણાખરા તો એમ જ કહે છે કે અમને જાપાનીઓ જો પોતાની સાથે જોડાઇ જવાનું કહેશે તો અમે ચોખ્ખી ના જ પરખાવીશું ! પણ જો હિંદની સ્વાધીનતાને માટે એક પ્રયત્ન કરવાની અમને તક મળશે, અને જો બ્રિટિશ ગુલામીમાંથી હિંદને સ્વતંત્ર કરવા માટે જરૂરી એવું એક સૈન્ય સર્જવામાં જાપાનીઓ અમને સહાયતા કરશે, તો અમે રાજી-ખુશીથી તૈયાર થઇશું. પણ આ બાબતની હિંદી સૈનિકોને પૂરેપૂરી ખાતરી જોઇએ છે. તેઓ કહે છે કે તેમણે લશ્કરમાં જોડાતી વખતે વફાદારીના જે સોગંદ ખાધા છે, તે મુલ્ક પ્રત્યેની વફાદારીના છે. પી. કહે છે કે સોગંદ બાબતનું આ દષ્ટિબિન્દુ છાવણીમાં વધુ ને વધુ પ્રમાણમાં સ્વીકારાતું જાય છે, પણ જાપાનીઓના હેતુઓ બાબત તેઓ ખૂબ શંકાશીલ છે.

૨૫૫૭૪૦

ચીનાઓ પ્રત્યે જાપાનીઓએ જે ક્રૂરતા આચરેલી, તે એમણે નજરોનજર નિહાળી છે અને જાપાનીઓની ફેસીસ્ટ પદ્ધતિ તો તેમને મુદ્દલ જ નથી ગમતી. તેમને તો સ્વાધીનતાનું યુદ્ધ લડવા માટે અણીશુદ્ધ હાથ જોઇએ. તેઓ માગે છે હિંદી સૈન્ય, હિંદી આઝાદીને માટે, હિંદી સૈનિકો અને હિંદી અમલદારોવાળું. આ બધું ન મળે તો તેઓ કશું જ કરવા તૈયાર ન થાય. સડી સડીને મરવું અને મરણના કરતાં યે બદતર યાતનાઓ વેઠતાં વેઠતાં મરવું–તેઓ પસંદ કરશે, પરંતુ જાપાનીઓના હાથનાં રમકડાં તો તેઓ નહિ જ બને. બ્રિટિશ શાહીવાદ માટેનો તેમનો ધિક્કાર સર્વવ્યાપક અને અંતરના ઊંડાણનો છે છતાંયે નહિ. વતનપરસ્તી, દેશભક્તિ, એમનો પ્રધાન ગુણ છે.

રેડિયો ઉપર હમણા જ સમાચાર સાંભળ્યા. જાપાનીઓએ આજે આન્દામાનનો ટાપુ લઇ લીધો. હિંદ ઉપરનું આક્રમણ શરૂ થયું કે શું ?

માર્ચ ૩૧, ૧૯૪૨

જાપાન, ચાઇના, મલાયા, અને તાઇલેન્ડના હિંદીઓની પરિષદ ટોકિયોમાં મળી ગઇ–૨૮ મીથી ૩૦મી સુધી. શ્રી રાસબિહારી બોઝ અધ્યક્ષસ્થાને હતા. તાઇલેન્ડમાંથી હિંદી પ્રતિનિધિઓને લઇ જતા વિમાનને અકસ્માત નડયો. બહુમાનનીય સ્વામી સત્યાનંદ પુરીનો એ અકસ્માતે ભોગ લીધો... હિંદીઓનો એક વડલો તૂટી પડયો.

"પરિષદે 'હિંદી સ્વાતંત્ર્ય સંઘ' સ્થાપવાનો નિર્ણય કર્યો. ઉદ્દેશ નીચે પ્રમાણે:

"કોઇ પણ પ્રકારના પરદેશી આધિપત્ય, દખલગીરી કે અંકુશથી રહિત એવું સંપૂર્ણ મુક્ત સ્વાતંત્ર્ય સિદ્ધ કરવું."

પરિષદનો એક અતિ મહત્ત્વનો નિર્ણય એક આઝાદ હિંદ ફોજ ઊભી કરવાનો છે. આ સિવાય, જૂનમાં બેંગકોક ખાતે પૂર્વ એશિયાની સમગ્ર હિંદી જનતાના સંપૂર્ણ પ્રતિનિધિત્વવાળી એક પરિષદ ભરવાનું પણ ટોકિયો પરિષદે ઠરાવ્યું.

એ પરિષદ હિંદી સ્વાતંત્ર્ય સંઘની સત્તાવાર રીતે સ્થાપના કરશે અને એની કારોબારી–Council of action ચૂંટી કાઢશે.

શાબાશ ! મારા દેશબાંધવો ! તમે તો ટોકિયો રૂપી સિંહની બોડમાં જઈને આપણા દેશનાં ઉત્તમોત્તમ હિતોનું સંપૂર્ણ સંરક્ષણ થાય એવા નિર્ણયો કરી આવ્યા.

પી. ! તમને ઘેર લાવીને તમારી સારવાર કરી શકું એ દિવસ હવે નજીક લાગે છે. યુદ્ધકેદીઓની છાવણીમાંથી મુક્તિ...એ તો હવે હાથવેંતની વાત છે. એમાં ઢીલ થાય એ હવે અસંભવિત છે. અને છતાં મારી વ્યગ્રતાનો પાર નથી. મનમાં આશંકાઓ ઊપજ્યા જ કરે છે કે રખેને...કેં...

એપ્રિલ ૧૩, ૧૯૪૨

પી. હજુ યુદ્ધકેદીઓની છાવણીમાં જ રહે છે. એમની મુક્તિની વાતો તો રોજ થાય છે...પણ હવે એક એક દિવસ એક એક યુગ જેવડો લાંબો લાગવા માંડ્યો છે. ટોકિયોથી પાછા ફરેલ આગેવાનોએ એમને સૌને સલાહ આપી છે કે જે નિર્ણય કરો તે જોઈ વિચારીને જ કરજો. ઉતાવળ કરીને આંધળિયાં કરશો મા. આગેવાનોની ઇચ્છા એવી છે કે જે પગલું લેવાય તે લગભગ સર્વાનુમતે લેવાવું જોઈએ. હિંદી આઝાદી વિષે કે સ્વાતંત્ર્ય સંઘ વિષે કોઈ નિશ્ચયાત્મક અને જાહેર ખોળાધરી જાપાનીઓએ હજુ આપી નથી.

એટલે, હજુ જોવી વહાલમની વાટ ! પણ વાટ જોતાં અંતરનો વલોપાત એક હું જ જાણું છું.

દરમિયાન મેં કામ હાથમાં લીધું છે. આ મહિનાની ૨૨મીએ હિંદી સ્વાતંત્ર્ય સંઘની મલાયાની બધીયે શાખાઓની એક પરિષદ શ્યોનાનમાં મળે છે. એના કામમાં પરોવાવાની કોશિશ કરું છું...પણ હું ઘેર પહોંચીશ ત્યારે !

ચીનાઓ જાપાનીઓને આંખના કણાની પેઠે ખટકતા લાગે છે. મલાયાવાસીઓ પણ એમને ધિક્કારે છે. જાપાની સૈન્યો ચીનાઓ ઉપર અત્યાચાર ગુજારી રહ્યા છે એવી કેટલીક અફવાઓ આજે સાંભળી.

પેલી પોટેશ્યમ સાયેનાઇડની શીશી હજું મારી પાસે જ છે. નિરંતર પાસે જ રહે છે.

ભભૂકતી જ્વાળા

એપ્રિલ ૨૬, ૧૯૪૨

અખિલ મલાયા પરિષદ ત્રણ દિવસ ચાલી–૨૨, ૨૩ અને ૨૫. જુદી જુદી શાખાઓને એક સૂત્રે સાંધવા એના ઉપર એક મધ્યસ્થ સમિતિ અસ્તિત્વમાં આવી છે. જાહેર તંદુરસ્તી, સામાજિક હિત, વૈદકીય સારવાર અને રાજકારણી સંયોજન...એ બધું થશે. પોતપોતાના પ્રદેશમાં એકએક હિંદીને સ્વાતંત્ર્ય સંધને માટે કાંઇ ને કાંઇ કામ કરતો કરી દેવો એ દરેક શાખાનું લક્ષ રહેશે.

શ્રી. આર. સાથે લાંબો વખત ગુફતેગો કરી. માણસ ઘણો સરસ અને સાચો. એ કહે:

"યુદ્ધમાં મારા ઉપર જીત મેળવી એટલા માત્રથી કોઇને મારા મન ઉપર હકૂમત જમાવવાનો પરવાનો નથી મળતો. મારા શરીરને એ ભલે બંધનમાં રાખે, પણ મારા મન ઉપર રાજ્ય કરવાની કોશિશ કરે તો એ ફાવે જ નહિ. મારા નિર્ણયો, મારી વિવેકબુદ્ધિ, મારી સંકલ્પશકિત, મારી પસંદગીઓ, મારા પૂર્વગ્રહો–એ બધી મારી સલ્તનત છે. શસ્ત્ર કે પશુબળથી પ્રાપ્ત કરેલ વિજયતું એના ઉપર કોઇ પ્રકારનું આધિપત્ય હોય જ નહિ. ભૌતિક વિજય મારા ઉપર બૌદ્ધિક ગુલામી લાદવા માગે તો એને શરણે થવા કરતાં મરવું હું વધારે પસંદ કરું.'

સાચી વાત છે. હું એની સાથે સોયે સો ટકા મળતી થાઉં છું. મેં એને કહ્યું: ઓછામાં ઓછા બે અનુયાયીઓ તમને મળ્યા જ સમજો. એક પી. અને બીજી હું.

૨૦મી એપ્રિલે યેનાન્ગ યુંગનાં તેલક્ષેત્રો જાપાનીઓના હાથમાં ગયાં. ૭ મહિનામાં એ રીતસર કામ કરતાં થઇ જશે એમ જાપાનીઓ કહે છે.

બર્લિન રેડિયો ઉપર શ્રી. સુભાષ બોઝને સાંભળ્યા. સિંગાપુરમાં એકેએક માનવીએ સાંભળ્યા. હું તો 'શોર્ટ હૅન્ડ' નોટબુક લઇને જ બેઠી હતી. આ નોંધપોથીમાં હું એમના કેટલાંક વચનોને આબાદ ઉતારી લઇશ. એ વચનોને, લઘુલિપિમાં, હું રેડિયો પાસે બેઠી બેઠી ઉતારી રહી હતી, ત્યારે એમનાં અદ્દભુત વકતૃત્વથી હું દિંગ જ થઇ ગઇ હતી. એ અહીં આવે તો અમારા સૌ માટે સોનાનો સૂરજ ઊગે।

" બ્રિટિશરો ગમે તેટલો અવળો પ્રચાર કરે, છતાં ભગવાને જેમને વિચાર કરવાની શક્તિ આપી છે એવા સૌ હિંદીઓ તો સમજે છે કે આ વિશાળ દુનિયામાં એમનો કોઇ શત્રુ હોય તો તે એક જ છે: એકસો વરસથી એમને શોષી રહેલો, જનની જન્મભૂમિનું શોણિત ચૂસી રહેલો બ્રિટિશ શાહીવાદ...

"હું ધરી રાજ્યોનો બચાવ–વકીલ નથી. એ મારું કામ નથી. મારે તો સંબંધ છે હિંદ સાથે. બ્રિટિશ શાહીવાદ પરાજિત થશે ત્યારે હિંદ આઝાદ બનશે. અને જો, બ્રિટિશ શાહીવાદ કોઇ પણ પ્રકારે આ યુદ્ધમાંથી વિજયી બનીને બહાર આવશે તો હિંદની ગુલામી સદાકાળ અખંડિત જ રહેશે. એટલે હિંદ સામે અત્યારે માત્ર બે જ માર્ગો ઉઘાડા છે: આઝાદી કે ગુલામી. હિંદે નિર્ણય કરી નાખવો જોઇએ.

"બ્રિટનના પગારદાર પ્રચારકો મને દુશ્મનોનો માણસ ગણાવી રહ્યા છે. મારા દેશબંધો પાસે મારે મારી પ્રામાણિકતાના પ્રમાણપત્રો રજૂ કરવાના ન હોય. બ્રિટિશ શાહીવાદની સામે દીર્ઘકાળથી, સતત, બાંધછોડના વિચાર વગર ઝૂઝી રહેલું મારું જીવન એ જ મારું મોટામાં મોટું પ્રમાણપત્ર છે. આજીવન હું હિંદનો સેવક રહ્યો છું. આમરણાંત રહેવાનો છું. જગતના કોઇ પણ ખૂણેથી મારી ભક્તિ અને વફાદારીના પ્રવાહો હિંદમૈયા પ્રત્યે જ વહે છે અને હિંદમૈયા પ્રત્યે જ વહેશે...

"યુદ્ધના જુદાં જુદાં ક્ષેત્રોનો તટસ્થ અને સ્વસ્થ અભ્યાસ આજે તમે કરશો, તો તમે પણ જે નિર્ણય ઉપર હું આવ્યો છું તેજ નિર્ણય ઉપર આવશો. બ્રિટિશ સામ્રાજ્યનો કડૂસલો બોલવા બેઠો છે અને જગતની કોઇ પણ તાકાત હવે એને બચાવી શકશે નહિ. હિંદી મહાસાગરના દ્વીપથાણાંઓ ઉપરથી યુનિયન જેક ક્યારનોય ઊતરી ગયો છે. માંડલે પડ્યું છે અને બ્રહ્મદેશની ધરતી ઉપરથી સાથી સેનાઓને લગભગ હાંકી જ કાઢવામાં આવી છે...

"માદરે વતનનાં સંતાનો, બ્રિટિશ સામ્રાજ્યના આ અસ્તમાં હિંદી સ્વાધીનતાનો અરુણોદય નિહાળો. હિંદે મુક્તિસંગ્રામ ૧૮૫૭માં શરૂ કર્યો છે એ ન ભૂલજો. એ મુક્તિસંગ્રામનો આખરી જંગ ૧૯૪૨ના મેમાં શરૂ થઇ ચૂક્યો છે. કમર કસો, મૈયાની મુક્તિની ઘડી પાસે આવી ચૂકી છે."

ભભૂકતી જ્વાળા

"આઝાદ હિંદ આઝાદી માટે લડીને સર્જવાનું છે. આઝાદ હિંદ—જ્યાં આપણા ભાવિનું વિધાન આપણા જ હાથમાં હશે, કોઈનીયે દખલગીરી વગર ન્યાય, સમાનતા અને ભ્રાતૃભાવના સનાતન સિદ્ધાંતો ઉપર આઝાદ હિંદની નૂતન સમાજરચનાનું ચણતર ચણાશે."

બંગાળનો સિંહ બર્લિનમાંથી ગર્જ્યો. હું તો પુલકિત થઈ ઊઠી. એની પાસે હથોટી છે, વસ્તુઓને સાદી અને સરળ રીતે રજૂ કરવાની, અંતરના તારને રણઝણાવી મૂકે એવા સવાલો આંખો સામે ખડા કરવાની! એમને પ્રત્યક્ષ સાંભળવાનું કેટલું બધું મન થાય છે! કોણ જાણે એ ઇચ્છા કયારે બર આવશે! પણ કદાચ એ દિવસ ઝાઝો દૂર ન પણ હોય.

મે ૧૦, ૧૯૪૨

'હિંદી સ્વાતંત્ર્ય સંઘ' વતી, આગેવાનોની સાથે સાથે હું પણ બધે ફરું છું. અમે સભ્યો નોંધીએ છીએ અને સંઘની જરૂરીઆત શી છે તે સમજાવીએ છીએ.

સભ્યોની સંખ્યા પંચાણું હજારે પહોંચી છે. પેનાંગ, પેરાક, કેડાહ, સેલાંગોર, નેગ્રીસેમ્બિલાન, મલાકા અને જોહોર એ બધામાં શાખાઓ સ્થાપી અને ૨૨ જેટલી ઉપશાખાઓ પણ સ્થપાઇ. સેલાંગોરે તો મોટામાં મોટી રાહતછાવણી ઉઘાડી છે—રોગીઓ અને દરિદ્રનારાયણની સેવા અર્થે. પેરાકમાં, સુગેઇ માનિક સ્કીમની જમીન ઉપર, હિંદી વસાહત સ્થાપવા માટે મસલતો શરૂ થઇ ગઇ છે.

પી. મારા અંતરને પૂરેપૂરા પિછાણે છે. એમની અને માદરે વતનની બંનેની આઝાદી હાંસલ થાય એવા જ કોઇ કાર્યમાં ગૂંથાઇ રહેવાની મારા મનની તાલાવેલીને એ સારી રીતે સમજે છે એ પણ કેટલી આનંદની વાત.

પરદાનો યુગ પૂરો થયો. આત્મા આઝાદીનો અનુભવ કરી રહ્યો છે.

બે મહત્ત્વની ઘટનાઓ બની ગઇ. ૨૯મી એપ્રિલે લાશિયો જાપાનીઓના હાથમાં ગયું. બ્રહ્મદેશ—માર્ગ બંધ થયો. ૧લી મેએ માંડલે પડયું. મનોહર માંડલે! તારા તો ભુક્કા જ બોલી ગયા હશે! રણચંડીનાં ખપ્પરમાં એશિયાનું આ એક બીજું સૌંદર્યધામ ભરખાઇ ગયું

જૂન ૨૪, ૧૯૪૨

શરીર થાકથી ભાંગીને ભુક્કા થઇ ગયું છે. બેંગકોકથી અમે હમણા જ પાછા ફર્યા. પૂર્વ એશિયાના બધા જ દેશોના હિંદી પ્રતિનિધિઓની એક પરિષદ ત્યાં મળી હતી. સો જણે હાજરી આપેલી. પરિષદ ૧૬મીએ શરૂ થયેલી તે ગઇ કાલે પૂરી થઇ. જાવા, સુમાત્રા, ઇન્ડોચાઇના, બોર્નિયો, મન્ચુકુઓ, હોંગકોંગ, બ્રહ્મદેશ, મલાયા અને જાપાનઃ બધેથી પ્રતિનિધિઓ આવ્યા હતા. યુદ્ધકેદીઓના પ્રતિનિધિઓએ પણ હાજરી આપેલી.

"હિંદ સ્વાતંત્ર્ય સંઘ" હવે સનાવાર રીતે અસ્તિત્વમાં આવી ગયો. એનું બંધારણ ઘડાઇ ગયું અને મંજૂર પણ થઇ ગયું. એનો ધ્યેયમંત્ર છે એકતા, શ્રદ્ધા, કુરબાની. એક જ સંસ્થા નીચે બધા હિંદીઓની એકતા, હિંદી આઝાદીની સત્વર પ્રાપ્તિની શ્રદ્ધા અને સ્વાતંત્ર્યના ધ્યેયની સિદ્ધિને અર્થે સર્વસ્વની કુરબાની.

પરિષદે નિરધાર કર્યો છેઃ હિંદ એક છે અને અને અવિભાજ્ય છે. બધી પ્રવૃત્તિઓનું સ્વરૂપ શુદ્ધ રાષ્ટ્રીય જ રહેવું જોઇએ. સાંપ્રદાયિક, કોમી કે મઝહબી ભેદોને હરામ ગણવા. કાર્યક્રમ હિંદી રાષ્ટ્રીય મહાસભાનાં ધ્યેયો અને લક્ષ્યોને સંપૂર્ણ રીતે વફાદાર રહે. હિંદનું ભાવિ બંધારણ આઝાદ હિંદની પ્રજા પોતે જ નક્કી કરે.

સંઘની કારોબારીના સીધા નેતૃત્વ નીચે આઝાદ હિંદ ફોજની રચના કરવા પણ પરિષદે ઠરાવ કર્યો. ફોજનો મોભો સ્વતંત્ર હિંદને શોભે એવી રીતે, જાપાનની ફોજના મોભાની બરોબરીનો જ હોવો જોઇએ. હિંદની ધરતી પર ફોજનો ઉપયોગ પરદેશીઓની સામે જ થઇ શકે, હિંદી આઝાદી મેળવવા અને જાળવવા માટે જ થઇ શકે, બીજા કોઇ હેતુથી નહિ જ, એ પણ પરિષદે સ્પષ્ટ કર્યું.

કારોબારીમાં એક પ્રમુખ અને ચાર સભ્યો રહેશે. ચારમાંના બે આઝાદ હિંદ ફોજના પ્રતિનિધિઓ હશે. શ્રી. રાસબિહારી બોઝને પહેલા પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા. શ્રી. એન. રાઘવન, કે. પી. કે. મેનન, કેપ્ટન મોહનસિંગ અને કર્નલ જી. ક્યુ. જિલાની—એ ચાર સભ્યો.

કારોબારીને પરિષદે બહુ જ સ્પષ્ટ આદેશ આપ્યો છે. એ જે લશ્કરી પ્રવૃત્તિ ઉપાડે, તે હિંદની ધરતી ઉપર પ્રજાકીય બળવો જાગે અને એની

સાથોસાથ બ્રિટિશ હિંદી સૈન્યમાં ખળભળાટ શરૂ થાય, એવો કોઇ અવસર સાધીને જ ઉપાડે.

પરિષદે જાપાન પાસેથી વિધિપૂર્વકની એક ખોળાધરીની માગણી કરી છે. બ્રિટિશ સામ્રાજ્યમાંથી હિંદ છૂટું પડે તે જ પળે, જાપાની સરકારે એની પ્રાદેશિક સલામતિ અને એની સાર્વભૌમ સ્વાધીનતાના સિદ્ધાંતોને આદર કરવો. આઝાદ હિંદના તંત્રમાં કોઇ પણ પ્રકારની દખલગીરી સીધી કે આડકતરી, રાજકીય, આર્થિક કે લશ્કરી, નહિ ઊભી કરવામાં આવે એવી ખોળાધરી આપવી.

કોઇ પણ હિંદી પ્રજાજનને શત્રુપક્ષના પરદેશી તરીકે નહિ લેખી શકાય કે નહિ કોઇ પણ હિંદી પ્રજાજનની મિલકતને શત્રુ–મિલકત ગણીને ખાલસા કરી શકાય.

પરિષદે, હિંદી રાષ્ટ્રીય મહાસભાના ત્રિરંગી ધ્વજને પોતાના ધ્વજ તરીકે મંજૂર રાખ્યો.

આ ઉપરાંત, અમે એવી પણ વિનતિ કરી છે કે શ્રી. સુભાષ બોઝને પૂર્વ એશિયામાં આવવાની સગવડ કરી આપવામાં આવે કે જેથી હિંદી આઝાદીના આન્દોલનને એ પોતાની અંગત સરદારી નીચે દોરવણી આપી શકે.

પી.ની ગણતરી છે કે મોટા ભાગના યુદ્ધકેદીઓ હવે આઝાદ હિંદ ફોજમાં અને હિંદ સ્વાતંત્ર્ય સંઘમાં જોડાશે. નાગરિકો તો ફોજમાં જોડાવા માટે થનગની રહ્યા છે–અને જોડાવાની પરવાનગી પણ એમને મળી ગઇ છે. અમારા મહિલા–કાર્યકરોમાંથી પણ કેટલાક ફોજમાં ભરતી થવા માટે આતુર છે. પણ આગેવાનો એમના આ વિચારની તરફેણમાં નથી.

બ્રિટિશ લશ્કરના હિંદી સૈનિકો–યુદ્ધકેદીઓ–ફોજમાં જોડાય એ મને તો તદ્દન વ્યાજબી લાગે છે. ભરતી થતી વખતે તેમણે જે વફાદારીના સોગંદ લીધા છે તે વફાદારી તેમના મુલ્ક પ્રત્યેની જ હોઇ શકે. એટલે એ માણસો સ્વતંત્ર વિચારને અંતે મુલ્કની ખિદમતના પોતે લીધેલા સોગંદને પાળવાનો અત્યારના સંયોગોમાં પોતાને સૂઝે તે રસ્તો લે એ જ યોગ્ય છે: એમ કરવાનો તેમને અધિકાર પણ છે. વતનની સેવા માટેનું શ્રેષ્ઠ સાધન

તેમને ફોજમાં જ દેખાતું હોય, અને તેઓ ભરતી થાય તો તે સદંતર વ્યાજબી છે.

હિંદ! માદરે–વતન! આ શબ્દોમાંથી કેટલી પ્રેરણા મળે છે. પરિષદમાં બધા ય વકતાઓને મેં પૂર્ણ ધ્યાનપૂર્વક સાંભળ્યા. મારો તો આત્મા હલી ઊઠયો હતો! આઝાદી માટે હિંદે કેટલાં વલખાં માર્યાં છે! કેટલા પ્રયત્નો કર્યા છે! કેટલીકવાર એને નિરાશાનું હળાહળ પીવું પડયું છે! પણ એની ખૂબી તો એ છે કે એ બધાં હળાહળને એ જીરવી ગયું છે! પરદેશી હકૂમતના દોઢસો વરસ પછી પણ આઝાદીની એની ઝંખના નષ્ટ નથી થઇ–ના, ઊલટાની વધી છે. વતનની આઝાદી માટે મથવું એ જ જેમનો અપરાધ હતો એવા પોતાના હજારો સંતાનોને દારિદ્રય અને દુઃખની ગર્તામાં ડૂબીને રીબાતાં એણે જોયાં છે. એક જ ધ્યેય માટે લડવું, એક જ દુઃખદાયક અંજામના અધિકારી બનવું, એક જ પ્રકારના અમાનુષી અત્યાચારો સહન કરવા અને એક જ અત્યાચારીને હાથે! એ જ છે એ સૌનું દુર્ભાગ્ય! અને છતાં મરેલાંઓની રાખમાંથી જીવનારાંઓએ સદા નૂતન આતશ પ્રગટાવ્યો જ છે. જંગે–આઝાદીનો આતશ લોકોએ પેઢી–દરપેઢી જીવતોજાગતો અને ઝળહળતો જ રાખ્યો છે. ઝૂઝવું અને ખતમ થવું, લડવું અને મરી ફીટવું અને ફરી ઊભા થઇને ફરી લડવું–અનંત ભાસતું આ ચક્ર ફર્યા જ કરે છે! પરાજય સ્વીકારી લેવાનો, વિજેતાઓના પગના શણગાર થઇને પડયા રહેવાનો અમે ઇન્કાર કર્યો છે. અજેય ખંતથી, આઝા–દીની જ્વાળાને અમે જિગરમાં જલતી જ રાખી છે! વિજેતાઓએ અમને 'કારકૂનો અને કૂલીઓ'ની પ્રજા બનાવી દેવાની કોશિશ કરી, અને છતાં સ્વાધીનતાની તાલાવેલીની અદમ્ય અગ્નિજ્વાળા શમી નહિ! દુષ્કાળ અને પૂર વરસે ને વરસે કાતિલ નિયામતતાથી કરોડોને ખતમ કરી રહ્યાં છે! અને છતાં એ તાલાવેલીનો તણખો અમે સાચવ્યો છે; અને સાચવ્યો છે એટલું જ નહિ, પરંતુ અમારા સંતાનોને એનો વારસો આપી જવામાં પણ અમે ફાવ્યા છીએ! અનેક વાર એ તણખો આગના ભડકાનું રુદ્ર રૂપ ધારણ કરીને તાંડવ મચાવી મૂકે છે. આજે ફરી એક વાર, એવો દાવાનળ પ્રગટાવવા માટે, ભગવાન કાળપુરુષે અમને નોતર્યા છે. અમારી જાતને જીવતી મશાલ જેવી બનાવીને અમે એ દાવાનળ ચેતાવીશું! શાહીવાદરૂપી અધમ કારાગારને અમે એ દાવાનળની જ્વાળાઓમાં ઝીંકી દઇશું!

ભભૂકતી જ્વાળા

ઑગસ્ટ ૧૧, ૧૯૪૨

પ્રચંડ વેગથી ધસી આવતાં તોફાનના પહેલા ભીષણ ગડગડાટસમા સમાચારો આજે સ્યેનાને સાંભળ્યા. કોંગ્રેસની મહાસમિતિએ મુંબઇમાંથી પરદેશી હકૂમત સામે ગર્જના કરી છે: "ચાલ્યા જાઓ !" "હિન્દ છોડી દો !" મહાત્મા ગાંધીજીએ આદેશ આપ્યો છે: "કરેંગે યા મરેંગે." આગેવાનોની દોરવણીની વાટ ન જોતા તમારું અંતઃકરણ કહે તે કરજો. હિંદને આઝાદ કરવા માટે કરવું ઘટે તે કરી છૂટજો". એ છે ટૂંકામાં એમના શંખનાદનો સાર.

આઝાદી માટે આગેકૂચ કરવાનો અવસર આજે છે એમ અમને પણ લાગે છે. અમારી બેંગકોંક પરિષદનો પણ એ જ નિર્ણય હતો. કોંગ્રેસે જે રસ્તો માન્ય કર્યો છે તે ઉપર જ અમે કૂચ કરી રહ્યા છીએ એ જાણીને અંતર નિરાંત અનુભવે છે.

બ્રિટિશ હકૂમતે કોંગ્રેસના આગેવાનોને ગિરફતાર કર્યા છે, બધાયને. પણ એટલે તો અમને હવે ખાતરી થઇ ચૂકી કે હિંદમાં, બ્રહ્મદેશની સરહદની પેલી પાર, હિંદની ધરતી ઉપર, અમારા સાથીઓ મોજૂદ છે. અમારું અંતરબળ અનેકગણું વધી ગયું છે.

સપ્ટેમ્બર ૧૬, ૧૯૪૨

હિંદની ઘટનાઓના સમાચાર અહીંસુધી ધીરેધીરે પહોંચવા માંડયા છે. એક વિરાટ ક્રાન્તિ ત્યાં જાગી ગઇ છે. એકેએક ખૂણે એની જ્વાળા પહોંચી ગઇ છે. હવે આ છેડે અમારે અમારું કામ સત્વર શરૂ કરી દેવું જોઇએ. બ્રિટિશ શાહીવાદ પડું પડું થઇ રહ્યો છે. એની મૃત્યુઘંટા વાગી રહી છે. ગોરાઓને હવે થોડા જ વખતમાં અમે મુક્ત કરી શકીશું, એમની પીઠ ઉપર એમણે જાતે વહોરી લીધેલા ભારમાંથી !

મલાયામાં અમારું કાર્ય આગળ વધી રહ્યું છે. સંઘના સભ્યોની સંખ્યા વધીને એક લાખ વીશ હઝારે પહોંચી છે. ઉપશાખાઓ પણ વધતી જાય છે. એમની સંખ્યા ચાલીસે પહોંચી છે.

બધી વસ્તુઓના ભાવ આકાશે ચડી ગયા છે. પૈસાની તો રેલમછેલ છે: જાપાનીઓ નોટો ધૂમ છાપી રહ્યા છે ! પણ એ કાગળના નાણાંની કિંમત કેટલી ! જૂના ડોલરના કરતાં દશમા ભાગની પણ ખરીદ-શકિત નવા ડોલરમાં ન મળે ! અમારો સંઘ ન હોત, તો કેટલાય ગરીબ હિંદીઓ

ભૂખના દુઃખથી ટાંટિયા ઘસી ઘસીને જ મરી જાત! તેમાંય કામદારોની દશા તો ખાસ કરીને દયાજનક છે.

ઑક્ટોબર ૧, ૧૯૪૨

મુંબઈમાંથી કોંગ્રેસ રેડિયો સાંભળ્યો ૪૨–૩૪ મિટર ઉપર. અદ્‌ભુત! આઝાદ હિંદ જગતને નોતરી રહ્યું છે: આવો અને અમારી હાલત નિહાળો!

સુભાષબાબુ થોડા જ વખતમાં પૂર્વ એશિયામાં પહોંચી જશે એવા સમાચાર આજે સાંભળ્યા. જાપાનીઓ સામે લડીઝગડીને અમારી કારોબારી એક પ્રથમ પંક્તિના આઝાદ હિંદ સૈન્યનું સર્જન કરવા મથી રહી છે. જાપાનીઓની બાબત, કામ ધાર્યું હતું તેટલી સરળતાથી ચાલતું લાગતું નથી. બેંગકોક પરિષદના ઠરાવોનો જાપાન તરફથી હજુ કશો જ જવાબ નથી.

જાપલાઓ ખોટા તો નહિ નીકળે? પી.ની આંખોમાં આ સવાલ હું વાંચું છું. આ બાબતની એમની વ્યગ્ર મૂંઝવણ એમના તંગ વર્તનમાં પણ દેખાય છે. એક વાર ફરીથી દ્રોહનો અનુભવ કરવાનું કમનસીબ હિંદને કરમે લખાયેલું હશે? પણ મને આશા છે. હું પ્રકૃતિથી જ આશાવાદી છું. બગડતી બાજીને સુભાષબાબુ સુધારી શકશે એવી મારી શ્રદ્ધા છે.

ઑક્ટોબર ૧૭, ૧૯૪૨

પી. આજકાલ ખૂબ કામમાં છે. મળસ્કાથી મધરાત સુધી રોજ–બ–રોજ ચર્ચાઓ ચાલ્યા જ કરે છે...અમલદારો અને અમલદારો વચ્ચે, સૈનિકો અને અમલદારો વચ્ચે, સૈનિકો અને સૈનિકો વચ્ચે–આઝાદ હિંદ ફોજની રચના બાબત.

હિંદસ્વાતંત્ર્ય સંઘે નાગરિકોને ફોજમાં જોડાવાની અપીલ કરી છે. જોડાવાનું મરજિયાત છે. જો કે કેટલાક એવા મતના પણ છે કે ફોજમાં જોડાવાની સંઘે પ્રત્યેક સશકત નાગરિકને ફરજ પાડવી જોઈએ. પી. પાસેથી મેં સાંભળ્યું કે કેટલાક હિંદી અમલદારો ફોજમાં નથી જોડાવા માગતા, ને ઊલટાના એની રચના આડે અંતરાયો ઊભા કરે છે. એમની દલીલ એ છે કે એઓ અમુક અમુકના કરતાં 'સિનિયર' છે એટલે એમના હાથ નીચે કામ કેમ કરે! કેટલું શરમભર્યું! આ લોકોને શિસ્તનું ભાન જ નહિ હોય! વતનની આઝાદીને ખાતર લડનારાઓ ઉપર પણ બ્રિટિશ લશ્કરની પોતાની સિનિ-ઓરિટી અને અમલદારી એમને પરાણે ઠઠાડવી છે કે શું? ધિક્કાર છે એમને!

૫૬૦૦૦ યુદ્ધકેદીઓમાંથી ૫૦૦૦૦ જેટલા તો ફોજમાં ભરતી થઈ ગયા! સંઘની કારોબારીએ એમને અપનાવી લીધા. ધાંધલ કરનારાઓને સંઘે ચેતવણી આપી દીધી છે કે ખબરદાર, જો ફોજના કામની આડે આવ્યા તો!

નવેમ્બર ૩, ૧૯૪૨

જાપાની હાઇ કમાન્ડ સાથેના સંબંધો બગડતા જાય છે. ઇવાકુરો કિકાન-જાપાની લશ્કર અને અહીંની પ્રજા વચ્ચેના સંબંધોનું નિયામક ખાતું—આજકાલ અમારા કામમાં માથું મારી રહ્યું છે. સંઘની કારોબારીએ એ સામે સ્પષ્ટ વિરોધ પોકાર્યો છે.

સંઘર્ષનું કારણ તો દેખીતું જ છે. પણ જાહેર રીતે એ ઉચ્ચારવાની કિકાનની હિંમત નથી. કિકાનની મરજી અહીંનાં હિન્દી આન્દોલનનો દુરૂપયોગ કરવાની છે, હિંદ પરત્વેની જાપાનીઓની મેલી યોજનાઓના લાભમાં! કારોબારી આનો વિરોધ કરી રહી છે અને શ્રી. આર. પાસેથી મેં સાંભળેલી વાત સાચી હોય તો, બહુ જ મક્કમપણે અને બહાદુરીપૂર્વક વિરોધ કરી રહી છે.

ખરી વાત તો એ છે કે અમારો હાથ પૂરેપૂરો જાપાનરૂપી પથ્થરની નીચે આવી ગયો છે. અમારી પાસે શસ્ત્રો નથી. પૈસા અને માલમિલકત છે—પણ તે પણ જાપાનીઓ ધારે તો આવતી કાલે છીનવી લઇ શકે. અમે મજબૂર છીએ—પરંતુ માથું ઝુકાવવાનો અને જાપાનીઓના હાથનાં રમકડાં બનવાનો અમે ઇન્કાર કર્યો છે. આઝાદીનું આન્દોલન ચાલશે તો તે હિંદીઓને હાથે જ અને હિંદના હિત અર્થે જ ચાલશે.

શ્રી. આર. મને આજે પોતાની વીતકકથા સંભળાવી. એ પોતે પેનાંગમાં સ્વરાજસભા ચલાવે છે. મલાયાના એકેએક ભાગમાં તરુણ હિંદીઓ રાષ્ટ્રસેવાના શિક્ષણ અર્થે ત્યાં ઊભરાયા છે. વતનપરસ્તી એ ત્યાંના શિક્ષણનો પ્રધાનસૂર છે. એ કહે છે કે એક રાતે કિકાનની સાથે કેટલાક જાપાની લશ્કરી અમલદારો ત્યાં પહોંચ્યા. નવજુવાનોને તેમણે ભેગા કર્યા. એમાંથી સૌથી વધુ બુદ્ધિમાન લાગ્યા તેમને વીણીવીણીને ઉપાડ્યા અને લોરીઓમાં તેમને ખડકીને રવાના થઇ ગયા! એ છોકરાઓનું

શું થયું એ જાણવા માટે શ્રી. આર. એકેકેએક જાપાની કચેરી ખૂંદી વળ્યા. જાપાની લશ્કરના કૃત્યનો સંઘની કારોબારીએ વિરોધ કર્યો છે, પણ દરેક જાપાની અમલદારનો જવાબ એક જ છે: અમે કશું નથી જાણતા શ્રી. આર. તો ધમકી પણ આપી ચૂક્યા છે કે આવું ફરી વાર નહિ બને એની ખોળાધરી જાપાનીઓ ન આપે, અને જો પેલા ખોવાયેલા જુવાનો સ્વરાજ-સભાને પાછા સહીસલામત સુપરત ન થાય, તો હું આખી સંસ્થા જ બંધ કરીશ.

શ્રી. આર.ને મિત્રોએ ચેતવણી પણ આપી છે કે જાપાનીઓ વિરુદ્ધની તમારી 'પ્રવૃત્તિઓ' ચાલુ રાખશો તો તમે પોતે જ ક્યાંક ઊપડી જશો! પણ એ બહાદુર આદમી પાસે એક જ જવાબ છે: "બહુ બહુ તો એ મને મારી નાખશે. એમને કોશિશ તો કરવા દો."

નવેમ્બર ૧૫, ૧૯૪૨

સ્વરાજસભાવાળા બનાવથી આખી હિંદી જનતામાં સનસનાટી ફેલાઈ ગઈ છે. જાપલાઓએ કબૂલ કર્યું છે કે છોકરાઓને એમના લશ્કરવાળાઓ જ ઊચકી ગયેલા. એક સબમરીનમાં બંધ કરીને એમને હિંદ ભેગા કરી દેવામાં આવ્યા છે! ત્યાં તેઓ જાપલાઓના લશ્કરને માટે જાસૂસીનું કામ કરશે!

શ્રી. આરે. આ આપખુદી સામે જાહેર રીતે વિરોધ પુકાર્યો છે. "મારી સંસ્થા જાપાનીઓને જાસૂસ પૂરા પાડવા માટે હું નથી ચલાવતો." તેમણે કિકાનને રોકડું પરખાવ્યું છે. કોઈ પણ હિંદીને એની પોતાની મરજી વિરુદ્ધ જાપાની લશ્કર માટે ઉપયોગમાં ન લઈ શકાય. કારોબારી આ બાબત દોરવણી આપશે ત્યાં લગી હું એકેએક હિંદીને સલાહ આપીશ કે જપાની લશ્કરથી અળગા રહો!"

બેંગકોક પરિષદની માગણીનો શ્રી. આરે. જાપાન સરકાર પાસેથી સ્પષ્ટ જવાબ માગ્યો છે. જાપાનને હિંદમાં કોઈ પ્રાદેશિક મહત્ત્વાકાંક્ષાઓ નથી એવી ગોળ ગોળ વાતોથી કશું યે સધાતું નથી. એક રાષ્ટ્ર તરીકે અમારું સન્માન સાચવવું જોઈએ અને હિંદની કામચલાઉ સરકાર સ્થાપવાની છૂટ મળવી જોઈએ. કિકાનની દખલગીરી સદંતર નાબૂદ થવી જોઈએ.

પી. કહે છે કે ફોજને તાલીમ અને હથિયારો પૂરા પાડવા આડે પણ જાપાન અંતરાયો ઊભા કરી રહ્યું છે. કારોબારીનો માર્ગ મુશ્કેલ બનતો જાય છે,

ભભૂકતી જ્વાળા

નવેમ્બર ૨૯, ૧૯૪૨

શ્રી. આરે., જાપાનીઓ પેલા છોકરાઓને ઉઠાવી ગયા એના વિરોધરૂપે, સ્વરાજસભા બંધ કરી દીધી છે. જાપાનીઓ ધૂંવાફૂંવા થઇ ઊઠયા છે. રોજ–બ–રોજ ધમકીઓ મળે છે તે સાચી હોય તો, તેમાંનો સોમો ભાગ પણ સાચો હોય તો, કોઇ સવારે શ્રી. આર. અને એમનું કુટુંબ, સાની લોથો જ ઘરમાંથી નીકળશે ! પણ આર.ને એની કશી જ પડી નથી. એ તદ્દન નિર્ભય છે. સંસ્થાનાં દ્વાર એણે હમેશને માટે બંધ કરી દીધાં છે. જાપલાઓ કહે છે કે આ તો ખુદ અમારા શહેનશાહનું જ અપમાન ગણાય ! સાંભળ્યું છે કે શ્રી. આર.ને એમના પોતાના ઘરમાં–પેનાંગમાં–નજરકેદ રાખવામાં આવ્યા છે. એમની મુલાકાત લેવાની કોઇને પરવાનગી નથી !

મુશ્કેલીઓનાં વાદળો એક બીજી દિશામાં પણ ઘેરાવા માંડયાં છે. જાપાની સૈન્યાધિકારીઓએ ફોજને બ્રહ્મદેશ તરફ કૂચ કરવાનો આદેશ આપ્યો છે. કારોબારી બંધબારણે આ સમસ્યાનો ઉકેલ શોધી રહી છે.

ડિસેમ્બર ૬, ૧૯૪૨

એક વિશ્વાસપાત્ર સ્થળેથી ખબર પડી કે ફોજને બ્રહ્મદેશ લઇ જવા માટે શ્યોનાનના બારામાં એક લશ્કરી જહાજ આવીને નાંગર્યું છે. ફોજના સિપેહસાલાર ઉપર તાકીદનું ફરમાન છૂટયું છેઃ "ફોજને બ્રહ્મદેશ તરફ અત્તરઘડી રવાના કરો." કારોબારીની મસલતો ચાલુ છે. તેમની બેઠક રાત કે દિવસ જોયા વિના અખંડપણે ચાલે છે.

અત્યારે ન બનવાનું એવું બધુંયે બની શકે છે. કારોબારી મક્કમ રહે તો જાપલાઓ શું કરે?...એ છે એક મહાપ્રશ્ન ! પી. માને છે કે અત્યારના સંજોગો જોતાં, હિંદીઓની લાગણીઓને દૂભવવાની હિંમત જાપલાઓ નહિ કરે !

ડિસેમ્બર ૧૦, ૧૯૪૨

ઘટનાઓની ઘટમાળ વેગથી ફરી રહી છે. જાપાનીઓએ હજી કશું પણ ખાસ પગલું ભર્યું નથી, ૮મીએ કર્નલ જી. ની ગિરફતારી કરી તે સિવાય. કર્નલ જી. ઉપર આરોપ તો એ મૂકવામાં આવ્યો છે–એમના તરફથી–કે, એ બ્રિટિશ જાસૂસ છે. છટ !

હિંદી સૈનિકોને બ્રહ્મદેશ મોકલવામાં આવે એ સામે કારોબારીએ જાહેર રીતે વિરોધ ઉચ્ચાર્યો છે. એક પણ હિંદીને એ બ્રહ્મદેશ ચડાવવા નથી માગતી...

ડિસેમ્બર ૧૩, ૧૯૪૨

પેલું લશ્કરી જહાજ બ્રહ્મદેશ પાછું ફર્યું—ખાલી. જાપાનીઓનો મનસૂબો ચટ્ટગ્રામ અને બંગાળ ઉપર એક મોટા પાયા ઉપરનું આક્રમણ શરૂ કરવાનો હતો. સંઘના આ પગલાંએ તેમની આ યોજનાને ઊંધી વાળી—એમ સંભળાય છે.

આવું આક્રમણ શરૂ કરીએ તે પહેલાં અમને યોગ્ય ખોળાધરી જાપાનીઓ તરફથી મળવી જોઈએ. એ ન મળે, તો તો હિંદી આઝાદીના મૃત્યુખત ઉપર હસ્તાક્ષર કરવા જેવું થાય. એક માલિક જાય અને એને ઠેકાણે બીજો આવે. ગોરાને બદલે પીળો માલિક આવે એવું અમે ઓછું જ ઇચ્છીએ છીએ! અમારે તો જાપાનીઓ તરફથી પ્રતિજ્ઞાપૂર્વકની જાહેરાત જોઈએ છે કે હિંદ સ્વતંત્ર અને મુક્ત રહેશે.

કર્નલ જી.ને તેમની સાથે મસલત કર્યા વગર જ પરબારા પકડી લીધા એ બાબત કારોબારીએ વિરોધ ઉઠાવ્યો છે. કિકાનની દખલગીરીના વિરોધરૂપે આખી કારોબારીએ રાજીનામું આપી દીધું છે. અમારા પ્રમુખ શ્રી૰ રાસબિહારી બોઝ જાપાન પહોંચવાના સાધનો શોધી રહ્યા છે. એમની મરજી ટોકિયોમાં જનરલ ટોજોને અહીંની આંટીથી વાકેફ કરવાનો છે. દરમ્યાન આખાયે પૂર્વ એશિયામાં સંઘની શાખાઓએ પોતાપોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખવી એવી ઇચ્છા એમણે દર્શાવી છે. જાપાની સૈન્યના સત્તાવાળાઓ સાથે હાલ તરતને માટે તેમણે એવી ગોઠવણ કરી છે કે ટોકિયોમાંથી તેમના ઉપર કૈં સંદેશ ન આવે ત્યાં સુધી અત્યારની પરિસ્થિતિ વધુ બગડે એવું કોઇપણ પગલું તેમણે ન ભરવું.

સંઘની મલાયા શાખાએ શ્રી. રાસબિહારીની આ સલાહને માન્ય રાખી છે—એક શરતેઃ 'આંદોલનનું સામાન્ય કામકાજ હંમેશની પેઠે ચાલુ રહેશે; પરંતુ કોઇપણ ખાસ પગલું તો, જાપાની સરકાર તરફથી યોગ્ય ખોળાધરી જાહેર થયા પછી જ લેવામાં આવશે.'

ડિસેમ્બર ૨૨, ૧૯૪૨

હમણા હમણા જાપાનીઓ સાથેનો સંબંધ સુધર્યો છે. અમારા કામકાજમાં કિકાન હવે સીધી દખલગીરી નથી કરતો. કોઇ હિંદીની ધરપકડ પણ જાપાનીઓએ નથી કરી, પણ કર્નલ જી.નો હજુ પત્તો નથી.

પણ આનો અર્થ એવો નથી કે કિકાને બાજી સંકેલી લીધી છે. ના, એણે ફક્ત બાજીની ચાલ જ બદલી છે. કિકાન સંઘની સામે હિંદીઓની એક બીજી હરીફ સંસ્થા ઊભી કરી રહ્યો છે. એક 'યુવકપ્રવૃત્તિ' ક્યાંકથી ફાટી નીકળી છે એની પાછળ કિકાનનો છૂપો હાથ છે. એ લોકો શું કરશે એ વિષે અત્યારે કશી જ અટકળો ન કરી શકાય, પરંતુ જે જાતના હિંદીઓ એમાં જોડાયા છે તે ઉપરથી એટલું તો અવશ્ય કહી શકાય કે એ જાપાનીઓના હાથનું રમકડું બનવા માટે જ સર્જાયેલા છે! એના બધા જ કાર્યકરો જાપાનીઓના 'ગોલા' જેવા છે. બધા જ કિકાનના હાજીયા ને હજૂરીઆ! પણ હિંદીજનતા ઉપર આ ફાસીસ્ટ સંસ્થાની શી અસર પડવાની હતી!

શ્રી. આર. હજુયે પોતાના મકાનમાં નજરકેદ છે. પણ રોજ–બ–રોજ વધુ ને વધુ મિત્રોને એમની મુલાકાત લેવાની પરવાનગી મળતી જાય છે. છેલ્લે છેલ્લે કિકાન એવી સૂચનાઓ પણ કરી રહ્યો છે કે શ્રી. આર. રાજીનામું આપી દે તો બધીયે આફતનો અંત આવે અને બધું કામ સરાણે ચડી જાય! સાચી વાત તો એ છે કે જાપલાઓને પોતાની ઇજ્જતની વેદી ઉપર એકાદ બકરો વધેરવો છે!

જાનેવારી ૯, ૧૯૪૩

કિકાનપ્રેરિત યુવકપ્રવૃત્તિ, સંઘના આર. એમ. અને એવા જ બીજા આગેવાનો સામે કાદવ ઉડાડી રહી છે. એમનો આખોયે પ્રચાર અધમ, અંગત, અને અસત્યથી ભરપૂર છે. અરે, એમની છેલ્લી બેઠક માટેનાં પોસ્ટરો ચોડવા માટે કોઇક સ્થળે તો જાપાની સૈનિકો જ નીકળ્યા હતા.

હિંદમાંથી આવેલા સમાચાર પણ બહુ જ ચિંતાજનક છે. મૈયા મારી, જનની જન્મભૂમિ મારી, મારાં માદરે વતન, તારી વહારે આવવા માટે અમે તો થનગની રહ્યા છીએ...પણ આ ટાણે આંધળિયા કરવાં પોસાય એમ નથી! તારા ઉપર જખમો પડે છે અને અમારાં દેહમાંથી લોહીની ધારા વહે છે અને છતાં યે આંધળી દોટ મૂકીને અમારે તારા માથા ઉપર દુઃખના નવા ડુંગરો નથી ખડકવા. માટે આ વખતે તો હવે અમે એવું કરવા માગીએ છીએ, પાકે પાયે, કે ભવિષ્યમાં કદીયે, તારું માથું, કોઇનીય કને, ઝુકાવવું ન પડે!

હેમુ કલાણી, કરાંચીનો એક વિદ્યાર્થી, એને આજે ફાંસી આપવામાં આવી. સમાચાર કોંગ્રેસ રેડિયો ઉપરથી સાંભળ્યા. કલાણીનો અપરાધ શો હતો?

વતનપરસ્તી! સામ્રાજ્યવાદીઓની કાયદાપોથીમાં વતનપરસ્તી જેવો ઘોર બીજો કોઇ જ અપરાધ નથી!

ફેબ્રુઆરી ૧૩, ૧૯૪૩

આજકાલ ૨૯, માલ્કોમ રોડ ઉપર ખૂબ પ્રવૃત્તિ ચાલી રહી છે. મથક ધમધમી ઊઠ્યું છે.

ત્રણ દિવસ થયા, લગાતાર, સંઘની મલાયાશાખાની કારોબારીની બેઠક ચાલી રહી છે...શ્રી. રાસબિહારી ઉપર મોકલવા માટે તેમણે એક લાંબો ખરડો તૈયાર કર્યો છે. એમની વિદાય પછી સંઘની પ્રવૃત્તિઓ બાબત અહીં જે મુશ્કેલીઓનો ખડકલો થયો છે તેની વિગતવાર માહિતી કારોબારીએ એમને પહોંચાડવા ધારી છે. પરિસ્થિતિ હવે જલદી સુધરે નહિ તો સમિતિએ રાજીનામું આપવું એવો એક ઠરાવ પણ થયો છે.

પ્રમુખે ફોજની પુનર્રચના કરી છે. કટોકટીની ઘડી અને અણીની પળ છે. ફોજ કારોબારીની સીધી આજ્ઞા નીચે કામ કરશે. કારોબારી સિવાય બીજી કોઇ પણ વ્યકિત, પછી ભલે તે માન્ધાતા કાં ન હોય, એને આજ્ઞા નહિ આપી શકે.

ફેબ્રુઆરી ૧૫, ૧૯૪૩

ખરડા વિષે જાપાનીઓને જાણ થઇ ગઇ છે. એ શ્રી. રાસબિહારી કને પહોંચે તે પહેલાં જ શ્રી. આર. ને રાજીનામું આપવાની ફરજ તેઓ પાડવા માગે છે.

શ્રી૦ કે. ભારપૂર્વક માને છે કે રાજીનામું આપીને કારોબારીના આગેવાનો જાપાનીઓની ચાલબાજીને મુકતમાર્ગ આપી રહ્યા છે. ખૂબ વિચાર કર્યા પછી આગેવાનોને પોતાને પણ શ્રી. કે. ની સલાહ સાચી લાગી છે. રાજીનામું આપવાનું એમણે માંડી વાળ્યું છે. કિકાનના હાથમાં રમકડાં બનવાની તેમની મુરાદ નથી.

માર્ચ ૩, ૧૯૪૩

આવતે મહિને આખાયે પૂર્વ એશિયાના સંઘના પ્રતિનિધિઓની એક પરિષદ શ્યોનાનમાં ભરાવાની છે. શ્રી. રાસબિહારીએ મ.ગેલી ખોળાધરીઓ આપવાનું જાપાનીઓનું મન નથી દેખાતું. પણ એક કામચલાઉ સમાધાન ઉપર આવવા તેઓ કબૂલ થયા છે. શ્રી. સુભાષ બોઝને અહીં તેડાવવામાં આવશે. લીગનું અધ્યક્ષપદ શ્રી. રાસબિહારી તેમને સોંપશે.

દરમ્યાન, બધું જેમ છે તેમ ચાલ્યા કરશે.

શ્રી. આર. ઉપરથી હવે બધા જ પ્રતિબંધો પાછા ખેંચી લેવામાં આવ્યા છે છતાં એ તો હજુ ઘરની બહાર નીકળતા જ નથી. ઉપરાંત એ માંદા પણ છે. કંઈક રોગને કારણે એમને ઓપરેશન કરાવવું પડશે એમ પણ સાંભળ્યું છે.

માર્ચ ૧૦, ૧૯૪૩

કિકાને અમારી મલાયા શાખા ઉપર રાજરમતની શેતરંજમાં જીત મેળવી. છે. રાજીનામાના પ્રશ્નને જાપાનીઓએ પોતાની 'ઇજ્જત'નો પ્રશ્ન બનાવી મૂક્યો હતો. શ્રી. રાસબિહારીએ એ બાબત નમતું આપ્યું અને શ્રી. આર. રાજીનામું આપીને છૂટા થયા. એમનું સ્થાન કોણ લેશે? મલાયાશાખાનું અધ્યક્ષપદ જાપલાઓના કોઇ જીહજૂરિયાને મળે એ અમે મલાયાવાસી હિન્દીઓ સાંખી નહિ લઇએ.

શ્રી. આર. ના રાજીનામાએ અમારામાંના ઘણાંખરાઓની આંખો ઉઘાડી છે. કેટલા સરસ માણસ! મલાયાના હિંદીઓઓમાં કેટલું આદરણીય એમનું સ્થાન! એમણે રાજીનામું આપતી વેળાએ મૌખિક સંદેશ આપ્યો:

"આપણી સંસ્કૃતિ ફક્ત બાહ્ય દેખાવ પૂરતી નથી કે નથી આપણો સાંસ્કારિક વારસો જંગાલિયતનો. આદમખોરોની ક્રૂરતા કે ગુલામોની માનસિક અધમતાથી આપણે આઝાદી હાંસલ નથી કરી શકવાના. અધમતા અને સ્વાર્થ એ બેથી આપણે છેટા રહેવાનું છે. આપણે કોઇ અવર પ્રજાની કદમબોસી કરવાના નથી; કે નથી આપણે નિર્બળોને પગ નીચે કચડવાના. આપણે તો ધર્મને જ વળગી રહીશું. માતૃભૂમિની મુક્તિનો માર્ગ એ છે. હું હમેશાં મારા અંતરે સ્વીકારેલ સિદ્ધાન્તોને જ અનુસર્યો છું. જાતને માટે મેં કશું યે વાંછ્યું નથી. આપણે શોધી રહ્યા છીએ—ફક્ત એક આઝાદીને. આપણી કુરબાનીનું વજન ઉમેરાતાં, સિદ્ધિનું પલ્લું આપણી તરફ જ ઢળવાનું છે. આ છે મારી શ્રધ્ધા. એ શ્રધ્ધા જ મને, મારી ફરજિયાત નિષ્ક્રિયતાના આ સમયમાં ટકાવી રાખશે. વિજય આપણો છે."

એપ્રિલ ૯, ૧૯૪૩

હું બેંગકોકમાં આવી છું. અહીંના રેડિયો ઉપરથી થતા હિંદી વાયુપ્રવચનોની વ્યવસ્થા કરવાની અને એમાં સુધારાવધારા સૂચવવાની મને આજ્ઞા થઇ છે.

સંઘ પ્રત્યેક મોરચાને પોતાની નીતિની સાથે મેળ ખાય એવી રીતે મજબૂત કરવા માગે છે.

પરિણામે મારી આ બેંગકોક સુધીની ખેપ. આ મથક ઉપરથી અત્યાર સુધીમાં થયેલાં વાયુપ્રવચનોને તપાસી રહી છું.

દિલ્લીથી ઓલ ઇન્ડિયા રેડીઓ અમારો ઉપહાસ કર્યા કરે છે. અમને હિંદના દુશ્મનો તરીકે જાહેર કર્યા કરે છે. પણ અમે તો નથી ઉચ્ચાર્યો એક પણ એવો શબ્દ, કે નથી કર્યું એવું એક પણ કામ, જેથી અમારે શરમાવું પડે. પ્રામાણિક વતનપરસ્તોને છાજે એવી રીતે વતનની આઝાદીના જંગને અમે ખેડી રહ્યા છીએ. દિલ્લી અને બેંગકોકથી થતાં વાયુપ્રવચનોને એક હારમાં ગોઠવીને એના ઉપર કોઇ આન્તરરાષ્ટ્રીય તપાસપંચ બેસાડો તો ખરાખોટાનું પારખું થાય: તો વતનપરસ્ત કોણ છે અને વતનને બેવફા કોણ છે એનો સાચો જવાબ સાંપડે. એ જવાબ શો હશે તે વિષે મારા મનમાં તો લેશમાત્ર શંકા નથી.

૧૩ મીએ અમે જલિયાનવાલા બાગની ઘટના વિષે એક ભવ્ય કાર્યક્રમ રજૂ કરવાના છીએ. નાટકો, ગીતો અને પ્રવચનો એના માટે ખાસ તૈયાર કરાવવામાં આવ્યાં છે.

એપ્રિલ ૧૮, ૧૯૪૩

૧૯, ચેન્સરી લેઇન ઉપર આવેલી મલાયાની અમારી વડી કચેરીમાં પૂર્વ એશિયાના હિંદીઓની પરિષદ મળી ગઇ. જાહેર કરવામાં આવ્યું કે, શ્રી. સુભાષબાબુ મે મહિનામાં યૂરોપથી અહીં આવી પહોંચશે.

આઝાદીના આખાયે આન્દોલનને હવે યુદ્ધની ભૂમિકા ઉપર લઇ જવામાં આવ્યું છે. નાણા અને સરંજામ માટે એક વિરાટ પ્રયત્ન શરૂ કરવાનો નિરધાર થઇ ચૂકયો છે. પૂર્વનિર્ણીત અંદાજપત્રના આધારે તમામ સાધનસંપત્તિને એક કેન્દ્રમાં એકત્રિત કરવાની યોજના સ્વીકૃત થઇ ગઇ છે.

બધીયે શાખાઓ અને ઉપશાખાઓને પુનઃસંકલિત કરવામાં આવશે. એમનામાં નવો પ્રાણ પૂરવામાં આવશે.

કુમારી સી. અને શ્રી. પી. આજે ચાહ માટે આવ્યા હતાં; અમે લાંબા વખત સુધી વાતો કરી.

ભભૂકતી જ્વાળા

કુમારી સી. દેખાય છે તો નરમ, પણ રંગૂનનો પોતાનો જાતઅનુભવ એણે કહેવા માંડ્યો કે તરત જ એ જુદી જ બની ગઈ! ઉપરથી ટાઢીબોળ દેખાતી એ છોકરીના અંતરમાં કેટલી છાની આગ! એનો બાપ, રંગૂનની કોઈ પેઢીમાં હેડ કલાર્ક હતો. પહેલા જ બોમ્બમારામાં એ મરાયો. શ્રી. પી. બેરિસ્ટર છે. રંગૂનની હાઈકોર્ટમાં એ વકીલાત કરતા.

એમણે આપેલું વર્ણન હું આ નોંધપોથીમાં હૂબહૂ ઉતારીશ.

શરૂ કર્યું કુમારી સી.એ:

"જાપાનીઓએ રંગૂન ઉપર પહેલી વાર બોમ વરસાવ્યા ત્યારે અમારી પાસે જેને સમ ખાવા પૂરતું પણ 'સંરક્ષણ'નું નામ આપી શકાય એવી કોઈ ચીજ જ નહોતી! બ્રિટિશ ગવર્નરે પોતા માટે રૂ. ૩૦,૦૦૦ના પ્રચંડ ખર્ચે એક સંરક્ષણ તૈયાર કરાવ્યું હતું. પણ વસતિની કોઈને કશી પડી જ નહોતી. જાપાની હલ્લો ઓચિંતો અને અણધાર્યો આવ્યો. લગભગ એક હજાર માનવીઓની કબર ખોદાઈ ગઈ. સત્તાવાર યાદીઓ સાચી માનીએ તો પણ અમે તો જાણીએ જ છીએ કે સત્તાવાર યાદી સાચી નહોતી. જાપાનના પહેલા બોમ્બમારાએ દશ હજાર જેટલા રંગૂનવાસીઓનાં ઢીમ ઢાળી દીધાં.

"બોમ્બ ગડવા માંડયા અને રંગૂન ધ્રૂજી ઊઠ્યું, ધરતીકંપથી ધ્રૂજે તેમ. મકાનો ખંડેરોમાં ફેરવાઈ ગયાં. માર્ગો વચ્ચે ઊંડી ખીણો ખોદાઈ ગઈ. કાચના ટુકડાઓની કાળશેતરંજ બિછાઈ ગઈ અને વચ્ચે રસ્તાને એક છેડેથી બીજે છેડે સુધી પહોંચતાં, તૂટેલા તારના થાંભલાઓ અને પડી ગયેલાં વૃક્ષોથી લોહિયાળ લીટા દોરાઈ ગયા. જ્યાં જુઓ ત્યાં વીજળીના તારો, માનવીઓની લોથો, મોટરકારો અને રિક્ષાઓ, બધું એકમેકની સાથે સેળભેળ. પાણીના પાઈપો ફાટ્યા. રંગૂનમાં નાસભાગ થઈ રહી. સૌની એક જ નેમ હતી: એ કાળનગરથી જવાય તેટલે આઘે નાસી છૂટવું! માનવીઓની જીવતી કતારો સરજાઈ ગઈ. આગગાડીઓ અને રસ્તાઓ એ કતારોથી છલકાઈ ઊઠ્યા. ધક્કા ઉપરથી બંદરના મજૂરો અદૃશ્ય થઈ ગયા. નોકરોનું તો ક્યાંયે નામોનિશાં ન જડે. મારો નોકર પણ નાસી ગયો હતો. ટ્રામ અને બસો માનવી-શૂન્ય રસ્તા વચ્ચે રેઢી પડી હતી. બધા ઉત્તરની સામે મોં કરીને નાસતા જ હતા, જાપાનની અગ્નિવર્ષામાંથી જાતને ઉગારી લેવા. મીંગાલેડોન હવાઈ મથકના ચૂરેચૂરા થઈ ગયા હતા.

એક પણ સાજું મકાન બાકી નહોતું રહ્યું. હવાઇ હુમલાની ચેતવણી આપનારું ભૂંગળું પણ ભરખાઇ ચૂક્યું હતું.

'અને દિવસે દિવસે રસ્તાઓની હાલત વધુ ને વધુ બગડતી ચાલી. અઠવાડિયામાં તો ભંગારના ડુંગરા ઠેર ઠેર ઊભા થઇ ગયા. રાજમાર્ગો ઉપરના માનવશબો પણ પુરા ત્રણ દિવસ સુધી એમ ને એમ સડતાં રહ્યાં. એમને ઠેકાણે પાડવાની પણ કોઇએ હિંમત ન કરી.

"નાતાલને દિવસે જાપાનીઓ વળી પાછા આવ્યા, બીજી બોમ્બવર્ષા વરસાવવા માટે. આવતા પહેલાં તેમણે આકાશમાંથી પત્રિકાઓ ફેંકી હતી. એશિયાવાસીઓને તેમણે સૂચના કરી હતી: નગર છોડીને ચાલ્યા જાઓ! રંગૂનની વસતિનો પોણો ભાગ અદૃશ્ય થઇ ગયો. ઇશ્વરનો શાપ વરસવાનો હોય એમ રંગૂન માનવીશૂન્ય બની ગયું.

"સરકારી વહીવટી તંત્રનો પણ કડૂસલો બોલી ગયો હતો. દેવતાઇ ગણાતા સનંદી નોકરો–નોકરશાહી–ગાભા જેવા બની ગયા હતા. રાતના ચોરી અને લૂંટફાટ ચાલતાં, પણ પોલીસ કશું જ નહોતી કરી શકતી. 'રંગૂન ગેઝેટે' એક મોટું મથાળું બાંધીને આ બાબત ઉપર ટીકા કરી: "આ નોકરશાહી ટળશે ત્યારે જ આપણી યુદ્ધદક્ષતા સોળ કળાએ ખીલી ઊઠશે!" ટીકા કરનાર એક શ્રી. સ્ટોન હતો. એક અંગ્રેજ! સનંદી નોકરોની આવી બદનક્ષી કરવા માટે એ બાપડાને પરાણે રજા ઉપર ઊતરવું પડયું!

"બ્રહ્મદેશને "લશ્કરી અંધાર-સાગર" ઓળખવામાં આવે છે, પણ એ અંધારસાગરમાં અજ્ઞાન અને ગુલામીના કેટકેટલાં ગંધાતા ખાબોચિયાં હતાં તે તો જેને વીતી હોય તે જાણે! સરકારી વહીવટી તંત્ર અને લશ્કરીતંત્ર બન્ને સરખાં જ શિંગમાંથી સડેલાં!"

શ્રી. પી.એ કહ્યું:

"જાપાનીઓ રંગૂનના પાદર સુધી પહોંચ્યા તે વખતે ભંગીઓ અને મ્યુનિસિપાલિટિના બધાય નોકરો, ફાયર બ્રિગેડ સુદ્ધા–લાપત્તા જ હતા! તુરંગો, રક્તપિતીઆઓની ઇસ્પિતાલો અને પાગલખાનાંનાં બારણાં ઉઘાડી નાખવામાં આવ્યાં હતાં. અને એ ભયંકર માનવીઓ રાજમાર્ગો ઉપર નિરં-

કુશપણે ઉપદ્રવ મચાવતા હતા. આ પરાક્રમ હતું સ્વર્ગમાંથી સીધી ઊતરી આવેલી નોકરશાહીનું ! રંગૂન ભડકે બળતું હતું–કોના પાપે, કોને વાંકે, કોણ જાણે ? ઘણીયે આગો તો રેઢી મુકાયેલી જેલો ઉઘાડી બહાર નીકળી આવેલા ગુનેગારોએ સળગાવી હતી. સૂનાં ઘરોની સંપત્તિ લૂંટી, પછી એમને સળગાવીને એ ચાલી નીકળેલા કે જેથી પોતાના અપરાધની ચાડી ખાવા માટે કશું બાકી જ ન રહે !

"તુરંગોના આ કાતિલ પંખેરુઓને અને પાગલોને સરકાર નાસતાં નાસતાં શા માટે આમ રેઢાં મૂકી ગઈ હતી તે મારી સમજમાં તો નથી આવતું. પણ આ ઘટના ફક્ત એક રંગૂનમાં જ બની છે એવું કૈં નથી. આખાયે બ્રહ્મદેશમાં બ્રિટિશ રાજકર્તાઓ આ જ રીતે વર્ત્યા. એમને એક પોતાની સલામતિની જ પડી હતી. આપ મૂવે પિછે ડૂબ ગઇ દુનિયા–પણ અહીં તો દુનિયાને ડૂબાડીને એમને જીવતાં રહેવું હતું !

"અને ગુનેગારોને હાથે અમારી કેવી વલે થઈ છે ! તે દિવસે હું સાચો બ્રિટિશ-શત્રુ બની ગયો. તે દિવસે મને ભાન આવ્યું કે મારી વફાદારી મેં કઠેકાણે વાવી છે. તે દિવસે મને લાગ્યું કે ગુલામી પણ બ્રિટિશરોની સારી નથી ! અમે એમની ખિદમત કરી હતી. એમને પડખે ઊભા રહ્યા હતા. એમને માટે લોહી રેડી રહ્યા હતા. અને એ બધા માટે અમને સિરપાવ શો મળ્યો ? ગુનેગારો અને પાગલોની અમાનુષી નિર્દયતા ઉપર અમને છોડીને એ લોકોએ ચાલતી પકડી...

"અને ૮ મીની સવારે જાપાની સૈન્ય શહેરમાં દાખલ થયું તે પહેલાં તો રંગૂન ઉપર 'ધીખતી ધરા'ની નીતિનો અમલ થઇ ચૂકયો હતો. ૭ મીએ બરાબર ત્રણ વાગ્યે સિરિઅન અને ડૂનીડોના તેલના કૂવાઓને અંગ્રેજોએ આગ લગાવી દીધી હતી, ઇલેકટ્રિક પાવર હાઉસને તોડી પાડવામાં આવ્યું હતું અને અનાજના ગોદામોને બાળીને ખાક કરવામાં આવ્યાં હતાં. અગ્નિની જ્વાળામાં ભસ્મિભૂત થયેલ એ બધાં કારખાનાં અને મકાનોમાંથી ઊઠતો ઘાટો ધુમાડો શહેરના રસ્તાઓ ઉપર તો ધોળે દહાડે પણ રાત્રીનો અંધકાર પાથરી રહ્યો હતો. વીજળીના દીવા બંધ પડી ગયા હતા. અજવાળું કયાંય પણ હોય તો તે આગમાં સળગતી ઇમારતોમાં ! બીજા અઠવાડિયાના મોટા ભાગ સુધી આ આગો અખંડ ધીખતી રહી !

"મર્ચંન્ટ સ્ટ્રીટમાં અમારું ઘર. ત્યાં જતાં, રસ્તામાં અમે નાગા પાગલોને નજરે દીઠા ! ભંગારના ડુંગરો ઉપર બેઠા બેઠા તેઓ ગંદકીનું પ્રાશન કરી રહ્યા હતા. ૭ મીનો સૂરજ આથમ્યો તે પહેલાં છેલ્લો અંગ્રેજ રંગૂનને રામરામ કરીને ચાલ્યો ગયો હતો–મેજર મેઇન્સ.

"૮ મીની સવારે વાદ અને ડેકુ ગામડાઓને રસ્તે થઈને જાપાનીઓ નગરમાં પેઠા. અમને એ વખતે તેઓ તારણહાર સમા લાગ્યા. અંધારનગરમાં તેમણે ફરી વ્યવસ્થા આણી. વસતિનો પ્રવાહ ધીરે ધીરે નગર ભણી પાછો રેલાયો. ગુનેગારોને અને પાગલોને પાછા પોતપોતાના યોગ્ય સ્થાને પહોંચાડવામાં આવ્યા."

તે દિવસે મોડી સાંજે તેઓ અમારે ત્યાંથી ગયા. એમના મોં ઉપર કાલિમા હતી. અનુભવે એમની મુખમુદ્રા ઉપર જાણે ડામ દીધા હતા. હવે ફરીથી તેઓ માથું ઊંચું નહિ કરી શકે. મૃત્યુની–મૃત્યુ કરતાંયે વધારે દુઃ એવી ભીતિની, તેમને ઝાંખી થઇ ગઇ છે. એમના સ્મૃતિપટ ઉપર શોક અને ગમગીનીની અસીમ અને અફાટ રેખાઓ અંકિત થઇ ગઇ છે.

મે ૧૯, ૧૯૪૩

ગઇ રાતે એસ. અમારી સાથે વાળુ કરવા આવ્યા હતા. એ માંડલેમાં સાગનો વેપાર કરે છે. બ્રહ્મી સ્ત્રીને પરણ્યા છે. સંતાનોના પિતા છે. પીછેહઠ કરી રહેલ બ્રિટિશ સૈન્ય વિશે અને આ મહિનાની ૧ લીએ જાપાનીઓએ માંડલે લીધું તે વિષે એમણે ઘણી વાતો કરી.

શ્રી. એસ. બાબત બ્રિટિશરોને એવો વહેમ હતો કે ગયા માર્ચની આખરમાં માંડલેની જેલમાંથી બા માઓ અદૃશ્ય થઇ ગયો તેમાં એમનો હાથ હતો. શ્રી. એસ. કહે છે એ વાતની એમની કશી જ ખબર નથી.

બા માઓની વાત તો બ્રહ્મદેશમાં હવે એક પૌરાણિક કથા જેવી બની ગઇ છે.

બા માઓ, બ્રહ્મદેશનો માજી વડો પ્રધાન, યુદ્ધ શરૂ થયું તે ઘડીએ જ ગિરફતાર થયેલો. બ્રિટિશરોએ એને માંડલેના જેલખાનામાં રાખેલા. જાપાનીઓ સાથે એને પત્રવ્યવહારનો સંબંધ છે એવો એના ઉપર આક્ષેપ હતો. એ વખતે યુ સો વડો પ્રધાન હતો. બા માઓની ધરપકડ થઇ ત્યારે એણે આંગળી સરખીયે ન ઊંચકી. કારણ, યુ સો અને બા માઓ એકબીજાના હરીફ હતા, રાજકીય ક્ષેત્રમાં.

પણ તે પછી તરતજ યુ સોની કારકિર્દી ઉપર પણ પ્રલયના પૂર ફરી વળ્યાં. અમેરિકામાંથી એ બ્રહ્મદેશ તરફ પાછો ફરતો હતો તે વખતે રસ્તામાં બ્રિટિશરોએ એને ગિરફતાર કર્યો અને જે આક્ષેપ એના હરીફ બા માઓ ઉપર એમણે મૂક્યો હતો તેજ આક્ષેપ એના ઉપર મઢીને—જાપાનીઓ સાથે પત્રવ્યવહાર કરવાનો—એને તુરંગ ભેગો કરી દીધો. એ બીચારો ગયો હતો બ્રિટનમાં બ્રહ્મદેશ માટે સાંસ્થાનિક દરજ્જાના સ્વરાજ્યની માગણી કરવા માટે. બ્રિટિશરોએ એની માગણીને ઇનકારી કાઢેલી. ત્યાંથી એ ગયો અમેરિકા. બ્રિટન સાથેની પોતાની નિષ્ફળ મસલતોની ત્યાંથી એણે જાહેરાત કરી...અને વતન પાછા ફરતાં વચ્ચે ઝડપાઇ ગયો.

માર્ચની આખરમાં, મેમ્યોમાંથી, એક 'ઉચ્ચ કક્ષા'નો સંદેશવાહક આવ્યો. બ્રહ્મદેશનો બ્રિટિશ ગવર્નર અત્યારે મેમ્યોમાં છે. એ ગયો માન્ડલેની જેલમાં. કલાકો સુધી એની અને બા માઓ વચ્ચે વાતચીત થઇ. બ્રિટિશરો બા માઓને 'બિનશરતી' મુક્તિ આપવા માટે તૈયાર હતા. પણ એક શરતે !- જો એ બ્રહ્મદેશને બ્રિટિશરો પ્રત્યે વફાદાર રાખવા માટે મહેનત કરે તો. પહેલી ખોળાધરી એણે એ આપવાની હતી કે બહાર નીકળીને તરત જ એ એક નિવેદન બહાર પાડે અને બ્રિટિશરોએ બ્રહ્મદેશને વ્યવહારુ સ્વશાસન બક્ષી દીધું છે એવી જાહેરાત કરે !

પણ બા માઓની યોજના કાંઇ જુદી જ હતી. એ ફરી ગયો. મુશ્કેલીઓ ઊભી કરવા મંડ્યો. સંદેશવાહક ફરી પાછો મેમ્યો ગયો, મસલત કરવા માટે. પણ મેમ્યોએ બા માઓની શરતોને ઠોકરે મારી. અને તે પછી તરત બ્રિટિશરોએ નક્કી કર્યું કે આ માણસને જો સાચવવો હોય તો હિંદની કોઇ જેલમાં ખસેડવો જોઇએ. સંદેશવાહક પાછો માંડલે આવ્યો, સશસ્ત્ર દળ સાથે, બા માઓને લઇ જવા. પણ પંખી પાંજરામાંથી ઊડી ગયું હતું. ક્યાં, કેવી રીતે, કોણ જાણે !

સુભાષબાબુ કલકત્તામાંથી અદૃશ્ય થયા હતા. પોતાના ઘરમાં એ નજરકેદ હતા અને બારણે સી. આઇ. ડી. ખડો પહેરો ભરતી હતી. તેમાંથી એ છટક્યા. બા માઓનું અદૃશ્ય થવું એ પણ એવો જ એક ચમત્કાર હતો. સુભાષબાબુના કરતાં વધુ કપરા ચોકીપહેરાને એણે થાપ આપી.

પછી તો આખાયે બ્રહ્મદેશમાં વાયુની પેઠે આ વાત પ્રસરી ગઇ. બા માઓને અંતર્ધ્યાન થઇ જવાની દૈવી સિદ્ધિ મળી હતી અને એના પ્રતાપે એ જેલમાંથી નાસી છૂટયો એવી વાતો ફેલાવા માંડી ! અને ફેલાય એમાં નવાઇ પણ નહોતી ! તુરંગના બધાં બારણાં, બારીઓ અને સળિયા જેમનાં તેમ હતાં ! અને છતાં પંખી ઊડી કેમ ગયું ! વાતનું વતેસર થવા માંડયું અને અસલી કથાની અનેક રંગબેરંગી આવૃત્તિઓ પ્રજાના હોઠ ઉપર દિલચસ્પીથી રમી રહી ! બ્રિટિશરોની ઇજ્જત ખાકમાં મળી ગઇ !

ખરી રીતે બન્યું હતું ફક્ત એટલું જ—શ્રી. એસ.ના કહેવા પ્રમાણે—કે એ ઐતિહાસિક દિવસે, વહેલી સવારે, ઉષા ઊગીયે નહોતી એવે વખતે, માંડલે પાસે થઇને ઇરાવદી નદી વહે છે તેમાં થોડાંક હવાઇ જહાજો ઊતર્યાં. સૌએ એને નજરોનજર દીઠાં—પણ એક શબ્દ પણ કોઇએ ઉચ્ચાર્યો નહિ ! કેટલાક બ્રહ્મી સાધુઓ, કેસરિયા વાઘાવાળા, એ વિમાનો તરફ જતાં જોવાયેલા. એ લોકો અંદર દાખલ થઇ ગયા. એન્જિનોમાં જીવ આવ્યો અને વિમાનો ઊડી ગયાં. સવાર પડી અને જેલરે કેદીઓની હાજરી લીધી....

જૂન ૩, ૧૯૪૫

શ્રી. રાસબિહારી બોઝ ચાર દિવસ પહેલાં ટોકિયો તરફ રવાના થઇ ગયા. સુભાષબાબુ ટોકિયોમાં ઊતરે કે તરત જ એ એમને મળશે.

પી. લાંબી મુસાફરી કરીને પાછા આવ્યા છે. મલાયા—તાઇલેન્ડની સરહદ સુધી એ જઇ આવ્યા. રબરની વિશાળ વસાહતો, જેમાં તામિલ મજૂરો હજારોની સંખ્યામાં કામ કરે છે, એ જોઇ આવ્યા. રબરનાં જંગલોનું એમનું વર્ણન પરિકથાઓની યાદ અપાવે એવું છે.

કામદારો તરફની માલિકોની વર્તણૂક તદ્દન ખરાબ. એમને સંગઠન કરવાની પરવાનગી જ નહિ. મેનેજરોની દયા ઉપર એમને જીવવાનું...જંગલીઓની પેઠે.

આ લોકોને પી.એ જ્યારે સંઘનો સંદેશ સંભળાવ્યો ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો. પી.ની આસપાસ તેમનાં ટોળેટોળાં ઊભરાયાં. અન્તરિક્ષમાંથી કોઇ તારણહાર તેમનાં દુઃખોનો ઇલાજ કરવા માટે ઊતર્યો હોય એમ તેમને લાગ્યું.

ભભકતી જ્વાળા

આ ગરીબ, અભણ, અજ્ઞાન, તામીલ મજૂર માતૃભૂમિ માટે સર્વસ્વની કુરબાની આપવા તૈયાર થયા એમાં કૈં ખાસ નવાઈ જેવું પણ નથી! જ્યાં જ્યાં હિંદી, ત્યાં ત્યાં હિંદ. દૂર દૂરની રબર-વસાહતોમાં પી. એ હમેશ એક જ દૃશ્ય દીઠું; જ્યાં જ્યાં હિંદી મજૂરો છે ત્યાં ત્યાં તેઓ એક નાનકડું હિંદ ખડું કરી દે છે. રામાયણ અને મહાભારત...અને ગાંધીજીનું નામ પણ ઇષ્ટદેવની સાથે જ છે.

મલાયાની આ રબર-વસાહતોનાં કરતાં વધુ નિરુત્સાહ કરનાર વાતાવરણ, પી. કહે છે કે, એમણે કયાંયે દીઠું નથી. લાંબા રબર-વૃક્ષોની સમપ્રમાણ કતારો ઉપર કતારો. પત્રઘટા એટલી બધી ઘાટી છે કે સૂર્યનાં કિરણો એને ભેદીને ધરતી સુધી પહોંચી જ શકે નહિ!

વરસાદ દરમિયાન અહીં જે ભેજ થાય છે તેની તો કલ્પના કરવી પણ મુશ્કેલ. 'અત્તપ'ના પાંદડાંઓનાં બનાવેલાં ઝૂંપડાઓમાં કામદારો રહે. ઝૂંપડાંની ભોં ધરતીથી છ ફીટ ઊંચી. ઝૂંપડાં જાણે ઊંચી ચાંખડીઓ ઉપર ચડીને જ કેમ ન ઊભાં હોય!

પી. કહે છે કે સભા ચાલતી હતી તે જ વખતે વાદળના ગડગડાટ સાથે વરસાદનું એક ઝાપટું આવી ગયું. વીજળીના ઝબકાર અને દે-માર વરસાદ. પણ સભામાં એક પણ માનવી સળવળ્યું નહિ. પા કલાક પછી વરસાદનું પાણી ટપકવા માંડયું, વનવૃક્ષોનાં પત્રોની ઘનઘટા સોંસરું. પણ ટપ ટપ એક વાર શરૂ થયું કે પછી બસ ચાલ્યા જ કરે. બિનઅનુભવીને તો એ પાગલ જ બનાવી મૂકે, પણ કામદારોને એ સદી ગયું હતું.

રક્ત ચૂસનારી જળો અહીં પુષ્કળ છે. અને વિશાળકાય ગજરાજો અને વૃક્ષોની શાખા ઉપરથી નદીઓના કિચ્ચડભર્યા કિનારાઓ ઉપર ઠેકાઠેક કરતાં મહામત્સ્યો! એ પાછલા કાદવમાં પૂછડું ખૂંતાડીને ઊભા રહે...અને પાસે થઇને પસાર થનારા માનવીઓને જોયા કરે! વાનરો પણ છે. પક્ષીઓ અને વનફૂલો તો અજબ. ઉષ્ણ કટિબંધનાં વનોનું બધું યે પ્રાકૃતિક સૌન્દર્ય અહીં જોવા મળે. પણ એનો આનંદ થોડી જ વાર માણી શકાય. પછી—પછી જંગલો તમારા આત્મા ઉપર ઓથાર થઇને ચડી બેસે. તમને ગૂંગળાવી નાખે. તમારા શ્વાસને કોઇ રૂંધી રહ્યું હોય એમ તમને લાગ્યા કરે.

આ જંગલો સોંસરવા થઇને જાપાનીઓ મલાયામાં ઘૂસ્યા હતા—કંગાલ કામદારોનો વેશ ધારણ કરીને. જંગલી કોમોએ એમનું ભોમિયાપણું કરેલું.

પી.ને ધીમો તાવ આવે છે. કોઇ ડૉકટરને બોલાવી એમનું લોહી તપાસાવવું પડશે અને જોવું પડશે કે શેનો તાવ છે. પી. કહે છે કે બીજા કોઇ રોગ કરતાં મેલેરીઆનો ભયંકર શાપ હિંદીઓનો વધુ ભોગ લે છે.

આઝાદીની ઉષા

જૂન ૨૦, ૧૯૪૩

સખી, આજની ઘડી રળિયામણી. સુભાષબાબુ ટોકિયો પહોંચી ગયા. સબમરીનમાં એ આવ્યા. સાથે એક મુસલમાન ભાઇ છે. નામ શ્રી. હસન. ટોકિયોએ એમનું ધામધૂમથી સામૈયું કર્યું. હિંદ બહારના તમામ હિન્દીઓના અગ્રણીનું, બ્રિટિશ શાહીવાદની પ્રચંડ શકિતને વારંવાર પડકારનાર એક ક્રાન્તિવાદીને શોભે એવું સામૈયું કર્યું. શ્રી. સુભાષબાબુને આ વાતોથી વિગતવાર વાકેફ કરી દેવા માટે અમારા કેટલાએક આગેવાનો ટોકિયો ગયા છે.

અખબારજોગું સુભાષબાબુએ જે નિવેદન આપ્યું છે તે મહત્ત્વનું છે:

"ગયા વિશ્વયુદ્ધ દરમિયાન અમારા નેતાઓને કપટમૂર્તિ બ્રિટિશ મુત્સદ્દીઓએ દગો દીધો હતો એટલા માટે, આજથી વીશ વર્ષ પહેલાં, અમે પ્રતિજ્ઞા લીધી કે હવે એમનાથી છેતરાવું નથી જ.

"વીશ વરસ થયાં મારી પેઢી આઝાદી માટે મથી રહી છે. આજની ઘડીની એ વીશ વરસ થયાં આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરી રહી હતી. આજની આ ઘડીની, જે હિંદી પ્રજા માટે સ્વાધીનતાની ઉષાની મંગળ ઘડી છે.

"આવી ઘડી સો વરસેય ફરી સાંપડવાની નથી એમ અમારું અંતર પુકારી પુકારીને કહે છે. એટલે અમે સંકલ્પ કર્યો છે કે આ ઘડીનો સંપૂર્ણ સદુપયોગ કરી છૂટવું.

"બ્રિટિશ શાહીવાદે હિંદમાં શું સર્જ્યું છે? નૈતિક અધ:પાત, આર્થિક કંગાલિયત અને રાજકીય પરાધીનતા.

"આઝાદીની કિંમત અમારા શોણિતથી ચૂકવી દેવાનો અમારો ધર્મ છે. અમારી પોતાની કુરબાની અને કોશિશોથી જે સ્વાતંત્ર્ય અમે પ્રાપ્ત કરીશું તેને અમે અમારા પોતાના સામર્થ્યથી જ સુરક્ષિત રાખી શકીશું.

આઝાદીની ઉષા

"દુશ્મને તલવાર ખેંચી છે. એનો હવે તલવારથી જ સામનો કરવો પડશે.

"સત્યાગ્રહે સશસ્ત્ર યુદ્ધમાં જ હવે પરિણમવું જોઇએ. હિંદી પ્રજા વિરાટ પાયા ઉપરની અગ્નિપરીક્ષામાંથી અણીશુધ્ધ બહાર નીકળશે ત્યારે જ એ આઝાદીની અધિકારી બનશે."

જૂન ૨૧, ૧૯૪૩

આજે ટોકિયોથી સુભાષબાબુનું પહેલું પ્રવચન સાંભળ્યું. મેં તો સ્ત્રીઓમાંના મારા કાર્યને મદદગાર થાય એવા ફકરાઓ ઉતારી લીધા છે. અંતરની વાતને સરળ અને સચોટ રીતે રજૂ કરવાની સુભાષબાબુ પાસે કોઇ ઓર જ હથોટી છે:

"હિન્દને માટે સૌથી વધુ મહત્ત્વની બાબત છે, એની પડોશમાં પ્રવર્તતી પરિસ્થિતિ.

"બ્રિટિશરોની હિન્દમાંની આખી યે કારકિર્દી દરમ્યાન, એમના કોઇ પણ સેનાપતિને એવી કલ્પના નથી આવી કે પૂર્વ દિશા તરફથી કોઇ દુશ્મન હિન્દ ઉપર ચઢી આવશે! બ્રિટનના લશ્કરી નિષ્ણાતોનું બધું જ લક્ષ, પરિણામે, વાયવ્ય તરફ જ રોકાયેલું રહ્યું છે.

"સિંગાપુરનો દરિયાઇ દુર્ગ બ્રિટિશરોના હાથમાં ,હતો: અને બ્રિટિશરો માનતા હતા કે હિન્દ તેમના બૂટની એડી નીચે સલામત છે. બ્રિટિશ નિષ્ણાતોનું આ લશ્કરી આયોજન કેટલું કંગાલ હતું એ વાતની જનરલ યામાશીટા અને ઇડાના વિદ્યુત આક્રમણે ખાતરી કરી આપી.

"ત્યાર પછી તો, જનરલ વેવલ, હિંદની પૂર્વ દિશા ઉપર કિલ્લેબંધી કરવા માટે તનતોડ પ્રયત્નો કરી રહ્યા છે. પણ હિંદુસ્તાનના માણસો એક જ સવાલ પૂછી રહ્યા છે: સિંગાપુરની કિલ્લેબંધી ઊભી કરતાં તમને વીશ વરસ લાગ્યાં, અને ખોતાં એક અઠવાડિયું; તો પૂર્વ તરફ અત્યારે તૈયાર થઇ રહેલી કિલ્લેબંધીઓના ટુકડા ઊડતાં કેટલી વાર લાગશે?

"અમને હિંદીઓને, ટ્યુનિશમાં, ટિમ્બકટુમાં ,લેમ્પેડુસામાં કે અલાસ્કામાં શું બની રહ્યું છે તેની સાથે કશી જ નિસબત નથી. અમને નિસબત છે હિંદમાં અને હિંદની સરહદની પેલી પાર શું બની રહ્યું છે તેની સાથે.

"બ્યૂંગિયો પીટી પીટીને જાહેર કરવામાં આવેલ બ્રહ્મદેશના પુનર્વિજયનો અંજામ આજે શરમજનક પીછેહઠમાં આવ્યો છે તેની સાથે અમને નિસબત છે.

"સિંગાપુરનું પતન, અને બ્રહ્મદેશની પીછેહઠ, બ્રિટિશ લશ્કરી તવારીખમાં નોંધાયેલ આ બે મોટામાં મોટા પરાજયોએ પણ બ્રિટિશ મનોદશામાં કશો જ ફેરફાર કર્યો નથી. શાહીવાદનો વળગાડ બ્રિટનના દેહમાંથી હજુ ગયો નથી. કોઇ આવે, કોઈ જાય, સામ્રાજ્ય તો સદૈવ સોળે કળાએ તપ્યા જ કરશે...એવી છે અમારા બ્રિટિશ રાજકર્તાઓની ભ્રમણા !

" આ ભ્રમણાને તમારે મુત્સદ્દીગીરીની નાદારી કહેવી હોય તો તેમ કહો કે ઘેલછા ગણવી હોય તો ઘેલછા ગણો...પણ એ ઘેલછાનાં કારણો સમજવા જરાય મુશ્કેલ નથી.

" બ્રિટિશ સામ્રાજ્યનું બીજ હિંદ છે. હિંદમાંથી એ વિકસ્યું છે, ફૂલ્યું-ફાલ્યું છે. બ્રિટિશ મુત્સદ્દીઓ–પછી ગમે તે પક્ષના હોય–જાણે છે કે હિંદની સમગ્ર સાધનસંપત્તિની તેમને આવશ્યકતા છે. તે લોકો કબૂલ જ કરે છે કે સામ્રાજ્ય–બામ્રાજ્ય બધું હિંદને લઇને છે. હિંદ નહિ તો સામ્રાજ્ય નહિ. આજે એ લોકો મરણિયા બનીને બૂડવા બેઠેલ સામ્રાજ્યના બેડાને બચાવી લેવા માટે કોશિશ કરી રહ્યા છે. પરિણામે, યુદ્ધ દરમિયાન બ્રિટનનું ગમે તે થાય પણ બ્રિટિશ લોકો અંત સુધી પોતાના સામ્રાજ્યને એટલે કે હિંદ ઉપરની પોતાની પકડને લોહીના છેલ્લા ટીપા સુધી અને દારૂગોળાના છેલ્લા ધડાકા સુધી સાચવવા મથશે.

માટે જ હું નિખાલસપણે કહું છું કે પોતે જ ભયંકર દુર્દશામાં પડયા હોવા છતાં બ્રિટિશરો હિંદી આઝાદીનો સ્વીકાર કરતા નથી એમાં એમની કોઇ પણ જાતની ઘેલછા નથી. ઘેલછા તો આપણી છે કે આપણે આશા સેવીએ છીએ કે બ્રિટિશરો રાજીખુશીથી પોતાના સામ્રાજ્યનું વિસર્જન કરશે......

"બ્રિટન કોઇ દિવસે આપમેળે હિંદને આઝાદ કરશે એવી ભ્રમણા કોઇ પણ હિંદી ન સેવે.

"પણ આનો અર્થ એવો નથી કે, બ્રિટિશ મુત્સદ્દીઓ હિંદ સાથે ભવિષ્યમાં કોઇ વાર સમાધાન નહિ કરે. મને પોતાને તો એમ જ લાગે છે કે આ વરસ દરમ્યાન જ બ્રિટન એવો કોઇ પ્રયત્ન કરશે. પણ એ સમાધાન દ્વારા

તેઓ હિંદને આઝાદી આપશે એમ રખે કોઇ માનતા. એ સમાધાનનો હેતુ તો હિંદી પ્રજાને બનાવવા પૂરતો જ !

"અને લંબાણભરી મંત્રણાઓનો બીજો હેતુ પણ શો હોય ? સ્વાધીનતાના સંગ્રામને ભેખડે ભરાવી દેવો અને રાષ્ટ્રીય સંકલ્પશક્તિને શિથિલ કરી નાખવી ...એ જ તો !

"૧૯૪૧ના ડિસેમ્બરથી ૧૯૪૨ના એપ્રિલ સુધી બ્રિટિશ મુત્સદ્દીઓએ હિંદને બનાવવા માટે એવો જ એક પ્રયત્ન કરેલો !

" માટે આપણે હવે, બ્રિટિશ શાહીવાદ સાથે સમાધાન કરવાની બધી યે ઉમેદોને સદાને માટે છોડી દેવી જોઇએ. આપણી સ્વાધીનતાના પ્રશ્નમાં સમાધાનને સ્થાન જ નથી. બ્રિટિશરો અને તેમના સાથીઓ સદાને માટે હિંદનો ત્યાગ કરશે ત્યારે જ આઝાદી આવશે. આઝાદી જેમને ખરેખર જોઇતી હોય તેમણે એને માટે લડવું પડશે...અને પોતાના રુધિરથી તેની કિંમત ચૂકવવી પડશે.

" મારા દેશબાન્ધવો અને દોસ્તો ! આઝાદીના યુદ્ધને, દેશની ધરતી ઉપર અને દેશની સરહદની બહાર, આપણી પાસે છે તેટલાં શકિત અને સામર્થ્યથી આપણે આગળ ચલાવવાનું છે.

" બ્રિટિશ શાહીવાદના ભુક્કા બોલે અને એના ભસ્મભંગારમાંથી હિંદી પ્રજા એક વાર ફરીથી એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે પ્રગટે ત્યાં સુધી અનન્ય શ્રદ્ધાથી આપણે સંગ્રામ ચાલુ રાખીએ.

"પરાજય કે પીછેહઠને આ સંગ્રામમાં સ્થાન જ નથી. વિજય અને સ્વાધીનતા મળે ત્યાં સુધી આગેકૂચ કર્યે જ રાખવાની."

ભવ્ય !

જૂન ૨૪, ૧૯૪૩

સુભાષબાબુનું એક બીજું વાયુપ્રવચન. સંગ્રામનો શંખધ્વનિ થઇ ગયો છે.

"મારા કેટલાયેક મિત્રો ઉમેદ બાંધીને બેઠા હતા કે આંતરરાષ્ટ્રિય કટોકટીની ભીંસને પરિણામે, બ્રિટન જેવી શાહીવાદી સત્તાઓ, હિન્દ જેવા ગુલામ દેશોની સ્વાધીનતાનો સ્વીકાર કરશે...પણ એમની એવી બધી ઉમેદો અસ્થાને હતી.

"તમને ખબર હશે કે ૧૯૪૦ના આખરમાં, મહાત્મા ગાંધીજીએ, બહુ વાટ જોવરાવી જોવરાવીને આખરે જ્યારે સત્યાગ્રહનું આન્દોલન શરૂ કર્યું

ત્યારે મને લાગ્યું કે હિંદી પ્રજાની પ્રતિષ્ઠા અને ગૌરવ જાળવાયું છે. પણ હવે હિંદી ક્રાન્તિ સફળતાને વરે એટલા ખાતર એને વધારે વિશાળ અને સચોટ ભૂમિકા ઉપર સંગઠિત કરવાની જરૂર છે. આજે હું તમને કહી શકું છું કે, એ લક્ષ્ય સંપૂર્ણપણે સિદ્ધ થઈ ચૂકયું છે.

"આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિથી આપણે આપણા જાત–અનુભવથી વાકેફ છીએ. અને પરિણામે આપણા અંતિમ વિજય બાબત આપણને પૂર્ણ શ્રધ્ધા છે.

"હિંદની બહાર વસતા બધા હિંદીઓ જેઓ દુશ્મનોના સીધા અંકુશ તળેના દેશોમાં નથી, તેમને બધાને એક જ સુસંગઠિત સંસ્થાની છત્રછાયા નીચે એકત્ર કરવામાં આવ્યા છે. એ બધા, એક તરફ હિંદની અંદર બની રહેલી ઘટનાઓ ઉપર બહુ જ ઝીણવટભરી દૃષ્ટિ રાખી રહ્યા છે અને બીજી તરફ આંતરરાષ્ટ્રીય બનાવોના અખંડ સંપર્કમાં રહ્યા છે. કારાવાસો, યાતનાઓ અને જંગાલિયતનો સામનો કરીને તમે બ્રિટિશરોની સાથે હિંદની ધરતી ઉપર જે વાવંટોળ ઊભો કરી રહ્યા છો એમાં, ખરે ટાણે, પોતાની સમગ્ર શકિતઓ સાથે તમારી સહાયતા કરવા માટેની તેઓ શકય તેટલી બધી યે તૈયારીઓ આજથી કરી રહ્યા છે.

"મિત્રો, તમને સ્મરણમાં હશે જ કે ભૂતકાળમાં એકથી વધારે વાર મેં તમને સૌને વચન આપ્યું છે કે, સમય આવશે ત્યારે આઝાદીના જંગમાં તમારી પડખે ઊભો રહીને હું અને મારા સાથીઓ ઝઝૂમશું અને યાતનાઓ સહન કરીશું અને વિજયના આનંદમાં ભાગીદાર પણ બનશું. એ વચન આજે અમે પાળી રહ્યા છીએ.

"હિંદ આઝાદ થશે થોડા જ વખતમાં. આઝાદ હિંદ કારાગારોના દ્વાર ખોલી નાખશે. મૈયાના સુપુત્રો તે વખતે કારાવાસોના અંધકારમાંથી મુકિતના પ્રકાશમાં પગલાં મૂકશે."

જુલાઈ ૨, ૧૯૪૩

સુભાષબાબુએ પૂર્વ એશિયાના હિંદીઓને અપીલ કરી છે:

"હિંદની આઝાદી માટે લડે એવી એક ફોજ ઊભી કરવામાં મારી સાથે સામેલ થાઓ।

આઝાદીની ઉષા

"હિંદને આઝાદ કરવાનું મહાકાર્ય આપણે કરવાનું છે—આપણે એકલાએ જ. એ જવાબદારી આપણે બીજા ઉપર નહિ ઢોળીએ. એમ કરીએ તો આપણું રાષ્ટ્રિય ગૌરવ ઝંખવાય......

"પણ શત્રુ નિર્દય અને નિષ્ઠુર છે. મરણિયો છે. નખાશખ શસ્ત્રસજ્જ છે. એવાની સામે સત્યાગ્રહ, ભાંગફોડ કે ક્રાન્તિશીલ ત્રાસવાદીનો શો ગજ વાગે? બ્રિટિશ સત્તાને જો હિંદમાંથી બહાર હાંકી કાઢવી હોય તો દુશ્મનોની સાથે આપણે તેનાં પોતાનાં શસ્ત્રો વડે જ લડવું જોઇએ. દુશ્મને તો તલવાર ક્યારનીય ખેંચી છે...તલવારથી જ આપણે એને જવાબ આપવો જોઇએ.

"મને શ્રધ્ધા છે કે પૂર્વ એશિયાના માત્ર હિંદી ભાઈઓની સહાયતાથી હું એક પ્રચંડ સૈન્ય ઊભું કરી શકીશ, જે સૈન્ય હિંદમાંથી બ્રિટિશ સત્તાને વાળીઝૂડીને સાફ કરી દેશે. ઘડી બજી ચૂકી છે, પ્રત્યેક હિંદીએ મેદાને-જંગ તરફ કૂચ કરવાની. સ્વાધીનતાની દેવીને એના પૂજારીઓએ શોણિતતર્પણથી પ્રસન્ન કરવાની છે."

ઉત્સાહનાં પૂરો રેલાઇ રહ્યાં છે. અમે તો કામ આડે માથું જ ઊંચું નથી કરી શકતા. પી. બહુ જ મોડા ઘેર આવે છે.—કોઇ વાર તો રાતના એક બે વાગ્યે. સવારે સાત વાગ્યે એ ઘેરથી નીકળી જાય છે. સુભાષબાબુ સ્યોનાન આવવાના છે. એમને માટે સામૈયાની તૈયારીઓ કરવાની છે. અહીં પરિષદ થશે અને એ પરિષદમાં એ વિધિપૂર્વક આગેવાનીનો સ્વીકાર કરશે. પરિષદ માટેની તૈયારીઓ પણ તડામાર ચાલે છે. હું શણગાર—સમિતિમાં છું. ગાંધીજીનું એક મોટું ચિત્ર અમે મેળવ્યું છે. પરિષદની કાર્યવાહી એ ચિત્રની અંગળ છત્રછાયા નીચે થશે. ઉપરાંત ફોજની કવાયત યોજવાની છે. હાથમાં રાષ્ટ્રીય ધ્વજ લઇને હિંદમાતા ઊભી હોય એવું એક ચિત્ર કરવામાં આવ્યું છે. ફોજ એને સલામી આપશે. સજાવટ સાદી પણ સચોટ રીતે કરવાની અમારી ધારણા છે. નકામો ઠઠારો કહેવાય એવું કશું પણ નહિ.

જૂન ૨૯, ૧૯૪૩

સુભાષબાબુ આજે આવી ગયા. સ્ત્રીઓ, પુરુષો અને બાળકોનું કીડિયારું ઊભરાયું હતું. એમના સામૈયામાં પ્રેમ અને આદરનો આવડો પ્રચંડ ઘોધ! માનવસાગર ઊમટયો હતો. હિંદીઓ, મલાયાવાસીઓ, ચીનાઓ, જાપાનીઓ. મહાન ક્રાન્તિવીરની એક ઝાંખીને કાજે હૈયેહૈયાં દળાઇ રહ્યાં હતાં.

સુભાષબાબુએ તો સૌનાં હૃદયો જીતી લીધાં છે. વીરત્વ નીતરતી ચાલ, આઝાદ રાષ્ટ્રના સ્વમાનનું પ્રતીક હોય એવું ઉન્નત મસ્તક, મંત્રમુગ્ધ કરી નાખે એવું સ્મિત. અમને અમારા લક્ષ સુધી પહોંચાડી શકે એવો સરદાર મળી ગયો. એમના ફોટોગ્રાફો તો ઘણાય જોયા હતા, પણ એમને દીઠા ત્યારે ખબર પડી કે એ તો એમના ફોટોગ્રાફો કરતાં અનેક ગણા વધુ સુન્દર છે! એમના દેહની પૌરુષભરી ઊંચાઈ બીચારા ફોટોગ્રાફરો શી રીતે બતાવી શકવાના હતા! સ્થાનિક કાર્યકરોને મળવા માટે એ ચેન્સરી લેઇન ઉપરની અમારી કચેરીમાં આવ્યા ત્યારે મેં એમને નયનો ભરી ભરીને નીરખ્યા. વિરોધ માત્રને ઓગાળી નાખે એવું સ્મિત એમના હોઠ ઉપર રમે છે.

સદાયના વહેમી એવા શ્રી. ડી.એ જ્યારે જાપાનીઓની વિશ્વાસપાત્રતા વિષે શંકાઓ બતાવવા માંડી ત્યારે સુભાષબાબુએ એમના તરફ સહેજ વળીને સ્મિત કર્યું, અને કહ્યું :

"એમની રમતનું રમકડું ન બનવા જેટલી અક્કલ મારામાં હશે એમ તમે માનો છો ખરા? તો પછી હું કહું છું કે, જાપાનીઓ આપણી સાથે દગો રમી શકે તેમ નથી એવી મારી ખાતરી છે. અને તમારે એ માનવી પડશે. એ લોકો આપણને બનાવી જાય, જરૂર, પણ તે આપણે પૂરા સંગઠિત ન હોઈએ તો. આપણે આપણી આઝાદી માટે લડી શકે એવું પ્રચંડ હિંદી સૈન્ય ઊભું ન કરી શકીએ તો. આપણે જીવતા અને જાગતા અને સાવધાન રહેવું પડશે જ. ફક્ત બ્રિટિશ શાહીવાદી દુશ્મનો સામે નહિ, ફક્ત શાહીવાદી વૃત્તિવાળા જાપાની રાજપુરુષો સામે જ નહિ, પણ આપણી પોતાની જ વચ્ચે રહીને કામ કરતા આપણા પોતાના જ કેટલાક હિંદી ભાઈઓ ઉપર પણ! શિસ્તપૂર્વક આપણે આઝાદીની રણચંડી માગે તે અને માગે તેટલી કુરબાની આપવા માટે તૈયાર રહેવું પડશે. દરેક જણ તૈયાર થઈ જાય-કામને માટે. હું કામના ડુંગરા લાવ્યો છું. તમારા સૌના માથા ઉપર મારે તો એ કામના જ ડુંગરા ખડકવાના છે."

જુલાઈ ૩, ૧૯૪૩

સુભાષબાબુ આજે ફોજના આગેવાનોને મળવાના છે. ગઈ કાલે તેઓ હોંગકોંગ, થાઇલેન્ડ, બ્રહ્મદેશ, બોર્ન્યો વગેરેના સંઘના કાર્યકરોને મળ્યા.

આઝાદીની ઉષા

પી. સુભાષબાબુની એક ટૂંકી મુલાકાત લઇ આવ્યા. ઉત્તર મલાયાની મુસાફરીમાં પોતાના અંતર ઉપર જે છાપ પડી હતી તે રજૂ કરી આવ્યા.

પી. કહે છેઃ સુભાષબાબુ જેવો ખબરદાર આગેવાન અત્યાર સુધી મેં દીઠો નથી. નકશા ઉપરનાં નાનાં નાનાં નામોથી પણ એ વાકેફ છે. જંગલની આબોહવા અને કઠણાઇઓ, બ્રિટિશ સૈન્યને થાપ આપવા માટે જાપાનીઓએ તૈયાર કરેલી બધી યોજનાઓની વિગતો-બધાંની જ એમને ખબર હતી. પી. કહે છે કે મેં જે કૈં એમને કહ્યું તે બધું જ એમને માટે તો વાસી જ હતું! પી.ને સૌથી વધુ અચરજ તો એ થઇ કે આધુનિક યુદ્ધકળા અને અદ્યતન સૈન્યોને અંગે જે નિષ્ણાત વિજ્ઞાન જરૂરી છે તે પણ સુભાષબાબુ પાસે છે. સુભાષબાબુ તો છે પ્રજાના સાચા નેતા.

જુલાઇ ૪, ૧૯૪૩

પરિષદનું આજે ઉદ્‌ઘાટન થયું, સુભાષબાબુ બોલવા ઊભા થયા ત્યારે કોઇ મહાપ્રચંડ ધડાકો થતા પહેલાં જેવી શાંતિ, છવાઇ જાય એવી શાંતિ પરિષદ-મંડપ ઉપર છવાઇ રહી. એકેએક શબ્દ ઝિલાતો હતો.

"દોસ્તો! આઝાદીના આશકો માટે મરી ફીટવાની ઘડી ઊગી ચૂકી છે. યુદ્ધની કટોકટી દરમ્યાન કામ કરવું હોય તો બે વસ્તુઓ અનિવાર્યઃ લશ્કરી શિસ્તપાલન અને ધ્યેય પ્રત્યેની અવિચળ નિષ્ઠા, અને અફર વફાદારી. પૂર્વ એશિયાના મારા એકેએક દેશભાઇઓને મારી હાકલ છે કે, એક માનવખડક બનાવીને ખડા થઇ જાઓ! યુધ્ધ આવી રહ્યું છે તેને માટે તૈયાર થઇ જાઓ! મને શ્રદ્ધા છે કે મારી આ હાકલ તમારા હૈયાં સોંસરી ઊતરશે...

"મેં અનેક વાર જાહેર કર્યું છે કે, ૧૯૪૧માં એક મહત્ત્વના કાર્યને માટે મેં વતન છોડ્યું-તે મારા દેશબાન્ધવોના મોટા ભાગના અંતરના અવાજને અનુસરીને-ત્યારથી તે આજ સુધી, સી. આઇ. ડી.વાળાઓના અનેક અંતરાયોને ભેદીને હું એમની સાથે, વતનમાં વસતા મારા દેશબાન્ધવોની સાથે, અખંડ સંપર્કમાં રહ્યો છું......

"પરદેશમાં વસતા હિંદી દેશભકતો વતનના દેશભકતોના સાચા દિલના ટ્રસ્ટીઓ છે. અત્યાર સુધી અમે જે કૈં કર્યું છે અને ભવિષ્યમાં અમે જે કૈં કરીશું, તે બધું હિંદની આઝાદીને જ ખાતર...એ વાતની હું તમને

ખાતરી આપું છું. હિંદના હિતથી વિરૂદ્ધ હશે અથવા હિંદી જનતાની ઇચ્છાની પ્રતિકૂળ હશે એવું કશું પણ અમારે હાથે થવા નહિ પામે. એ બાબત નિશ્ચિત રહેજો... આપણી તમામ શક્તિઓને સફળ અને સચોટ રીતે એકસૂત્રે સાંધવાના ઇરાદાથી હું આઝાદ હિંદની એક આઝાદ હકૂમત કાયમ કરવા માગું છું. આપણા પોતાના જ પ્રયત્નો અને આપણી પોતાની જ કુરબાનીને પ્રતાપે આઝાદીને હાંસલ કરીને આપણે એક એવી શક્તિ પેદા કરીશું કે એ આઝાદીને આપણે સદાકાળ સાચવી શકીએ—સુરક્ષિત રાખી શકીએ. આપણા અંતિમ વિજય બાબત મને સંપૂર્ણ શ્રધ્ધા છે. છતાં ય એક ચેતવણી હું તમને સૌને આપવા માગું છું. દુશ્મનોની તાકાતને ઓછી આંકવાની ભૂલ ના કરતા...અને નાનામોટા અનેક પરાજયોને માટે તૈયાર રહેજો. આપણી સામે એક તુમુલ યુદ્ધ પડયું છે. કારણ કે દુશ્મન તાકાતબર છે. બે–હયા અને કાતિલ છે. બેરહમ છે. આઝાદીની આ અંતિમ કૂચ દરમિયાન, તમારે ભૂખ, તરસ, કંગાલિયત, શરીરના સાંધેસાંધાને છૂટાં પાડી દે એવી દોડધામ અને મૃત્યુનો સામનો કરવો પડશે. આ અગ્નિદિવ્યમાંથી અણીશુદ્ધ બહાર આવશો ત્યારે આઝાદીની વરમાળાના અધિકારી બનશો. તમે એ કરી શકશો એ બાબત મને રાઇ જેટલીયે શંકા નથી. તમારા ગુલામ અને કંગાળ દેશમાં તમે આઝાદી અને આબાદી આણી શકશો એવી મારી શ્રદ્ધા છે..."

જુલાઇ ૫, ૧૯૪૩

ટાઉન હૉલ સામે ફોજની કવાયત હતી. આપણા સૈનિકોએ પોરસથી ગજ ગજ ઊછળતી છાતીઓ સાથે કૂચ કરી બતાવી. મેં આખું દૃશ્ય મંચ ઉપરથી જોયું. રાષ્ટ્રગીત ગાનારી છોકરીઓમાં એક હું હતી. જ્યારે નેતાઓને સલામી આપતાં આપતાં અમારી આંખો આગળથી એ કૂચકદમ પસાર થઇ ત્યારે નેતાજીને માટે જલતી ભક્તિભાવની જ્યોત મેં પી.ની આંખોમાં દીઠી. એનાં વિદ્યુત કિરણો સૌએ મંચ ઉપર અનુભવ્યાં. આપણા દેશની સ્વાધીનતાને ખાતર લોહીનું છેલ્લું ટીપું આપવા તેઓ તત્પર છે, પી. અને એની પલટણના બધાય. જોશ અને ઉત્સાહના એમની છાતીમાં ભડકા બળે છે. સૌથી વધુ ધ્યાન ખેંચે છે એક વાત. નાની નાની અનેક ખટપટો હર–હમેશ ખદબદ્યા કરતી તે નેતાજીના વ્યક્તિત્વના સ્પર્શે અદૃશ્ય થઇ ગઇ છે. ઝગડાઓનું નામોનિશાં નાબૂદ થયું છે. નેતાજીએ અમારી કાયાપલટ કરી નાખી છે. અમને પોતાને જ લાગે છે કે અમે...અમે નથી રહ્યાં.

આઝાદીની ઉષા

નેતાજીના મુખમાંથી આજેય વાણીપ્રવાહ વહી રહ્યો હતોઃ

"હિંદની આઝાદીફોજના જવાંમર્દો!

"મારા જીવનનો આજે ધન્યમાં ધન્ય દિવસ છે. આજે વિધાતાએ મને એક અદ્વિતીય માનનો અધિકારી બનાવ્યો છે. એ માન છે–જગત સમક્ષ જાહેર કરવાનું કે હિંદની આઝાદ ફોજનું સ્વપ્ન આજે સિદ્ધ થયું છે! આજે સિંગાપુરના રણક્ષેત્ર ઉપર–એક વેળા બ્રિટિશ શહેનશાહતના અભેદ્ય દુર્ગ સમું ગણાતું એ સિંગાપુરના રણક્ષેત્ર ઉપર–એ સૈન્ય આગેકૂચના આદેશની વાટ જોતું એક પગે ઊભું છે.

"હિંદને બ્રિટિશ ગુલામીમાંથી આ ફોજ મુકત કરશે. આ હિંદી ફોજ હિંદી લશ્કરી આગેવાની નીચે, હિંદી અમલદારોએ ઊભી કરી છે. અને જ્યારે યુદ્ધની ઐતિહાસિક ઘડી આવશે, ત્યારે એ હિંદી સરદારી નીચે જ મેદાને પડશે. એ વાત માટે એકેકેએક હિંદી મગરૂબ રહેશે. બ્રિટિશ સલ્તનતના આ કબ્રસ્તાન ઉપર પગ મૂકતાંવેંત, કોઇ બાળક પણ હવે કહી શકે છે કે, એક વેળા જે સર્વશકિતમાન મનાતું હતું તે જ સામ્રાજ્ય, આજે, કયારનું યે ભૂતકાળની કોઇ ઘટના જેવું લાગી રહ્યું છે.

"દોસ્તો! સિપાહીઓ! તમારો યુદ્ધનાદ નારા–એ–જંગ–"ચલો દિલ્હી" છે! આ આઝાદી–જંગ પછી આપણામાંના કેટલા જીવતા રહેશે એ હું નથી જાણતો. જાણું છું ફકત એટલું કે અંતે આપણો વિજય નિશ્ચિત છે અને વિજય પછી આપણામાંના જેઓ, જીવતા હશે તેઓ, બ્રિટિશ સામ્રાજ્યના બીજા કબ્રસ્તાન સમા પુરાણપ્રસિદ્ધ દિલ્લીના લાલ કિલ્લામાં, વિજયોત્સવની કવાયતો કરશે ત્યારે જ આપણા કામની પૂર્ણાહુતિ થશે.

"મારી જાહેર કારકિર્દી દરમ્યાન મને હમેશાં એમ જ લાગ્યા કર્યું છે કે હિંદ બીજી બધી રીતે આઝાદી માટે કટિબદ્ધ છે, પણ એની પાસે એક વાતની ઊણપ છે. એની પાસે આઝાદીની સેના નથી. અમેરિકાનો જ્યોર્જ વૉશિંગ્ટન આઝાદીનું યુદ્ધ લડી અને જીતી શકયો, કારણ કે એની પાસે સેના હતી. ગેરી-બાલ્ડી ઇટલીને મુકત કરી શકયો, કારણ કે એની પડખે એના સશસ્ત્ર સ્વયં-સેવકો હતા. હિંદનું રાષ્ટ્રીય સૈન્ય સરજવાનું માન તમે ખાટી ગયા છો. પોતાના રાષ્ટ્રને સદૈવ વફાદાર રહેતા, ગમે તેવા સંયોગોમાં પણ પોતપોતાના કર્તવ્યોનું

પાલન કરતા અને જરૂર પડયે હસતે મોંએ જિન્દગીની કુરબાની આપવા તત્પર એવા સૈનિકોને ભાગ્યે પરાજય જેવી કોઇ ચીજ નથી! તેઓ તો સર્વદા અજેય જ છે. આ ત્રણ આદર્શમંત્રોને—વફાદારી, ધર્મપાલન અને કુરબાનીને—તમારા અંતરના પટ ઉપર અંકિત કરી રાખજો.

"ભાઇઓ! હિન્દી રાષ્ટ્રની ઇજ્જત આજે તમારા હાથમાં છે. હિન્દની આશાઓ અને મહત્ત્વાકાંક્ષાઓની તમે જીવતીજાગતી પ્રતિમા છો. એવી રીતે વર્તજો કે જેથી તમારા દેશબાન્ધવો તમારા ઉપર આશીર્વાદ વરસાવે અને ભવિષ્યની પેઢીઓ તમારા માટે મગરૂબી લઈ શકે. હું તમને ખાતરી આપું છું કે હું અંધકારમાં તેમ જ પ્રકાશમાં, દુ:ખમાં તેમ જ આનંદમાં, યાતનાનાઓમાં તેમ જ વિજયમાં તમારી સાથે જ રહીશ. અત્યારે તો હું તમને ભૂખ, તરસ, યાતનાઓ, અવિરત દોડધામ અને મૃત્યુ સિવાય બીજું કશું જ નથી આપી શકતો. હિંદને આઝાદ જોવા માટે આપણાંમાંથી કોણ અને કેટલા જીવતા રહેશે એ મહત્ત્વની વાત નથી. મહત્ત્વની વાત એ છે કે હિંદ આઝાદ બનશે અને આપણે એને આપણું સર્વસ્વ આપીને આઝાદ બનાવીશું. ઇશ્વર આપણી ફોજ ઉપર આશીર્વાદ વરસાવે અને યુદ્ધમાં એને વિજયની અધિકારી બનાવે!"

સંઘના આગેવાનોને જે અંતરાયો હિમાલય જેવા લાગતા હતા, તે નેતાજીની આંખના એક જ ઇસારે ઓગળવા માંડયા છે.

આઝાદ હિંદ ફોજની રચના અને તેના હેતુઓની જગત સમક્ષની આ જાહેરાત અત્યાર સુધી નહોતી થઇ શકી. કારણ કે કિકાન એની વિરૂદ્ધ હતા. સંઘની આ એક મોટામાં મોટી ફરિયાદ. સુભાષબાબુએ આ ધરતી ઉપર પગ મૂકયો અને વિજય એમને વર્યો. એમના આકર્ષક અને પ્રભાવશાળી વ્યકિતત્વે કિકાનના વિરોધને એવી રીતે ઓગાળી નાખ્યો; જેમ મુશળધાર વરસાદ, મીઠાના કોઇ નાના ઢગલાને ઓગાળી નાખે!

આવતી કાલે જનરલ ટોજો ફોજને સલામી આપવાનો છે.

જુલાઈ ૬, ૧૯૪૩

કેટલું ભવ્ય દૃશ્ય...ફોજ કૂચકદમ કરતી આંખો આગળથી પસાર થઇ અને જનરલ ટોજોએ એને સલામી આપી. નેતાજી જાપાનના વડા પ્રધાનની જોડમાં જ ઊભા હતા. આપણા બહાદુર જવાંમર્દો પૌરુષભરી ચાલે એ બેની પાસે થઇને કૂચકદમ પસાર થયા.

યુદ્ધ–તત્પર અને સશસ્ત્ર દેશભક્તિની તાકાતે તેમનામાં કોઇ અજબ ખુમારી જ પ્રેરી છે ને ! આપણો રાષ્ટ્રીય વાવટો–વહાલો વાવટો તેમના હાથમાં ઉન્નતદંડ ફરફરતો હતો. કવાયત દોઢ કલાક ચાલી. દોઢ કલાક સુધી જનરલ ટોજોએ સલામી આપી.

રાતે પી. કેટલાક મિત્રોને વાળુ માટે લાવેલા. સ્ત્રીઓ યે હતી અને પુરુષો ય હતા.

શ્રી. એલ. મલાયાવાસીઓની ઘણીયે વાતો અમને સમજાવી. અમારા માટે એ નવી હતી અને રસભરી યે હતી. એમણે કહ્યુંઃ બ્રિટિશરોએ તલવારની તાકાતથી મલાયા ઉપર હકૂમત કાયમ કરી છે એ વાતમાં શો માલ છે ? છળકપટ અને લાંચરુશવતથી તેમણે મલાયાને 'ખરીદી' લીધો હતો. એમણે દાખલાઓ આપ્યા. સિંગાપુર જોહોરના સુલ્તાન પાસેથી ખરીદ્યું ૧૮૧૯ માં. પેનાંગ કેદાહના સુલ્તાન પાસેથી ૧૭૮૬માં. મલાકા વલંદાઓ પાસેથી. પેરાકનો ઇતિહાસ તો વળી સૂચક જ હતો. ૧૮૨૪માં બ્રિટન અને થાઇલૅન્ડે પેરાકના સ્વાતંત્ર્યની ખોળાધરી આપી. ૧૮૭૪ સુધી સુલ્તાનની હકૂમત વણરોકટોક ચાલ્યા કરી. પછી સુલ્તાને એક બેવકૂફી કરી. ઘરના કોઇ ઝગડામાં એણે બ્રિટનની મદદ માગી. જવાબમાં બ્રિટિશ રેસિડન્ટ આવ્યો. એનું ખૂન થયું, કદાચ બ્રિટિશરોના કોઇ ભાડૂતી માનવીઓને હાથે. આ અપરાધને દંડવા માટે બ્રિટિશ સૈનિકોની એક ટુકડી ઊતરી; ખૂનીઓને ગિરફતાર કરીને ફાંસીને માચડે લટકાવવામાં આવ્યા... પણ પેરાક નકશા ઉપર લાલ રંગે રંગાઇ ગયું. એના ઉપર બ્રિટિશ ગુલામીનો યુનિયન જૅક ચડી ગયો.

સેલેંગોરની કથા પણ એ જ છે. નેગ્રી સેમ્બિલાન અને પહાંગની પણ એ જ કહાણી ! સ્થાનિક રમખાણો–કોઇ બ્રિટિશ પ્રજાજનની દખલગીરી–એનું ખૂન થાય અથવા એવું જ બીજું કંઇ–એ ખૂનનો બદલો લેવા માટે લશ્કર–અને ખેલ ખલાસ ! ગુલામીનો ઝંડો એ પ્રદેશ ઉપર ચડી જાય !

આ 'ખરીદીઓ,' જેમને બ્રિટન વિજયોના નામે ઓળખે છે, તેની ઘટમાળમાં સૌથી વધારે બ્રિટિશરો ભાગ્યે જ ખતમ થયા હશે......

બ્રિટિશરોએ અપેક્ષા રાખી હતી કે જાપાનીઓ પૂર્વ કિનારા તરફ ક્યાંક ત્રાટકશે અને પછી પૂર્વને કિનારે જ આગેકૂચ કરશે. જાપાનીઓ ત્રાટક્યા

કોટાબારુ ઉપર અને પછી આગળ વધ્યા પશ્ચિમ કિનારાની સમાંતરે. બ્રિટિશરો માનતા હતાં કે જંગલો અભેદ્ય છે. જાપાનીઓ જંગલ સોંસરા જ આવ્યા. એમને ભોમિયા મળી રહ્યા અને માર્ગો પણ મળી રહ્યા. બ્રિટિશરો માનતા હતા કે જાપાની શસ્ત્રોમાં શું દમ હશે. પરિણામે એમણે યુદ્ધતૈયારીમાં પેનાગ ખાતે ફક્ત બે જ છ છ ઇંચના વ્યાસવાળી તોપડીઓ, કોટાબારુ ખાતે ફક્ત કિનારા ઉપર જ અને બીજે થોડે ઠેકાણે થોડીઘણી કિલ્લેબંધી એટલું જ રાખ્યું હતું. એમની પાસે નહોતી ટેન્કો, નહોતો ટૅન્કવિરોધી સરંજામ, નહોતાં તોપ–મથકો, નહોતી બરકન્દાજો માટેની નાની નાની દુર્ગાવલીઓ. બ્રિટિશરો માનતા હતા કે જાપાનની તળ–ધરતીથી દોઢ હજાર માઇલ છેટે આવેલું ફોર–મોસા એ જાપાનનું નજીકમાં નજીક તરી મથક હતું: અને જાપાનીઓએ ગોળા છોડવા માંડયા તે ફક્ત છસો માઇલ દૂર આવેલ સેગાંવ બંદરથી. બ્રિટિશરો માનતા હતા કે સિંગાપુરમાં આક્રમણ અગર શકય પણ હોય તો તે ફક્ત સમુદ્ર તરફથી જ; એટલે ત્યાં તેમણે પોતાની પ્રચંડ તોપોને સીમેન્ટ કોન્ક્રીટમાં જડી રાખી હતી, સમુદ્ર તરફ મોઢાં રાખીને. જાપાનીઓ ઉત્તર તરફથી આવ્યા.... અને તોપો મોં વકાસીને જ બેસી રહી દક્ષિણ તરફ. એમને ત્યાં ગોઠવનારા બ્રિટિશ માલિકો જેમને જોખમી સાગર માનતા હતા તે તરફ ! બરાબર છે ! ઇશ્વર જેમનો વિનાશ કરવાવાળો છે, તેમને પહેલાં પ્રથમ તો આંધળા બનાવી મૂકે છે. શ્રી. એલ. કહે છે કે જાપાનીઓને બ્રિટિશરો ઉપર આટલો સહેલાઇથી વિજય મળી ગયો એનો ખુલાસો આ સિવાય બીજી કઇ રીતે થઇ શકે ?

મોડી રાતે અમે જુદા પડ્યા. વાતચીત મોટો ભાગે શ્રી. એલે. કરી હતી. ઘણા જ સરસ માણસ. એને વારંવાર નોતરવો જોઇએ.

જુલાઇ ૯, ૧૯૪૩

આજે "માસ રેલી" હતી પેડાંગમાં. મ્યુનિસિપલ કચેરીની બરાબર સામે. દોઢ લાખથી વધારે માનવીઓ ઊભરાયાં હતાં નેતાજીને સાંભળવા. માનવ-સાગર જ જાણે. ઉત્સાહનો પાર નહોતો. નેતાજી લોકો સાથે હળેમળે ભળે છે એમાં પણ કેટલી મોહકતા છે ! સ્ત્રીઓ અને બાળકો પ્રત્યે તો નેતાજીને બહુ જ આદર. ટોળું કોઇ કોઇ વાર આવેશમાં આવીને નિરંકુશ બને, અને એમને જોવા કે સ્પર્શવા માટે તોફાને ચડે, તો ય નેતાજીના મોંમાંથી કઠોર વેણ ન નીકળે. ગઇ કાલે નેતાજી અમારી કચેરીએ આવેલા. બારણે એક ડોસીમા હતા.

નેતાજીનો ચરણસ્પર્શ કરવા માટે એ આવ્યાં હતાં. નેતાજીએ એમને ઉઠાડીને ઊભાં કર્યાં અને માથું નમાવીને એમની પાસેથી આશીર્વાદ માગ્યા. ડોશીમાને એમણે 'મા' કહીને બોલાવ્યા. પાછળથી જ્યારે એમણે અમને કલકત્તામાં વસતાં એમનાં પોતાનાં માયાળુ અને સ્નેહાળ મા વિષે વાત કરી ત્યારે અમારી સૌની આંખો ભીની થઇ ગઇ.

માઇકમાં બોલતી વખતે નેતાજી ટટ્ટાર ઊભા રહે છે. હાથના ચાળા તો એ કરતા જ નથી. વકતૃત્વનાં નખરાં એમને ગમતાં નથી. શાંત, સ્વસ્થ અને દૃઢ અવાજે, એ ફક્ત દલીલો જ કર્યા કરે છે...એવી રીતે કે સાંભળનાર સૌને એમ જ લાગે કે નેતાજી મારા એકલાની જ સાથે વાતો કરી રહ્યા છે. નાટકી અભિનય તો કદી જ નથી કરતા. બોલતા હોય ત્યારે ન તો પાણીનો એક ઘૂંટડો પણ પીએ, કે ન કોઇ પંખો નાખવા એમને જોઇએ, કે ન જોઇએ કોઇ કાગળની કાપલી સુદ્ધાં, ભાષણની નોંધોથી યાદદાસ્તને તાજી કરવા માટે. એ તો તમારી સન્મુખ જાણે તમારા પિતાજી ઊભા હોય એમ ઊભા રહે. તમારા અંતર સાથે વાતો કરે, દલીલો કરે, સમજાવે, તમારામાં પડેલી સદ્વૃત્તિઓને પંપાળી પંપાળીને બહાર લાવે. એમને સાંભળ્યા પછી તમને એમ જ લાગે કે એમની સાથે સહકાર ન કરવો, અથવા એ જે તમારી પાસેથી માગી રહ્યા છે એ આપવાનો ઇનકાર કરવો એના જેવી બીજી કોઇ કાયરતા, સ્વાર્થાન્ધતા કે સમાજ-વિરોધિતા છે જ નહિ. નેતાજી જાણે કોઇ જાદુગર જ છે...અલબત્ત, જાદુગરના ધતિંગો એ નથી કરતા, પણ એમની અસર તો એવી જ.

ઉચ્ચ મંચ ઉપરથી એમનો અવાજ રણકી રહ્યો હતો:

"દરેક પ્રકારના ભયો અને જોખમોથી ભરેલી એવી ખેપ કરવા માટે મેં મારું વતન અને ઘર બન્નેનો શા માટે ત્યાગ કર્યો એ હું તમને આજે હૈયું ખોલીને કહી દેવા માગું છું. મને બ્રિટિશ તુરંગમાં રાખવામાં આવ્યો હતો—સલામત. ત્યાં મેં શાંતિપૂર્વક નિશ્ચય કરી નાખ્યો કે બ્રિટનના સકંજામાંથી ગમે તે જોખમ ખેડીને પણ સટકી જવું. કારાવાસ મારા માટે કોઇ નવી ચીજ નહોતી. એ પહેલાં દશ વખત હું જેલમાં રહી આવ્યો હતો. એટલે ત્યાં હું રહ્યો હોત તો મારા માટે અંગત રીતે તો એ પ્રમાણમાં ઘણું જ વધારે સલામત અને સહેલું હતું. પણ મને લાગ્યું કે હિંદની આઝાદીને મારી જરૂર છે. હિંદની

સરહદ બહાર મારી હાજરીની જરૂર છે. એમ કરવા માટે ગમે તે જોખમો મારે ઉઠાવવાં પડે, તો એ ઉઠાવીને પણ મૈયાનો સાદ મારે ઝીલવો જોઈએ.

"કર્તવ્યપાલન કરતાં કરતાં મૃત્યુ આવે તો તેને પણ વધાવી લેવાની શકિત મારામાં છે કે નહિ તેનો નિશ્ચય કરતાં મને ત્રણ મહિના લાગ્યા. એ ત્રણ મહિના મેં પ્રાર્થના અને ધ્યાનમાં જ વિતાવ્યા. હિંદમાંથી સટકી જતાં પહેલાં પ્રથમ તો મારે કારાવાસમાંથી સટકવાનું જ હતું. અને એ કાર્ય સિદ્ધ કરવા માટે મારે ભૂખહડતાળ ઉપર ઊતરવું પડ્યું, મારી મુકિતની માગણી કરીને. હું જાણતો જ હતો કે હિંદમાં શું કે આયર્લૅન્ડમાં શું, બ્રિટને પોતાના રાજકેદીને એવી રીતે છોડયા જ નથી. હું એ પણ જાણતો હતો કે બ્રિટન ઉપર આવું દબાણ લાવવા જતા, આયર્લૅન્ડમાં ટેરન્સ મેકૂસ્વીની અને હિંદમાં જતીનદાસ જેવાને પ્રાણનો પણ ભોગ આપવો પડયો હતો. પણ મારું અંતર મને પોકારી પોકારીને કહેતું હતું કે ઇતિહાસપુરુષે તારા માટે એક ખાસ કાર્ય નિર્માણ કરીને રાખ્યું છે. એટલે મેં ભૂસ્કો માર્યો અને સાત દિવસની મારી ભૂખહડતાળ પછી હિંદની બ્રિટિશ હકૂમત કોઇ અણધારી રીતે જ, વ્યગ્ર થઇ ગઇ. 'હમણાં તો એને જવા દો, પછી મહિને બે મહિને કયાં નથી પકડી શકાતો !' એવો નિરધાર કરીને એણે મને જેલમાંથી બહાર કાઢયો. પણ ફરીથી તેઓ મારા ઉપર હાથ નાખી શકે તે પહેલાં તો હું સ્વતંત્ર થઇ ગયો...

"મિત્રો ! તમે જાણો જ છો કે ૧૯૨૧માં મેં યુનિવરસિટિનું શિક્ષણ પૂરું કર્યું તે પછી તે ઠેઠ સુધી હિંદની આઝાદી–લડતમાં હું લગભગ સક્રિય ભાગ લેતો જ રહ્યો છું. છેલ્લા બે દાયકાઓમાં જેટલાં સત્યાગ્રહના આન્દોલનો થયાં, તે બધામાં હું હતો. ઉપરાંત, અનેક વાર, મને કોઇપણ જાતની અદાલતી કારવાઇ વગર પકડીને જેલમાં પૂરવામાં આવ્યો છે. મારા ઉપર વહેમ હતો કે અશસ્ત્ર કે સશસ્ત્ર કોઇ ને કોઇ ગુપ્ત ક્રાન્તિવાદી આન્દોલન સાથે મારો સંપર્ક છે. આ બધા અનુભવને અંતે હું એવા નિર્ણય ઉપર આવ્યો હતો કે હિંદની ધરતી ઉપર રહ્યા રહ્યા અમે જે કંઈ કરીશું તે બધું જ બેકાર બનશે. તેટલા માત્રથી જ બ્રિટિશરોને હિંદની ધરતી ઉપરથી હંકારીને કાઢી મૂકી નહિ શકાય...

"ટૂંકામાં, હિંદમાંથી બહાર ચાલ્યા જવામાં મારો આ જ આશય હતો. અંદર ચાલી રહેલી આઝાદી–લડતને બહારની લડતથી વધારે મજબૂત બનાવવી. બીજી તરફ, હિંદને જે બહારની મદદની ખરેખરી જરૂર છે તે બહુ જ સ્વલ્પ

છે. હિંદની અંદરના આપણા હમવતનીઓ આપણી પાસેથી બે પ્રકારની સહાયતા માગતા હતા: નૈતિક અને ભૌતિક. પહેલું તો એ કે તેમનો વિજય એ નિશ્ચિત વસ્તુ છે એવી નૈતિક હિંમત તેમના અંતરમાં સરજવી જોઇએ. બીજું, બહારથી તેમને લશ્કરી મદદ આપવી જોઇએ.

"આજે હવે એ વખત આવી ગયો છે કે જયારે હું જાહેર રીતે આખા જગતને અને આપણા દુશ્મનોને સુદ્ધાં કહી શકું છું કે આપણે આપણી રાષ્ટ્રીય સ્વાધીનતા કયા માર્ગે સિદ્ધ કરવા માગીએ છીએ. હિંદ બહારના હિંદીઓ, ખાસ કરીને પૂર્વ એશિયાના હિંદીઓ, એક એવી ફોજનું સંગઠન કરશે કે જે હિંદમાંના બ્રિટિશ સૈન્ય ઉપર આક્રમણ કરવા જેટલી શકિતશાળી હશે. આપણે જયારે એમ કરીશું, ત્યારે હિંદમાં ક્રાન્તિ સળગી ઊઠશે. ફકત પ્રજાકીય ક્રાન્તિ જ નહિ, પરંતુ બ્રિટિશ વાવટા નીચે જે અત્યારે લડી રહ્યું છે તે હિંદી સૈન્યમાં પણ. બ્રિટિશ હકૂમત ઉપર જયારે આમ બન્ને બાજુએથી આક્રમણ થશે,–હિંદ બહારની અને હિંદની ધરતી ઉપર–ત્યારે તેના ભુક્કા બોલશે–અને ત્યારે હિંદી પ્રજા નષ્ટ થયેલી પોતાની સ્વાધીનતાને પુનઃ પ્રાપ્ત કરશે.

"મારી યોજના પ્રમાણે તો, ધરી રાજયોનું હિંદ પ્રત્યે કેવું વલણ છે અથવા રહેશે એ પ્રશ્ન અગત્યનો રહેતો નથી. હિંદ બહારના અને હિંદની અંદરના હિંદીઓ જો પોતાની ફરજ પૂરેપૂરી બજાવશે, તો બ્રિટનની ઝૂંસરીને દૂર કરીને ૩૮ કરોડ જેટલી હિંદી જનતાને મુકત કરવી એ શકય બનશે. દોસ્તો, પૂર્વ એશિયાના ત્રીશ લાખ હિંદીઓનો યુદ્ધનાદ, "સર્વસ્પર્શી યુદ્ધને માટે સર્વસ્પર્શી તૈયારી"–એ જ છે. આ સર્વસ્પર્શી તૈયારીના એક અંશ રૂપે હું તમારી પાસેથી ત્રણ લાખ સૈનિકો અને ત્રણ કરોડ ડોલરની માગણી કરૂં છું. મારે વીર નારીઓ પણ જોઇએ છે. ૧૮૫૭માં, હિંદના પહેલા સ્વાતંત્ર્ય સંગ્રામમાં, ઝાંસીની રાણીએ જેમ શમશેર ઉપાડી હતી, તેમ શમશેર ઉપાડે અને મૃત્યુને પડકારે એવી વીરનારીઓની ઓછામાં ઓછી એક સેના તો મારે જોઇએ છે.

"હિંદમાં આપણા દેશબાંધવો ઉપર અત્યારે દુશ્મનોની ભીંસ પ્રચંડ છે. તેમને અત્યારે જરૂર છે, તેમની એ ભીંસને હળવી બનાવે અને તેમના સંગ્રામને સહાયરૂપ થઇ શકે એવા બીજા મોરચાની. પૂર્વ એશિયામાં તમે સુસજજ અને સુસંગઠિત બનો, અને હું તમને વચન આપું છું કે, એ બીજો મોરચો હું ઊભો

કરી દઈશ. એક ખરેખરો બીજો મોરચો—જે હિંદના જંગે-આઝાદીમાં કોઈ નવો જ રંગ લાવે."

નેતાજી બોલતા હતા અને વરસાદ ધોધમાર તૂટી પડયો. નેતાજીએ ફક્ત થોડા જ શબ્દો કહ્યા: "કોઈ ઊઠે નહિ. કોઈ જાય નહિ. બધા પોતપોતાને સ્થાને બેસી રહે. વરસાદ આપણને ગભરાવી ન શકે." એક પણ માણસ ન ખસ્યો. સૌ કપડાં સોંસરા નહાઈ રહ્યા. એક પણ માણસે ચૂં કે ચાં ન કર્યું. અમારું શિસ્તપાલન અને ખાસ કરીને કાખમાં બાળકોને તેડીને આવેલી બહેનોના શિસ્તપાલન ઉપર તો નેતાજી ઓવારી ગયા!

પી.ને નેતાજીના એક અંગરક્ષક તરીકે પસંદ કરવામાં આવેલ છે.

હું ઝાંસીની રાણી પલટણમાં ભરતી થવાની છું. બહુ મઝા પડશે. હથિયારો ઉપાડવા પી., હું તમારી પાછળ બહુ દૂર તો નહિ જ હોઉં, હો!

જુલાઈ ૧૨, ૧૯૪૩

હિંદ સ્વાતંત્ર્ય સંઘના મહિલા વિભાગે હિંદી મહિલાઓની એક આમ-સભા બોલાવેલી. નેતાજીએ ભાષણ કર્યું. શ્રોતાવૃંદ તો અમારા પ્રાણથીયે પ્યારા નેતાજીના મુખમાંથી નીકળતા એકેકેએક શબ્દને અમૃતની પેઠે ઝીલી રહ્યો. દશ દશ બાર બાર માઈલથી પગે ચાલીને બહેનો આવી હતી. નેતાજી આવ્યા તે પહેલાં બે કલાકથી સભાખંડ ખીચોખીચ ભરાઈ ચૂકયો હતો.

અમે તો એમને ગૂંગળાવી જ નાખ્યા, અમારી ફૂલમાળાઓથી. અમે ક્રાન્તિ ગીતો ગાયાં. પછી નેતાજી બોલ્યા. એમણે 'ઝાંસીની રાણી' ટુકડી માટે અને રેડ-ક્રોસ માટે રંગરૂટોની માગણી કરી. એક ગૂજરાતી બહેને પોતાના બધા જ દાગીના ઉતારી આપ્યા. બંગડીઓ, ઈયર-રીંગો, હારો-બધુંય. નેતાજીએ શરૂ કર્યું:

"બહેનો, ૧૯૨૧ પછી, કોંગ્રેસ જ્યારે મહાત્માજીની સરદારી નીચે પુનરુજ્જિવિત બની ત્યારથી તે આજ સુધી બે દાયકાઓ દરમ્યાન, આપણી બહેનોએ આઝાદીની લડતમાં શો ભાગ લીધો છે તે તમે બધાય જાણો છો. ફક્ત સત્યાગ્રહની લડતોમાં નહિ, પરંતુ ગુપ્ત ક્રાન્તિઆન્દોલનોમાં પણ આપણી બહેનોએ યશસ્વી ફાળો આપ્યો છે. હકીકતમાં આપણા જાહેરજીવનનું એવું કોઈ ક્ષેત્ર નથી, આપણા રાષ્ટ્રીય પ્રયત્નની એવી કોઈ પ્રવૃત્તિ નથી, જેમાં

આપણી બહેનોએ પોતાના ભાઈઓની પડખોપડખ રહીને, તેમની યાતનાઓમાં ભાગ ન પડાવ્યો હોય. ખાધાપીધા વગર ગામેગામ ફરવાનું હોય, એક પછી એક એમ અનેક સભાઓમાં ભાષણો આપવાનાં હોય, બારણે બારણે આઝાદીનો પેગામ પહોંચાડવાનો હોય, ચૂંટણી જંગો લડવાના હોય, સત્તાધીશોની આજ્ઞાઓ અને પોલીસના લાઠીમારને ઠોકરે મારીને સરઘસો કાઢવાં હોય...કે કારાગાર, યાતનાઓ, અપમાનો અને આઘાતો વેઠવાનાં હોય—આપણી બહેનો ક્યાં કહેતાં ક્યાંય, રાષ્ટ્રીય જાગૃતિના કોઈ પણ ક્ષેત્રમાં પાછી પડી નથી, કે નથી મોળી સાબિત થઈ! ક્રાન્તિના ગુપ્ત આન્દોલનોમાં પણ આપણી વીર બહેનોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જરૂર પડયે ભાઈઓની પેઠે તેઓ પણ બંદૂક ઉપાડી શકે છે એ તેમણે પુરવાર કરી બતાવ્યું છે.

"આજે હું તમારામાં વિશ્વાસ વ્યકત કરી રહ્યો છું, કારણ કે હું જાણું છું કે તમે ધારો તો શું કરી શકો. કોઈ પણ જાતની અતિશયોકિત કર્યાની બીક વગર જ કહું છું કે જગતમાં એવી કોઈ યાતના નથી જેને આપણી બહેનો ખામોશીથી સહન ન કરી શકે.

"ઇતિહાસ આપણને શીખવે છે કે પ્રત્યેક સામ્રાજ્ય માટે જેમ ઉદય નિર્માણ થયેલ હોય છે તેમ અસ્ત પણ નિર્માણ થયેલ હોય છે. જગતના પટ ઉપરથી અસ્ત થવાનો સમય બ્રિટિશ સામ્રાજ્યને માટે હવે આવી પહોંચ્યો છે. જગતના આ ભાગ ઉપરથી એ સામ્રાજ્ય કેવી રીતે ભૂંસાઈ ગયું છે તે આપણે આપણી સગી આંખોએ જોયું છે. જગતના બાકીના ભાગ ઉપરથી, હિંદ ઉપરથી, પણ તે ભૂંસાઈ જશે...!

"આ સભામાં, અથવા અન્યત્ર એવી કોઈ બહેન હોય કે જેને બંદૂક ઉપાડવાનું કામ સ્ત્રીઓને માટે અનુચિત લાગતું હોય તો એને હું એક જ વાત કહીશ: ઇતિહાસનો અભ્યાસ કરી જુઓ. ભૂતકાળમાં આપણી બહેનોએ શું કર્યું છે? ૧૮૫૭ની ક્રાન્તિમાં ઝાંસીની રાણીએ શું કર્યું? ઉઘાડી તલવારે રણતોખાર ઉપર અસવાર થઈને પોતાના સૈનિકોની મોખરે એ મેદાને પડેલી. આપણા દુર્ભાગ્યે એ નિષ્ફળ નીવડી. એનો પરાજય થયો. અને એની સાથે સાથે આપણો, આખી પ્રજાનો પરાજય થયો. પણ ૧૮૫૭માં એ મહાનારીએ જે કાર્યનો આરંભ કર્યો હતો તેને હવે આપણે ચાલુ રાખવાનું છે અને પૂરું કરવાનું છે.

"એટલે સ્વાતંત્ર્યના આ આખરી જંગમાં આપણને એક ઝાંસીની રાણીની નહિ, પરંતુ હજારો ઝાંસીની રાણીઓની જરૂર છે. તમે કેટલી બંદૂકો ઉપાડશો અને કેટલી ગોળીઓ છોડશો તે એટલું બધું મહત્ત્વનું નથી. તમારી વીરતાની નૈતિક અસર કેટલી અદ્‌ભુત થશે એનું મહત્ત્વ પણ એટલું જ છે."

બે 'આઝાદ શાળાઓ' જુદી જુદી છાવણીઓ માટે નિરીક્ષકો તૈયાર કરી રહી છે. એક સ્યોનાનમાં છે, બીજી પેનાંગમાં. બે વિદ્યાર્થીસમુદાયો તો એમાંથી પાસ થઈને બહાર પણ પડી ચૂકયા. હું ત્રીજા સમુદાયમાં દાખલ થવાની છું. સ્ત્રીઓને લશ્કરી તાલીમ ન આપી શકાય એમ જૂની ઘરેડના માણસો હજુ યે કહ્યા કરે છે. નેતાજીએ એમના વિરોધને વજન નથી આપ્યું. એ તો સાચા નવયુગના માનવી છે. એમનું દૃષ્ટિબિન્દુ વ્યાપક અને પ્રગતિશિલ છે.

જુલાઈ ૨૫, ૧૯૪૩

આજે શ્રીમતી ટી. અને કુમારી એસ. ને ચા માટે આમંત્રણ આપેલું. કુ. એસ. પેનાંગમાંથી આવ્યાં છે. તમામ એશિયાવાસીઓને જાપાનીઓની દયા ઉપર છોડી, પોતાનો જીવ બચાવવા માટે બ્રિટિશરો પેનાંગમાંથી કેવી રીતે નાઠા, તેનું તેમણે વર્ણન આપ્યું.

તેમણે કહ્યું તે હું અહીં ઉતારી લઉં છું:

"ડિસેમ્બરની ૧૧મીએ, હું હજુ પથારીમાં જ હતી, એટલામાં ત્રીસ જાપાની હવાઈ જહાજોએ શહેર ઉપર હલ્લો કર્યો. અઢી કલાક સુધી બોમમારો ચાલ્યો. ઉપરાઉપરી ત્રણ દિવસો સુધી આ પ્રમાણે ચાલ્યું.

"આ બોમમારાને પરિણામે શહેરમાં જે અંધાધૂંધી ઊભી થઈ તેનું તો વર્ણન કરવું જ અશકય છે મારા માટે. સેંકડો ઠેકાણે આગો સળગી રહી હતી; અને પડી ગયેલ ઇમારત તો ગણી ગણાય નહિ. 'ફાયર બ્રિગેડ સ્ટેશન' ઉપર જ સીધો એક બોમ્બ પડેલો. એટલે આગ ઓલવવાના એન્જિનો તો હોય જ કયાંથી ! એ તો આગ સળગી સળગીને જાતે જ ઓલવાઈ જાય ત્યારે ! ત્યાં સુધી લોકોએ બહાર બેસીને એ તાપણું જોયા કરવાનું ! અને સાધારણ મદદ હોય તો બચાવી શકાય એવી ચીજોને સુધ્ધાં બળીને ખાખ થતી પોતાની આંખોએ જ જોયા કરવાની. મજૂરો તો બધા જ ચાલ્યા ગયા હતા. શેરીઓમાં મડદાં સડતાં હતાં અને એની બદબો માથું ફાડી નાખતી હતી. કૂતરાં એ

શબોના હાથ, પગ કે બીજાં અંગો ઉપર ઉજાણી કરી રહ્યા હોય એવાં દૃશ્યો મેં મારી આંખોએ જ દીઠાં છે. ઉંદરો, ખેતરોમાં હોય છે એવા જાડા મોટા ઉંદરો, રાજમાર્ગો ઉપર ધસી આવ્યા હતા. ઘરોનાં ભંડકિયામાંથી રાજમાર્ગો ઉપર નિરાંતનું ભોજન આરોગવા; અને ખંડેર બનેલ ઇમારતોમાં વાસ કરવા માટે જ જાણે તેઓ નીકળી આવ્યા હતા. દુકાનો તો ઘણીખરી બંધ થઇ ગઇ હતી. બજારમાં કશું જ ખરીદવું અશક્ય હતું.

"આ ઉપરાંત હતા ચોરો. ભગવાન જાણે એટલા બધા એક સાથે કયાંથી આવી પડયા! પોલીસનો તો કયાંય પત્તો જ નહોતો. ગુંડાઓની ટોળીઓએ શહેરના કેટલાક વિભાગો ઉપર તો જાણે કબજો જ કરી લીધો હતો. બહાર નીકળવું મુસ્કેલ હતું. મછવાઓ બંધ હતા. ભંગીઓ પણ ચાલ્યા ગયા હતા... અને દરેક ઘરમાં ગંદવાડના ઉકરડાનો ડુંગર ઊંચો ને ઊંચો થતો જતો હતો. અને અમને લાગતું હતું કે અમે સદેહે જ નરકમાં ઊતરી આવ્યાં હતાં! ખરાબમાં ખરાબ વાત તો એ હતી કે લોકોને મદદ આપવા માટે સરકાર જેવું કશું હતું જ નહિ. બ્રિટિશરો એક ખૂણામાં સંતાઇ ગયા હતા. કોઇ સાથે હળતાભળતા નહિ. રિવોલ્વરો અને બંદૂકોથી પોતાનું રક્ષણ કરતા અને બની શકે તેટલી ખાધાખોરાકીની ચીજો હાથ કરીને કબજે રાખતા. ત્રીજે દિવસે શહેર ખાલી કરવાનું નક્કી થયું પણ એક પણ એશિયાવાસીને પેનાંગ છોડવાની રજા ન મળી. સ્થાનિક લશ્કરી ખાતાએ અને સરકારે જાહેર કર્યું કે શુદ્ધ શોણિતવાળા બ્રિટિશરોને જ ફક્ત જવા દેવામાં આવશે. યૂરેઝિયનોને પણ નહિ! અંગ્રેજ ગૃહસ્થોને પરણી હોય એવી અનેક યૂરેઝિયન બહેનોને હું ઓળખું છું. એમાં શ્રીમતી બી. મારાં મિત્ર હતાં. એમનો વર ચાલ્યો ગયો એમને છોડીને. એમને જવાની છૂટ નહોતી. કારણ કે એ યૂરેઝિયન હતાં. આ ઘટનાએ અમારી સૌની આંખો ઉઘાડી, હિંદીઓની, ચીનાઓની, મલાયાવાસીઓની અને યૂરેઝિયનોની સુદ્ધાં! ન્યાય, પ્રજાતંત્ર અને સમાનતાની બધી વાતો એ ફક્ત માયા હતી, અમને છેતરવા પૂરતી. જાપાનીઓ અમારા ઉપર અધમમાં અધમ પ્રકારના અત્યાચાર ગુજારે એવા છે એવું જાણવા છતાં એ લોકો ચાલ્યા ગયા."

મલાયાના ઘણાંખરાં સ્થળોની આ જ કહાણી છે! સામ્રાજ્યના કડાકા બોલી રહ્યા હતા એવે ટાણે બ્રિટિશ માલિકે પોતાનું સાચું પોત પ્રગટ કરી

દીધું. એ માનવકીટ તરીકે—એક પામર જન્તુ તરીકે એ પરખાઇ ગયો. માન્ધાતા મનાતા હતા તે મગતરાં નીકળી પડયાં. એમને સંભારીને કે એમના કમનસીબ ઉપર કાઇ કૂતરું પણ નહિ ભસે!

ઑગસ્ટ ૧, ૧૯૪૩

કચેરીમાં આવતા સમાચાર ઉપરથી લાગે છે કે સંઘના સભ્યો નોંધવાની ઝુંબેશ દિનપ્રતિદિન વધતા જતા ઉત્સાહથી ચાલી રહી છે. એકલા મલાયામાં દશ મુખ્ય શાખાઓ અને પચ્ચાસ ઉપશાખાઓ ઊઘડી છે. સભ્યોની સંખ્યા લગભગ એક લાખ અને સિત્તેર હઝારના આંકડાને આંબી ગઇ છે.

મલાયાને ખૂણે ખૂણેથી ફોજમાં ભરતી થવા માટે સ્વયંસેવકો અરજી મોકલી રહ્યા છે. ફોજની ભરતી ફરજિયાત નહિ, પરંતુ સંપૂર્ણ મરજિયાત ધોરણે થવી જોઇએ એવી નેતાઓની આજ્ઞા છે. નૈતિક દબાણ પણ ન જોઇએ. મને લાગે છે કે એ જ બરાબર છે.

આઝાદ ફોજ માટેના સૈનિકોની પસંદગી બાબત જેટલી કાળજી રખાય એટલી ઓછી. દિલ્લી રેડિયો બ્રિટિશ લશ્કરના સૈનિકોને ફોજમાં જોડાવાનું કહી રહ્યો છે—હમણાં ફોજમાં જોડાઇ જાઓ અને પછી અણીને વખતે મેદાને જંગમાં ફોજને દગો દઇને પાછા બ્રિટિશ સૈન્યમાં ચાલ્યા આવો! અમારે ખૂટલોનું કામ નથી; અને પરાણે ભરતી થયા એ ખરે ટાણે ખૂટલ જ નીવડે.

દૂર દૂરની વસાહતોમાંથી ફોજને માટે અનેક પ્રકારની ભેટો આવી રહી છે. રોકડ નાણાં પણ. હવે શંકાને કશું સ્થાન જ નથી. ચોમેર ઉત્સાહ અને પ્રવૃત્તિનો ધમધમાટ છે. નેતાજી અમારા આન્દોલનના પ્રધાન પ્રેરકબળ થઇ પડયા છે. પણ, એ જ્યાં જાય છે ત્યાં, એક વાત તો ફરી ફરીને કહે છે: "આધુનિક યુગ એ મૂર્તિપૂજાનો યુગ નથી. એક માણસ ઉપર બધો આધાર રાખીને આગળ વધવું પરવડે નહિ. વ્યક્તિ કરતાં કાર્ય મોટું છે. એક માણસની સરમુખત્યારી આપણને ન ખપે. આઝાદીના મેદાને—જંગમાં આપણે સૌ સરખાં. સૌ સ્વાધીનતાના સૈનિકો."

નેતાજી ૧૫મીએ સ્યોનાન આવવાના છે. તે દિવસે એક 'ખાસ રેલી' યોજવાનું નક્કી થયું છે. હિંદમાં જે ક્રાન્તિ શરૂ થઇ તેને ૯મીએ બીજું વરસ બેસશે.

ઑગસ્ટ ૧૦, ૧૯૪૩

૯મી ઑગસ્ટે, મલાયા અને પૂર્વ એશિયાના ખૂણે ખૂણે સેંકડો સભાઓ થઈ. હિંદી ક્રાન્તિનો દિન આ તરફના હિંદીઓએ ધામધૂમથી ઊજવ્યો. શ્યોનાનમાં અમે એક જબરદસ્ત સભા ગોઠવેલી. ગાંધીજી, જવાહરલાલ અને સરદાર વલ્લભભાઈના ફોટાઓ પણ મૂકયા હતા.

ઑગસ્ટ ૧૫, ૧૯૪૩

આજ ફેરેર પાર્કમાં નેતાજીને સાંભળવા માટે ત્રીસ હજાર માણસોની મેદની ઊમટી હતી. નેતાજી બોલવા ઊભા થયા ત્યારે "આઝાદ હિંદ ઝિન્દાબાદ"ની ગર્જનાઓથી આકાશ ભેદાઈ ઊઠયું.

એમણે કહ્યું: "હિંદમાંથી બ્રિટિશરોએ ચાલ્યા જવું જોઈએ એવી માગણી કર્યાના અપરાધ બદલ, મહાત્માજીને કારાવાસમાં ધકેલવામાં આવ્યા તેને આજે એક વરસ પૂરું થયું. તે દિવસથી, સત્યાગ્રહ અને ભાંગફોડ–બન્ને પ્રવૃત્તિઓ એવા ને એવા જોશથી અવિરતપણે ચાલ્યા કરે છે. પણ આઝાદી હજુ આપણે મેળવી શકયા નથી; અને હિંદ–બ્રહ્મદેશ સરહદ ઉપર બીજો મોરચો શરૂ કરીને બ્રિટિશ હિંદી લશ્કરને તેમ જ હિંદી પ્રજાને બ્રિટિશરો અને તેમના સાથીઓ સામે ઉઘાડો અને સશસ્ત્ર બળવો જગાડવાની હાકલ નહિ પાડી શકાય ત્યાં સુધી મળશે પણ નહિ.

"આજના આ સમારંભમાં આટલા બધા મુસલમાન ભાઈઓને જોઈને મને ખૂબ આનંદ થાય છે. એમણે મારું જે સ્વાગત કર્યું છે અને આઝાદીના આન્દોલનને માટે જે થેલીની ભેટ કરી છે તેને માટે હું તેમનો આભાર માનું છું. આખી દુનિયા અને ખાસ કરીને આપણા દુશ્મનો આ વાતની નોંધ લે કે કોમ કે મઝહબના કોઈ પણ પ્રકારના ભેદભાવ સિવાય પૂર્વ એશિયાના સમગ્ર હિંદીઓ આજે એમના માદરેવતનની આઝાદી માટે મરી ફીટવાનો સંકલ્પ કરીને જ ખડા છે."

નેતાજીએ જાહેર કર્યું છે કે આવતા બે મહિના દરમ્યાન, આપણી ફોજનો એક સારો એવો ભાગ બ્રહ્મદેશને પંથે અને ત્યાંથી હિંદને પંથે વળી ચૂકયો હશે. હિંદ સ્વાતંત્ર્ય સંઘનું મુખ્ય મથક પણ હવે રંગૂનમાં જશે એટલે, મારે અને પી.એ હવે અહીંથી ડેરાતંબૂ ઉપાડવાના. અમે તૈયાર જ છીએ, નેતાજી!

આજથી એક વરસ પહેલાં, આગાખાન બંગલાની જેલમાં, મહાત્માજીના મંત્રી શ્રી. મહાદેવભાઈનું અવસાન થયું એનો ઉલ્લેખ સુભાષબાબુએ ભાવના–ભરપૂર શબ્દોમાં કર્યો. મહાદેવભાઈની સાથે પરિચયમાં આવેલ એક ગૂજરાતી વેપારીએ એમની કુરબાની અને એમના ગાંધીજી પ્રત્યેના ભક્તિભાવનું સવિસ્તર વર્ણન કર્યું. મહાત્માજી અને મહાદેવભાઈ વચ્ચેના સંબંધને એમણે જોનસન અને બોઝવેલના સંબંધના જેવો ગણાવ્યો. મહાદેવભાઈના અવસાનનો પણ હિસાબ માગવો પડશે. ચલો દિલ્લી!

ઑગસ્ટ ૨૫, ૧૯૪૩

આજે નેતાજીએ ફોજની સિપેહસાલારી વિધિપૂર્વક લીધી. આજના દિવસનું એ પ્રસંગને અનુલક્ષીને એમણે આપેલું શાસન ખરેખર એક ભવ્ય ઇતિહાસબોલ જેવું છે.

"હિંદી સ્વાતંત્ર્યની લડતના અને આઝાદ હિંદ ફોજના હિતમાં મેં આજે ફોજનું સિપેહસાલારપદ મારા હાથમાં લીધું છે.

"મારે માટે એ અભિમાન અને આનંદનો વિષય છે. હિંદના સ્વાધીનતા–સૈન્યના સેનાપતિપદ કરતાં વધુ માનભર્યું પદ કોઈ પણ હિંદીને બીજું કયું મળી શકે!

"હું મારી જાતને મારા ૩૮ કરોડ દેશબંધુઓની ખિદમતગાર સમજું છું.

"હું મારી ફરજોને એવી રીતે અદા કરીશ કે જેથી મારા એ ૩૮ કરોડ ભાઈબહેનોનું હિત સુરક્ષિત રહે; અને એકેએક હિન્દવાસીને મારા ઉપર સંપૂર્ણ ઇતબાર રાખવા માટે પૂરતાં કારણો મળી રહે. હિન્દની આઝાદ ફોજની રચના વિશુદ્ધ રાષ્ટ્રવાદ, સંપૂર્ણ ન્યાયભાવના અને નિષ્પક્ષતાના પાયા ઉપર જ થઈ શકે.

"આપણી મા–ભોમની મુક્તિ માટેની હવે પછીની લડતમાં આઝાદ હિન્દ ફોજે અતિ મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. એ ભાગ એ ભજવી શકે તેટલા ખાતર, આપણે આપણી જાતને એક ફોજના રૂપમાં સુસંગઠિત કરવાની છે. એ ફોજનું લક્ષ્ય એક જ હોય: હિંદની આઝાદી. એ ફોજનો નિશ્ચય એક જ હોય: માતાની મુક્તિને માટે મરી ફીટવું. આપણે ડેરાતંબૂ નાખીને પડયા હોઈએ ત્યારે એ ફોજ એક લોખંડી દુર્ગની પેઠે આપણું જતન કરે; અને આપણે આગેકૂચ કરવા માંડીએ ત્યારે એ આપણા દુશ્મનોનો કચ્ચરઘાણ વાળનાર એક પ્રલય–ચક્ર સમી બની રહે.

આઝાદીની ઉષા

"આપણું કામ આસાન નથી. જંગ લાંબો વખત સુધી ચાલશે અને કપરામાં કપરો બનશે. પણ મને શ્રદ્ધા છે કે ધર્મ આપણા પક્ષમાં છે અને આપણે આખરે અજેય જ નીવડીશું. માનવજાતિના પાંચમા ભાગ જેટલા—૩૮ કરોડ–હિંદીઓને આઝાદ બનવાનો અધિકાર છે, અને એ અધિકાર પ્રાપ્ત કરવા માટે તેઓ શોણિતનાં મૂલ્ય ચૂકવશે. સ્વાધીનતાના આપણા જન્મસિદ્ધ અધિકારથી હવે વધારે વાર આપણને વંચિત રાખી શકે એવી કોઇ તાકાત પૃથ્વીના પટ ઉપર હું દેખતો નથી.

"દોસ્તો, આપણું કામ કયારનુંયે શરૂ થઇ ગયું છે–"ચલો દિલ્લી"નો વિજયનાદ ગજવતાં ગજવતાં, આપણે લડીશું અને આગે બઢીશું...ત્યાં સુધી કે જ્યાં સુધી નવી દિલ્લીના વાઇસિરોયના મહેલ ઉપર આપણે આપણો આઝાદી ધ્વજ રોપી શકીશું અને જ્યાં સુધી પુરાણપ્રસિદ્ધ દિલ્લીનગરના લાલ કિલ્લામાં આપણે આપણો વિજયોત્સવ ઊજવી શકીશું."

ફોજને માટે દુભાષીઆઓ તૈયાર કરવાના હેતુથી ત્રણ કેન્દ્રો ઉઘાડવામાં આવ્યાં છે–શ્યોનાનમાં, કોલાલમ્પુરમાં અને સાલેતારમાં. બસો રંગરૂટો અહીં લશ્કરી અને "નિષ્ણાત કામ"ની તાલીમ લેશે.

સપ્ટેમ્બર ૬, ૧૯૪૩

ફોજના રંગરૂટોને તાલીમ આપવા માટે સેરમ્બાનમાં એક છાવણી ખોલવામાં આવી છે–આ મહિનાની પહેલી તારીખે.

નેતાજીની સાથે કોલાલમ્પુરની મુલાકાત લેનારાઓમાં એક હું હતી. રસ્તે, દરેક સ્ટેશને, હિંદીઓનાં ટોળેટોળાં ઊમટેલાં નેતાજીના દર્શન કરવા અને લડતને માટે થેલીઓ આપવા માટે. કોલાલમ્પુરમાં તો ટ્રેનને પા કલાક વધારે ખોટી થવું પડયું. ઉત્સાહના સાગરો રેલાવતું ટોળું નેતાજીની આસપાસથી ખસે જ નહિ તો ! સુભાષબાબુએ સ્થાનિક કાર્યકર્તાઓને કહ્યુંઃ "આ વીરપૂજાને પ્રોત્સાહન ન આપતા. એ આપણી લડતને માટે શરમરૂપ નીવડશે. ધ્યેય ખાતર આત્મવિલોપન કરવાની આવશ્યકતા પ્રજાએ હવે સમજી લેવી જોઇએ. પ્રજાનો ઉત્સાહ એ એક જ માર્ગે વહેવો જોઇએ. નેતાઓ તો નિમિત્ત માત્ર. આવે ને જાય લડત હંમેશાં ચાલતી રહેવી જોઇએ."

એમાંના એકે જવાબ આપ્યોઃ "આ લોકો આટલા ઉત્સાહથી આપનું સ્વાગત કરવા આવે છે, કારણ કે આપે લડતમાં નવો પ્રાણ પૂર્યો છે, કારણ કે

આપ, એમનાં હૃદયોમાં જે આઝાદીની લગન સળગી રહી છે તેના સૌથી શ્રેષ્ઠ પ્રતીકરૂપ બની ગયા છો."

જાહેર સભા થઇ ત્યારે થેલીઓ અને ભેટો આપવાના કામે પૂરો એક કલાક લીધો. પછી નેતાજીએ ભાષણ કર્યું. શ્રોતાવૃંદને ભાવનાની પરાકાષ્ટાએ પહોંચાડયો. કોલાલમ્પુરે આવી સભા પૂર્વે કદી જ નહિ જોયેલી. એનો ઉત્સાહ નિઃસીમ હતો.

નેતાજીએ કહ્યું :

"પંચ કી લકડી ઔર એક કા બોજ" એમ કહીને થોડી થોડી કુરબાની આપવાના દિવસો હવે પૂરા થયા છે. હવે તો આપણામાંનાં એકેકેએક પોતાનું સર્વસ્વ હોમી દેવું પડશે. એ સર્વસ્વમાં જીવનનું બલિદાન પણ આવી જાય છે. અદ્યતન સૈન્યને જરૂરી એવો બધો સરંજામ પૂરો પાડવા પૈસા અને સામગ્રી તો ખરાં જ.

"દુનિયામાં જ્યાં સુધી શાંતિ હતી ત્યાં સુધી શસ્ત્રો મેળવવાં અને વાપરવાં એ હિંદી પ્રજાને માટે લગભગ અશકય હતું. એટલું જ નહિ પણ હિંદ બહારના હિંદીઓ માટે પણ અશકય હતું. પણ પાડ માનો આ વિશ્વયુદ્ધનો કે આજથી પાંચ વરસ પહેલાં જે અશકય હતું તે આજે શકય બની ગયું છે. હવે તમારે શસ્ત્રો જોઇએ તો તમે એ મેળવી શકો છો– હિંદમાં નહિ પણ હિંદની બહાર. અત્યારે હવે તમારે એક અદ્યતન ઢબનું સૈન્ય સરજવું હોય તો તમે સરજી શકો છો. માટે હું કહું છું કે આ વિશ્વયુદ્ધ આપણે માટે ઇશ્વરે મોકલ્યા જેવું છે. સાંસ્થાનિક સ્વરાજ કે સ્વશાસન નહિ પરંતુ મુકમ્મલ આઝાદી પ્રાપ્ત કરવાની એક અપૂર્વ તક એણે આપણા હાથમાં મૂકી દીધી છે.

"તામરાં કોલાલમ્પુરના હૃદયમાં જ, હિંદી જવાંમર્દોને આઝાદીજંગ માટે તાલીમ આપવાની એક છાવણી તમે ઊભી કરી છે તે માટે હું તમને મુબારકબાદી આપું છું. મલાયામાં એવી અનેક છાવણીઓ છે, અને એમાંની કેટલીક તો બ્રિટિશ સૈનિકોને તાલીમ આપવા માટે પહેલેથી જ મોજૂદ હતી, તેને આપણે આપણા કામમાં લીધી છે. આ ઉપરથી મને યાદ આવે છે કે આપણે જ્યારે હિંદ પહોંચીશું ત્યારે આપણી ફોજને વસવા માટે કોઇ બરાકો બાંધવાની આપણને જરૂર નહિ રહે. કલકત્તાથી મુંબઇ સુધી અને રાવલપીંડીથી મદ્રાસ સુધી બહુ જ સુંદર બરાકો તૈયાર પડેલી છે–હિંદી સૈન્ય માટે નહિ,

પરંતુ બ્રિટિશ સૈન્યને માટે–બ્રિટિશ હિંદી સૈન્યની ટુકડીઓ માટે. એ બધીને આપણા હિંદી ફોજના સિપાહીઓના વપરાશ માટે લઇ લેશું અને એના બદલામાં બ્રિટિશરોને કંઇ જોઇતું હશે તો તે પણ આપવા હું તૈયાર છું–તેઓ બેલાશક, હિંદની જેલોમાં વસી શકે છે.”

અમે ફોજની તાલીમ–છાવણીની મુલાકાત લીધી. લગભગ ૭૦૦ રંગરૂટો તાલીમ લઇ રહ્યા છે. એમનો જુસ્સો નમૂનારૂપ છે. નેતાજી એમની તાલીમ ઉપર ખુશ થઇ ગયા. હિંદી કારકૂનો અને વેપારીઓ, જેમના બાપદાદાઓએ છેલ્લાં સો વરસ દરમિયાન બંદૂક જેવી કોઇ ચીજને સપને પણ હાથ અડાડયો નથી તેઓ યુદ્ધકળામાં આટલા બધા નિપૂણ થઇ શકે એની અત્યાર પહેલાં કલ્પના સુદ્ધાં કરવી મુશ્કેલ હતી. પણ મોટી વાત છે જુસ્સો. બ્રિટિશરો અત્યાર સુધી હિંદી પ્રજાને લશ્કરી અને બિનલશ્કરી એમ બે ભાગમાં વહેંચતા આવ્યા છે. જાણે કેમ ખરેખર જ પ્રજાના એવા કોઇ બે ભાગ મોજૂદ ન હોય! પણ એ ધતિંગ હવે ઉઘાડું પડી ગયું છે. બ્રિટિશરોના એ ગપગોળાનો એક જ હેતુ હતો: હિંદી પ્રજાને એક પ્રજા તરીકે લશ્કરી તાલીમમાંથી બાતલ રાખવી; અને હિંદના લશ્કરને બ્રિટનના ઉચ્ચ ખાનદાનોના સડેલ નબીરાઓનો ઇજારો બનાવવું. અમે, પૂર્વ એશિયાના હિંદીઓએ, આ ભરમને ભાંગી નાખ્યો છે.

સપ્ટેમ્બર ૨૮, ૧૯૪૩

અમે–લગભગ ૫૦ જણ–રંગૂન જઇ આવ્યાં. ત્યાં ૨૬મી ને રવિવારે આઝાદ હિંદના છેલ્લા શહેનશાહ બહાદુરશાહની સમાધિ ઉપર એક ભવ્ય અને દબદબાભર્યો સમારંભ ઊજવાયો.

નેતાજીએ શહેનશાહની સ્મૃતિને ભાવભરી અંજલિ આપી.

“ઇતિહાસની એ પણ એક અકળ કળા છે, કદાચ આપણે માટે ખુશનસીબ બની શકે એવી કળા છે કે હિંદના છેલ્લા શહેનશાહના અસ્થિઓ બ્રહ્મદેશની ધરતી ઉપર પડયાં છે ત્યારે બ્રહ્મદેશના છેલ્લા રાજવીના અસ્થિઓ હિંદની ધરતી ઉપર પોઢયાં છે.

“આ પવિત્ર સ્મારક સમક્ષ, હિંદની આઝાદી માટે આખરી વારનો જંગ ખેલનારના અવશેષોની આ યાદગીરી સમક્ષ, માનવીઓમાં જે શહેનશાહ હતો અને શહેનશાહોમાં જે માનવી હતો એવા એક ખુદાના બંદાની આ પવિત્ર

સમાધિની સમક્ષ, આપણે આઝાદી માટેના આપણા નિશ્ચયની એક વાર ફરીથી જાહેરાત કરીએ છીએ. આજે આપણે જ્યારે આઝાદીનો આખરી જંગ લડી રહ્યા છીએ ત્યારે આપણા માટે એ જરૂરનું પણ છે કે આપણે કુરબાનીઓ અને યાતનાઓની ગણના કર્યા વગર, આપણા માર્ગમાં આવનાર મુશ્કેલીઓથી લેશમાત્ર ડઘાયા વગર, યુદ્ધ કયાં સુધી ચાલશે અને કેટલું લાંબુ ચાલશે એવો પ્રશ્ન પણ ઊભો કરવાની દરકાર કર્યા વગર, આઝાદી સિદ્ધ થાય ત્યાં સુધી લડયે રાખવાનો અવિચળ સંકલ્પ કરીએ. આપણા બ્રહ્મદેશના અને હિંદના સામાન્ય દુશ્મન જમીનદોસ્ત થાય અને આપણે આપણા દેશમાં આઝાદ થઇએ એટલું જ નહિ પરંતુ આઝાદ માનવીઓ પેઠે ખભેખભા મિલાવીને આખી યે માનવજાતિના મંગલ ભાવિ રચનાનો પ્રયત્ન કરી શકીએ...ત્યાં સુધી ઝઝૂમવાનો આપણે સંકલ્પ કરીએ.

"આજનું મારું વકતવ્ય હું બહાદુરશાહની જ એક કાવ્યપંકિતથી પૂરૂં કરીશ. એમણે લખ્યું હતું:

ગાઝીઓંમેં બુ રહેગી જબ તલક ઇમાન કી
તબ તો લંડન તક ચલેગી તેગ હિંદુસ્તાન કી !

"એટલે કે જ્યાં લગી હિંદની આઝાદી માટે ઝૂઝનારાઓમાં શ્રદ્ધાની એક અંતિમ કણી મોજૂદ હશે ત્યાં લગી હિંદની તલવાર લંડનના હૃદય સુધી પહોંચતી રહેશે!"

ઓકટોબર ૨, ૧૯૪૩

આજે મહાત્મા ગાંધીજીની ૭૫ મી વરસગાંઠ અમે ધામધૂમથી ઉજવી. એક વિરાટ જાહેર સભા, હિંદી મકાનો ઉપર ત્રિરંગી રાષ્ટ્રીય ધ્વજો, પ્રભાતફેરી, રાષ્ટ્રગીતો વગેરે.

નેતાજી ગાંધીજી વિષે આ પ્રમાણે બોલ્યા:

" હિંદની સ્વાધીનતાના સંગ્રામની તવારીખમાં મહાત્માજીનું શું સ્થાન છે તેનું હું મૂલ્યાંકન કરવા માગું છું. હિંદ અને હિંદની સ્વાધીનતાની જે સેવા મહાત્મા ગાંધીજીએ કરી છે તે એવી અપૂર્વ અને અનન્ય છે કે આપણી રાષ્ટ્રીય તવારીખમાં એમનું નામ સુવર્ણ અક્ષરે અંકિત થયેલું રહેશે.

આઝાદીની ઉષા

"ગયું વિશ્વયુદ્ધ પૂરું થયું અને હિંદી નેતાઓએ, બ્રિટને આપેલા વચન અનુસાર એમની પાસેથી સ્વાધીનતાની માગણી કરી ત્યારે એમને માલૂમ પડયું કે તર્કટી શાહીવાદે એમને છેતર્યા છે. એમની માગણીના ઉત્તર રૂપે એમને ૧૯૧૯નો રૉલેટ ઍકટ મળ્યો, જેનાથી જે કંઇ થોડીઘણી સ્વતંત્રતા એમની પાસે હતી તે પણ ખૂંચવાઇ ગઇ; અને જ્યારે એમણે એ કાળા કાયદાની સામે ફરિયાદ કરી ત્યારે જલીઆંવાળા બાગની કતલ મળી. ગયા વિશ્વયુદ્ધ દરમ્યાન હિંદી પ્રજાએ આપેલા સર્વ આપભોગોનાં બે ઇનામમાં એક હતું રૉલેટ ઍકટ અને બીજું જલીઆંવાળા બાગની કતલ...

"૧૯૧૯ના કરુણ બનાવો બાદ, હિંદીઓ થોડા વખત માટે સ્તબ્ધ થઇ ગયા હતા. જાણે ડરી ગયા હતા. સ્વાધીનતા પ્રાપ્ત કરવા માટેના બધા પ્રયત્નો અંગ્રેજો અને તેમનાં હથિયારસજ્જ લશ્કરોએ નિર્દયપણે કચડી નાખ્યા હતા. આશાનું એક પણ કિરણ કયાંય દેખાતું નહોતું અને હિંદની પ્રજા એક નવી પદ્ધતિ અને યુદ્ધના કોઇ નવા હથિયારની શોધમાં, અંધકારમાં અથડાતી હતી. આ મહત્ત્વની પળે, ગાંધીજી અસહકાર અથવા સત્યાગ્રહના પોતાના નવા શસ્ત્ર સાથે તખ્તા ઉપર આવ્યા. એ વખતે એમ જ લાગ્યું કે આઝાદીનો માર્ગ હિંદને બતાવવાને માટે ખુદ ઇશ્વરે જ એમને મોકલ્યા છે. એકદમ, એકી સાથે, આખી પ્રજા એમના ધ્વજની આસપાસ એકત્ર થઇ. હિંદને એનો તારણહાર મળી ગયો. પ્રત્યેક હિંદીનું મુખ આશા અને શ્રદ્ધાના તેજથી ઝળકવા લાગ્યું. આખરી વિજયની સંપૂર્ણ આશા ફરી એકવાર સૌના અંતરમાં શ્રદ્ધા પૂરતી રહી.

"વીશથી વધુ વર્ષ સુધી મહાત્મા ગાંધીજીએ હિંદની મુકિત માટે પરિશ્રમ ઉઠાવ્યો છે અને એમની સાથે હિંદની પ્રજાએ પણ ધ્યેય માટે તપશ્ચર્યા કરી છે.

"૧૯૨૦માં જો ગાંધીજી એમનું નવું શસ્ત્ર લઇને ન ઊતર્યા હોત તો હિંદ આજે પણ શાહીવાદની એડી તળે કચડાતું પડેલું હોત એમ કહેવામાં જરા પણ અતિશયોકિત નથી. હિંદની સ્વાધીનતા માટેની એમની સેવાઓ અસાધારણ છે, અદ્દભુત છે. કોઇ પણ બીજો માણસ, એક જિંદગીમાં, એમણે જે સિદ્ધ કર્યું છે તે સિદ્ધ કરી શકત નહિ. નજદીકના ઇતિહાસમાંથી શોધવા જઇએ તો કંઇક અંશે મુસ્તફા કમાલ એમના જેવા લાગે છે—જેમણે ગયા વિશ્વયુદ્ધ

પછી તુર્કીને પરાજય બાદ પણ બચાવી લીધું અને જેમને તુર્ક લોકો "ગાઝી" તરીકે ઓળખે છે.

"૧૯૩૦થી હિંદના લોકોએ ગાંધીજી પાસેથી, આઝાદીની પ્રાપ્તિ માટેની બે અનિવાર્ય વસ્તુઓ શીખી છે: પહેલાં તો, તેઓ રાષ્ટ્રીય સ્વમાન અને આત્મવિશ્વાસનો પાઠ શીખ્યા છે, જેને પરિણામે આજે એમના જિગરમાં ઇન્કિલાબનો આતશ સળગી રહ્યો છે. બીજું, આજે હિંદના ખૂણેખૂણામાં પસરી ગયેલી એક દેશવ્યાપી, વિરાટ સંસ્થા એમની પાસે જીવતીજાગતી મોજૂદ છે.

"આઝાદીના સીધા રાહ ઉપર મહાત્મા ગાંધીજીએ આપણને મક્કમપણે કદમ ઉઠાવતા કરી દીધા. એ અને બીજા નેતાઓ આજે કારાગારના સળીઆ પાછળ સડે છે; એટલે, મહાત્મા ગાંધીજીએ આરંભેલા કાર્યને હિંદમાંના અને હિંદ બહારના એમના દેશવાસીઓએ પરિપૂર્ણ કરવાનું છે.

"હું તમને યાદ આપવા માગું છું કે ૧૯૨૦ના ડિસેમ્બરમાં નાગપુર ખાતે મળેલી કોંગ્રેસની વાર્ષિક બેઠકમાં મહાત્મા ગાંધીજીએ પોતાનો અસહકારનો કાર્યક્રમ પ્રજા સમક્ષ રજૂ કર્યો ત્યારે એમણે કહેલું કે "હિંદ પાસે આજે શમશેર હોત તો એ શમશેર એણે ખેંચી હોત." આગળ ચાલતાં મહાત્માજીએ એમ કહ્યું હતું કે સશસ્ત્ર બળવો કરી શકાય એમ નથી, તેથી દેશની સમક્ષ અસહકાર અને સત્યાગ્રહ સિવાય બીજો કોઇ જ માર્ગ નથી. ત્યાર બાદ સમય બદલાયો છે અને હવે હિંદની પ્રજા માટે તલવાર ખેંચવાનું શકય બન્યું છે. આપણને હર્ષ અને ગર્વ થાય છે કે હિંદને મુકત કરવા માટેનું લશ્કર સર્જી શકાયું છે અને દિનપ્રતિદિન એની સંખ્યામાં વધારો થતો જાય છે."

હકૂમત–એ–આઝાદ–હિન્દ

ઓકટોબર ૨૧, ૧૯૪૩

સત્તરમી તારીખે ઇપોહ ખાતે આઝાદ હિંદ ફોજની એક નવી તાલીમ છાવણી ઉઘાડવામાં આવી.

હુકૂમત–એ–આઝાદ–હિન્દ

આજનો દિવસ મહાન છે. સ્વાતંત્ર્ય સંઘ તરફથી બોલાવવામાં આવેલી ઐતિહાસિક પરિષદમાં આખા પૂર્વ–એશિયાથી આવેલા પ્રતિનિધિઓ હાજર હતા. ડાઇ ટોઆ ગેકીજો ખાતે સવારના સાડા દશ વાગે પરિષદનું કામકાજ આરંભાયું. શ્રી. આરે. સ્વાગતભાષણ વાંચ્યું અને કર્નલ સી.એ મંત્રીનો હેવાલ વાંચી સંભળાવ્યો. પછી નેતાજી મંચ ઉપર આવ્યા અને દોઢ કલાક સુધી એમણે એક પ્રાણવાન અને પ્રેરક પ્રવચન કર્યું. હજારો માનવીઓની વિરાટ મેદનીને એમણે મંત્રમુગ્ધ કરી નાખી. આઝાદ હિંદની કામચલાઉ સરકાર સ્થાપવાનું મહત્ત્વ એમણે હિંદુસ્તાનીમાં સમજાવ્યું. શ્રી. સી.એ એનો તામીલ ભાષામાં અનુવાદ કર્યો.

એ વિશાળ ખંડમાં જ્યારે નેતાજીએ હિંદને વફાદાર રહેવાના શપથ લીધા ત્યારે દીર્ઘ અને બુલંદ હર્ષનાદોના પડછંદાથી એ આખો યે ઓરડો ગાજી રહ્યો. એક વખતે તો એમનાં દિલમાં ઊર્મિનો એવો આવેગ આવી ગયો કે મિનિટો સુધી એ બોલી જ શક્યા નહિ... અને એમના અવાજને એ આવેગે કંઠમાંથી બહાર જ નીકળવા ન દીધો. એ શપથના એકેએક શબ્દ અને એ પ્રસંગની ગંભીર પવિત્રતાએ એમના ઉપર કેટલી ઊંડી અસર પાડી હતી એ એકાએક ઉછળી આવેલી એ જબ્બર લાગણીથી દેખાઇ આવ્યું. ઘડીકમાં બુલંદ અને ઘડીકમાં મુલાયમ બનતા, પણ સતત મક્કમ રહેતા અવાજે એમણે નીચે મુજબ વાંચ્યું:

"ઇશ્વરને નામે હું આ પવિત્ર સોગન લઉં છું કે, હિંદને અને મારા આડત્રીસ કરોડ બાંધવોને મુક્ત કરવા માટે હું, સુભાષચન્દ્ર બોઝ, મારા જીવનના અંતિમ શ્વાસ સુધી, આઝાદીના ધર્મયુદ્ધને ચાલુ રાખીશ".

અને અહીં એ થંભી ગયા. એમ લાગ્યું કે, જાણે એમનાથી નહિ રહેવાય, ઊર્મિના ભારથી એ રડી પડશે. અમે બધાં એકેએક જણ, એ સોગંદનો શબ્દેશબ્દ, એમની સાથે જ, મનમાં બોલતાં જતાં હતાં. અમે બધાં આગળ નમેલાં હતાં. નેતાજીની વજ્ર સમી પ્રતિમાને જાણે શારીરિક રીતે સ્પર્શ કરવાની કોશિશ ન કરતાં હોઇએ ! સાંભળનારાં બધાં જ, જાણે એમના વ્યક્તિત્વમાં ભળી ગયાં હતાં. સોય પડે તો પણ સંભળાય એવી શાંતિ વ્યાપેલી હતી. બીડેલા હોઠ, બંધ કરેલી આંખો અને ઉત્કંઠાથી ભરપૂર દેહે અમે, એ, નિજની ઊર્મિના આવેગ ઉપર વિજય મેળવે એની રાહ જોઇ રહ્યાં. થોડી વારમાં જ મંગલ, ગંભીર સ્વરે એમણે બોલવાનું શરૂ કર્યું:

"હમેશાં હું હિંદનો ખિદમતગાર રહીશ અને મારાં આડત્રીસ કરોડ હિંદી ભાઇબહેનોના કલ્યાણનું જતન કરીશ એ જ મારી મોટામાં મોટી ફરજ રહેશે.

"સ્વાધીનતા મેળવ્યા પછી પણ, એ સ્વાધીનતા સાચવી રાખવા માટે મારા લોહીનું છેલ્લામાં છેલ્લું બિન્દુ રેડવા માટે પણ હું હમેશાં તૈયાર રહીશ".

તંગ વાતાવરણમાં સ્વસ્થતા આવી. અમે ફરીથી સહેલાઇથી શ્વાસ લઇ શક્યાં.

પછી કામચલાઉ આઝાદ સરકારનો દરેક સભ્ય એ વિશાળ પરિષદની સમક્ષ આવ્યો. દરેક જણે આ પ્રમાણે સોગંદ લીધા:

"ઇશ્વરને નામે હું આ પવિત્ર સોગંદ લઉં છું કે, હિંદ અને મારા આડત્રીસ કરોડ બાંધવોને આઝાદ કરવા માટે હું, આપણા નેતા સુભાષચંદ્ર બોઝને સંપૂર્ણપણે વફાદાર રહીશ અને મારી જિંદગી તેમ જ મારું સર્વસ્વ એ કાર્ય માટે કુરબાન કરવા માટે હમેશાં તૈયાર રહીશ."

ત્યાર પછી આઝાદ હિંદની સરકારનું જાહેરનામું અમારી સમક્ષ વાંચવામાં આવ્યું હતું. ભવિષ્યમાં હિંદના ઇતિહાસમાં દેશભક્ત હિંદીઓના શોણિતથી લખાનાર એ ઐતિહાસિક જાહેરનામાને હું આખું જ અહીં નોંધી લઉં:

"૧૭૫૭માં બંગાળામાં અંગ્રેજોને હાથે પહેલો પરાજય ખાધા બાદ હિંદીઓએ એકસો વરસના ગાળામાં અંગ્રેજો સાથે સતત અને સખત લડાઇઓ લડયા કરી. આ સમયનો ઇતિહાસ અનન્ય વીરતા અને કુરબાનીનાં ઉદાહરણોથી છલકાય છે; એ ઇતિહાસનાં પાનાઓમાં બંગાળના સિરાજ-ઉદ-દૌલા અને મોહનલાલ; દક્ષિણ હિંદના હૈદરઅલી, ટીપૂ સુલતાન અને વેલુ થામ્પી; મહારાષ્ટ્રના આપ્પાસાહેબ ભોંસલે અને બાજીરાવ પેશ્વા; અયોધ્યાની બેગમો, પંજાબના સરદાર શ્યામસિંહ અટારીવાલા અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ; તાતીઆ ટોપે, ડુમરાવના મહારાજ કુંવરસિંધ અને નાનાસાહેબનાં નામ હમેશને માટે સોનેરી અક્ષરે કોતરાયેલાં રહેશે. આપણા કમભાગ્યે, આપણા પૂર્વજોને શરૂઆતમાં એ ખ્યાલ ન આવ્યો કે, અંગ્રેજો આખા હિંદને ગળી જવા માગે છે અને તેથી તેમણે દુશ્મન સામે એક સંગઠિત મોરચો ન રચ્યો. આખરે જ્યારે હિંદના લોકોને પરિસ્થિતિનું સાચું ભાન થયું ત્યારે તેમણે એકત્ર થઇને જંગ ઉપાડયો અને ૧૮૫૭ની સાલમાં, બહાદુરશાહના ઝંડા નીચે, સ્વાધીનતાના શહીદો તરીકે આખરી યુદ્ધ લડયા,

હુકૂમત–એ–આઝાદ–હિન્દ

"૧૮૫૭ પછી, અંગ્રેજોએ હિંદી પ્રજા પાસેથી, બળજબરીથી હથિયારો ખૂચવી લીધાં અને એમને માથે દમન અને ત્રાસનું ચક્ર ચલાવ્યું. થોડાક સમય સુધી પ્રજા એનાથી દબાયેલી પડી રહી. પરંતુ ૧૮૮૫ની સાલમાં હિંદી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)નો જન્મ થતાં ફરી પાછી નવી જાગ્રતિ આવી. ૧૮૮૫થી તે ગયા વિશ્વયુદ્ધના અંત સુધી, હિંદની પ્રજાએ ગુમાવેલી આઝાદી પાછી મેળવવા માટેના પ્રયત્નમાં શક્ય હોય એટલી બધી રીતો અજમાવી જોઇ–ચળવળ અને પ્રચારકાર્ય, બ્રિટિશ માલનો બહિષ્કાર, ત્રાસવાદ અને ભાંગફોડ અને છેલ્લે, હથિયારસજ્જ બંડ પણ. આ બધા પ્રયત્નો તત્કાળ પૂરતા નિષ્ફળ ગયા. છેલ્લે ૧૯૨૦માં નિષ્ફળ બનેલી હિંદી પ્રજા નવા માર્ગની શોધમાં ફાંફાં મારતી હતી ત્યારે મહાત્મા ગાંધીજી અસહકાર અને સવિનયભંગનું નવું શસ્ત્ર લઇને આગળ આવ્યા.

"આ રીતે હિંદના લોકોએ પોતાનું રાજકીય આત્મભાન પાછું મેળવ્યું એટલું જ નહિ, પણ ફરી એક વાર પોતાનું રાજકીય વ્યક્તિત્વ એમણે પ્રાપ્ત કરી લીધું. તેઓ એક જ અવાજે બોલવા લાગ્યા અને એક જ સર્વસામાન્ય ધ્યેય માટે સંગઠિત નિશ્ચયબળથી મથવા લાગ્યા. ૧૯૩૭થી તે ૧૯૩૯ સુધી, આઠ પ્રાંતોમાંનાં કોંગ્રેસ પ્રધાનમંડળોના કાર્ય દ્વારા, પોતાનું તંત્ર સમાલી શકવા પોતે સમર્થ છે એનો પુરાવો એમણે આપ્યો. આ રીતે, આ વિશ્વયુદ્ધને વખતે, હિંદની મુક્તિ માટેના અંતિમ સંગ્રામનો મોકો બરાબર પાકી ગયો છે...

"અંગ્રેજી રાજ્યે પોતાના છળકપટથી હિંદીઓને બનાવી લઇને તથા લૂંટબાજી અને શોષણથી તેમને ભૂખમરા અને મૃત્યુના મુખમાં ધકેલી દઇને હિંદી પ્રજાની શુભેચ્છા સદંતર ગુમાવી દીધેલ છે અને આજે એ તદ્દન ડગમગતી સ્થિતિમાં જીવે છે. એ કમનસીબ રાજ્યની છેલ્લી નિશાનીઓનો નાશ કરવા માટે એક જ જ્વાળાની જરૂર છે. એ જ્વાળા પ્રગટાવવી એ કાર્ય હિંદની આઝાદ ફોજનું છે.

"આઝાદીની ઉષા ઊગવાની ઘડી આવી પહોંચી છે તે વખતે, અત્યારે, હિંદી લોકોએ એમની કામચલાઉ સરકાર સ્થાપીને એ સરકારના ઝંડા નીચે આખરી જંગ ખેલી લેવો જોઇએ. પણ બધા હિંદી નેતાઓ જેલમાં હોવાને કારણે તથા સર્વ હિંદીઓ સદંતર શસ્ત્રવિહોણા હોવાને લીધે, ખુદ હિંદમાં કામચલાઉ સરકાર સ્થાપવાનું અથવા તો એવી સરકારની નેતાગીરી નીચે સશસ્ત્ર જંગ શરૂ કરવાનું શક્ય નથી. એથી, પૂર્વ–એશિયામાંના હિંદ સ્વાતંત્ર્ય

સંઘે", હિંદના તેમ જ બહારના સર્વ દેશભક્ત હિંદીઓના ટેકાથી, એ કાર્ય ઉપાડી લેવું જોઇએ અને એ સંઘે ઊભી કરેલી **આઝાદ હિંદ ફોજની** સહાયથી આઝાદીનું આખરી યુદ્ધ ખેલવું જોઇએ. એ એની પવિત્ર ફરજ છે. ધર્મ છે.

"હકૂમતે આઝાદ હિંદને દરેક હિંદીએ વફાદાર રહેવું જોઇએ. એ વફાદારી મેળવવાનો એનો અધિકાર છે. એ હકૂમત (સરકાર) પોતાના બધા જ નાગરિકોને રાજકીય સ્વાતંત્ર્ય તથા સમાન અધિકારો અને સમાન તકોની બાંહેધરી આપે છે. આખી જ પ્રજા અને એના સર્વ વિભાગો માટે સુખ અને આબાદી પ્રાપ્ત કરવી, દેશનાં બધાં જ બાળકોને એક સરખી રીતે સંભાળવાં અને પરદેશી સરકારે ભૂતકાળમાં કપટથી પોષેલા સર્વ ભેદોને નાબૂદ કરવા એ એનો મકકમ નિરધાર છે.

"ઇશ્વરને નામે, હિંદના લોકોને એક પ્રજામાં પલટાવનાર ભૂતકાલીન પેઢીઓને નામે અને આપણા માટે વીરતા અને શહાદતનો ભવ્ય વારસો મૂકી જનાર સદ્‌ગત વીરોને નામે અમે હિંદના લોકોને અમારા ઝંડા નીચે એકત્ર થવાની અને હિંદની આઝાદી માટે જંગ ખેલવાની હાકલ કરીએ છીએ. અંગ્રેજો અને હિંદમાંના તેમના મળતીઆઓ સામે આખરી યુદ્ધ આરંભવાની અને એ જંગ બહાદુરી, ધૈર્ય અને આખરી વિજય ઉપરની અચલ શ્રદ્ધા સાથે ખેલવાની અમે હાકલ કરીએ છીએ. હિંદની ધરતી પરથી દુશ્મનને હાંકી કાઢવામાં આવે અને હિંદના લોકો ફરી એક વાર સ્વાધીન થાય ત્યાં સુધી આ જંગ ખેલવાની અમે હાકલ કરીએ છીએ."

આ જાહેરનામા નીચે, આરઝી હકૂમત-એ-આઝાદ-હિંદ તરફથી નીચેની વ્યકિતઓએ સહી કરી છે:

શ્રી. સુભાષચંદ્ર બોઝ–સરકારના વડા, વઝીરે આઝમ અને યુદ્ધ તથા પરદેશ ખાતાંના પ્રધાન; શ્રીમતી લક્ષ્મી–સ્ત્રીઓના સંગઠન ખાતાના પ્રધાન; શ્રી. એસ. એ. આયર–પ્રચાર ખાતાંના પ્રધાન; લેફ્ટેનન્ટ એ. સી. ચેટરજી–નાણા ખાતાંના પ્રધાન; લેફ્ટેનન્ટ કર્નલ અઝીઝ એહમદ, લેફ્ટેનન્ટ કર્નલ એન. એસ. ભગત, લેફ્ટેનન્ટ કર્નલ જે. કે. ભોંસલે, લેફ્ટેનન્ટ કર્નલ ગુલઝારસિંઘ, લેફ્ટેનન્ટ કર્નલ એમ. ઝેડ. કયાની, લેફ્ટેનન્ટ કર્નલ એ. ડી. લોકનાથન, લેફ્ટેનન્ટ કર્નલ એહસાન કાદીર, લેફ્ટેનન્ટ કર્નલ શાહનવાઝ–લશ્કરના પ્રતિનિધિઓ; શ્રી. એ. એમ. સહાય–પ્રધાનના દરજ્જાના મંત્રી; શ્રી. રાસબિહારી બોઝ–સૌથી વડા સલાહકાર; શ્રી. કરીમ ગની,

શ્રી. દેવનાથ દાસ, શ્રી. ડી. એમ. ખાન, શ્રી. એ. યેલાપ્પા, શ્રી જે. થીવી, સરદાર ઇશરસિંઘ–સલાહકારો; શ્રી. એ. એન. સરકાર–ધારાકીય સલાહકાર.

નેતાજીના પ્રવચનમાંથી પણ કેટલાક ફકરા હું અહીં ઉતારું છું:

"છેલ્લા થોડાક મહિનાથી હિંદમાંની પરિસ્થિતિ આપણા કાર્યને સાનુકૂળ નીવડે એ રીતે બદલાતી રહી છે, જો કે એને લીધે પ્રજાને તો વધુ આપત્તિઓ વેઠવી પડી છે.

"હિંદના ઘણા ભાગોમાં, ખાસ કરીને બંગાળમાં પ્રવર્તતા દુકાળને લીધે હિંદમાંનો રાજકીય અસંતોષ અને ખળભળાટ ઘણો વધી ગયો છે. લગભગ ચાર વરસથી બ્રિટનના યુદ્ધહેતુઓ માટે હિંદના ખોરાક અને બીજાં સાધનોનું નિર્દયપણે શોષણ થવાને લીધે જ, મોટે ભાગે, આ દુકાળ આવ્યો છે એ ચોકકસ છે. તમે જાણો છો કે, આપણા સંઘ તરફથી એક લાખ ટન ચોખા, હિંદમાં ભૂખે મરતા આપણા દેશબાંધવો માટે મફત અને બિનશરતે મોકલવાની ઑફર મેં કરી હતી અને એ હપ્તો તો પહેલો જ હતો. પણ હિંદમાંના બ્રિટિશ સત્તાધિકારીઓએ એ ઑફરને સ્વીકારી નહિ એટલું જ નહિ, પણ બદલામાં સામી ગાળો દીધી.

"તમે કદાચ જાણતા હશો કે, પહેલી જુલાઇથી તે અત્યાર સુધીમાં મેં મલાયા, તાઈલૅન્ડ, બર્મા અને ઇન્ડો–ચાઇનામાં એક કરતાં વધુ વાર પ્રવાસ કર્યો છે. એ દરેક સ્થળે, આપણા દેશવાસીઓમાં મને જે ઉત્સાહનાં દર્શન થયાં તેને લીધે મને પ્રબળ પ્રોત્સાહન મળ્યું છે એટલું જ નહિ, પણ મારી શ્રદ્ધા અને આશામાં ઘણો જ વધારો થયો છે.

"હું તમને એ વાતની પણ ખબર આપવા માગું છું કે, અમે આગામી યુદ્ધ માટે યોજનાઓ અને તૈયારીઓ કરીએ છીએ. એ ઉપરાંત યુદ્ધોત્તર પુનર્રચના માટેની યોજનાઓ અને તૈયારીઓ કરતા રહ્યા છીએ. એંગ્લો–અમેરિકનો અને તેમના મળતીઆઓને આપણા દેશમાંથી કાઢી મૂકવામાં આવશે ત્યારે ત્યાં શી સ્થિતિ હશે એની કલ્પના આપણને અત્યારે આવી શકે છે. તેથી અમારા વડા મથકે અમે પુનર્રચનાનું ખાસ એક ખાતું ઉઘાડયું છે અને ત્યાં આગળ યુદ્ધોત્તર પુનર્રચનાના પ્રશ્નોનો અભ્યાસ કરવામાં આવે છે. હિંદમાં આપણી લશ્કરી પ્રવૃત્તિઓ જેમ જેમ આગળ વધે તેમ તેમ, સાથે સાથે, ઝડપી

પુનર્રચનાનું કામ પણ આગળ વધતું જાય તે માટે અત્યારથી જ અમે માણસોને તાલીમ આપી રહ્યા છીએ. ટૂંકમાં, આઝાદીના આગામી યુદ્ધને માટે તથા ત્યાર પછી આપણી ઉપર આવી પડનાર કાર્ય માટેની સર્વ તૈયારીઓ અત્યારે આપણે કરી રહ્યા છીએ અને એ તૈયારીમાં કોઇ જાતની ઊણપ રહેવા દેતા નથી.

"આઝાદ હિંદની આવી સરકાર હિંદમાં સ્થાપી શકાઇ હોત અને એ સરકારે સ્વાધીનતા માટેનો આખરી જંગ આરંભ્યો હોત તો ઘણું સારું થયું હોત એ દેખીતું છે. પણ આજે હિંદમાંની સ્થિતિ અને બધા જ નામાંકિત અને સન્માનિત નેતાઓ જેલમાં છે એ બિના લક્ષમાં રાખતાં, હિંદની સરહદમાં કામચલાઉ આઝાદ સરકારની સ્થાપના થાય એવી આશા સેવવી વ્યર્થ છે. એ જ પ્રમાણે સ્વાધીનતા માટેના આખરી જંગનું સંયોજન અથવા શરૂઆત પણ દેશમાંથી થઇ શકે એ આશા વ્યર્થ છે. એટલા માટે પૂર્વ-એશિયામાંના હિંદીઓએ એ ગંભીર કાર્ય માથે ઉપાડવાનું છે.

"આપણા દિલમાં લેશ માત્ર પણ શંકા નથી કે, જ્યારે આપણી ફોજ સાથે આપણે હિંદની સરહદ ઓળંગીશું અને આપણો રાષ્ટ્રીય ઝંડો હિંદની ધરતી પર રોપીશું ત્યારે આખા હિંદમાં એક સાચી ક્રાન્તિ ફાટી નીકળશે અને એ ક્રાન્તિ હિંદમાંની બ્રિટિશ હકૂમતનો આખરી અંત આણશે.

"આઝાદ હિંદ ફોજના સર્જનથી પૂર્વ-એશિયાના આખા આઝાદી આંદોલનને એક પ્રકારની વાસ્તવિકતા અને ગંભીરતા સાંપડી છે. જો આ ફોજ ઊભી કરી શકાઇ ન હોત તો પૂર્વ-એશિયામાંનો સ્વાતંત્ર્ય સંઘ માત્ર પ્રચાર કરનાર સંસ્થા જ બની રહેત. પણ આઝાદ ફોજ સર્જી શકાઇ છે એટલે જ આઝાદ હિંદની કામચલાઉ સરકાર સ્થાપવાનું શક્ય તેમ જ આવશ્યક બન્યું છે. આ સરકારનો જન્મ સંઘમાંથી થયો છે અને એનો હેતુ હિંદની સ્વાધીનતાનો આખરી સંગ્રામ આરંભવાનો અને ચલાવવાનો છે.

"આવી કામચલાઉ આઝાદ સરકાર ઊભી કરવામાં આપણે એક બાજુએ હિંદની પરિસ્થિતિની આવશ્યકતા પરિપૂર્ણ કરીએ છીએ અને બીજી બાજુએ ઇતિહાસને પગલે અનુસરીએ છીએ. થોડા વખત પહેલાંનો જ ઇતિહાસ જોઇએ તો, આઇરિશ પ્રજાએ ૧૯૧૬માં, એની કામચલાઉ સરકાર સ્થાપી હતી. ચેંક લોકોએ પણ ગત મહાયુદ્ધ દરમિયાન એમ જ કરેલું. તુર્કોએ મુસ્તફા

કમાલની નેતાગીરી નીચે, આનાતોલીઆ ખાતે, પોતાની કામચલાઉ સરકાર સ્થાપી હતી..."

અને પછી હજારો કંઠથી રાષ્ટ્રગીતના બુલંદ સ્વરો અનેક ઝરણાંઓથી રચાતી મહાનદીની જેમ એકત્ર બની વહેવા લાગ્યા:

શુભ સુખ ચૈન કી બરખા બરસે હૈ ભારત ભાગ્ય જાગા,
પંજાબ સિંધ ગુજરાત મરાઠા દ્રાવિડ ઉત્કલ બંગા,
ચંચલ સાગર બિંધ હિમાલય નીલા જમના ગંગા,
તેરે નિત ગુણ ગાએ,
તુઝસે જીવન પાએ,
સબ તન પાએ આશા;
સૂરજ બન કર જગ પર ચમકે ભારત નામ સુભાગા !
જય હો, જય હો, જય હો !
જય હો, જય હો, જય હો !
સબ કે દિલ મેં પ્રીત બસાએ તેરી મીઠી બાની,
હર સુબે કે રહને વાલે હર મઝહબ કે પ્રાની,
સબ ભેદ ઔર ફરક મિટાકે,
સબ ગોદ મેં તેરી આકે,
ગૂંથે પ્રેમ કી માલા;
સૂરજ બન કર જગ પર ચમકે ભારત નામ સુભાગા !
જય હો, જય હો, જય હો !
જય હો, જય હો, જય હો !
સુબહ સવેરે પંખ પંખેરું તેરે હિ ગુન ગાએં,
બાસ ભરી ભરપુર હવાએં જીવન મેં રૂત લાએં,
સબ મિલ કર હિંદ પુકારે,
જય આઝાદ હિંદ કે નારે,
પિયારા દેશ હમારા !

સૂરજ બન કર જગ પર ચમકે ભારત નામ સુભાગા !
જય હો, જય હો, જય હો!
જય હો, જય હો, જય હો !
ભારત નામ સુભાગા !

ઑક્ટોબર ૨૨, ૧૯૪૩

આજે અમારો દિવસ હતો. નેતાજીએ ધ્વજ ફરકાવ્યો અને "ઝાંસીની રાણી" નામે લશ્કરી ટુકડીની છાવણીનું ઉદ્‌ઘાટન કર્યું. આજના દિવસની પસંદગી બરાબર હતી. ઝાંસીની રાણીનો એ જન્મદિવસ હતો. એ જ દિવસે પૂર્વ-એશિયાની વર્તમાન ઝાંસીની રાણીઓના પુનર્જન્મ ટાણે નેતાજીએ દાયણનું કામ કરી બતાવ્યું.

બરાબર સાંજે પાંચ વાગ્યે નેતાજી આવી પહોંચ્યા. શ્રીમતી સી., જે અમારા શ્યોનાન સ્ત્રી-વિભાગનાં પ્રમુખ છે, તેમણે તેમને સત્કાર્યા. કેપ્ટન શ્રીમતી એલ. નેતાજીની સાથે હતાં. તેમણે અમારી સલામી (ગાર્ડ ઑફ ઑનર)ને નિરખી. તેમણે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. હાથમાં રાઇફલો સાથે, પ્રતિમાઓની જેમ નીરવ ઊભાં રહીને, અમે તેમનું ભાષણ સાંભળ્યું. યુદ્ધભૂમિમાં લડનારા સૈનિકો બનવાની અમારી યોગ્યતા સંબંધે નેતાજીના મન ઉપર પ્રતિકૂળ છાપ કદાચ પડી જશે એવો અમારા મનમાં ભય હતો, એટલે તેમના ભાષણ વખતે અમે જાણે શ્વાસ પણ લેવાનું બંધ કર્યું હોય એવી શાંતતા અને સ્તબ્ધતા જાળવી હતી.

નેતાજી બોલ્યા :

"બહેનો ! ઝાંસીની રાણી ટુકડી છાવણીનું ઉદ્‌ઘાટન એ પૂર્વ-એશિયામાંનાં આપણા આંદોલનની પ્રગતિમાં એક મહત્ત્વનું સીમાચિહ્ન છે.

"આપણા રાષ્ટ્રનું પુનરુત્થાન કરવાના મહાન કાર્યમાં આપણે લાગી ગયા છીએ. અને તેથી આપણી સ્ત્રીજનતામાં નવા જીવનનો સંચાર થાય એ ખરેખર બંધબેસતું છે.

"આપણો ભૂતકાળ મહાન અને કીર્તિવંતો છે. ભારતનો ભૂતકાળ જો તેજસ્વી ન હોત તો તેણે ઝાંસીની રાણી જેવી વીરાંગનાને ઉત્પન્ન કરી ન હોત.

એ જ રીતે પ્રાચીન ભારતની મૈત્રીયી, મહારાષ્ટ્રની અહલ્યાબાઇ, બંગાળની રાણી ભવાની, રઝિયા બેગમ તથા નૂરજહાં જેમણે હિંદમાં બ્રિટિશ રાજ્ય પૂર્વેના તાજેતરનાજ ઐતિહાસિક કાળમાં તેજસ્વી રીતે રાજ્યકારભાર ચલાવ્યો હતો એવી વ્યક્તિઓ પણ ભારતે નિપજાવી છે. હિંદભૂમિની ફળદ્રુપતા પર મને પૂરો વિશ્વાસ છે. મને ખાતરી છે કે ભૂતકાળની પેઠે હિંદ પણ જરૂર ભારતની નારીલતા ઉપર ઉત્તમ પુષ્પો ઉગાડશે.

"આ પ્રસંગે મારે ઝાંસીની રાણી સંબંધે થોડા શબ્દો કહેવા જોઇએ. જ્યારે ઝાંસીની રાણીએ પોતાની લડત શરૂ કરી ત્યારે તે માત્ર ૨૦ વર્ષની હતી. ૨૦ વર્ષની વયની એક છોકરી ઘોડેસવારી કરે અને ખુલ્લી લડાઇમાં ખડગ વીંઝી જાણે એનો અર્થ શું તે તમે કલ્પી શકશો. તેનામાં કેટલું ધૈર્ય અને કેવો જુસ્સો હશે તે પણ તમે સહેલાઇથી સમજી શકશો. તેની સામે જે અંગ્રેજ સેનાપતિ લડયો હતો તેણે કહ્યું છે કે 'તે બળવાખોરોમાં ઉત્તમ અને વીરોત્તમ નારી હતી. પહેલાં તે ઝાંસીના કિલ્લામાં રહીને લડી, અને જ્યારે કિલ્લો ઘેરાયો ત્યારે તે એક લશ્કરી ટુકડી સાથે નાસી છૂટીને કાલ્પી ગઇ, જ્યાંથી પણ તેણે લડાઇ આગળ ચલાવી. એ યુદ્ધભૂમિમાંથી પણ જ્યારે તેને પાછા હઠવું પડયું, ત્યારે તેણે તાત્યા ટોપેનો સાથ કર્યો. ગ્વાલિયરના કિલ્લા પર હલ્લો કરીને તેને કબજે લીધો અને તે કિલ્લાનો યુદ્ધમથક તરીકે ઉપયોગ કરીને તેણે યુદ્ધ આગળ ચલાવ્યું; અને એ છેલ્લી તથા મહાન લડાઇમાં લડતાં લડતાં તે મૃત્યુ પામી.

"દુર્ભાગ્યે ઝાંસીની રાણી હારી ગઇ તે તેનો પરાજય નહોતો પણ હિંદનો પરાજય હતો. તે મૃત્યુ પામી પણ તેનો જુસ્સો કદાપિ મૃત્યુ પામી શકતો નથી. પુનઃ એક વાર હિંદ ઝાંસીની રાણીને ઉત્પન્ન કરી શકે અને તેને વિજય ભણી કૂચ કરાવી શકે."

આજે અમે છાવણીમાં ૧૫૬ સ્ત્રીઓ છીએ. આ વડી છાવણી છે. તાઇલેંડ અને બ્રહ્મદેશમાં સ્ત્રીઓની બીજી છાવણીઓ પણ છે. અમે એક મલાયામાંથી જ ૧૦૦૦ સ્ત્રી–સૈનિકો એકત્ર કરવાનું માથે લીધું છે.

રાત્રે જ્યારે હું ચાલતી ઘેર ગઇ ત્યારે હું મોરની પેઠે કાં તો નાચતી હોઇશ અને માથું ઊંચુ રાખીને જતી હોઇશ. પી.એ મારી જરાક મજાક પણ કરી પણ મને તે મજાકની દરકાર નથી. અમારા જેવી સૈનિક સ્ત્રીઓ તરફ આવું

તિરસ્કારભર્યું વલણ જૂના વિચારના મર્દો બતાવે છે તે તેમની પોકળ મુરબ્બીવટ હોય છે, પરંતુ પી.! થોડો વખત જવા દો, અને અમે તમને બતાવી આપીશું કે અમે ખરેખર મજબૂત સૈનિકો બની શકીએ તેવી છીએ. તે વખતે તમને સમજાશે કે નાની છછુંદર કે મોટા ઊંદરને જોઈને ચીસ પાડી નાસતી બીરુ બૈરી બદલાઈને એ ઝાંસીની રાણી બની ગઈ છે કે જે પોતાના દેશ માટે, પોતાની દેશભક્તિ માટે શત્રુનો ઘાત કરતાં પણ અચકાશે નહિ.

ઑક્ટોબર ૨૩, ૧૯૪૩

જાપાનની સરકારે અમારી આઝાદ હિંદ સરકારને માન્ય રાખી છે અને આઝાદ હિંદ સરકારનું ધ્યેય–હિંદની સંપૂર્ણ આઝાદી–સિદ્ધ કરવા માટેના આઝાદ હિંદ સરકારના તમામ પ્રયત્નોમાં શક્ય હોય એટલો બધો સહકાર અને સહાય આપવાનું વચન આપ્યું છે.

હું હમણાં છાવણીમાં રહું છું. ડ્રિલ, વ્યાયામ અને બંદૂક ચલાવવાની તાલીમનો અમારો રોજિંદો કાર્યક્રમ શરૂ થઈ ગયો છે. મને કહેવામાં આવ્યું છે કે મારે અમુક વધુ કલાક તાલીમ લઈને, અફસર તરીકે તૈયાર થવું. અને હું એ કરવાની છું. અમારું લશ્કર હિંદમાં આગળ વધતું જાય ત્યારે મુક્ત થયેલા પ્રદેશ માટે વહીવટ ચલાવનારા તૈયાર કરવા માટેનું તાલીમકેન્દ્ર પણ ખોલવામાં આવ્યું છે. ખૂબ ઉચ્ચ લાયકાતોવાળા માણસોને જ લેવામાં આવે છે. એમાં ટેકનિશ્યનો છે અને વહીવટ–નિષ્ણાતો પણ છે.

ઑક્ટોબર ૨૫, ૧૯૪૩

ગઈ રાત્રે, બરાબર બાર વાગ્યા પછી પાંચ મિનિટે, આઝાદ હિંદ સરકારના પ્રધાનમંડળની બીજી બેઠકમાં નીચેનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો :

"આઝાદ હિંદની કામચલાઉ સરકાર બ્રિટન અને યુનાઈટેડ સ્ટેટ્સ સામે યુદ્ધ જાહેર કરે છે."

નેતાજીએ જ્યારે આ વાત, ગઈ કાલે સાંજે, ભવ્ય મ્યુનિસિપલ મહાલયની સામેના મેદાનમાં મળેલી વિરાટ સભા આગળ જાહેર કરી ત્યારે હર્ષનાદો અને જયજયકારનાં સૂત્રોથી જાણે આકાશ ભેદાઈ ગયું અને પ્રમત્ત પોકારોના અવાજોએ એ સમાચારને વધાવી લીધા, પૂરા પા કલાક સુધી. પચાસ હજારથી વધુ માણસોની એ વિરાટ મેદનીનો ઉત્સાહ અદમ્ય હતો. કેટલી યે જગ્યાએ ઉત્સાહ-

ઘેલી એ મેદનીએ "કોર્ડન" તોડીને મંચ સુધી પહોંચવાનો પ્રયત્ન કર્યો, અને જ્યારે નેતાજીએ એમને કહ્યું કે "જ્યાં હો ત્યાં ઊભા રહો અને તમારી સંમતિ હાથ ઊંચા કરીને દર્શાવો" ત્યારે ઊંચા થયેલા હાથનું એક વિશાળ વન ઊભું થઇ ગયું. પછી ફોજના સિપાહીઓએ એમની બંદૂકો ઊંચકી અને પોતાના ખભા ઉપર ઊંચી કરી તથા સંગીનોના એક વિરાટ સમૂહથી પોતાની સંમતિ આપી. એ દૃશ્ય હું કોઇ દિવસ ભૂલી શકીશ નહિ. મેં પણ મારી સંગીન ખુલ્લી કરી અને એને ઊંચે ધરી રાખી. પાગલપણે અમે અમારો યુદ્ધ–નાદ પોકરી રહ્યાં હતાં: "ચલો દિલ્લી! ચલો દિલ્લી!"

તાકુએતુસી સમક્ષ પાદંગ ખાતે ગઇ કાલે ફોજની લશ્કરી કવાયત પણ ગોઠવવામાં આવી હતી. બરાબર સાડા દશ વાગે નેતાજી આવ્યા. એ એકદમ નિયમિત છે. સમયપાલન કરનારા છે. પોતાના પ્રધાનમંડળની સાથે નેતાજીએ ફોજનું નિરીક્ષણ કર્યું અને સલામી લીધી. હૈયું હચમચાવી નાખે એવા અત્યંત પ્રેરક ભાષણથી એમણે સૈનિકોના જુસ્સામાં આભ–ચૂમતી ભરતી આણી. અમારી ટુકડી પણ ત્યાં હતી. જો નેતાજીએ દેશને માટે મારું માથું કાપી આપવાની માગણી કરી હોત, તો, મેં એ ને એ વખતે, ત્યાં જ મારું મસ્તક સમર્પ્યું હોત.

નેતાજીએ કહ્યું કે "ફોજની મકસદ એક જ છે: હિંદને મુક્ત કરવું. ફોજનો અંતિમ મુકામ એક જ છે: દિલ્લીનો જૂનો લાલ કિલ્લો" એમણે એ પણ પૂછ્યું કે, "કોઇ એવું છે ખરું કે જે ઉત્સાહના પ્રારંભિક પૂરથી ખેંચાઇને ફોજમાં જોડાઇ ગયું હોય અને હવે એમાંથી નીકળી જવા માગતું હોય? જો કોઇ હોય તો તે સાફ કહી દે અને ફોજમાંથી નીકળી જાય. પોતાની સ્વતંત્ર મુનસફીથી જોડાયેલા મુક્ત માનવીઓનું લશ્કર આ ફોજ છે અને રહેશે એ અંગે કોઇ જાતની શંકા રહેવી જોઇએ નહિ. આ બાબતમાં કોઇ પણ જાતની બળજબરી ન થવી જોઇએ." આગળ ચાલતાં એમણે કહ્યું કે "દુનિયા જુએ કે કોઇ માણસ ફોજમાંથી નીકળી જવા ઇચ્છતું નથી." એમના વ્યાખ્યાનનો એક આખો ફકરો હું નીચે ઉતારું છું:

"જ્યારે આઝાદ હિંદ ફોજ પોતાનું યુદ્ધ શરૂ કરશે ત્યારે એ એની પોતાની સરકારની નેતાગીરી નીચે જ કરશે; અને જ્યારે તે હિંદમાં કૂચ કરશે ત્યારે મુક્ત થયેલા પ્રદેશોની હકૂમત, આપોઆપ, આપણી આઝાદ સરકારને

હસ્તક આવશે...હિંદની મુક્તિ હિંદી પ્રયત્ન અને કુરબાનીથી જ સિદ્ધ થશે. આપણી પોતાની જ ફોજથી સિદ્ધ થશે."

ઑક્ટોબર ૨૬, ૧૯૪૩

જાલાન અને બેસાર સ્ટેડીઅમ ખાતે, જ્યાં નેતાજીએ ગઇ કાલે એક નવા મોરચા ઉપર વિજય મેળવ્યો, ત્યાંના પ્રેરક બનાવોની નોંધ મારે કરવી જ જોઇએ.

નેતાજી જ્યારથી સ્યોનાનમાં આવ્યા ત્યારથી એમના ઉપર પૈસા અને અન્ય ભેટોનો વરસાદ વરસ્યા જ કરે છે, પણ એટલો ફાળો એમને પૂરતો લાગતો નથી. એટલે નેતાજીએ ગઇ કાલે સ્ટેડીઅમ ખાતે એક ખાસ "અપીલ" ધનવાન હિંદી વેપારીઓને ઉદ્દેશીને કરી.

નેતાજી ગર્જ્યા:

"આઝાદ હિંદ ફોજમાં સ્વેચ્છાએ જોડાયેલા અને અત્યારે તાલીમ લેતા માણસો તરફ નજર કરો. એમને ખબર નથી કે હિંદને આઝાદ બનેલું જોવા માટે એમનામાંથી કેટલા જણા જીવતા રહેશે. એમના લોહીનું છેલ્લામાં છેલ્લું ટીપું રેડી દેવાના એક માત્ર વિચારથી તેઓ તૈયાર થઇ રહ્યા છે. જવું તો સ્વાધીન હિંદમાં, નહિ તો મરવું—એ એક માત્ર વિચારથી તેઓ સજ્જ થયા છે. એમને માટે પીછેહઠનો કાર્યક્રમ છે જ નહિ.

"કાં તો વિજય પ્રાપ્ત કરવો અને કાં તો લોહીનું આખરી બિન્દુ વહાવી શહીદ થવું, એ ધ્યેય માટે જ્યારે આઝાદ હિન્દ ફોજ તાલીમ લઇ રહી છે ત્યારે પૈસાદાર લોકો મને પૂછે છે કે સાધનોના સર્વાંગી સંગઠનનો અર્થ એમના ધનના પાંચ કે દશ ટકા જેટલો થાય કે કેમ? ટકાઓની વાતો કરનાર એ માણસોને હું એમ પૂછું છું કે આપણે આપણા સૈનિકોને એમ કહી શકીએ ખરા કે લડતી વખતે તમે તમારું દશ ટકા જેટલું જ લોહી રેડજો અને બાકીનું બચાવી લેજો!

"ગરીબ લોકો સ્વેચ્છાએ આવીને, હોંશપૂર્વક, પોતાનું સર્વસ્વ આપી રહ્યા છે. ચોકીદારો, ધોબીઓ, હજામો, નાની હાટડીવાળાઓ અને ગોવાળો જેવા એથીયે ગરીબ વર્ગના હિંદીઓ એમની પાસે જે કંઇ હતું તે બધું આપી દેવા આગળ આવ્યા છે, અને એ ઉપરાંત એમનામાંના કેટલાય તો ફોજમાં જોડાયા પણ છે.

હુકૂમત–એ–આઝાદ–હિન્દ

"આમાંના કેટલાક ગરીબ માણસોએ મારી પાસે આવીને, એમની પાસે જે કંઇ રોકડ રકમ હતી તે બધી જ આપી દીધી છે એટલું જ નહિ, પણ એમની સેવિંગ બેન્કની પાસબુકો પણ સોંપી દઇને, આખી જિંદગીની સર્વ બચત કમાણી મને દઈ દીધેલ છે. મલાયાના હિંદીઓમાં એવા ધનિકો નથી શું કે જેઓ એ જ રીતે આગળ આવીને કહે કે "આ રહી મારી બેન્ક–બૂક હિંદની આઝાદના કાર્ય માટે!"

"હિંદી પ્રજા આત્મ–ભોગ અને કુરબાનીના આદર્શમાં માને છે. હિંદુઓમાં સંન્યાસીનો આદર્શ છે અને મુસ્લિમ બિરાદરોમાં ફકીરોનો આદર્શ છે. આડત્રિસ કરોડ માનવઆત્માઓને મુકત કરવા કરતાં વધુ મહાન, વધુ ઉમદા અને વધુ પવિત્ર બીજું કોઇ કાર્ય હોઇ શકે ખરું?

"મલાયા પાસેથી હું અત્યારે દશ કરોડ રૂપિયાની માગણી કરું છું. મલાયામાંથી હિંદી મિલકતના દશ ટકા જેટલું જ એ છે."

જ્યારે ફાળો શરૂ થયો ત્યારે લગભગ સિત્તેર લાખ ડોલર તો ત્યાં ને ત્યાં ભેગા થઇ ગયા. પછીના ચોવીસ કલાકમાં ભેગી થયેલી કુલ રકમનો આંકડો એક કરોડ ને ત્રીસ લાખ જેટલો છે.

જર્મનીના પરદેશપ્રધાન હેર ફોન રિબનટ્રોપે નેતાજીને એક સત્તાવાર તાર મોકલીને જણાવ્યું છે કે જર્મન સરકાર નવી સ્થપાયેલ આઝાદ હિંદ સરકારને માન્ય રાખે છે. એ જ રીતે આઝાદ બર્મા અને આઝાદ ફિલિપીનની સરકારે આઝાદ હિંદ સરકારને માન્ય રાખેલ છે.

ઑકટોબર ૨૮, ૧૯૪૩

નેતાજીએ આજે દુનિયાના અખબારનવેશો સમક્ષ સ્યોનાન કલબમાં નીચે પ્રમાણે કહ્યું:

"આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપનાથી મારા રાજકીય જીવનનું બીજું સ્વપ્નું સાચું પડયું છે. પહેલું સ્વપ્નું રાષ્ટ્રિય, ક્રાન્તિકારી લશ્કર ઊભું કરવાનું હતું. હવે માત્ર એક જ સ્વપ્નું સફળ થવું બાકી છે. એ છે યુદ્ધ ખેલીને આપણી આઝાદી પ્રાપ્ત કરવાનું...

"આખી આલમ જાણે જ છે કે રાષ્ટ્રીય હિંદ તો કેટલાય સમયથી બ્રિટનની સામે ઝૂઝી રહ્યું છે. તેમ છતાં, આઝાદ હિંદની કામચલાઉ સરકાર પહેલી

જ વાર સ્થપાઇ છે, એટલે, બ્રિટન અને અમેરિકા પ્રત્યેની અમારી વલણુ સ્પષ્ટ કરવા આવી જાહેરાત આવશ્યક છે.

"યુદ્ધની આ જાહેરાતને પ્રચારકાર્યનો નુસખો ન સમજશો. અમે અમારાં કાર્યોથી બતાવી આપીશું કે અમે જે કહીએ છીએ તે કરવા માગીએ છીએ. એ નિર્ણયને અમલમાં મૂકવાની અમારી શકિત વિષે શ્રદ્ધા જો મને ન હોત તો હું પોતે તો, એવો નિર્ણય કરવામાં ભાગ લેત જ નહિ."

નવેમ્બર ૮, ૧૯૪૩

નેતાજીને આઇરિશ પ્રજાસત્તાકવાદીઓ તરફથી અભિનંદનનો સંદેશો મળ્યો છે. એ વાંચી એ હર્ષ–રોમાંચિત બનેલા. સંદેશો આવ્યો ત્યારે હું ઑફિસમાં જ હતી. એમણે અમને તે વાંચી સંભળાવ્યો અને કહ્યું કે "આ તાર જોઇને આયરના નીલમનીલા ટાપુમાં મેં જે અનેક મિત્રો બનાવ્યા છે તે સૌ, તેમજ શહાદતનાં સ્મરણોથી અંકિત થયેલાં, એ દેશના મેં જોયેલા સર્વ પવિત્ર સ્થળો મારી નજર સમક્ષ તરવરે છે. આપણું કાર્ય પણ પવિત્ર છે. આપણી માગણી પણ આપણા જન્મ–હક્ક માટે છે. આપણે પણ એને માટે કુરબાનીની કિંમત આપવા તૈયાર છીએ. તેથી, આપણો પણ વિજય થવો જ જોઇએ. જો આયર માટે સ્વાધીનતા આવી, તો હિંદને માટે પણ તે આવવી જ જોઇએ."

કોરીઆ, ચીન અને મન્ચુકુઓએ અમારી આઝાદ હિંદ સરકારને માન્ય રાખી છે.

નવેમ્બર ૮, ૧૯૪૩

નેતાજી પોતાના સ્ટાફના માણસો સાથે ટોકિયો ગયા છે. પી. પણ એમાં છે. બૃહદ પૂર્વ એશિયાની પ્રજાઓની પરિષદ ત્યાં મળે છે. નેતાજીએ એ પરિષદમાં પ્રતિનિધિ તરીકે હાજર રહેવાની ના પાડી છે. એ ત્યાં "નિરીક્ષક" તરીકે ગયા છે. અમારી સરકાર કામચલાઉ સરકાર જ છે અને તેથી હિંદની ભવિષ્યની આઝાદ સરકાર અંગે આજથી તે કોઇ જાતની જવાબદારીમાં ન બંધાઇ જાય એ પ્રકારના અમારા વલણુ સાથે એ બંધબેસતું છે.

પરિષદમાં આદિપાદ ડૉ૦ બા મોએ રજૂ કરેલા સ્વાધીનતા માટેના હિંદના જંગને પૂરો ટેકો આપતો ઠરાવ પસાર થયો છે. હિંદી પ્રશ્નોના જાણીતા

હુકૂમત–એ–આઝાદ–હિન્દ

જાપાની નિષ્ણાત ડૉ० ચુમેરી ઓકાવાએ જાહેર કર્યું છે કે હિંદની સ્વતંત્રતા એ પૂર્વ-એશિયાની શાંતિ માટે અનિવાર્યપણે આવશ્યક છે.

જાપાનની સરકારે આંદામાન અને નિકોબાર ટાપુઓ આઝાદ હિંદની કામચલાઉ સરકારને સોંપી દીધા છે. જનરલ ટોજોએ એ અંગેની રીતસર જાહેરાત પરિષદમાં કરી છે.

નેતાજીએ અખબારી મુલાકાત આપી છે. એમાં એ કહે છે :

"આંદામાન ટાપુઓ હિંદીઓને મન બ્રિટિશ ધૂંસરીમાંથી મુક્ત થનાર પ્રથમ પ્રદેશ તરીકે મહત્ત્વના છે. એ પ્રદેશ પ્રાપ્ત થવાથી, આઝાદ હિંદની કામચલાઉ સરકાર નામ તેમ જ હકીકતની દૃષ્ટિએ રાષ્ટ્રીય સ્વરૂપ પ્રાપ્ત કરે છે. આંદામાનની મુક્તિ પ્રતીક સમી છે. અમારે મન એક શુકન સમી છે. કારણ કે એ ટાપુને અંગ્રેજો રાજકીય કેદીઓને દેશનિકાલ કરવા માટે હમેશાં વાપરતા હતા. બ્રિટિશ સામ્રાજ્યને ઊથલાવી પાડવાનાં કાવતરાં કરવાના આરોપસર જિંદગીભરની સજા પામેલા મોટા ભાગના રાજદ્વારી કેદીઓ–જેમની સંખ્યા સેંકડોની છે–એ બધાને આ ટાપુમાં પૂરવામાં આવ્યા હતા. ફ્રેંચ ક્રાંતિ વખતે જેમ રાજદ્વારી કેદીઓને પૂરવાનો પેરિસનો ગોઝારો "બેસ્ટીલ"નો કિલ્લો સર કરવામાં આવ્યો હતો અને રાજદ્વારી કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતા તે જ રીતે આપણા દેશભક્તોને ઘણું વેઠવું પડયું છે. આંદામાનના ટાપુઓ સ્વાધીનતા માટેની હિંદની લડતમાં મુક્ત થનાર પ્રથમ પ્રદેશ છે. ધીમે ધીમે, હિંદની વધુ ને વધુ ભૂમિ મુક્ત થતી થશે, પરંતુ પહેલો હાથ આવેલો ધરતીનો પ્રદેશ હમેશાં ઘણો મહત્ત્વનો હોય છે. અમે "આંદામાન" ટાપુઓને શહીદોની સ્મૃતિમાં 'શહીદ' ટાપુનું નામ આપ્યું છે અને "નિકોબાર" ટાપુને "સ્વરાજ" નામ આપ્યું છે..."

અમે ઊંચે મસ્તકે ટટ્ટાર ઊભા છીએ. પૂર્વમાં કે પશ્ચિમમાં કોઈથી પણ ઊતરતી સ્થિતિ અમે સ્વીકારતા નથી.

ઇટલીની સરકારે અમારી આઝાદ હિંદની કામચલાઉ સરકારને માન્ય રાખી છે.

ડિસેમ્બર ૨, ૧૯૪૩

મલાયા શાખાના પ્રમુખ શ્રી. ટી. ની સાથે હું પંદર દિવસ પ્રવાસે ગઈ હતી.

અમારા જંગના આ છેલ્લા તબક્કામાં મલાયાના સંઘે ઘણો મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. અમારી ફોજનો અમુક ભાગ તો ઉત્તર તરફ મોકલી પણ દેવામાં આવ્યો છે. અત્યારે એફ. બર્મામાં છે. અમારી સરકારે બ્રિટન અને અમેરિકા સામે યુદ્ધ જાહેર કર્યું છે—અને "સામ.ધાન" શબ્દને અમારા શબ્દકોશમાંથી છેકી નાખવામાં આવ્યો છે. મલાયા એ અમારું, પીઠ સંભાળતું નજીકનું વડું મથક થશે. અમારી સરકાર અને ફોજને સક્રિય અને જીવન્ત રાખવા માટે ધનની અને સિપાહીઓની અણખૂટ ધારાઓ અહીંથી વહેતી રાખવી પડશે. નેતાજીના આગમન બાદ, "સ્વાતંત્ર્ય સંઘ"નું કામ પાકા પાયા ઉપર મૂકવામાં આવ્યું છે. સંઘની એકેકેએક શાખા અને ઉપશાખામાં તળીઆ—ઝાટક પુનર્વ્યવસ્થા કરવામાં આવી છે. આવતે વર્ષે મલાયામાં ફોજ માટે વીશ હજાર સ્વયંસેવક સિપાહીઓ મળવા જોઇએ એવો "કવોટા" નેતાજીએ નક્કી કરી આપ્યો છે. દરેક હિંદીને અમે લશ્કરી તાલીમ આપવાનું શરૂ કર્યું છે—તે ફોજમાં જોડાય કે નહિ—પણ અંગ્રેજોએ જે તાલીમથી હિંદીઓને એકસો વરસ સુધી વંચિત રાખ્યા એ તાલીમ, અમારી પ્રજાકીય સરકાર, કોઇ પણ જાતનાં બંધન મૂકયાં વિના સૌ કોઇને આપે છે. આપણે હિંદી પ્રજાને લશ્કરી અને વીર પ્રજા બનાવવી જોઇએ તથા અંગ્રેજોએ આપણા ઉપર જે કલંક મૂકયું છે તે ધોઇ નાખવું જોઇએ. મને વળી એમ પણ લાગે છે કે અમે સર્વ પ્રકારની શકયતાઓ માટે આગળથી તૈયાર થઇ રહ્યા છીએ.

અમારા સંઘના સભ્યોની સંખ્યા ખૂબ વધી ગઇ છે. નેતાજી ઇચ્છે છે કે દરેક હિંદી એનો સભ્ય થાય. અત્યારે શ્યોનાનમાં કુલ હિંદી વસતિના ચોપન ટકા જેટલાં માણસો સંઘના સભ્યો છે. જેહોરમાં કુલ હિંદી વસતિના છાસઠ ટકા જેટલા માણસો સંઘના સભ્યો છે. મલાકકામાં કુલ હિંદી વસતિના સાઠ ટકા જેટલા સભ્યો છે.

સંઘની શાખાઓનું કાર્ય સામાજિક કલ્યાણ, રાજકીય પ્રચારકાર્ય, ફોજમાં ભરતી, નાણાં એકઠાં કરવાં, સાંસ્કારિક પ્રવૃત્તિઓ કરવી—એ જાતનું છે. મારી છેલ્લી મુલાકાત પછીથી તો હિંદુસ્તાનીના વર્ગોની સંખ્યા પણ ઘણી વધી ગઇ છે. હિંદીઓની દરેક વસાહતમાં હિંદુસ્તાનીના વર્ગો છે, હિંદુસ્તાની શીખવા પ્રયત્ન કરતાં સ્ત્રીપુરુષો જ્યાં ન હોય એવું એક પણ સ્થળ મેં કયાંય જોયું નથી. અંદરના ભાગની વસતિ મોટે ભાગે તામિલ છે. એટલે આ વસ્તુ

એમનામાં આવેલા પ્રબળ રાષ્ટ્રીય જુવાળના એક ચિહ્ન સમી છે. કૌલાલમ્પુરમાં તો હિંદુસ્તાની શીખવા માટેના પાઠ ધ્વનિવર્ધક યંત્રો દ્વારા આપવામાં આવે છે.

આનો અર્થ એ નથી કે બાળકો માટે તામિલ ભાષાની નિશાળો નથી. રામકૃષ્ણ મિશન પણ હિંદુસ્તાની પ્રચારનું કામ કરે છે અને સંઘને ઘણી રીતે સહાયભૂત બને છે. હિંદના આ "મિશનરીઓ" ખરેખર વતનપરસ્ત છે અને પીડિત માનવજાતની એમની સેવા ઉત્તમોત્તમ યૂરોપીય મિશનરીઓનાં કામને સહેલાઇથી આંટે એવી છે.

જોહોર અને મલાક્કાના પ્રવાસમાં શ્રી. કે. અમારી સાથે જોડાયા હતા. એ બહુ જુસ્સાદાર ભાષણકર્તા છે. એમણે મને કહ્યું કે સંઘના સભ્ય થવા માટેના બિલ્લાઓની માગણી ઘણી જ મોટી છે. કુલ સભ્યોનો આંકડો લગભગ બે લાખ ને પચીસ હજારની સંખ્યાએ પહોંચ્યો છે. સંઘના સક્રિય કાર્યકર્તાઓ માટે આછા ભૂરા રંગની પટીવાળો એક નવો બિલ્લો દાખલ કરવામાં આવ્યો છે. એમણે મને કહ્યું કે એકલા મલાયામાં જ એવા પંદર હજાર બિલ્લાઓ તો અપાઇ પણ ગયા છે. એ બિલ્લા સંઘને માટે ચોવીસે કલાક કામ કરનારા કાર્યકર્તાઓને જ અપાય છે. કાર્યકર્તાઓ ગમે તે કામ કરતા હોય અને જુદાં જુદાં કામનું મહત્ત્વ ગમે એટલું ઓછુંવત્તું હોય પણ 'બિલ્લો" ધારણ કરનાર બધા જ માણસો સમાન છે અને એકબીજાને ભાઇ તરીકે માને છે.

"હિંદ સ્વાતંત્ર્ય સંઘ"ની સિલોન શાખાએ પણ કામ શરૂ કરી દીધું છે.

"પૂર્ણ સ્વરાજ"-અમારું દૈનિક અખબાર-ઘણું લોકપ્રિય છે. જ્યાં જ્યાં હિંદીઓ વાંચી શકે છે ત્યાં ખૂણેખૂણામાં એ પહોંચી ગયું છે. "જય હિંદ"-અઠવાડિક-પણ લોકોમાં ખૂબ માનીતું બન્યું છે. પૅનાન્ગની સભામાં દશ મિનિટમાં એની સો નકલો મારી પાસેથી વેચાઇ ગઇ હતી; અને મારી જેવાં તો એ અખબાર વેચનાર બીજાં કેટલાં યે હતા.

ડિસેમ્બર ૧૦, ૧૯૪૩

અમારા "હિંદ સ્વાતંત્ર્ય સંઘ"ના કામમાં બધી જ કોમો અને જાતિઓનો કોઇ અજબ સુમેળ અને સંપ સ્થપાયો છે! કોમવાદનો કોઇ અંશ સરખો પણ નથી. મુસ્લિમ, હિંદુ, ખ્રિસ્તી, યહૂદી, ડોગરા-બધા જ સાથે મળીને કામ કરે છે.

અમારી બધી જ છાવણીઓમાં અમે કોમી પ્રશ્નનો કોઇ અદ્દભુત ઉકેલ લાવ્યા છીએ. અમારી "ઝાંસીની રાણી" છાવણીમાં અમે બધાં જ–માંસાહારી તેમ જ નિરામિષાહારી સૌ કોઇ–એક પંગતમાં એક સાથે જમવા બેસીએ છીએ. પહેલાં દરેકને નિરામિષ (માંસ વિનાનું) ભોજન પિરસાય છે. પછી જેમને જોઇએ તેમને માટે માંસ અને મચ્છીની વાનીઓ પિરસાય છે. અમે બધાં તદ્દન હળીમળીને બેસીએ છીએ. ખોરાકની બાબતમાં ઉચ્ચ–નીચના ભેદને એક સપાટે સાફ કરી નાખવામાં આવ્યા છે. શરૂઆતમાં એ એક મોટો કોયડો હતો. પરંતુ "હિંદ સ્વાતંત્ર્ય-સંઘે" એ માટે ઉપરાઉપરી સભાઓ કરી અને વતનપરસ્તી ઉપર ભાર મૂકી પ્રજાને એ માર્ગે કેળવી દીધી. આ બાબતમાં અમને જે ફત્તેહ સાંપડી છે, તે બ્રિટનની ભાગલા પાડીને રાજ્ય કરવાની દુષ્ટ નીતિનો ભોગ થઇ પડેલા હિંદમાંના અમારા ભાઇઓની આંખ ઉઘાડે એવી છે. જ્યારે આઝાદીનો મુકામ નજર સમક્ષ દેખાશે ત્યારે કોમવાદ એની સામે જ અવસાન પામશે. ૧૯૨૧ના અસહકાર અને ખિલાફતના દિવસોમાં હિન્દુઓને મુસ્લિમ મસ્જિદોમાં અને મુસ્લિમોને હિન્દુ ધાર્મિક પ્રસંગોએ પરસ્પર આમંત્રણ મળ્યાં જ હતાં ને! રાજકીય ધ્યેય જેમને ન હોય, આઝાદીની આરજૂ જેમને ન હોય એવા ગુલામોમાં જ કોમવાદ ફાલી શકે છે. કોમવાદ, એ ધનવાન આળસુઓનો શોખ છે અને એ ધનવાન આળસુઓ દેશના શત્રુ છે.

મેં ખૂબ મહત્ત્વની વાતો સાંભળી છે. શ્રી. કે.એ મને એ કહી છે; એટલે એને ન માનવાનું કોઇ કારણ નથી. 'હિંદ સ્વાતંત્ર્ય સંઘે' સુભાષબાબુની નેતાગીરી નીચે જે જબ્બર તાકાત જમાવી છે એનાથી જાપાનીઓ ગભરાય છે. હિંદી સ્વાધીનતા અંગે નેતાજી આવી સદંતર રાષ્ટ્રીય વલણ અખત્યાર કરશે એવી એમની ગણતરી નહોતી. જ્યારે જ્યારે નેતાજીને જરા પણ શક પડે છે કે જાપાનીઓ અમને રમકડાં બનાવવાની કોઇ ચાલ ચાલી રહ્યા છે, ત્યારે દરેક વખતે નેતાજી એમની એ ચાલ ઊંધી વાળે છે અને એનાં પરિણામ પણ આવે છે. ચાળીસ હજાર કરતા મોટી સંખ્યાની ફોજ અમે કેમ રાખી ન શકીએ એનું કારણ હવે સમજાય છે. વધુ મોટી સંખ્યા થવા દેવાની જાપાનીઓ ના પાડે છે વળી, ફોજના સૈનિકોને રોજ–બ–રોજની જરૂરીઆતો માટે તૈયાર વસ્તુઓ મળવવાની પણ તકલીફ છે. જાપાનીઓ એવાં બહાનાં કાઢીને છટકી જાય છે કે એમના પોતાના

સૈનિકોને માટે પણ તંગી છે! એટલે નેતાજીએ બજારમાં રહેલા જથ્થા તરફ નિર્દેશ કર્યો. જાપાનીઓએ શહેરીઓની જરૂરીઆતનું બહાનું બનાવ્યું અને બજારોમાં માપબંધી અને ભાવનિયમન કરવાની આવશ્યતના આગળ ધરી. શ્રી. કે.એ મને કહ્યું કે નેતાજી આ પ્રશ્ન અંગે ઘણા મૂંઝાયેલા છે. "ઝાંસીની રાણી" ટૂકડી માટે અમને જે છેલ્લો ધાબળાનો જથ્થો મળ્યો તે કાળાં બજારમાંથી ખરીદાયેલો હતો!

ડિસેમ્બર ૨૭, ૧૯૪૩

૯, નોરીસ રોડ ખાતેના સ્યોનાન રાષ્ટ્રીય શાળાના ઇનામવહેંચણીના મેળાવડા પ્રસંગે નેતાજી હાજર રહ્યા હતા. એ વખતે એક નાની પત્રિકા વહેંચવામાં આવી હતી. એમાં શાળાના રાષ્ટ્રીયત્વ વિષે લખવામાં આવ્યું હતું અને નીચેના વિષયો ત્યાં શિખવાય છે એમ જણાવવામાં આવ્યું હતું :

હિન્દુસ્તાની, હિંદનો રાષ્ટ્રીય ઇતિહાસ, ગાંધીજી, તિલક, નહેરૂ, સી. આર. દાસ જેવા મહાન નેતાઓનાં જીવનચરિત્રો, હિંદની ભૂગોળ, સંગીત અને રાષ્ટ્રગીતો, પ્રાકૃતિક અભ્યાસ, હસ્તકળા અને ચિત્રકામ, ગણિત, આરોગ્ય, બાગબાની, નૈતિક તાલીમ, શારીરિક તાલીમ અને રમતો, સાબૂ બનાવવાના, શાહી બનાવવાના અને ઇલેક્ટ્રોપ્લેટિંગના હુન્નરો, પાણી સ્વચ્છ કરવાનું શાસ્ત્ર, બાઇસીકલ, ગ્રામોફોન અને ઘડિયાળ દુરસ્ત કરવાનો હુન્નર. પ્રાથમિક લશ્કરી તાલીમનો પણ ડ્રિલમાં સમાવેશ કરવામાં આવે છે.

શાળા સહશિક્ષણ આપે છે અને બાર વર્ષ તથા એની ઉપરનાં છોકરા–છોકરીઓને એમાં લેવામાં આવે છે. સાંજના બે કલાક મોટી ઉંમરનાં માણસોને અક્ષરજ્ઞાન આપવામાં આવે છે.

પહેલાં શાળામાં એક ડોલરની નાની એવી ફી હતી; પણ હવે એ ફી કાઢી નાખવામાં આવી છે.

અમારી ફોજ ક્રાંતિકારી સેના તરીકે કરકસરથી રહે છે. કર્નલનો પગાર દર મહિને અઢીસો રૂપિયા છે અને મેજરનો દર મહિને એકસો પંચ્યાશી રૂપિયા જેટલો છે. ખોરાક અને કપડાં ફોજ તરફથી મળે છે. પણ અમે સાચા ક્રાંતિકારીઓની જેમ રહીએ છીએ અને બચાવી શકાય એટલો બધો પૈસો સંઘના ફાળામાં આપીએ છીએ.

આ વરસની આખર સુધીમાં અમારો ફાળો ૭૭,૨૭,૬૨૭ ડૉલર જેટલો થયો. આ બાબતમાં મલાયામાંથી સૌથી મોખરે શ્યોનાન છે. એણે ઓગણત્રીશ લાખ, ચોરાણું હજાર રૂપિયા એકત્ર કર્યા છે.

અને આ રકમમાં ભેટ તરીકે આવેલાં ઘરેણાં અને સોનારૂપાની જે ચીજો આવી છે તેનો તો સમાવેશ જ નથી થતો. એની કિંમત છ્યાશી હજાર ડૉલર જેટલી થાય છે. અમારા મુખ્ય હિસાબી અફસર શ્રી. એમ. પાસેથી મને આ આંકડા મળ્યા છે.

નેતાજી જ્યારે તાજેતરમાં પેનાંગ ગયા ત્યારે ત્યાંની જાહેર સભામાં એમણે આઝાદ સરકાર માટે નાણાની માગણી કરી. શ્રોતાસમૂહમાંથી એક જુવાન નોકરે આગળ આવીને નેતાજીને એક ચાંદીની નાની ફૂલદાની ભેટ આપી કહ્યું કે, "મારી પાસે કંઇ પણ કીમતી ચીજ હોય તો તે આ જ છે અને મારી સદ્દગત માએ મને આપેલી છે." નેતાજીએ વિશાળ જનમેદની સમક્ષ એ ફૂલદાનીની આખી યે વાત કહી સંભળાવી અને એનું લિલામ કર્યું. એમણે કહ્યું કે પચ્ચીશ હજાર ડૉલર કરતાં ઓછી માગણી તો પોતે સ્વીકારશે જ નહિ. માગણીઓ ઉપર ને ઉપર ચડતી ગઇ. છેવટ એ ફૂલદાનીના એક લાખ ને પાંચ હજાર ડૉલર ઊપજ્યા!

ડિસેમ્બર ૩૦, ૧૯૪૩

નેતાજીએ આજ પહેલી વાર આઝાદ હિંદની ધરતી ઉપર પગ મૂકયો. એ શહીદ દ્વીપ ઉપર ઊતર્યા. હિંદી ક્રાન્તિવીરોની એક રીતે કહીએ તો તપોભૂમિ બની રહેલ પોર્ટ બ્લેર ઉપર એમણે ત્રિરંગી ધ્વજ ચડાવી દીધો! જય હિંદ!

જાનેવારી ૪, ૧૯૪૪

કર્નલ બી. એ અમારી 'રાણી ઝાંસી' પલટણોની છાવણીની મુલાકાત લીધી. લશ્કરી શિસ્ત વિષે તેમણે અમારી સમક્ષ પ્રવચન કર્યું.

સંઘના પ્રતિનિધિઓ છાવણીની મુલાકાતે આવ્યા હતા. કૅપ્ટન એલે. તેમને સૌને આગ્રહભરી વિનતિ કરી કે 'ઝાંસી રાણી' પલટણ માટે બને તેટલી શિક્ષિત બહેનોની ભરતી કરો.

આજે સેલાંગોર સ્ટેટમાંથી ૭ નવી રંગરૂટો અમારી છાવણીમાં આવી. બે કૌલાલમ્પુરમાંથી આવી. કૌલાલમ્પુરમાં જિલ્લા રાહતછાવણી ઉઘાડવામાં આવી છે. એક હજારથી વધારે માણસો લાભ લઇ રહ્યા છે.

હુકૂમત–એ–આઝાદ હિંદ

વેલ્ફર સેન્ટ્રલ હૉસ્પિટલમાં ગયા અઠવાડિયામાં ૧૪૪ દર્દીઓ દાખલ થયા. તબીબી રાહતનો પ્રશ્ન અમારી સાધનસામગ્રીના પ્રમાણમાં ઘણો જ મોટો ગણાય, ક્વિનાઇનનો જથ્થો તો આવે તેવો જ ખલાસ થઇ જાય છે.

હું મારા કામમાં અવ્યવસ્થિત છું. કૅપ્ટન એલે. મને આ માટે ઠપકો આપ્યો. એ સાચો છે, પણ મેં કોઇ દિ' આવી રીતે કામ ઓછું જ કર્યું છે! મારા ભૂતકાળ તરફ જોઉં છું તો તેમાં આખરે છે પણ શું? જાંગલાઓના 'કૉન્વે-ન્ટ'માં ઉછરીને મોટી થઇ. કૈંક વેવલી પણ ખરી. ડ્રેસિંગ ટેબલ ઉપર 'પ્રિયતમ' પ્રિન્સ ઑફ વેલ્સનો ફોટો રાખતી. સન્નિપાત લાગુ પડયો હોય એમ ચાવી ચાવીને અંગ્રેજી બોલતી, અંગ્રેજોના ઉચ્ચારણોનું અનુકરણ કરીને! વાત વાતમાં ખોટું લાગી જતું... એટલી બધી તો આળી! અત્યારે તો મારામાં ઇન્કિલાબ જ થઇ ગયો. એ વખતની કોઇ બહેનપણી અત્યારે મળે તો મને ઓળખે યે નહિ કદાચ!

ગઇ કાલે એક નાટિકા જોઇ. "ચલો દિલ્લી" એનું નામ. લાબીસના રંગરૂટોએ એ ભજવેલી. 'ભારતપુત્રમ્' અને 'જલીઆંવાલા બાગ' પણ ભજવાયાં. સુંદર, શિક્ષણપ્રધાન પ્રચારનાટિકાઓ છે. જનરલ ડાયરે જ્યારે લોકો ઉપર ગોળીબાર કરવાનો હુકમ આપ્યો ત્યારે હું ખૂબ ઉશ્કેરાઇ ગઇ હતી. અભિનય લાજવાબ હતો. લાગે છે કે આપણા તરુણોમાં કોઇ અજબ સાહિત્યકીય જાગ્રતિ આવી ગઇ છે. એવા એવાઓએ પ્રેરક ગીતો અને નાટકો લખ્યાં છે, જેમણે સ્વપ્ને પણ લેખક બનવાનો વિચાર નહિ સેવ્યો હોય! લેખકોને સંયોગો જ સરજાવે છે, એના સિવાય બીજો કયો ખુલાસો હોઇ શકે–આ ઘટના માટે!

ફોજની સંખ્યા ૪૦,૦૦૦ સિપાહીઓથી વધુ ન જ હોવી જોઇએ એ પ્રતિબંધને નિષ્ફળ બનાવવા માટે સંઘે એક તરકીબ કરી છે. પૂર્વ એશિયાના બધા જ હિંદીઓને–સ્ત્રીઓ સુદ્ધાં–તેણે અપીલ કરી છે કે, છાવણીઓમાં જઇને તેમણે થોડી લશ્કરી તાલીમ લઇ લેવી, આ માટે એક ટૂંકો અભ્યાસક્રમ નિયત કરવામાં આવ્યો છે.

મલાયા અને બ્રહ્મદેશ તથા તાઇલેન્ડમાં પણ એવી અનેક છાવણીઓ છે. ઠેર ઠેર ધ્યેયમંત્ર છે: અદ્યતન ઢબના આયુધોનો ઉપયોગ એકેએક હિંદીને આવડવો જોઇએ. આપણે આપણી લશ્કરી તાકાત પુનઃ પ્રાપ્ત કરવી જોઇએ,

બાળકોએ સુદ્ધાં; જેથી કરીને જાપાનીઓ કે બ્રિટિશરો કોઈ પણ શાહીવાદી સત્તા, આપણને ગુલામીમાં રાખવાની ચેષ્ટા જ ન કરે.

ચલો દિલ્લી

જાનેવારી ૮, ૧૯૪૪

રંગૂનમાં આવી પહોંચ્યા. યુદ્ધના મોરચાની બને તેટલી સમીપમાં રહી શકીએ એટલા ખાતર અમારાં મુખ્ય મથકને બ્રહ્મદેશ ખસેડવામાં આવ્યું છે.

એક બીજું પણ કારણ છે. જાપાની સેનાપતિઓ આપણી ફોજ બ્રહ્મદેશમાંથી હિંદ ઉપર થનારા આક્રમણમાં શામેલ થાય એમ નથી ઇચ્છતા એવો નેતાજી અને અમારા અમલદારોને શક છે. નેતાજી આ બાબત બહુ જ મક્કમ છે, એટલે આ મથક–બદલી. જાપાનીઓની ઇચ્છા એવી છે કે, ઇમ્ફાલ તેઓ સર કરે; ફોજ પછી પાછળથી આવીને તેમને સહાયતા કરે. કેટલું બેહૂદું અને વિચિત્ર ! હિંદની ધરતી ઉપર પ્રવેશ કરવાના યુદ્ધમાં તો ફોજે જ મોખરે રહેવું જોઇએ. અંતે તો આ અમારું જ યુદ્ધ છે ને !

હકૂમતે આરઝીએ શહીદ દ્વીપોના ચીફ કમિશ્નર તરીકે જનરલ લોકનાથનની નિમણૂક કરી છે.

જાનેવારી ૨૬, ૧૯૪૪

આજે અમે આઝાદી–દિન ઊજવ્યો. સાઠ હજારથી ઓછી નહિ હોય એવી માનવમેદની સમક્ષ નેતાજીએ એક પ્રવચન કર્યું. સાત સાત, દશ દશ માઇલોનો પન્થ ખેડીને લોકો આવ્યાં હતાં.

એક ઘટનાની નોંધ લેવી જ જોઇએ.

સભાના આરંભમાં નેતાજીને હાર અર્પવામાં આવ્યો. નેતાજીએ, ભાષણ દરમ્યાન એને પોતાના હાથ ઉપર વીંટાળી લીધો હતો. એમનું હૃદયદ્રાવક ભાષણ પૂરું થયું ત્યારે લોકોનો ઉત્સાહ ટોચે પહોંચ્યો હતો. એ વખતે એમને એક વિચાર આવ્યો. શ્રોતાઓને એમણે પૂછ્યું: "આ હાર કોઇ ખરીદશે ? જે નાણાં ઊપજશે તે ફોજના ખર્ચમાં જશે."

ચલો દિલ્લી

પહેલી જ માગણી એક લાખ રૂપિયાની આવી. થોડીક મિનિટમાં આંકડો આભે અડયો. લાખ, દોઢ લાખ, ત્રણ લાખ, ચાર લાખ, સવા ચાર લાખ, પાંચ–છ–સાત લાખ !

પહેલી માગણી કરનાર એક પંજાબી નવજુવાન હતો. આંકડો જ્યારે સવા ચાર લાખે પહોંચ્યો, ત્યારે આ નવજુવાને ગર્જના કરીને પાંચ લાખ બોલાવ્યા; પણ આંકડો વધતાં વધતાં સાત લાખે આવ્યો ત્યારે આ નવજવાનની મુખમુદ્રા ઉપર વ્યગ્રતા અને મૂંઝવણની રેખાઓ અંકિત થઇ ગઇ. એનાં આત્મામાં કોઇ કારમી ગડમથલ ચાલતી હતી. હાર વેચાઇ જવાની તૈયારીમાં હતો તેવામાં એ કૂદીને મંચ ઉપર ચડી ગયોઃ 'આ હારને માટે,' તે બોલી ઊઠયો. "હું મારું સર્વસ્વ આપી દઉં છું. મારી બધી યે મિલકત, પાઇએ પાઇ !" ભાવનાથી ધ્રૂજી રહેલ આ જવાંમર્દને સુભાષબાબુએ બાથમાં લઇ લીધો.

"બસ બસ !" તેમણે કહ્યું. "આ હાર તારો થઇ ચૂકયો. આપણી ફોજ જે અમર કીર્તિને વરવાની છે તેનો ખરો જશ તારા જેવા વતનપરસ્ત જુવાનને છે."

પણ નવજવાન તો અત્યારે કશું જ સાંભળતો નહોતો. એ તો હાર પકડી ઊભો હતો, અને વારે વારે તેને પોતાની આંખો અને હૃદયસરસો ચાંપ્યા કરતો હતો. આખરે એ બોલી ઊઠયો : "આજે હું માયાના બંધમાંથી મુકત થયો. મને ફોજમાં લઇ લો ! મા–ભોમની મુકિતના યજ્ઞમાં મારે મારું જીવન સમર્પવું છે."

સુસ્ત ધનિક સમાજના એક તરુણનો આ કેવો ચમત્કારિક હૃદયપલટો ! નેતાજીએ તેને કોઇ અજબ પ્રેરણા પાઇ દીધી હતી ! પેલો પુષ્પહાર એ તો આજે કરમાઇ પણ ગયો હશે, ખુશ્બોને બદલે મોતની સુવાસે આજે તેનો કબજો લઇ લીધો હશે ! અને આવતી કાલે કદાચ એ નવજુવાનની પોતાની ગતિ પણ એ હારના જેવી જ થશે. પણ એ વખતે એ કેટલો ઉમંગમાં હતો ! આનંદના કેવા ઓઘ એના અંતરમાં ઊછળતા હતા ! હારને છાતી સરસો ચાંપીને એ નીચે ઊતરી ગયો ત્યારે એની આંખમાં કોઇ ઑર જ ચમક હતી.

મને મેમ્યોની લશ્કરી ઇસ્પિતાલમાં સેવિકા તરીકે ગોઠવવામાં આવી છે. 'ઝાંસીની રાણી' પલટણને માંદાઓની સારવાર કરવાનું અને રેડ ક્રોસને લગતું

કામ સુપરત થયું છે. આજે સાંજે આ પ્રશ્ન વિચારવા માટે અમે સભા ભરી. કૅપ્ટન એલ. અધ્યક્ષસ્થાને હતાં. અમારું કહેવું એમ હતું કે, અમે ભરતી થયાં છીએ તે મેદાને જંગ ઉપર જઈને દુશ્મનો સામે ઝૂઝવા, પાછળ રહીને માંદાઓની સારવાર કરવા નહિ! જો કે હુકમને માન આપીને અમે મેમ્યો તો આવ્યા જ હતાં...અને અમારા માટે બીજો નિર્ણય ન થાય ત્યાં સુધી સારવારનું કામ અમે ઉપાડી જ લીધું હતું, કારણ કે આખરે અમે પણ લશ્કરી સૈનિકો જ ને! પહેલાં હુકમ મળે તેનું પાલન કરવું...અને પછી અનિવાર્ય હોય તો એ હુકમની સામે રીતસરનો વિરોધ જાહેર કરવો!

છતાં અમને આ પસંદ તો નહોતું જ. અને હું તોબરો ચડાવીને ફરું છું એમ પી. ને લાગ્યું એટલે એમણે મને એ બાબત ચીડવી પણ ખરી...અને અમારી વચ્ચે એક નાનો એવો ઝગડો થતાં થતાં રહી ગયો. હું ખૂબ જ ઉશ્કેરાઈ ગઈ છું. મારે મારા સ્વભાવ ઉપર અંકુશ રાખવો જોઈએ.

ફેબ્રુઆરી ૧૫, ૧૯૪૪

મેમ્યો ઇસ્પિતાલમાં અમે સ્થિર થઈ ગયાં છીએ. ફોજ મેદાને જંગમાં પહોંચી ગઈ છે. લડાઈ શરૂ છે. જખમીઓનો પહેલો કાફલો ઇસ્પિતાલમાં આવી પણ ગયો. ફોજ સરળ રીતે આગેકૂચ કરી રહી છે. ૪ થી ફેબ્રુઆરીએ પહેલી લડાઈ શરૂ થઇ. અત્યાર સુધીમાં ફોજે સારી એવી આગેકૂચ કરી છે.

અમે નેતાજી ઉપર એક પ્રાર્થનાપત્ર મોકલ્યો છે:

"અમારી તાલીમ સંતોષકારક અને સંપૂર્ણ છે, છતાં અમને યુદ્ધમોરચા ઉપર મોકલવામાં ન આવતાં, અમને નર્સોની પંગતમાં ઉતારી પાડવામાં આવ્યાં છે. કોણ જાણે શા માટે અમારી સાથે આ પ્રમાણે વર્તવામાં આવે છે! અમારા માટે અમે વીરાંગના ઝાંસીની રાણીનું નામ પસંદ કર્યું. શ્યોનાન ખાતે અમારી પહેલી તાલીમી-છાવણી તમે ઉઘાડી મૂકી, ત્યારે તમે પોતે જ અમને ખોળાધરી આપી હતી કે, તમે પણ ઝાંસીની રાણીની પેઠે રણમેદાનમાં જઈને દુશ્મનો સામે જઈને લડી શકશો. ફોજમાં તમને જોઈને દુશ્મનો હિંમત હારી બેસશે. બ્રિટિશ સૈન્યના હિંદી સૈનિકો તમને દેખીને આપણા પક્ષમાં જ ચાલ્યા આવશે. અમે તમને વિનતિ કરીએ છીએ કે અમને યુદ્ધના મોરચા ઉપર મોકલવા માટે સત્વર આદેશ આપો.

ચલો દિલ્લી

"આ પ્રાર્થનાપત્ર ઉપર અમે અમારા રુધિરથી જ હસ્તાક્ષરો કર્યા છે... એટલા માટે કે માતૃભૂમિની આઝાદીને ખાતર મરી ફીટવાની તાલાવેલી અમારા અંતરમાં કેટલી છે તે વાતની આપને પ્રતીતિ થાય. અમારી કસોટી કરો, નેતાજી! અમે કોઇ વાતે ઊણાં નહિ ઊતરીએ."

પ્રાર્થના-પત્ર ઉપર બે મહારાષ્ટ્રીય બ્રાહ્મણ કન્યાઓએ, બે બંગાળી બ્રાહ્મણ કન્યાઓએ અને બે ગુજરાતી વણિક કન્યાઓએ હસ્તાક્ષરો કર્યા હતા. બ્રિટિશ માલિકો જેમને 'બિન-લશ્કરી' જાતિઓ કહીને વગોવે છે એમાંની એ બધી બાળાઓ હતી. આંગળીઓ કાપી કાપીને એમણે સહીઓ કરી હતી—રુધિરના અક્ષરોમાં.

અમે જવાબની રાહ જોઇ રહ્યાં છીએ. નેતાજી ઉપર અમને શ્રદ્ધા છે. એ અમને છેહ નહિ દે.

માર્ચ ૨, ૧૯૪૪

આનંદ! આનંદ! અમે ઊપડી ચૂકયા છીએ. 'રાણી ઝાંસી' દળની બે ટુકડીઓને મેદાને-જંગ ઉપર મોકલવાની પરવાનગી મળી ગઇ છે. અમને ચેતવણી આપવામાં આવી છે કે, ત્યાં આગળની પરિસ્થિતિ ઘણી જ કપરી છે!

હું જાઉં છું, પી.! હું પાછી ન આવું તો મારે માટે શોક ન કરતા. મારી અંતિમ ઇચ્છા તમને અત્યારે જ જણાવી દઉં. હું ઇચ્છું છું કે મારા મૃત્યુ પછી તમે ફરી વાર પરણો—બની શકે તો 'રાણી ઝાંસી' દળની કોઇ સૈનિક તરુણી સાથે. આ જીવન જોયા પછી કોઇ રંગરોગાન કરેલી ઢીંગલી તમને નહિ જ ફાવે.

જુહાર! જીવન અને મરણના જુહાર! તમને પણ, દૂર દૂર પંજાબની ધરતી પર ફૂલની પેઠે ખીલી રહેલ મારા બેટડાને પણ!

માર્ચ ૨૨, ૧૯૪૪

હિંદની ધરતીના જે વિસ્તારો અમારા હાથમાં પહેલવહેલા આવે, તેના ગવર્નર તરીકે હકૂમતે આરઝીએ કર્નલ ચેટરજીની નિમણૂક કરી છે.

મારે કાને ફરી વાર અળખામણી અફવાઓ અથડાઇ છે. જાપલાઓ બહુ જ શરમભરી રીતે વર્તે છે. બ્રહ્મદેશમાં અમારી ૨૦,૦૦૦ જેટલી ફોજ છે. એમાંથી યુદ્ધમોરચા ઉપર અત્યારે ફકત ૧૦,૦૦૦ જ છે. અને તેમાંથી યે ખરેખર લડાઇ તો ફકત ૫૦૦૦ જ લડે છે. એ પાંચ હજારને પણ તાબુ,

કોહિમા, પાલેલ અને ટિટા જેવા બારેક સ્થળોએ નાની નાની ટુકડીઓમાં વહેંચી નાખવામાં આવ્યા છે. ફોજને એક જ કેન્દ્ર ઉપર સંગઠિત થવા દેવામાં કેમ નથી આવતી ? એમ થાય તો અમે આસામ કે બંગાળની ધરતી ઉપર જોતજોતામાં ધસી જઇએ. અમારા સિપાહીઓ રણજંગ ખેલવા આટ-આટલા થનગની રહ્યા છે છતાં શા માટે અમને સૌને ફરજિયાત નિષ્ક્રિયતાનો સરપાવ આપવામાં આવ્યો છે ?

મે ૨૧, ૧૯૪૪

મોરચા ઉપરનાં જીવન વિષે મેં એક લીટી પણ નથી લખી. હાથ ઉપર અને માથા ઉપર જખમો છે એટલે અત્યાર સુધી કશું જ લખાયું નહિ. એ દિવસો પણ કેવા અપ્તરંગી હતા ! યાદ કરી કરીને લખું.

મોરચા ઉપર અમે પહોંચ્યા ત્યારે જીવનનિર્વાહની પરિસ્થિતિ ખરેખર વિકટ હતી. ન મળે પૂરતું ખાવાપીવાનું, નહિ પૂરતાં કપડાં–અરે, પૂરતો દારૂ-ગોળો પણ નહિ. પણ અહીં પરવા જ કોને હતી ?

રણક્ષેત્રનું વર્ણન આપું ? નાના નાના ડુંગરાઓ અને સાંકડી ખીણોવાળું એક વિશાળ જંગલ અમારું મુખ્ય મથક હતું. તે ગામોએ તો સ્રીસૈનિકોને જન્મારામાં પણ નહિ દીઠેલાં. અમે તો પ્રદર્શનની પૂતળીઓ જેવાં બની ગયાં ! સ્ત્રીઓ અને પુરુષો માઇલોના માઇલોનો પ્રવાસ ખેડીને અમને જોવા આવે. અમારી સામેના દુશ્મન–સૈન્યમાં પણ અમારા આવવાના સમાચાર પહોંચી ગયેલા–જે અમે તાજેતરમાં જ પકડેલ યુદ્ધકેદીઓ મારફત જાણ્યું.

એ ગામમાં ઘણા દિવસ સુધી અમે પડયા રહ્યા. રોજિંદી કવાયતો કરતાં કરતાં આખરે અમને ફરમાન મળ્યું : લડાઇ માટે તૈયાર રહેજો. અમારે લાંબી મજલ કાપવાની હતી. મળસ્કું થતાં પહેલાં ત્રણ વાગ્યે અમે નીકળ્યાં. સર્વત્ર અંધકાર હતો. રાત અંધારી હતી અને બત્તીઓ સાથે લેવાની મનાઇ હતી. અમને ચેતવણી આપવામાં આવી હતી: અવાજ નહિ, યુદ્ધનાદો નહિ ! શાંતિથી અને ઝડપથી આગેકૂચ જ ફક્ત કરવાની છે !

અમને લાગ્યું કે, અંધારામાં ને અંધારામાં અમે જાણે અનંત યોજનો પસાર કરી ગયા છીએ. આખરે એક ડુંગર ઉપર અમે પહોંચ્યા ત્યાં અમને એકેક ખાસ જગ્યા સંભાળીને ગોઠવાઇ જવાનો આદેશ મળ્યો. સામે, એકાદ

માઇલને છેટે, બ્રિટિશ લશ્કર હતું. વચ્ચેની ધરતી કોઇના બાપની નહોતી! બ્રિટિશ લશ્કરને કલ્પના યે નહોતી કે, અમે અહીં સુધી પહોંચી આવ્યા છીએ. તે લોકો તો અમારી નીચેની ખીણ સુધી બરાબર કૂચ કરતા કરતા આવી પહોંચ્યા. હવે બંદૂકો ચલાવવાનો હુકમ કયારે મળશે તેની જ વાટ અમે જોઇ રહ્યા હતા. અમને લાગ્યા કરતું હતું કે, શિકાર હાથમાંથી છટકી જાય છે! પણ આખરે હુકમ છૂટયો......

હું ધારું છું કે, એ વખતે અમને ભાન જ ન રહ્યું......કે અમે સ્ત્રીઓ છીએ. અમે જાણે કઠપૂતળીઓ જેવાં જ બની ગયાં હતાં. ઘોડા દબાય, ગોળીઓ છૂટે, બંદૂકો ભરાય, ફરી ઘોડા દબાય, ફરી ગોળીઓ છૂટે......ફરી પાછી "સંગીનો ચડાવો" અને છેલ્લે "હુમલો કરો!"

હું ઉછળીને આગળ આવી અને ડુંગરની ધાર ઉપરથી નીચે ખીણ તરફ દોડવા માંડી! એક જણી મારી આગળ દોડતી હતી એ પડી ગઇ. હું મારી જાતને રોકી જ ન શકી. એનો લંબાયેલો હાથ મારા પગ નીચે કચડાયો. પણ 'જય હિંદ'ની માદક ગર્જના સાથે મેં મારી દોટ ચાલુ જ રાખી. લાગે છે કે, આજુબાજુના ડુંગરો ઉપર બધે જ અમારા સૈનિકો હતા. જંગલની ગાઢ ઝાડીઓમાં છુપાયેલા અમે આગે દોડી રહ્યાં હતાં અને "આઝાદ હિંદ ઝિન્દાબાદ" અને "ઇન્કિલાબ ઝિન્દાબાદ"ની ગર્જનાઓ ચોમેરથી ઊઠતી હતી. પછી તરત જ મને એક ચોટ લાગતી હોય એમ જણાયું. હું લથડી પડી. મને લાગે છે કે હું બેહોશ બની ગઇ હોઇશ. ભાનમાં આવી ત્યારે મેં જોયું કે માંદાઝોળીમાં નાખીને મને અમારી હરોળોની પાછળ લઇ જતા હતા. મને પીડા તો ખૂબ થતી હતી. પણ ડૂસકું બહાર ન નીકળી પડે તે ખાતર દાંત કચકચાવીને ભીંસી રાખ્યા હતા. મારું માથું બીચારું પીડાથી ચક્કર ચક્કર ફરતું હતું, પણ મારું સ્વાભિમાન...મારી પીડા કરતાં સહસ્રગણું હતું.

મેં આંખો બંધ કરી. મને લાગ્યું કે માંદાઝોળી ઊચકનારા લોકો જડસા જેવા હતા. કેટલા જોરથી તેઓ મને ઉલાળી રહ્યા હતા! આ ને આ દશામાં એક આખો યુગ વીતી ગયો...એમ મને લાગ્યું. પછી મને નીચે ભોંય ઉપર સુવરાવવામાં આવી. અમે મોરચા ઉપરની ઇસ્પિતાલમાં પહોંચી ગયાં હતાં; મારા જખમો પણ હવે રુઝાઇ પણ ગયા છે. હું હરીફરી શકું છું. પાછળથી મને ખબર પડી કે, સંગીનોનો હલ્લો બિનજરૂરી હતો. દુશ્મનો તે પહેલાં જ

શરણે થઇ ગયા હતા. અમારી ખુવારી સારા પ્રમાણમાં થઇ હતી, પણ અમે મહત્ત્વનો વિજય મેળવ્યો હતો. અમે બરાબર હિંદ અને બ્રહ્મદેશ વચ્ચેની સરહદ ઉપર જ હતાં...અને એ દિવસના વિજયે અમને હિંદની ધરતી ઉપર લાવીને મૂકયા હતા.

મને આ મેમ્યો ઇસ્પિતાલમાંથી રંગૂન લઇ જવામાં આવનાર છે. રંગૂનના મુખ્ય મથકમાં જોડાઇ જવાનો મને હુકમ થયો છે.

મેં છેલ્લી વાર નોંધપોથી લખી ત્યાર પછી આજ સુધીમાં અનેક બિનાઓ બની ગઇ છે.

૧૮મી માર્ચે ફોજ સરહદ વટાવીને હિંદની તળભૂમિ પર પગ મૂકવામાં ફળીભૂત થઇ. મને ખબર મળ્યા છે કે એ પ્રસંગે અમારા સૈનિકોએ હિંદમૈયાને સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને ધરતીની ધૂળને પ્રેમભર તેમણે ચૂમી. એ દૃશ્ય હતું હૃદયદ્રાવક. મા–ભોમની ધૂળને હાથમાં લઇને તેમણે પ્રતિજ્ઞા કરી કે યુદ્ધમાં કદી પણ અમે પાછી પાની કરીશું નહિ. હિંદ આઝાદ નહિ થાય ત્યાં સુધી અમે જંપ વાળીને બેસીશું નહિ.

બીજા સંગ્રામો પણ લડાયા છે. ઇમ્ફાલને ઘેરો ઘાલ્યો. મોરાઇ, કોહીમા અને બીજા કેટલાંક ગામડાં ફોજે જાપાની ટુકડીઓ સાથે લીધાં. વરસાદ અને હવાઇ દળના પીઠબળનો અભાવ એ બે અમારી મુશ્કેલીઓ. જાપલાઓનું હવાઇ દળ કયાં ગૂમ થઇ ગયું છે? ફોજ પાસે એક પણ વિમાન નથી. મણિપુરથી અમારે પાછા હઠવું પડયું, શા માટે? વિમાની દળ, શસ્ત્રસરંજામ, ખાધાખોરાકી, વાહનો એ બધાંની અછતના માટે કોણ જવાબદાર હશે? હું સાંભળું છું કે, અણીને વખતે જાપલાઓ અમને છેહ દઇ રહ્યા છે. પણ બ્રિટિશ સૈન્યો સાથેની પહેલી અથડામણો દરમ્યાન અમે પુરવાર કરી બતાવ્યું છે કે અમને જો સારી તક આપવામાં આવે તો બ્રિટિશરોને અમે હરાવીને હાંકી કાઢી શકીએ એમ છીએ. પણ જે હિંમત, જે ધૈર્ય અને જે વીરતત્વ અમારા નાગરિક રંગરૂટોએ પણ–કારકૂનો, કામદારો અને વ્યાપારીઓએ પણ–બતાવ્યાં છે તે પુરવાર કરે છે કે, હિંદી પ્રજાના લશ્કરી અને બિન–લશ્કરી એવા બ્રિટિશ સત્તાધીશોએ પાડેલા બે વર્ગો એ કેવળ એક ભ્રમણા જ છે! ફરજ પ્રત્યેની ઉચ્ચ નિષ્ઠા અને બહાદુરીના કિસ્સાઓ તો ઢગલાબંધ ટાંકી શકાય એમ છે. અન્નવસ્ત્રો અને યુદ્ધસરંજામ ત્રણેયની અછત હોવા છતાં અને વિમાની તાકાતનો સદંતર

અભાવ જ હોવા છતાં આઝાદ હિંદ ફોજના સૈનિકોએ બ્રિટિશ સૈન્યના એક સુસજ્જ દળને પાછું હઠાવ્યું હતું. વિકરાળ વાઘના ખુન્નસથી તેઓ મેદાને જંગ ઉપર ઝૂઝયા હતા. આરાકાન, ઇમ્ફાલ અને પાલેલના ડુંગરાઓ તો અમારા યુદ્ધનાદોથી સદૈવ ગુંજતા જ રહેશે. અહીંની ધરતી ઉપર અમારું શોણિત સીંચાયું છે. અહીંની હવા સ્વર્ગે સંચરતા અમારા જવાંમર્દોના આખરી શ્વાસથી પુનિત બની ગઇ છે.

મે ૨૬, ૧૯૪૪

ઇમ્ફાલની લડાઇ દરમ્યાન એક દિલચસ્પ ઘટના બની ગઇ.

મોરચાના એક ભાગમાં હિંદી સૈનિકો સામસામા પક્ષમાં હતા. આ તરફ અમારા આઝાદ હિંદના હિંદી સૈનિકો અને પેલી તરફ બ્રિટિશ સૈન્યના હિંદી સૈનિકો.

અમારા સૈનિકોએ પાટિયા ઉપર એક સંદેશ લખીને સામો પક્ષ વાંચી શકે એવી રીતે ઊંચે ચઢાવ્યો. સંદેશ હતો: "અમારા પક્ષમાં ભળી જાઓ અને માતૃભૂમિની મુક્તિને માટે લડો."

બ્રિટિશ સૈન્યના હિંદી સૈનિકોએ વળતો જવાબ આપ્યો: "તમે જાપાનના ગુલામ છો. તમારી પાસે ધાન પણ નથી. અમારા પક્ષમાં ભળી જાઓ અને ધરાઇને ધાન ભેળા થાવ."

તરત જ આનો જવાબ અમારી ફોજ તરફથી આકાશમાં લહેરી રહ્યો: "અમે જાપાનના ગુલામો નથી. અમે સુભાષબાબુના સેનાપતિપદ નીચે લડી રહ્યા છીએ. ગુલામીનાં ઘી અને આટા કરતાં આઝાદીનું ઘાસ ખાવું બહેતર છે."

અને પછી તરત જ અમારા સૈનિકોના મોંમાં ઝંડાવંદનનું ગીત ગુંજી ઊઠ્યું :

સર પર તિરંગા ઝંડા, જલવા દિખા રહા હૈ !
કૌમી તિરંગા ઝંડા, ઊંચે રહો જહાં મેં,
હો તેરી સર-બુલંદી જ્યું ચાંદ આસમાં પે !

તૂ માન હૈ હમારા, તૂ શાન હૈ હમારી,
તૂ જીત કા નિશાં હો, તૂ હી હયા હમારી!
હર એક બસરકી લબ પર જારી હૈ યે દુવાએં
કૌમી તિરંગી ઝંડા હમ શૌખસે ઉડાયેં!

આકાશ ઔર ઝમીં પર હો તેરા બોલબોલા
ઝુક જાએ તેરે આગે હર તાજ તખ્તવાલા
હર કૌમ કી નઝરમેં તૂ અમન કા નિશાં હો
હો ઐસે મુય્યસક સાયા તેરા જહાં હો

મુસ્તાક બેનવાબી ખુશ હો કે ગા રહા હૈ
સર પર તિરંગા ઝંડા જલવા દિખા રહા હૈ!
કૌમી તિરંગા ઝંડા, ઊંચે રહો જહાં મેં!

સામેથી તાળીઓના અવાજે ગગનને ગજાવી રહ્યા. એ હતો બ્રિટિશ સૈન્યના હિંદી સૈનિકોનો જવાબ. પાછળથી સમાચાર મળ્યા કે, એ હિંદી પલટણને બ્રિટિશ સત્તાધીશોએ ત્યાંથી ખસેડી લીધી...એનું સ્થાન એક બ્રિટિશ ટુકડીએ લીધું.

જૂન ૨, ૧૯૪૪

પાછી રંગૂન પહોંચી ગઇ છું. મેમ્યો ઇસ્પિતાલમાંથી મને લઇ જવા માટે પી. આવેલા. મુસાફરી દરમ્યાન, આગગાડીમાં એમણે મને અનેક ઇધર–ઊધર દિલચસ્પ વાતો સંભળાવી.

પહેલી વાત હતી અમારી આરઝી હકૂમત પાસે રહેવા માટે નિમાઇને આવેલ જાપાની એલચીની. રંગૂન આવીને એણે નેતાજીની મુલાકાત માગી. લાગલો જ જવાબ મળ્યો, "તમારી નિમણૂકના વિધિપૂર્વકના કાગળિયાં મોકલી આપો. અમારા વિદેશખાતાના પ્રધાન એક વાર એ જોઇ જશે. પછી મુલાકાત."

"પણ કાગળિયાં તો ટોકિયોમાં પડયાં રહ્યાં." એલચીએ જવાબ મોકલ્યો.

"તે તમે જાણો." નેતાજીએ કડક રીતે કહેવડાવ્યું: "કાગળિયાની પૂરી તપાસ કર્યા વિના તમને મુલાકાત કેમ આપી શકાય!"

બીચારો જાપાની એલચી ! કાગળિયાં ટોકિયોમાંથી આવ્યા ત્યાં લગી એને નેતાજીને ઊંબરે તપ કરવું પડ્યું !

અમારી આરઝી સરકારની પ્રતિષ્ઠાની પવિત્ર આમન્યા નેતાજી મોટા ચમ્મરબંધી પાસે પણ પળાવે છે.

પી. કહે છે કે, નેતાજીની હાજરીમાં પ્રત્યેક જાપાની અમલદારને નીચા નમીને –શિર ઝુકાવીને ચાલવું પડે છે એટલું જ નહિ, નેતાજીના ફોટોગ્રાફ પાસે પણ એને શિર ઝુકાવવું પડે છે. જેવી રીતે પોતાના શહેનશાહના ફોટો પાસે એ ઝુકાવે બરાબર તેવી જ રીતે !

પી. એ ડૉ. જે.ના છુટકારાની વાત સંભળાવી. ડૉ. જે.ના પત્ની અંગ્રેજ. એટલે જાપાનીઓને આવ્યો વહેમ કે ડૉ. જે. અંગ્રેજોના જાસૂસ છે. તેમણે એમને જેલમાં ખોસી ઘાલ્યા. એમને છોડાવવાની બધી યે કોશિશો નાકામિયાબ નીવડેલી. આખરે એક અરજી નેતાજી ઉપર મોકલવામાં આવી. નેતાજીએ શેરો માર્યો: ડૉ. જે. જો જાસૂસ હોય તો એમને બંદૂકે દેવાનો જાપાનીઓને પૂરેપૂરો હક્ક છે, પણ એ આક્ષેપને સાબિત કરવા માટે જાપાનીઓ પાસે જો કશો જ પુરાવો ન હોય તો, હું માગું છું કે, એક હિંદી પ્રજાજન તરીકે એમને સત્વર મુક્ત કરવામાં આવે." ડૉ. જે. છૂટી ગયા.

જૂન ૪, ૧૯૪૪

ફરી હું રંગૂનમાં આવી ગઇ છું. ઇમ્ફાલના ઘેરા દરમ્યાન આપણા સિપાહીઓએ બતાવેલી બહાદુરીનો એક કિસ્સો શ્રી. કે. પાસેથી સાંભળ્યો.

ફોજ પાલેલના વિમાન–ઘરની લગભગ અડોઅડ થઇ ગઇ હતી. સાથે કેટલીક જાપાની ટુકડીઓ પણ હતી. રાતે વિમાની મથક ઉપર તૂટી પડવાનું નક્કી થયું હતું.

અમારા સિપાહીઓ પાસેની ખાધખોરાકી ખૂટી ગઈ હતી. થોડાક ચાવલ બાકી હતા, તેમાંથી મૂઠી મૂઠી–અને બાકી જંગલી ફળો અને મૂળિયાંઓ ઉપર તેઓ ચલાવી રહ્યા હતા, એટલે અમારો અમલદાર જાપાની અમલદાર કને ગયો અને એની પાસે પડેલા અનાજના જથ્થામાંથી થોડોક ભાગ કાઢી આપવાની વિનતિ કરી.

જાપાની અમલદારે વિનયપુર્વક જવાબ આપ્યો: "અનાજની તો અહીં પણ તંગી જ છે. પણ આજ રાતે આપણે જ્યાં ત્રાટકવાના છીએ ત્યાં અનાજના ડુંગરો પડ્યા છે."

અમારા અમલદારને ચીઢ ચઢી. એણે પ્રતિજ્ઞા કરીઃ "આજે રાત પડે તે પહેલાં જ એ અનાજને કબજે કરું તો જ હું ખરો." એણે સિપાહીઓને ભેળા કર્યા...કહ્યું: "અનાજ એક જ ઠેકાણે છે, આપણી સામેના પેલા હવાઇ મથક ઉપર. જાપલાઓ આપણને એક મૂઠી ધાન પણ આપવા નથી માગતા. મારી સૂચના છે કે, નિપનના એ બચ્ચાંઓને બતાવી દઇએ કે, હિંદીઓ પોતાના બળ ઉપર સંપૂર્ણ સ્વાશ્રયથી ઝૂઝી શકે છે, ભૂખે પેટે પણ લડી શકે છે. અને લડી શકે છે એટલું જ નહિ પરંતુ ફત્તેહ પણ કરી શકે છે. તમે જો તૈયાર હો, તો, આપણે અત્યારે જ ત્રાટકીએ અને પછી આપણે એમના પેટનો ખાડો પૂરીશું."

'જય હિંદ'ની ગગનભેદી ગર્જનાઓ સાથે ફોઝના સિપાહીઓ પાલેલનાં હવાઇ મથક ઉપર તૂટી પડયા. છાપો એટલો બધો અણધાર્યો હતો અને એટલા બધા ઝનૂનથી કરવામાં આવ્યો હતો કે, બ્રિટિશ સૈનિકો સજ્જ થઇને ભેગા થઇ શકે તે પહેલાં તો ખેલ ખલાસ થઇ ગયો! હવાઇ મથક આપણા હાથમાં આવી ગયું.

અનાજે મળ્યું......અને બહાદુરીનો ડંકો પણ વાગી ગયો!

શ્રી. કે.ની સાથે શ્રી. એ.ની બાર વરસની દીકરી પણ હતી. બહુ સરસ ગાય છે એ છોકરી. ગળામાં રેશમી સંગીત છે. એણે અમારું કૂચ–ગીત ગાઇ બતાવ્યું:

કદમ કદમ બઢાયે જા! ખુશી કા ગીત ગાયે જા!
યહ જિંદગી હૈ કૌમ કી તૂ કૌમ પે લૂટાયે જા!

તૂ શેરે હિંદ આગે બઢ, મરને સે ફિર ભી તૂ ન ડર,
આસમાં તક ઉઠાકે સર, જોશે વતન બઢાયે જા!

તેરી હિમ્મત બઢતી રહે, ખુદા તેરી સુનતા રહે,
જો સામને તેરી ચઢે, તૂ ખાક મેં મિલાયે જા!

ચલો દિલ્લી પુકાર કે, કૌમી નિશાં સમાલ કે,
લાલ કિલ્લા ગાઢ કે, લહરાયે જા! લહરાયે જા!

મારા પોતાના તાજેતરના જ યુદ્ધના દિવસો મારી નજર સામે તરવરી રહ્યા. મુક્તિના ખપ્પરમાં કેટલા બત્રીસાઓનું શોણિત વહી રહ્યું છે! પણ પાછી પાની અમે કદીયે કરીશું નહિ. ભલે દુનિયામાં એક જ હિંદી રહે અને એની પાસે શસ્ત્રોમાં ફકત એક જ કુહાડી બાકી હોય!

યહ જિંદગી હૈ કૌમ કી
તૂ કૌમ પે લુટાય જા!

જૂન ૫, ૧૯૪૪

સવારે ચા-ટાણે શ્રી. આર. અમારે ત્યાં આવ્યા. એપ્રિલની શરૂઆતમાં આઝાદ હિંદ બૅન્ક શી રીતે અસ્તિત્વમાં આવી એ અમને એમણે કહ્યું.

અહીં રંગૂનમાં જ નેતાજી એક મુસ્લિમ કોટયાધીશ સાથે આરઝી હકૂમતના નાણાપ્રકારની ચર્ચા કરી રહ્યા હતા. આઝાદ હિંદ સરકારને એક ખાસ બૅન્ક હોવી જોઈએ...જગતમાં કોઈપણ ઠેકાણે બૅન્ક વગરની સરકાર કોઈએ દેખી સાંભળી છે? વળી ઇમ્ફાલ પડશે કે તરત જ આપણી સરકાર પોતાના સિક્કા છાપશે...અને ત્યારે પણ બૅન્કની જરૂરિયાત તો ઊભી થવાની જ ને!" નેતાજી આ બાબત પેલા મુસલમાન શેઠની સલાહસૂચના માગતા હતા.

'તમારે કેટલા પૈસા જોઈએ?" મુસલમાન શેઠે નેતાજીને જવાબ આપ્યો.

"પચાસ લાખ ચાલશે, શરૂઆતમાં." નેતાજીએ કહ્યું.

"બસ! એ કંઈ મોટી વાત નથી. ત્રીશ લાખ તો હું પોતે જ આપું છું...અને બાકીના વીશ લાખ હું મારા દોસ્તોમાંથી ઊઘરાવીને એક અઠવાડિયામાં આપની પાસે હાજર કરીશ."

અને એક પખવાડિયામાં અમારી બૅન્ક બા-કાયદે અસ્તિત્વમાં આવી અને કામકાજ શરૂ કર્યું. કુલ થાપણ ૫૦ લાખની; એમાંથી ૨૫ લાખ ભરપાઈ થઈ ચૂકેલ. બ્રહ્મદેશના રજિસ્ટ્રેશનના કાયદા પ્રમાણે એને રજિસ્ટર્ડ કરવામાં આવી. રૂપિયાની ચલણી નોટોના જેટલી જ એના ચેકોની શાખ છે. અને ખરું પુછાવો તો જાપાની ચલણી નોટો કરતાં અમારી બૅન્કના ચેકો જ વધુ સલામત લાગે છે.

જાહેર જનતામાં બૅન્કની આટલી બધી પ્રતિષ્ઠા છે અને અમારી શાખા એટલી બધી સદ્ધર છે કે અત્યાર સુધીમાં ત્રણ તો એની શાખાઓ ઊઘડી

ચૂકી છે... અને બીજી પાંચ શાખાઓ માટેની માગણીઓ તો હજુ ઊભી છે. આઝાદ સરકારનાં તમામ રોકડ નાણાં બૅન્ક હસ્તક રહે છે.

પી.એ એક બીજી વાત કરી, મે મહિનામાં બનેલી. નેતાજી વિમાની મથક ઉપર હતા. જરૂરી કામને અંગે શ્યોનાન તરફ ઊડવાના હતા. ચહેરા ઉપર બહુ મૂંઝવણ વર્તાતી હતી. આગેવાનો એમને વિદાય આપવા આવ્યા હતા. તેમને ખબર નહોતી કે નેતાજીના મનમાં શી ઘડભાંજ ચાલતી હશે. એક શ્રીમંત ચેટીઆર આગળ આવ્યો, પૂછ્યું: "આપ કૈંક મૂંઝવણમાં લાગો છો, નેતાજી. અમે કૈં સેવા કરી શકીએ?"

"નાણાની ચિંતામાં છું." નેતાજીએ ખુલાસો કર્યો. "તમે રંગૂનવાળાઓ કંઇ કરી શકો એમ મને નથી લાગતું. ફોજની જરૂરીઆત માટે મારે અત્તર-ઘડી ૨૦ લાખ રૂપિયા જોઇએ. ફોજના ઉપર અત્યારે કટોકટીની ઘડી છે... બની શકે તેટલી બધી જ સહાયતા તેને તાબડતોબ પહોંચાડવી જોઇએ."

આ વાતચીત ચાલી તે દરમિયાન વિમાન ઊડવા માટે તૈયાર થઇ ગયું. નેતાજી અંદર જઇને બેઠા. પણ કુદરતને કરવું ને ઊડવામાં કૈંક ખોટીપો થયો, દશેક મિનિટનો. ચેટીઆરે ત્યાં આગળ ઊભેલા આગેવાનો પાસે નેતાજીની મૂંઝવણ રજૂ કરી. જલદી નિર્ણયો લેવાઇ ગયા અને વિમાન ઊપડ્યું ત્યાર પહેલાં જ નેતાજીના હાથમાં વીશ લાખના દાતાઓની તપસીલ આવીને પડી. આખી યે રકમ ત્યાં હાજર રહેલ આગેવાનોએ પોતાનામાંથી જ ઊભી કરી હતી.

મેં એક સૂચના કરી છે. ૪ થી જુલાઇએ નેતાજીએ અમારી આગેવાની લીધી તેને એક વરસ પૂરું થશે. એ દિવસની ખુશાલીમાં નેતાજીની રજતતુલા કરવી. આને માટે સ્ત્રીઓને અપીલ કરવી...દાગીનાઓ માટે. શ્રી. સી.ને મારી આ સૂચના ગમી. હું અમારી મહિલા–શાખાને આ વિષે લખવાની છું.

હવે તો ડૉક્ટરો મને બહાર હરવાફરવાની અને કામ કરવાની છૂટ આપે તો સારું. પથારીમાં પડ્યા પડ્યા આરામ લેવાની વાતથી હવે તો ખૂબ કંટાળી ગઇ છું.

જાપાની દળો કોહિમાથી પીછેહઠ કરી ગયાં કે શું? દિલ્લી રેડિયોનો એવો દાવો છે. પી.ને પૂછી જોઉં ત્યારે ખબર પડે.

ચલો દિલ્લી

બ્રહ્મદેશમાં જ્યાં જ્યાં હિંદીઓની વસાહતો છે ત્યાં ત્યાં તેમની રક્ષા કરવાનું કામ ફોજે ઉપાડી લીધું છે. કોઈ પણ આપત્તિની સામે હિંદીઓના જાનમાલનું રક્ષણ તો અમે કરીશું જ.

જૂન ૧૩, ૧૯૪૪

આજે બપોર પછી શ્રીમતી એચ. એમની બે દીકરીઓ અને દીકરા સાથે આવ્યાં. હું બહાર હતી, તે દરમ્યાન અનેક મઝેદાર ઘટનાઓ બની ગઈ લાગે છે. નેતાજીની સૂચનાથી આખા પૂર્વ એશિયામાં એક બાલ-સેનાની યોજના કરવામાં આવી છે.

બાળકો સાથે વાતચીત કરતાં મને લાગ્યું કે બાળસેનાએ એમનામાં ક્રાન્તિ જ જગાવી મૂકી છે.

શ્રીમતી એચે. પોતાના પાડોશી દા. પી.ની વાત કરી. જાપાની સૈન્ય-સત્તાધીશોએ દા. પી.ને શક ઉપર પકડીને જેલમાં પૂરી દીધા હતા. શ્રીમતી પી. ખૂબ ગભરાઈ ગયાં હતાં. મદદ માટે ક્યાં નજર નાખવી એ એમને સૂઝતું નહોતું. ઘણાંનાં બારણાં ખખડાવ્યાં પછી, શ્રી. એચ. એમને નેતાજી કને લઈ ગયા. નેતાજીએ એમની વાત સાંભળી પછી દા. પી.ની તાત્કાલિક મુક્તિ યાચતા શ્રીમતી પી.ના પ્રાર્થનાપત્રની સાથે તેમણે પોતા તરફથી એક પત્ર બીડયો. અને તેમાં દા. પી.ની તાત્કાલિક મુક્તિની માગણી કરી. શ્રીમતી પી. નેતાજીનો આ પત્ર લઈને જાપાની પોલીસ ઇન્સ્પેક્ટરને મળ્યાં. જાપાની ઇન્સ્પેક્ટર ઘૂરકયા: "નામદાર બોઝને અમારા કામમાં માથું મારવાનો અધિકાર નથી."

શ્રીમતી પી.એ ઇન્સ્પેક્ટરને વિનંતિ કરી: "તમારા ઉપરીઅધિકારીઓને તો આ પત્ર વિષે વાત કરી જુઓ." પરિણામે તે જ વખતે શ્રીમતી પી.ને વડા અધિકારી પાસે લઈ જવામાં આવ્યાં. વડા અધિકારીએ કહ્યું: 'મારા ઇન્સ્પેક્ટરે જે કંઈ કહ્યું તે માટે હું દિલગીર છું. નામદાર બોઝે તમારા પ્રાર્થનાપત્ર ઉપર શેરો માર્યો છે એનું વજન, અમારે મન અમારા નામદાર શહેનશાહના શેરા જેટલું જ છે. દા. પી.ની મુક્તિ માટે હું અબઘડી જ હુકમ કાઢું છું.'

આ કોઈ નવી વાત નથી. શ્યોનાનમાં પણ નેતાજી જ્યારે પહેલી વાર આવ્યા ત્યારે અનેક હિંદીઓને આવી રીતે છોડી મૂકવામાં આવ્યા હતા.

અંગ્રેજોના જાસૂસ હોવાના આક્ષેપ બદલ...લગભગ ચારસોક જેટલા જેલમાં સડી રહ્યા હતા. એમની સાથેનું જાપાનીઓનું વર્તન ઘણું જ ખરાબ હતું. એમના ઉપર અનેક પ્રકારના સિતમો ગુજારવામાં આવેલા. એમને ભૂખે મારવામાં આવેલા અને એમને માર પણ પડેલા. સુભાષબાબુએ સૌથી પહેલી માગણી એ કરી કે "બધા હિંદીની સામેના તહોમતનામાં મારી આગળ પેશ કરો." એ બધાંયને એ વાંચી અને વિચારી ગયા. કેટલાક હિંદીઓને એ કારાગારમાં જઇને મળી પણ આવ્યા. બાકીનાઓની મુલાકાત લેવા માટે તેમણે હિંદી આગેવાનોને મોકલ્યા. અંતે, હિંદ સ્વાતંત્ર્ય સંઘને પોતે ટેકો આપશે એવી ખોળાધરી આપનાર બધાયને છોડી મૂકવામાં આવ્યા.

કેટલાક એવા પણ હતા, જેમણે એ ખોળાધરી આપવાનો ઇનકાર કર્યો. એમના ઉપર પણ કોઇ પણ જાતનો સિતમ ન ગુજારવામાં આવે એવી ચેતવણી તો નેતાજીએ જાપાની સત્તાવાળાઓને આપી જ દીધી હતી.

જૂન ૨૦, ૧૯૪૪

સાંભળ્યું છે કે અમેરિકન 'સુપર ફોર્ટ્રેસીસ' વિમાનોએ જાપાનની તળધરતી ઉપર બોમમારો કર્યો. ખુવારી બહુ જ ઓછી કરી શકયા છે એમ પણ સાંભળ્યું.

ચોથી જુલાઇએ નેતાજીની રજતતુલા કરવાની મારી સૂચનાને વધાવી લેવામાં આવી છે. સ્ત્રીઓ પોતાના કીમતી અલંકારો આ વિધિને માટે મોકલી રહી છે. એક મદ્રાસી બહેને તો પોતાના બધા જ દાગીના આપી દીધા. હું મારા હારો અને કર્ણફૂલો મોકલી રહી છું, બંગડીઓ પણ—બે જોડી સિવાયની બાકીની બધી જ.

શ્રી. એમ. કહે છે કે સંઘનો ફાળો હવે એક કરોડ, સાડા તેત્રીશ લાખ રૂપિયે જઇ પહોંચ્યો છે. એક બે મહિનામાં જ લગભગ ૧૪ લાખ રૂપિયા આવ્યા. અને આ તો હજુ એક મલાયાનો જ આંકડો હતો.

સંઘની શાખાઓ એકલા મલાયામાં જ હવે સિત્તેરે પહોંચી છે.

આજે મેં વડા મથકની મુલાકાત લીધી. તમે માનશો ખરા ? આરઝી હકૂમતના પૂરા ઓગણીસ ખાતાંઓ ધૂમ કામ કરી રહ્યાં છે. મે ગણી જોયાં. એમાંનાં મુખ્યઃ સામગ્રી, નાણું, હિસાબ, ભરતી અને તાલીમ, મુદ્રણાલય, પ્રસિદ્ધિ પ્રચાર, સ્ત્રીઓ, શિક્ષણ, જાહેર તંદુરસ્તી, સામાજિક સ્વાસ્થ્ય અને પુન-

ઘટના. શ્યોનાનમાં એક બીજું વડું મથક છે મલાયા, સુમાત્રા, જાવા અને બોર્નિયો માટે...એમાં પણ એટલાં જ ખાતાં.

બ્રહ્મદેશમાંની શાખાઓ અને ઉપશાખાઓની સંખ્યા મલાયા કરતાં પણ મોટી છે, લગભગ સો જેટલી. તાઇલેન્ડમાં વીશ છે, અને સુમાત્રા, જાવા બોર્નિયો વગેરેમાં જુદી. ફોજ માટેના તાલીમકેન્દ્રોની સંખ્યા પણ વધી છે. એકલા મલાયામાં જ અત્યારે ચાર છે, જે એક સાથે કુલ સાત હઝાર રંગરૂટને તાલીમ આપી શકે છે. બ્રહ્મદેશમાં ચાર છે–ત્રણ હજારને માટે. તાઇલેન્ડમાં એક છે–એક હજારને માટે. આ બધાં તો ફક્ત સૈનિકોની તાલીમ માટે. અમલદારી તાલીમ માટે બે જુદાં છે. એક શ્યોનાનમાં અને બીજું રંગૂનમાં. અત્યાર સુધીમાં ૨,૦૦૦ અમલદારો તાલીમ લઇને બહાર પડયા.

બિન–લશ્કરી નાગરિક વહીવટની તાલીમ માટે બે કેન્દ્રો છે: એક શ્યોનાનમાં અને બીજું રંગૂનમાં. હકૂમતે આરઝીનું પુનર્ઘટના ખાતું એ ચલાવે છે. પરદેશીઓની ધૂંસરીમાંથી મુક્ત થતા જતા માદરે વતનના વિસ્તારો ઉપર વહીવટ આ લોકો ચલાવશે–આરઝી સરકારના પ્રતિનિધિઓ તરીકે.

અમારા આન્દોલનની આધારશિલા મલાયા છે. મલાયાએ ફોજ માટે ઓછામાં ઓછા ૨૦,૦૦૦ રંગરૂટો પૂરા પાડયા, બધા જ નાગરિક વર્ગોમાંથી. નાણા અને સામગ્રીની બાબતમાં તો મલાયાનો ફાળો, બ્રહ્મદેશ, તાઇલેન્ડ કે પૂર્વ–એશિયાના બીજા કોઇ દેશ કરતાં કયાંય મોટો છે.

મલાયા ખાતે અમે ખેતીની એક વિરાટ યોજના તૈયાર કરી છે. જ્યાં હળ પૂર્વે કદી પણ ફર્યું નથી એવાં જંગલોમાંથી લગભગ ૨,૦૦૦ એકર જેટલો વિસ્તાર અમે સાફ કર્યો...અને એને જુદા જુદા હિંદી વસાહતિઓ વચ્ચે વહેંચી આપ્યો. આ ધરતી ઘણો જ સુંદર બદલો આપશે. વસાહતિઓને જરૂરી ઓજારો, બિયારણ અને મકાનો બાંધવાની સામગ્રી અને થોડાક રોકડ નાણા અમારી મલાયા શાખાએ પૂરા પડયાં છે, જેથી કરીને તેઓ નવી જિંદગીની શરૂઆત સારી રીતે કરી શકે. આને પરિણામે, અમારાં રાહત–કેન્દ્રો ઉપરનું દબાણ ઘણું હળવું બનશે.

આજે મેં શિક્ષણ ખાતાની મુલાકાત લીધી. ત્યાં શ્રી એ. સાથે મારે ભેટો થઇ ગયો. એમણે કહ્યું કે, અહીં એકલા બ્રહ્મદેશમાં જ ૬૫ શાળાઓ

ચાલે છે. એકેએક વિસ્તારમાં રાષ્ટ્રીય શાળાઓ હવે સફળતાપૂર્વક ચાલી રહી છે. મલાયામાં પચ્ચાસ છે. સૌથી વધુ નોંધપાત્ર વાત છે, હિન્દુસ્તાનીના શિક્ષણની પ્રૌઢોમાં તેમજ બાળકોમાં. શ્રી. એ.એ કહ્યું કે હિન્દુસ્તાની—બજારુ હિન્દુસ્તાની નહિ પરંતુ ઉસ્તાદના ચરણોમાં બેસીને શીખી શકાય એવી શિષ્ટ હિન્દુસ્તાની—હવે પ્રત્યેક હિંદી ઘરમાં પહોંચી ગઇ છે...અહીંની અમારી વસ્તિનો મોટો ભાગ તામિલ ભાષા બોલનાર મજૂરોનો છે એ યાદ રાખતાં આ સિદ્ધિ ઘણી જ મોટી કહેવાય...રચનાત્મક કાર્ય એ આનું નામ.

અમારી ફોજના અમલદારો પોતાની છાવણીઓમાં બ્રહ્મદેશવાસીઓને પણ તાલીમ આપી રહ્યા છે. અમે બની શકે તેટલી મદદ આપી રહ્યા છીએ. અમારી લુખીસૂકી દાળરોટી અને અમારા પાસે જે કૈં શસ્ત્રસામગ્રી છે તે બધાંમાં અમે એમને ભાગ આપી રહ્યા છીએ. જાપાનીઓને એમની કશી જ નથી પડી. હિંદીઓ કરતાં પણ તેમની ફિકર જાપાનીઓ ઓછી કરે છે... એ જ એનો અર્થ કે નહિ!

જૂન ૨૧, ૧૯૪૪

આજે કર્નલ એ.ને મળી. ફોજમાંથી કોમવાદને નાબૂદ કરવાની પદ્ધતિઓ ઉપર એ આફ્રીન છે. બાર ભૈયા અને તેર ચોકા જેવું કશું જ નથી. પંજાબીઓ માટે એક, મદ્રાસીઓ માટે બીજું અને કોઇ ત્રીજા માટે ત્રીજું એમ જુદા જુદા વર્ગો માટે જુદું જુદું રસોડું ચલાવવાની રસમ ખતમ કરવામાં આવી છે. રંગરૂટો બધા જ એક પંગતમાં બેસીને જમે છે. દરેકને એક થાળી મળે. નિરામિષાહાર પહેલાં પિરસાય, માંસાહાર પછી. જેમને જોઇએ તે લે. ખાનારા બધા જ સેળભેળ બેસે. ઉપરાંત, ફોજનું વાતાવરણ પણ અદ્ભુત છે. 'હું તો આવી ફોજમાં," એમણે કહ્યું. "આખી જિંદગી પસાર કરવાનું પસંદ કરું." તપસ્વીઓને શોભે એવી સાદાઇમાં ફોજ રહે છે. બીજાં સૈન્યોમાં જે પ્રકારની ઇન્દ્રિયપરાયણતા અને ગંદી જાતીય વૃત્તિના પ્રદર્શનો સર્વસાધારણ છે, તેનું અહીં નામોનિશાં ન મળે; અહીં તો સૈનિકોએ પોતાની જાતનું સમર્પણ ઉચ્ચ સિદ્ધાંતને ચરણે કર્યું છે એ વસ્તુ જ એમને હરહમેશ પ્રસન્ન ગંભીર રાખે છે. પૈસા અને નિરંકુશ ઇન્દ્રિયાનંદ—એ બે જ જેમનાં પ્રેરક બળો છે એવા ભાડૂતી સિપાહીઓ અને આ સિદ્ધાંતનિષ્ઠ સ્વયંસેવકો વચ્ચે આટલો તફાવત કેમ ન હોય! ફોજમાં શરાબી તો તમને શોધ્યો ય નાંહે

જડે. કોઇને એવા બનવાનું મન થાય તો એનું સ્થાન જ ફોજમાં ન રહે. ફોજીઓ એને આધે જ ફગાવી દે. અહીં ફોજમાં સાચું પ્રજાશાસનતંત્ર છે. એક જ ધ્યેયને વરેલ, એક જ જનેતાના બેટાઓ અહીં શિસ્તપાલન કરે છે...એટલા માટે નહિ કે અમલદારોનું હૂંપદ એથી પંપાળાય...ના, મુદ્દલ નહિ, પણ એટલા માટે કે સુસંગઠિત અને સુવ્યવસ્થિત કાર્ય માટે શિસ્તપાલન એમને અનિવાર્ય લાગે છે।

આજ સવારે મેં વડા મથકની મુલાકાત લીધી. તંદુરસ્તી અને સામાજિક સ્વાસ્થ્ય ખાતામાં હું જઇને ઊભી રહી. દા૦ મિસ જે. ત્યાં હતાં. સંઘે સામાજિક પુનર્ઘટનાનું જે કામ હાથમાં લીધું તે રાજકીય કાર્ય જેટલું જ અગત્યનું છે એ વાત એમણે મને ખૂબ ભારપૂર્વક સમજાવી. એણે કહ્યું: "સંઘ જો આ ખાતું બંધ કરી દે, તો રોગ અને સંકટ વાટે, આપણી પ્રજા ઘણે અંશે ક્ષીણ થઇ જાય...અને પરિણામે આપણા રાજકારણી કાર્યક્રમને જે પીઠબળ એના તરફથી મળી રહ્યું છે તેમાં પણ ઓછું થઇ જાય. મલાયા અને બ્રહ્મદેશના ગાઢમાં ગાઢ જંગલોમાં અમે સેંકડો દાકતરોને મોકલાવ્યા છે, અને અનેક વાર તે સ્થળોએ અમે રાહતકેન્દ્રો પણ ખોલ્યાં છે. દવાઓ અમે મફત વહેંચીએ છીએ...અને જરૂર ઊભી થતાંવેંત મફત રસોડાં પણ ખોલીએ છીએ. કિવનાઇન અમે હજારો રતલ વહેંચ્યું છે, એકલા કૈલાસમ્પુરના એક રાહત-કેન્દ્રનો જ રોજ હજાર માણસો-પુરુષો, સ્ત્રીઓ અને બાળકો સહિત-લાભ ઉઠાવે છે. મહિનાનું પોણો લાખ ડૉલરનું તો એનું ખર્ચ છે. બ્રહ્મદેશ અને મલાયામાં અમારાં ઠેર ઠેર મફત દવાખાનાં ચાલે છે. આ ઉપરાંત હૉસ્પિટલો અને આરામ કેન્દ્રો તો જુદાં જ. કાલેવામાં અમે એક સ્વાસ્થ્ય-મંદિર ચલાવીએ છીએ. એનો લાભ હજારોએ લીધો છે. તાઇલેન્ડમાં અમારી એક અદ્યતન ઢબની અને પ્રથમ પંકિતની હૉસ્પિટલ છે...હિંદીઓ માટે મફત. મેમ્યો હૉસ્પિટલની તો જાપાનીઓ અને બ્રહ્મદેશવાસીઓ તારીફ કરે છે. દવાઓ અને વૈદકીય સરંજામની બાબતમાં અમે તંગી જ ભોગવતાં આવ્યા છીએ......છતાં આ દિશામાં આટલું જબરદસ્ત કાર્ય અમે કરી શકયા છીએ.

જુલાઈ ૧, ૧૯૪૪

આજે શ્રી. કે. અમારી સાથે ભોજન લેવા માટે આવ્યા હતા. એ અમારા ઑડિટર-જનરલ છે.

અમારું નાણાખાતું શી રીતે ચાલે છે તે એમણે અમારા એક બ્રહ્મી પરોણાને સમજાવ્યું. સ્વેચ્છાદત્ત દાનો અને સભાઓમાં હાર વગેરેનાં જાહેર લિલામો—આ અમારી આવકનું મુખ્ય સાધન પણ અમારું બધું ખર્ચ એમાંથી ક્યાંથી નીકળે? અમારી કુલ જરૂરિયાત ૧૫ કરોડ રૂપિયાની છે. એટલે હકૂમતે આરઝીએ હિંદીઓ ઉપર એક કર નાખ્યો છે. એ કર, આવક કે સાલ દરમ્યાન થયેલ નફાને ધોરણે નથી ઊઘરાવાતો. એ ઊઘરાવવાની પદ્ધતિ આ પ્રમાણે છે: પહેલાં તો પ્રત્યેક હિંદીની કુલ મૂડી કેટલી એ નક્કી કરવા માટે પ્રતિષ્ઠિત વેપારીઓની એક કમિટિ નીમવામાં આવી. પછી સરકારે નક્કી કર્યું કે, એ મૂડીનો અમુક ભાગ-દશમો-કર તરીકે વસૂલ કરવો. એ રકમ કેટલે હપ્તે ભરવામાં આવે તે કમિટિએ નક્કી કર્યું. સરકારની વતી નેશનલ બૅન્ક ઑફ આઝાદ હિંદમાં સૌ કોઈ આવીને એ હપ્તા ભરી જાય.

આ કર ફક્ત હિન્દીઓ પાસેથી જ ઊઘરાવવામાં આવે છે. એવા બે નીકળ્યા, જેઓ પોતે બ્રહ્મી છે, હિંદી નથી, એવું બહાનું કાઢીને કરમાંથી છટકી ગયા. એવા યે નીકળ્યા, જેમણે કરમાંથી છટકવા માટે અનેક સાચાખોટાં બહાનાં બતાવ્યાં. આમાંથી પહેલા વર્ગને માટે તો એક જ રસ્તો હતો. તેમને કરમાંથી મુક્તિ આપવામાં આવી—એક શરતે, ભવિષ્યમાં તેમનું સંરક્ષણ એ આઝાદ હિંદની સરકારની ચિંતાનો વિષય નહિ હોય. બીજા વર્ગને અપીલ કરવાની છૂટ હતી. અને ખોટા હતા, તેમને લાંબે ગાળે પણ, નિયત થયેલ રકમ આપ્યે જ છૂટકો થતો.

આ પ્રમાણે બ્રહ્મદેશના હિંદીઓ પાસેથી આઠ કરોડની રકમ વસૂલ થશે એવો અંદાજ હતો. આમાંથી સાડા ત્રણ કરોડ રૂપિયા તો વસૂલ પણ થઈ ગયા...અને લગભગ ચાલીશેક લાખ જેટલો બીજો સામાન.

અમે પેટે પાટા બાંધીને ચલાવ્યું છે, પણ જાપાનની કે બીજી કોઈ સરકાર પાસેથી કરજ લેવાનો ઇનકાર કર્યો છે. અમે એક વાત સમજીએ છીએ: આજે કરજ લેશું, તો આવતી કાલે દેશનું આર્થિક સ્વાતંત્ર્ય જોખમમાં મુકાશે. એટલે, દોસ્તનો પાસેથી પણ અમે કરજ નથી લેતા. અમારું આખુંયે નાણા-પ્રકરણ એક જ મૂળગત સિદ્ધાંતના પાયા ઉપર અમે ચણ્યું છે: હિંદીઓ પોતાના પગ ઉપર જ ઊભા રહે. બહારનાઓ આપવા તૈયાર હોય...તો પણ તેઓ તેનો ઇનકાર કરે. આને પરિણામે જાપાનીઓ સાથેના અમારા વ્યવહા-

રમાં અમે ખૂબ આઝાદ રહી શકયા છીએ. ઉપરાંત અમારા કટ્ટરમાં કટ્ટર દુશ્મનો પણ અમારા કાર્યક્રમની કોઇ નાની શી વાત ઉપર પણ આંગળી ચીંધીને કહી નથી શકતા કે ફલાણું કરવામાં અમે અમારા દેશનું ભાવિ હિત વેચી ખાધું.

અમારી છાવણીમાં જાપાની ઉસ્તાદો નથી અને અમારા અધિકારી-મંડળમાં જાપાની કે જર્મન નિષ્ણાતો નથી—એનું પણ આ જ કારણ. અમારી ફોજ નખશિખ—મામૂલી સિપાહીથી માંડીને સિપેહસાલાર સુધી—શુદ્ધ હિંદી છે.

જુલાઇ ૪, ૧૯૪૪

સુભાષબાબુ બીજી તારીખે મોરચા ઉપરથી આવી ગયા. છેલ્લા બે મહિના થયા એ બધા મોરચાનું નિરીક્ષણ કરી રહ્યા છે. ફોજના સૈનિકોને એમાંથી કેટલી બધી પ્રેરણા મળે છે!

આજે 'નેતાજી-સપ્તાહ'નો આરંભ થયો. ગયે વરસે આ જ દહાડે, શ્યોનાન—પરિષદમાં, પૂર્વ-એશિયાના તમામ હિંદીઓની એમણે સરદારી લીધેલી. ૪થી જુલાઇ! ગઇ ૪ થી જુલાઇએ ત્રીસ લાખ હિંદીઓએ સુભાષબાબુની પડખે સંગઠિત ખડા થઇને પ્રતિજ્ઞા લીધી કે, "મુક્તિ અથવા મૃત્યુ" એ જ હવેથી તેમનો જીવનમંત્ર રહેશે.

આજે એક વાર ફરીથી જ્યૂબિલી હૅાલ ચિક્કાર ભરાઇ ગયો હતો. બહાર રસ્તા ઉપર જમા થયેલી મેદનીને માટે લાઉડસ્પીકરોની ગોઠવણ હતી. રાજમાર્ગોને બદલે માનવ-મસ્તકોનાં ગાઢ વનો દેખાતાં હતાં.

છેલ્લાં બાર મહિનામાં આપણે જે સાધ્યું તેનો સાર આ છે:

૧. 'સર્વસ્પર્શી' તૈયારી'નો કાર્યક્રમ નજર સામે રાખીને આપણે માનવ-શક્તિ, સાધન-સંપત્તિ અને નાણાંને એકત્રિત કર્યાં.

૨. અદ્યતન યુદ્ધ માટે આપણે એક સૈન્ય તૈયાર કર્યું...જેનું કદ વધતું જ જાય છે.

૩. સૈનિકોમાં આપણે એક સ્ત્રી-દળ પણ યોજ્યું, જે 'ઝાંસીની રાણી દળ'ને નામે કામ કરે છે.

૪. આપણે આરઝી-હકૂમતે-આઝાદ-હિંદ નામે આપણી પોતાની સરકાર રચી—જેને નવ મિત્રરાજ્યોએ માન્ય કરી છે.

૫. આપણે સ્વતંત્ર પ્રદેશ પણ પ્રાપ્ત કર્યો છે–આન્દામાન અને નિકોબારના ટાપુઓ.

૬. આપણે આપણા વડા મથકને હિંદની નજીક બ્રહ્મદેશમાં લઇ આવી શકયા. અને ૧૯૪૪ ના ફેબ્રુઆરીમાં આઝાદી જંગની શરૂઆત પણ કરી દીધી. ૨૧મી માર્ચે જગત સમક્ષ આપણે જાહેરાત પણ કરી શકયા કે, આપણાં દળો હિંદની તળધરતી ઉપર પહોંચી ગયાં છે.

૭. આપણા પ્રચારખાતાનું કામ ઘણું જ ફૂલ્યુંફાલ્યું છે.

૮. આપણે આઝાદ હિંદ દળ નામે એક નવું સંગઠન ઊભું કર્યું છે. સ્વતંત્ર હિંદમાં વહીવટનું અને પુનર્ઘટનાનું કામ એ ઉપાડી લેશે.

૯. આપણે બ્રહ્મદેશમાં આપણી પોતાની એક બેન્ક ઊભી કરી–નેશનલ બેન્ક ઓફ આઝાદ હિંદ લિમિટેડ. આઝાદ હિંદમાં મૂકવા માટે આપણા પોતાના સિક્કાઓ છાપવાનો આપણે હુકમ પણ આપી દીધો છે.

૧૦. યુદ્ધના એકેકેએક મોરચા ઉપર આપણે સંતોષકારક કામ બજાવી શક્યા છીએ. આપણાં દળો હિંદમાં ધૂસી રહ્યાં છે– ધીમી પણ મક્કમ ગતિએ–અનેક મુશ્કેલીઓ અને સંકટોનો સામનો કરતાં કરતાં......!

એક વખત એવો પણ હતો કે જ્યારે આઝાદ હિંદ ફોજ યુદ્ધમાં શામેલ થશે કે નહિ થાય, અને શામેલ થશે તો તે લડી શકશે કે કેમ–અને લડી શકશે તો તે દુશ્મનોને શિકસ્ત આપી શકશે કે કેમ એ બાબત લોકોને શંકા હતી. એ કસોટીમાંથી આપણે હવે સફળ રીતે પાર પાડી ચૂકયા છીએ અને સ્વાભાવિક રીતે જ, એણે આપણા આત્મવિશ્વાસમાં પારાવાર ઉમેરો કર્યો છે.

યુદ્ધ જ્યારથી હિંદની તળભૂમિ ઉપર આવ્યું છે ત્યારથી આપણું બની ચૂક્યું છે. આમ, આપણે આપણું પોતાનું યુદ્ધ લડી રહ્યા છીએ એ વાતે રણભૂમિ ઉપર લડી રહેલા આપણા સૈનિકોને જ ફક્ત નહિ, પરંતુ મોરચાની પાછળ યુદ્ધકાર્ય કરી રહેલી આપણી પ્રજાને પણ અપાર પ્રેરણા પાઇ છે.

અત્યાર સુધીમાં મને આપણા સૈનિકો તરફથી પોતે જે અનેક હાડમારીઓ વેઠી રહ્યા છે તે બાબત એક પણ ફરિયાદ કે રાવ મળી નથી. આપણા સિપાહીઓની રાવ ફક્ત એક જ છે. અને તે ત્યારે, કે, જ્યારે એમને રણમેદાન ઉપર

મોકલવામાં વિલંબ થતો હતો. તાજેતરમાં જ મેં એક હૉસ્પિટલની મુલાકાત લીધેલી. આપણા જખમી સિપાહીઓ અને મેલેરિયાથી પીડાતા બીજા સિપાહી સૈનિકો ત્યાં હતા. આ બધાની એક જ ઇચ્છા હતી, જે તેમણે મારી પાસે વ્યકત કરી: અમને જલદી પાછા રણમેદાન ઉપર મોકલી આપો. અમે હવે સજ્જ થઇ ગયા છીએ. એ લોકોએ મેદાને જંગની હાલત જોઇ છે. તેઓ લડયા છે કેવા કપરા સંજોગોમાં તેઓ જ જાણે છે અને છતાં તેઓ ફરી વાર ત્યાં પહોંચી જવા માટે થનગની રહ્યા છે. તેમનો આશાવાદ અખૂટ છે. કોઇ પણ જાતની અતિશયોકિત કર્યા સિવાય હું કહી શકું છું કે, આ પ્રકારનો અજેય આશાવાદ પૂર્વ-એશિયાના હિંદીઓમાં સર્વત્ર જોવા મળે છે.

આ આશાવાદને એક બીજી વાત પણ વધુ દૃઢ બનાવે છે, અને તે છે હિંદની અંદરની પરિસ્થિતિ. તમે જાણો છો તેમ, કૉંગ્રેસ અને સરકાર વચ્ચે હજુ સમાધાન થયું નથી. જ્યારે મહાત્મા ગાંધીજીને એકાએક છોડી મૂકવામાં આવ્યા ત્યારે ઘણા લોકો મનમાં ને મનમાં એક પ્રશ્ન પૂછી રહ્યા હતા: આ મુકિત તબીબી કારણોસર છે કે એની પાછળ કોઇ રાજકીય ભૂમિકા છે? સમાધાનની કોઇ પૂર્વતૈયારીરૂપે તો આ મુકિત નથી? હવે એ વાત તદ્દન સ્પષ્ટ થઇ છે કે, મહાત્માજીને કેવળ એમની નાદુરસ્ત તબિયતને કારણે જ છોડી મૂકવામાં આવ્યા હતા.

એમની મુકિતની પાછળ રાજકીય હેતુ નહોતો. મહાત્મા ગાંધીજી અને સરકાર વચ્ચે જ્યાં સુધી સમાધાન નથી થયું ત્યાં સુધી આપણે માટે ચિંતાનું એક પણ કારણ નથી. હિંદની તળધરતી ઉપર કૉંગ્રેસ અને બ્રિટિશ સરકાર વચ્ચે આ પરિસ્થિતિ પ્રવર્તતી હશે ત્યાં સુધી આપણું કાર્ય બહુ જ સરળ રીતે ચાલશે. એ સમાધાનની અત્યાર સુધી તો એકકેય એંધાણી નથી; અને એથી યે વધુ પ્રોત્સાહક બિના તો એ છે કે, મહાત્માજીનાં અત્યાર લગીનાં બધાં જ નિવેદન એક જ વાત ઉપર ભાર મૂકે છે: બે વરસ પહેલાં 'હિંદને છોડી જાઓ'-વાળો ઠરાવ કૉંગ્રેસે કર્યો તેમાં કાનોમાત્રા જેટલાયે ફેરફાર કરવાની જરૂર મહાત્માજી દેખતા નથી.

આ બધા સંજોગો જોતાં હું એવા નિર્ણય ઉપર આવું છું કે હિંદની આંતરિક પરિસ્થિતિ આપણને બધી વાતે અનુકૂળ છે. કૉંગ્રેસે જ્યાં સુધી બ્રિટિશ

સરકાર સાથે સમાધાન નથી કર્યું, નમતું નથી આપ્યું, ત્યાં સુધી હિંદી પ્રજા બ્રિટિશ-વિરોધી જ છે. આપણી લડત અને આગેકૂચ જેમ જેમ પ્રગતિ કરતી જશે તેમ તેમ હિંદી પ્રજાને સમજાતું જશે કે, આઝાદી લડયા વગર આવવાની નથી. પરિણામે એ પણ જંગમાં ઝુકાવવાનો નિર્ણય કરશે અને આપણા યુદ્ધસંચાલનને અંગે જોઇતી બધી યે મદદ તેના તરફથી આપણને મળતી થશે.

નેતાજીના પ્રવચનને જનમેદની મંત્રમુગ્ધ બનીને સાંભળી રહી હતી. સભા પૂરી થઇ તે પછી માનવસમુદાયને વિખેરાતાં દોઢ કલાક લાગ્યો. શો ઉત્સાહ!

જુલાઇ ૫, ૧૯૪૪

નેતાજી-સપ્તાહનો આજે બીજો દિવસ હતો. રંગૂન ફોજીઓએ આજે કવાયત કરીને સુભાષબાબુને સલામી આપી. દશ્ય ભવ્ય હતું. સૈનિકદળનો ઉઠાવ આબાદ હતો. સુભાષબાબુ આફરીન થઇ ગયા.

ફોજીઓને ઉદ્દેશીને એમણે કહ્યું:

"આઝાદ હિંદ ફોજની રચના એ આપણા દુશ્મનોને માટે પારાવાર ચિંતાનું કારણરૂપ થઇ પડી છે. થોડા વખત સુધી તો તેઓ એના અસ્તિત્વની ઉપેક્ષા કર્યા કરતા, પણ પાછળથી, જ્યારે એના સમાચારોને દાબી રાખવા અશકય હતા, ત્યારે તેમના વાજિંત્ર દિલ્હીના ઑલ ઇન્ડિયા રેડિયોએ પ્રચાર આદર્યો કે, ફોજ-બોજ બધું ઠીક છે. એ તો જાપાની અંકુશ તળેના હિન્દી યુદ્ધકેદીઓને મારીને મુસલમાન બનાવવામાં આવ્યા છે. પણ આ જૂઠાણું કયાં લગી નભે? કારણ કે હિંદમાં તો ઠેર ઠેર સમાચારો પ્રસરી ગયા હતા કે પૂર્વ એશિયાના એકેએક ભાગમાંથી હિન્દી નાગરિકો ફોજમાં મોટી સંખ્યામાં ભરતી થઇ રહ્યા છે! એટલે ઑલ ઇન્ડિયા રેડિયો અથવા કહો કે ઍન્ટી ઑલ ઇન્ડિયા રેડિઓના નિષ્ણાતોએ પોતાની ચાલ બદલી. તેમણે એક બીજો પ્રચાર-તુક્કો ગબડાવ્યો કે યુદ્ધકેદીઓએ ફોજમાં જોડાવાનો ઇનકાર કર્યો છે એટલે હવે હિંદી નાગરિકોને જબરદસ્તીથી ફોજમાં ઘસડી જવામાં આવે છે. પણ જબરદસ્તી જો યુદ્ધકેદીઓ ઉપર બેકાર હતી, તો નાગરિકો ઉપર તો ખૂબ જ વધારે બેકાર હતી એટલી વાત દિલ્હીના દોઢડાહ્યાઓને ન સૂઝી!

"જેનામાં અકકલનો છાંટો પણ હશે, તે તો એક ઇશારામાં જ સમજી શકશે કે જબરદસ્તીથી તો કદાચ ભાડૂતી સિપાહીઓની સેના તૈયાર થઇ શકે; સ્વયં-

સેવકોની સેના રચવી હોય ત્યાં જબરદસ્તી ન ચાલે. બહુ બહુ તો કોઇ માણસ પાસે જબરદસ્તીથી તમે બંદૂક ઉપડાવી શકો, પરંતુ જે ધ્યેય ઉપર એને આસ્થા જ ન હોય, એને ખાતર મરી ફીટવાની જબરદસ્તી તમે એના ઉપર કઇ પેરે કરવાના હતા?

"પહેલાં આપણા દુશ્મનો એમ કહ્યા કરતા હતા કે, આઝાદ હિન્દ ફોજ એ કોઇ ફોજ જ નથી; એ તો માત્ર પ્રચારનો એક ગોળો જ છે; અને એવા ગોળાઓ કંઇ મેદાને–જંગ ઉપર જઇને લડી ન શકે! થોડા વખત પછી ઑન્ટી ઑલ ઇન્ડિયા રેડિયો બરાડવા માંડયો કે, આઝાદ હિંદ ફોજે હજુ સરહદ વટાવીને હિંદમાં પ્રવેશ નથી કર્યો. પણ હવે તો સરહદ પણ વટાવી ચૂકી અને ફોજ હિંદની ધરતી ઉપર લડી પણ રહી છે એટલે દુશ્મનોના હિંદી–વિરોધી પ્રચારે વળી એક નવી ગુલાંટ મારી છે. તેઓ હવે એમ કહેવા લાગ્યા છે કે, ફોજે દિલ્હીમાં પહોંચવા માટે અમુક અમુક તારીખ નક્કી કરી હતી અને એ તારીખ પણ ઊગી અને આથમી ચૂકી છતાં જુઓ, ફોજનો કયાંય પત્તો છે? જાણે કેમ આપણે તારીખો નક્કી કરીને જ ન બેઠા હોઇએ!

"મેં તો તમને કહ્યું જ છે કે આઝાદ હિંદ ફોજમાં માજી લશ્કરીઓ છે અને નાગરિકો પણ છે."

જુલાઇ ૬, ૧૯૪૪

નેતાજીએ આજે રેડિયો મારફત ગાંધીજીને સંબોધ્યા.

જેમ કોઇ પુત્ર પિતા પાસે અંતર ઠાલવતો હોય, એમ એમણે ગાંધીજી કને પોતાનું અંતર ઠાલવ્યું. હર્ષ અને શોકની એકેકેએક લાગણીને એમણે ઠલવી–લેશ માત્ર પણ દિલચોરી કર્યા વગર.

"શોર્ટ હેન્ડ' મને ઠીક કામ આવી ગયું. મારો દીકરો મોટો થઇને આ ભાષણ વાંચે તો કેવું સારું! આ નોંધપોથીનાં એક પછી એક લખાતાં પાનાં ઉપર હું શું કહેવા મથું છું, કઇ ભાવના અંકિત કરવા મથું છું તે એને આ એક ભાષણ વાંચતાં પાંપણના પલકારામાં જ સમજાઇ જશે.

"પૂ૦ મહાત્માજી,

"બ્રિટિશ કારાવાસમાં શ્રી. કસ્તૂરબાના કરુણ અવસાન પછી, આપના દેશબાંધવો આપની તબિયત વિષે સચિંત બને એ કુદરતી છે. હિંદ બહારના

હિંદીઓને મન પદ્ધતિના ભેદો આંતરિક ઘરઘરાઉ મતભેદો જેવા છે. જ્યારે તમે લાહોરની કોંગ્રેસ ખાતે સંપૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ પસાર કર્યો ત્યારથી તેમની સૌની સામે એક જ ધ્યેય રહ્યું છે. હિંદ બહારના હિંદીઓને મન આપણા દેશની આજની જાગ્રતિના સર્જક તમે છો. હિંદ બહારના દેશભક્ત હિંદીઓ અને હિંદની આઝાદીના પરદેશી મિત્રો આપને માટે જે ઊંડો આદર ધરાવે છે તે, આપે જ્યારે ૧૯૪૨ના ઑગસ્ટમાં 'હિંદ છોડો' વાળો ઠરાવ વીરતાપૂર્વક રજૂ કર્યો ત્યારે તો ઘણો વધી ગયો હતો.

"બ્રિટિશ સરકાર અને બ્રિટિશ પ્રજા વચ્ચે ભેદ છે એમ માનવું એ ગંભીર ભૂલ છે. અલબત્ત, બ્રિટનમાં, જેમ યુનાઇટેડ સ્ટેટ્સમાં છે તેમ, આદર્શવાદીઓનું એક નાનું મંડળ છે કે, જેઓ હિંદને સ્વાધીન જોવાને ઇચ્છે છે. એ આદર્શ-વાદીઓને એમના દેશમાં "ચક્કર"જ માનવામાં આવે છે અને તેની તો અત્યંત ઓછી સંખ્યા છે. હિંદને લાગેવળગે છે ત્યાં સુધી તો બ્રિટિશ સરકાર અને બ્રિટિશ પ્રજા એક જ છે.

"યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની યુદ્ધનેમો વિષે મારું એમ કહેવું છે કે વોશિંગ્ટન ખાતે જે મંડળીનું રાજ ચાલે છે તે અત્યારે આખી દુનિયા પર હકૂમત સ્થાપવાનાં સ્વપ્નાં સેવે છે. આ મંડળી અને એના માણસો "અમેરિકન સૈકા' વિષે ખુલ્લી રીતે વાતો કરે છે. તેઓ એમ કહેવા માગે છે : આ સૈકામાં યુનાઇટેડ સ્ટેટ્સ આખી દુનિયા ઉપર હકૂમત સ્થાપશે. આ મંડળીમાં કેટલાક તો એવા છે કે, જે બ્રિટનને યુનાઇટેડ સ્ટેટ્સનું ઓગણપચાસમું "સ્ટેટ" કહેવાની હદ સુધી જાય છે.

"મહાત્માજી, આપને હું ખાતરી આપું છું કે આ જોખમભર્યા કાર્ય માટે નીકળવાનો અંતિમ નિર્ણય કર્યા પહેલાં, એ આખા પ્રશ્નની બંને બાજુઓનો પૂરેપૂરો વિચાર કરવામાં મેં દિવસો, અઠવાડિયાં અને મહિના ગાળ્યા છે. મારા દેશની જનતાની 'મારી સર્વ શક્તિઓ રેડીને' આટલાં વર્ષો સુધી સેવા કર્યા બાદ દેશદ્રોહી થવાની અથવા કોઇ મને દેશદ્રોહી કહે એવું કરવાની ઇચ્છા મને ન જ હોય. મારા દેશબાંધવોના સ્નેહ અને ઉદારતાને લીધે, મને તો હિંદમાં કોઇ પણ જાહેર સેવકને મળી શકે તેટલું ઉચ્ચમાં ઉચ્ચ માન મળ્યું હતું. મારામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખનાર અડગ અને વફાદાર સાથીઓનો બનેલો એક પક્ષ હું ઊભો કરી શક્યો હતો. એક સાહસિક ખોજ માટે બહાર જઇને તો

હું માત્ર મારી જિંદગી અને મારી ભાવિ કારકિર્દીને જ નહિ પણ તેથી યે વધુ, મારા પક્ષના ભાવિને હોડમાં મૂકતો હતો. હિંદ બહારની પ્રવૃત્તિ વિના આપણે આઝાદી મેળવી શકીશું એવી મને જરા પણ આશા હોત તો મેં કટોકટીના કાળ દરમ્યાન હિંદ છોડયું ન હોત. જો મને જરા પણ આશા હોત કે આપણી જિંદગી દરમ્યાન આપણે આ યુદ્ધમાં સાંપડી છે તેવી આઝાદી મેળવવાની બીજી સોનેરી તક સાંપડશે તો હું ઘર છોડીને આ રીતે નીકળ્યો હોત કે કેમ તે શંકા છે.

"ધરીસત્તાઓ સંબંધે માત્ર એક પ્રશ્નનો જવાબ આપવો મારે બાકી રહે છે. એમણે મને ભોળવ્યો હોય અથવા ફસાવ્યો હોય એ શકય છે ખરું? સૌથી લુચ્ચા રાજપુરુષો બ્રિટનના જ છે એ વાત તો સૌ કોઇ સ્વીકારશે એમ હું માનું છું. જિંદગીભર જે માણસે બ્રિટિશ રાજપુરુષો સાથે કામ કર્યું છે અને લડયો છે તે માણસ દુનિયાના બીજા મુત્સદ્દીઓથી કદી ભોળવાય નહિ. જો બ્રિટિશ મુત્સદ્દીઓ મને ભોળવવામાં કે દબાવવામાં નિષ્ફળ ગયા હોય તો, બીજા કોઇ મુત્સદ્દીઓ એમ કરવામાં સફળ થઇ શકે નહિ. અને જેને હાથે મને લાંબો કારાવાસ, દમન અને શારીરિક ઇજા સહન કરવી પડેલ છે એ બ્રિટિશ સરકાર મને ઢીલો પાડવાને નિષ્ફળ ગઇ હોય, તો બીજી કોઇ સત્તા એમ કરવાની આશા રાખી શકે નહિ. હિંદ છોડયા બાદ મેં એવું કંઇ પણ નથી કર્યું કે જેને લીધે મારા દેશનાં હિતો કે સ્વમાનને લેશ માત્ર પણ આંચ આવે.

"એક એવો યે વખત હતો જ્યારે જાપાન આપણા શત્રુ સાથે મૈત્રી-સંબંધે સંકળાયેલું હતું. જ્યાં સુધી એંગ્લો–જાપાન સંબંધ કાયમ હતો ત્યાં લગી હું જાપાન ગયો જ નહિ. પણ જાપાને જ્યારે મારા મત અનુસાર એના ઇતિહાસનું સૌથી વધુ મહત્ત્વનું પગલું ભર્યું એટલે કે બ્રિટન–અમેરિકાની સામે યુદ્ધની જાહેરાત કરી, ત્યાર મેં મારી સ્વતંત્ર ઇચ્છાથી જાપાનની મુલાકાત લેવાનો નિશ્ચય કર્યો. ૧૯૩૭–૩૮ માં મારા અનેક દેશબાન્ધવોની પેઠે મારી સહાનુભૂતિ પણ ચૂંગકિંગ પ્રત્યે જ હતી. કોંગ્રેસના અધ્યક્ષપદેથી ૧૯૩૮ના ડિસેમ્બરમાં ચૂંગકિંગમાં મેં એક તબીબી મિશન મોકલ્યું હતું તે પણ આપને યાદ હશે.

"મહાત્માજી, કેવળ વચનોની બાબત હિંદી લોકો કેટલા ઊંડા શંકાશીલ છે તે આપ બીજા કરતાં ઘણી જ વધારે સારી રીતે સમજો છો.

"જાપાનની પોતાની નીતિની જાહેરાત એ પણ જો કેવળ વચનોની જ વાત હોત તો હું એની અસર નીચે કદી જ ન આવત.

"મહાત્માજી, હવે હું, આપને, અમે જે કામચલાઉ સરકાર અહીં સ્થાપી છે તેના વિષે વાત કરીશ. એ કામચલાઉ સરકારનું ધ્યેય એ છે કે, હિંદને એક સશસ્ત્ર લડત દ્વારા બ્રિટનની ધૂંસરીમાંથી મુક્ત કરવું. એક વાર આપણા દુશ્મનોને હિંદમાંથી હાંકી કાઢ્યા, અને શાંતિ અને વ્યવસ્થાનું સ્થાપન થઇ ગયું કે તરત જ એ કામચલાઉ સરકારનું કામ પૂરું થશે. અમારાં બલિદાન અને અમારી યાતનાઓનો જો કોઇ બદલો અમે માગતા હોઇએ તો તે ફક્ત અમારી માતૃભૂમિની સ્વતંત્રતા. હિંદ એક વાર સ્વતંત્ર થય જાય તે પછી અમારામાંના ઘણા તો રાજકારણમાંથી નિવૃત્તિ જ લેવા માગે છે.

"આપણા દેશબાન્ધવો, ભાગ્યવશાત્ પોતાના જ પ્રયાસોથી દેશની આઝાદી હાંસલ કરવા સમર્થ થાય, અથવા બ્રિટિશ સરકાર પોતે જ આપણા 'હિંદને છોડો' વાળા ઠરાવને મંજૂર રાખીને અમલમાં મૂકે તો અમારા કરતાં વધુ ખુશી બીજા કોઇને નહિ ઊપજે. પરંતુ એ બેમાંથી એકકેય થવાનું નથી અને સશસ્ત્ર આન્દોલન અનિવાર્ય છે એવી અમારી માન્યતા થઇ ગઇ છે; અને એ માન્યતા ઉપર જ અમે ચાલીએ છીએ.

"હિંદનો આખરી આઝાદી-જંગ શરૂ થઇ ચૂક્યો છે. આઝાદ હિંદ ફોજના લશ્કરો આજે હિંદની ધરતી ઉપર જ બહાદુરીથી લડી રહ્યા છે અને અનેક મુશ્કેલીઓ અને કઠણાઇઓ હોવા છતાં તેઓ ધીમે પણ દૃઢ પગલે આગળ વધી રહ્યાં છે. હિંદમાંથી જ્યાં લગી છેલ્લામાં છેલ્લા બ્રિટિશરને ધકેલી કાઢવામાં નહિ આવે અને જ્યાં સુધી નવી દિલ્હીના વાઇસરોયના પ્રાસાદ ઉપર આપણો ત્રિરંગી ધ્વજ મગરૂરીથી નહિ ફરફરે ત્યાં સુધી આ સશસ્ત્ર લડત ચાલુ જ રહેશે.

"આપણા રાષ્ટ્રના હે પિતા! હિંદની સ્વાધીનતાના આ પવિત્ર યુદ્ધમાં અમે આપના આશીર્વાદ અને આપની શુભેચ્છાઓ ચાહીએ છીએ!"

જુલાઇ ૯, ૧૯૪૪

આજે, હજારો પ્રેક્ષકોની હાજરીમાં એક મુસ્લિમ કોટયાધિશ શ્રી. એચ.ના મહાન આત્મત્યાગને નેતાજીએ જાહેર કર્યો. એક કરોડ જેટલી પોતાની આખી અસ્કયામતને-ઝવેરાત, જાગીરો અને માલમિલકતને-એમણે આઝાદીના જંગને

માટે હિંદી સ્વાતંત્ર્ય સંઘને ચરણે ધરી દીધાં છે. નેતાજીએ એમને સેવક-હિંદનો ઇલકાબ આપ્યો. આવો ઇલકાબ મેળવનારા એ પહેલા જ છે.

હિંદમાંથી આવતા અહેવાલો બહુ જ આશાજનક છે એમ પી.એ મને કહ્યું. "પણ અમારા અમલદારોનું માનવું છે કે, લાંબી અને કપરી લડત સિવાય બ્રિટિશરોને હિંદમાંથી નહિ હાંકી કાઢી શકાય. સામ્રાજ્યને બચાવવાનો એક છેલ્લો મરણિયો પ્રયત્ન કર્યા વગર બ્રિટિશરો નહિ રહે. હિંદ વગર બ્રિટન જગતમાં એક ત્રીજા વર્ગના રાષ્ટ્રની પંક્તિમાં જ આવી પડે. બ્રિટિશરો એ જાણે છે.

સુભાષબાબુ જ્યારે જ્યારે વિજયની વાતો કરે છે ત્યારે એમની વાણી કોઇ અજબ પ્રેરણાથી પ્રેરિત થઇ હોય એમ દેખાય છે. એમની શ્રદ્ધા ખરેખર બહુ જ ઊંડી છે. હવે જો કંઇ થાય અને અમારી યોજનાઓ ખાકમાં મળે, તો એમનું શું થાય એ વિચારે જ હું ધ્રૂજી ઊઠું છું. એમનું હૃદય ભાંગી તો નહિ પડે !

એમની બધી યે આશાઓ એક જ શબ્દમાં છે—આઝાદી. પૂર્વ-એશિયા આખું એમની પડખે છે. પ્રભુ અમારું રક્ષણ કરો !

જુલાઈ ૧૦, ૧૯૪૪

આજે જાહેર 'રેલી' પ્રસંગે સુભાષબાબુએ વીરત્વપ્રેરક ભાષણ કર્યું. લગભગ ત્રીશ હજાર માણસો હતા. અમારા આન્દોલનની પાછળ રહેલી આયોજનિક શક્તિઓને એમણે નીચેના શબ્દોમાં સમજાવી.

"હિંદનું બ્રિટિશ સૈન્ય, જ્યાં લગી બહારના કોઇ આક્રમણની સામે નહિ ભિડાય, ત્યાં લગી અંદરની ક્રાન્તિને દબાવી દેવાનું કાર્ય એને માટે સરળ રહેશે: એટલે હિંદી આઝાદી જંગ માટે આઝાદ હિંદ ફોજે બીજો મોરચો ઊભો કરવાનું નક્કી કર્યું. આપણે જ્યારે હિંદની તળધરતી ઉપર ધસી જઇશું અને હિંદીઓ જ્યારે પોતાની સગી આંખોએ બ્રિટિશ દળોને પાછાં હઠતાં જોશે ત્યારે જ તેમને ખાતરી થશે કે, બ્રિટિશરો માટે કયામતનો દિવસ હવે નજીક આવી ગયો છે. ત્યારે તેઓ શિરને સાટે આ જંગમાં ઝંપલાવશે અને વતનની મુક્તિને માટે આપણી સાથે શામેલ થઇ જશે. પછી તેઓ અને

આપણે સાથે મળીને બ્રિટિશરોનો પીછો પકડીશું-ત્યાં સુધી કે જ્યાં સુધી હિંદની ધરતીને છોડીને તેઓ ચાલ્યા નહિ જાય !

"દોસ્તો, દુશ્મનોની તાકાતને ઓછી આંકવાની ભૂલ તો કોઈ બેવકૂફ જ કરે. આપણે આપણા દુશ્મનોના ખીચડીઆં સૈન્યોને જોયાં છે. આરાકાનમાં, કાલાદાન અને હાકામાં, ટિડિમ, મણિપુર અને આસામમાં જોયાં છે. આપણે પહેલેથી જ ધારતા હતા તે પ્રમાણે એમની પાસે આપણાં કરતાં વધારે અને આપણાં કરતાં ચઢિયાતી ખાધાખોરાકી અને શસ્ત્રસામગ્રી છે. કારણ કે એમની પાસે તો આખો હિંદ પડયો છે, લૂંટવા માટે. અને છતાં આપણે સર્વત્ર એમને પરાજિત કર્યા છે. ક્રાંતિની ફોજો જગતમાં સર્વત્ર આવા જ સંયોગોમાં લડી છે...અને છતાં સર્વત્ર અંતે તો એમનો વિજય જ થયો છે. તેઓ પોતાની શકિત શરાબમાંથી કે ટીનના ડબ્બાઓમાં પેક થયેલ સૂપ કે ગાયના માંસમાંથી નથી મેળવતા. શકિતનું મૂળ શ્રદ્ધા અને ત્યાગમાં, વીરત્વ અને ધૈર્યમાં હોય છે. આઝાદ હિંદ ફોજની તાલીમ બ્રિટિશ હિંદ ફોજની તાલીમ કરતાં જુદા જ પ્રકારની છે. બ્રિટિશ હિંદ ફોજને જે શીખવવામાં નથી આવ્યું તે એને શીખવવામાં આવ્યું છે. અને તે એ કે, "સંકટો અને સખતાઇભર્યા સંજોગોમાં પણ લડતા રહેવું. જે ૩૮ કરોડ હિંદીઓની આઝાદીને ખાતર એણે શસ્ત્રો ઉપાડયાં છે, તેમને કદી જ છેહ નહિ દે."

જુલાઇ ૧૧, ૧૯૪૪

દિલ્લીના શહેનશાહ બહાદુરશાહની સમાધિ પાસે આજે ફોજ તરફથી એક ભવ્ય 'પરેડ' થઇ.

૧૮૫૭ના આઝાદી-જંગની નેતાજીએ ચર્ચા કરી. એની નિષ્ફળતાનાં કારણોનું એમણે બહુ જ ઝીણવટભર્યું પૃથક્કરણ આપ્યું. આજના જંગની સાથે એની તુલના કરી. છેવટે આઝાદીની મહાવેદી ઉપર ખતમ થઇ જવાની સૌને હાકલ કરી.

"૧૮૫૭ની ઘટનાઓનો અભ્યાસ કરું છું અને ક્રાન્તિ તૂટી પડી તે પછી બ્રિટિશરોએ જે અત્યાચારો કર્યા તેમનો વિચાર કરું છું...ને લોહી સળગી ઊઠે છે. બ્રિટિશ ત્રાસ અને પાશવતાનો શિકાર બનેલ એ ૧૮૫૭ના વીરોનું વેર લેવાની આપણી ફરજ છે-જો આપણે મર્દબચ્ચાઓ હોઇએ તો. હિંદ

એ વેરની વસૂલાત માગે છે. ફક્ત યુદ્ધ દરમ્યાન જ નહિ, પણ યુદ્ધ પછી પણ. બેગુનાહ આઝાદીપરસ્તોનું શોણિત વહેવડાવનારા અને એમના ઉપર અમાનુષી અત્યાચારો આચરનારા બ્રિટિશરોને પોતાના એ અપરાધોની સજા મળવી જ જોઈએ.

"આપણે હિંદીઓમાં એક મોટી ખામી છે. આપણે આપણા દુશ્મનોને જેટલી ઉગ્રતાથી ધિક્કારવા જોઈએ તેટલી ઉગ્રતાથી ધિક્કારતા નથી. અભિમાનવ વીરતા અને ધીરતાની પરાકાષ્ટાએ આપણા દેશબાન્ધવો પહોંચે એવી જો આપણી ઇચ્છા હોય તો આપણે તેમને પોતાના વતનને ચાહતાં શીખવવું જોઈએ...અને સાથે સાથે વતનના દુશ્મનોને ધિક્કારતા પણ શીખવવું જોઈએ.

"માટે હું માગું છું લોહી. દુશ્મનના લોહીથી જ એના ભૂતકાળના અપરાધોનો હિસાબ સાફ થશે. પણ લોહી લેવું સહેલ નથી. એને માટે લોહી આપવાની તૈયારી જોઈએ. પરિણામે ભાવિનો આપણો કાર્યક્રમ લોહી આપવાનો છે. આપણાં ભૂતકાલીન પાપો આપણા વીરોના લોહીથી જ ધોવાશે. આપણા વીરોનું લોહી એ જ આપણી આઝાદીની કિંમત છે. બ્રિટિશ જુલ્મગારો સાથેના આપણા હિસાબની પતાવટ આપણા વીરોની નિજનું શોણિત રેલાવતી વીરતા જ કરી શકશે."

જુલાઈ ૧૨, ૧૯૪૪

શત્રુઓના પ્રચારખાતાએ જે અવનવી તરકીબો અજમાવવા માંડી છે તે બાબત સુભાષબાબુએ અમારી મહિલા-શાખા સમક્ષ એક પ્રવચન કર્યું:

"બ્રિટિશ પ્રચારે છેલ્લા વિશ્વયુદ્ધમાં જે રીતો અખત્યાર કરી હતી તેને વિષે તો ખુદ બ્રિટિશ લેખકોએ પોતે જ ખૂબ લખ્યું છે.

"એ પ્રચારે અસત્યની દિશામાં ક્યાં સુધી જઈ શકે છે તે જાણવા માટે પોન્સોન્બી જેવાની "સિક્રેટસ ઓફ ક્યૂઝ હાઉસ' અને "વોગટાઇમ ફોલ્સહૂડઝ" જેવી બે ચોપડીઓ વાંચો તો બસ. જર્મનો મૃત સૈનિકોનાં શરીરોમાંથી ચરબી નીચોવી કાઢે છે એ જૂઠાણાનો પ્રચાર કરનાર એક અંગ્રેજ જનરલ જ હતો, બ્રિગેડિયર ચાર્ટરિસ. પોતે જેનો પ્રચાર કરી રહ્યો છે તે, નરાતળ જૂઠાણું છે એ પણ એ જાણતો હતો. યુદ્ધ પછી એણે કબૂલ પણ કર્યું કે મારા જૂઠાણામાં લોકો આટલો બધો વિશ્વાસ મૂકશે એમ મેં પોતે

પણ નહોતું કલ્પેલું. પરંતુ ભોળા જગતે માન્યું કે બ્રિટિશ જનરલ જેવો માણસ કદી જૂઠું બોલે જ નહિ અને એ ભ્રમમાં ને ભ્રમમાં ગપગોળા ઘર કરી બેઠા!

"કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી. એ સીધી થાય જ નહિ. તેમ જૂઠા માણસને ખાતરી થઇ જાય કે, મારા જૂઠાણામાં હવે કોઇને ઇતબાર જ નથી, છતાં જૂઠાણું એ ઝીંકયે જ રાખવાનો! કારણ? ટેવ પડી! પડી ટેવ તે તો ટળે કેમ ટાળી! જૂઠાનો જીવ એક જ તાંતણા ઉપર લટકી રહ્યો હોય છે—કે જગતમાં હજુ પણ થોડાક હૈયાફૂટા નીકળી આવશે!

"આ આશાને તાંતણે જ એ ગબારાઓ ચડાવ્યે જાય છે. જૂઠાણા ઝીંકવાની આ મેલી રમત બ્રિટિશરો હજુ પણ રમી રહ્યા છે એ જોઇને મને પોતાને તો કશી જ નવાઇ નથી ઊપજતી...

"ઠીક ઠીક લાંબા વખત સુધી દુશ્મનોના પ્રચારકોએ એક જ જાપ જપ્યા કર્યો: આઝાદ હિંદ ફોજ એક પૂતળા-ફોજ છે. જાપાનીઓ જેવું વાજુ વગાડે છે તેવું એ નાચે છે. પણ આખરે એમને ભાન થયું કે આ ગોળો ચાલે તેમ નથી. કારણ કે સૌ કોઇ પૂછવા લાગ્યા કે આઝાદ હિંદ ફોજ જો ખરેખર જ એક પૂતળા-ફોજ હોય તો એ આટલી બહાદુરીથી અને આટલી બધી મરણિયાવૃત્તિથી લડે છે શા માટે? એટલે બ્રિટિશ પ્રચારકોએ ચાલ બદલી. હવે તેઓ એમ ફૂંકે છે કે, આઝાદ હિંદ ફોજ એ એક કચરાપટ્ટી ફોજ છે. એની પાસે ખાવા ધાન નથી અને લડવા માટે પૂરતા શસ્ત્રો નથી.

"પણ ક્રાન્તિના દળોને-પછી એ આયર્લેંડમાં હોય, ઇટલીમાં હોય, રશિયામાં હોય કે બીજે ઠેકાણે હોય-સદા આવા જ સંયોગોમાં લડવું પડે છે અને દર વખતે અંતને છેડે એમનો વિજય જ થાય છે. આપણું પણ એમ જ થવાનું. પણ દરમ્યાન આપણી આઝાદીની કિંમત આપણે આપણા લોહીથી ભરપાઇ કરવાની.

"બ્રિટિશ પ્રચારકોનો એક નવો ધડાકો એ છે કે અહીં આપણે ઇસ્લામ ઉપર ત્રાસ ગુજારી રહ્યા છીએ-કે અહીં આપણે બધા ઇસ્લામ વિરોધીઓ છીએ. આમાં કેટલું સત્ય છે તે તમે સૌ જાણો છો. આપણી આરઝી સરકારમાં, આપણા સંઘમાં, આપણી ફોજમાં મુસલમાનો છે;

આપણી ફોજમાં મુસલમાન અમલદારો છે તે કોઈ જેવાતેવા તો નથી જ. તેઓ ખાનદાન કુટુમ્બોના નબીરાઓ છે અને દહેરાદૂનની મિલિટરી એકેડેમીમાં ભણ્યા છે. ના, એમના જૂઠાણા અહીં આપણને રંજ માત્ર સ્પર્શવાનાં નથી. અને જગત તો એમને માનતું જ નથી.''

ઑગસ્ટ ૧, ૧૯૪૪

આજે અમે તિલક–જયંતિ ઊજવી. જાહેરસભાઓ ભરીને અને વફાદારીના સોગંદ ફરી વાર લઈને આ જયંતિ ઊજવવી એવી સૂચનાઓ સંઘના મુખ્ય મથક તરફથી બધી યે શાખાઓને આપવામાં આવી હતી.

સાંજે સંઘના મુખ્ય મથકે સંઘના તમામ કાર્યકર્તાઓનું એક સહભોજન થયું. કોઈએ સુભાષબાબુને પૂછ્યું: ''આઝાદી પ્રાપ્ત કરવાની આપની યોજના અને મહાત્માજીની યોજના વચ્ચે સંવાદ શી રીતે સાધી શકાય?'' સુભાષબાબુએ જવાબ દીધો: ''પૂર્વ–એશિયામાં આપણે હિંદી આઝાદીને હાંસલ કરવા માટે એક નક્કર અને નિશ્ચયાત્મક યોજના કરી છે. આ યોજના સારી છે કે ખરાબ એ પ્રશ્ન જ અસ્થાને છે. એનું સ્થાન લે એવી બીજી કોઈ યોજના આપણને ન મળે, ત્યાં સુધી એને જ અમલમાં મૂકવી રહી. આઝાદીની સિદ્ધિ માટે એક બીજી યોજના મહાત્માજીએ ઘડી છે, જે ''હિંદ છોડો''–વાળા ઠરાવમાં મૂર્તિમંત થઈ છે. એ યોજના જો ફળીભૂત થાય, તો આપણી યોજનાને પાર પાડવાની કશી જરૂર જ ન રહે અને એમ થાય તો જેટલો હું રાજી થાઉં તેટલો બીજો કોઈ ભાગ્યે જ થાય.

''પણ દુર્ભાગ્ય એ છે કે, ગાંધીજીની યોજનાને બ્રિટિશ માલિકોએ તિરસ્કારી કાઢી છે અને એ નિષ્ફળ ગઈ છે, એટલે હવે હિંદી આઝાદીની બધી આશાઓ આપણી યોજના ફળીભૂત થાય એના ઉપર છે. ગાંધીજીની યોજનાને માર્ગે, આઝાદીની સિદ્ધિ ટૂંક વખતમાં થઈ શકે. પણ બ્રિટિશરોને એ પસંદ નથી. એટલે ગાંધીજીની યોજના પણ જો બ્રિટિશરો પાસે સ્વીકારાવી હોય તો તે માટે પણ આપણી યોજનાની સફળતા અવશ્યક છે. આપણી યોજનાને બ્રિટિશરો જો સફળ થતી અટકાવવા માગતા હોય તો તે એક જ પ્રકારે કરી શકે: ''હિંદને છોડો!''વાળા ઠરાવ પ્રમાણે ગાંધીજી અને કોંગ્રેસ સાથે સમાધાન કરીને. પણ બ્રિટિશરો જો એમ હિંદને છોડીને ચાલ્યા જ જતા હશે

તો હું પોતે જ તમને ચિનવવા આવીશ કે, હવે ફોજને તાબડતોબ વિખેરી નાખો!"

જાપાનીઓ ઇમ્ફાલ અને મિટકિનાને ખાલી કરીને પીછેહઠ કરી ગયા કે શું?...અંતનો આરંભ તો નથી?

ઓસરતાં પૂર

ઓગસ્ટ ૧૩, ૧૯૪૪

સંઘના મુખ્ય મથકે, આજે નેતાજીએ તમામ પ્રધાન કાર્યકર્તાઓ સમક્ષ એક પ્રવચન કર્યું. બધાંય ખાતાંઓના વડાઓ તથા પ્રધાનો અને સલાહકારો હાજર હતા.

યુદ્ધની સ્થિતિનો તેમણે ખ્યાલ આપ્યો. તેમણે કહ્યું:

"આપણે યુદ્ધ શરૂ કરવામાં બહુ બહુ મોડા પડયા. વર્ષાઋતુ આપણા ગેરલાભમાં હતી, આપણા માર્ગો જળબંબાકાર હતા.

"નદીઓમાં સામે પ્રવાહે આપણે વહાણો ચલાવવાં પડતાં. આની સામે આપણા દુશ્મનો કને પ્રથમ પંક્તિના માર્ગો મોજૂદ હતા. વરસાદની શરૂઆત થાય તે પહેલાં જ ઇમ્ફાલ સર થાય તો જ આપણું ગાડું આગળ ચલે એમ હતું. અને આપણે ઇમ્ફાલ સર કરી પણ શકત...પણ આપણી પાસે વિમાની પીઠબળ નહોતું...અને દુશ્મનોને આજ્ઞા હતી કે ઇમ્ફાલનું મરણિયા બનીને જતન કરજો–છેલ્લો સિપાહી હણે ત્યાં સુધી. આપણે જાન્યુઆરીમાં જ શરૂ કરી દીધું હોત તો જરૂર ફતીમૂત થાત. વરસાદ શરૂ થયે તે પહેલાં મોરચાના પ્રત્યેક ભાગમાં કાં તો આપણે ટકી રહ્યા હતા અને કાં તો આગળ વધ્યા હતા. આરાકાન વિસ્તારમાં દુશ્મનને આપણે આંતરીને ઊભા હતા. કાલાદાનમાં દુશ્મનોના ફૂરચા ઉડાવીને સીધા આપણે આગળ વધ્યા હતા. ટિડિમમાં આપણે આગળ વધ્યા હતા. પાલેલ અને કોહીમાં માં આપણે આગળ વધ્યા હતા. હાકા વિસ્તારમાં આપણે એમને આંતરીને ઊભા હતા. અને આ બધું દુશ્મનો સંખ્યાબળમાં અને શસ્ત્રસરંજામ તથા ખાધાખોરાકીની દૃષ્ટિએ આપણા કરતાં ચઢિયાતા હતા–તે છતાં.

ઓસરતાં પૂર

"વરસાદ શરૂ થયો ત્યારે ઇમ્ફાલ ઉપરના આક્રમણને આપણે મોકૂફ રાખવું પડ્યું. દુશ્મનો યાંત્રિક દળો ઉતારવા સમર્થ થયા. કોહીમા–ઇમ્ફાલ માર્ગ તેમણે ફરી કબજે કર્યો. પછી પ્રશ્ન એ ઊભો થયો કે આપણે એમને ક્યાં આગળ આંતરવા? બે વિકલ્પો હતા: કાં તો આપણે બિશનપુર–પાલેલ મોરચો પકડીને બેઠા રહીએ અને દુશ્મનોને આગળ વધતા અટકાવીએ; અથવા તો આપણે થોડી પીછેહઠ કરીને જરા વધારે સલામત ઠેકાણે પડાવ નાખીએ.

"આ સંગ્રામમાંથી આપણે કયા કયા બોધપાઠો તારવ્યા? પહેલું તો આપણને પ્રારંભિક અગ્નિદીક્ષા મળી ગઇ. મેદાને–જંગ ઉપર જેમણે પહેલી જ વાર પગ મૂક્યો હતો એવા નાગરિક સૈનિકોની એક ટુકડીને તેમની પાસેનો દારૂગોળો ખતમ થઇ જતાં પીછેહઠ કરવાની આજ્ઞા આપવામાં આવેલી. ટુકડીએ એ આજ્ઞાનું પાલન કરવાને બદલે સંગીનો ચડાવીને શત્રુઓ ઉપર ત્રાટકવાનું વધુ પસંદ કર્યું. તેઓ પાછા ફર્યા–વિજયી બનીને.

"આપણાં સૈન્યોને પારાવાર આત્મશ્રદ્ધા આવી છે. આપણને જાણવા મળ્યું છે કે, સામા પક્ષના હિંદી સૈનિકો આપણા પક્ષમાં ભળી જવા રાજી છે. હવે તો આપણે તેમને આપણામાં ભેળવી દેવાની તૈયારી કરવી રહી. આપણે દુશ્મનોની તરકીબોથી પણ વાકેફ થઇ ગયા છીએ. એમના દસ્તાવેજો પણ આપણા હાથમાં આવ્યા છે. આપણા અમલદારોએ જે અનુભવ મેળવ્યો છે તે તો અમૂલ્ય જ છે. સંગ્રામ શરૂ થયો તે પહેલા જાપાનીઓને આપણી ફોજની લડાયક શકિતમાં ઇતબાર જ નહોતો. એમની ઇચ્છા ફોજને નાના નાના ખંડોમાં વિભકત કરીને એક એક ખંડને એક એક જાપાની દળ સાથે જોડી દેવાની હતી. મારી ઇચ્છા એવી હતી કે, આપણી ફોજને એક આગલો મોરચો સુપરત થાય.

"અને અંતે તો મારી ઇચ્છા પ્રમાણે જ થયું. આ સંગ્રામને પરિણામે આપણા અમલદારોને પુષ્કળ અનુભવ સાંપડ્યો.

"આપણી ક્ષતિઓનું પણ આપણને ભાન થયું. પ્રદેશ મોટા પાયા ઉપરની અવરજવર માટે ઘણો જ પ્રતિકૂળ છે; અને આપણું વાહનવ્યવહાર અને પુરવઠા ખાતું ઘણું જ નબળું સાબિત થયું છે. વળી, મોરચા ઉપરના પ્રચાર જેવું તો આપણી પાસે કશું અસ્તિત્વમાં જ નહોતું. આ ખાતું ચલાવવા માટે આપણે માણસો તૈયાર કર્યા હતા–પણ વાહનવ્યવહારની મુસ્કેલીને કારણે આપણે

તેમનો ઉપયોગ જ ન કરી શક્યા. હવે પછીથી ફોજના એકેકએક દળ પાસે એનું પોતાનું આગવું કહી શકાય એવું પ્રચાર-એકમ રહેશે.

"આપણે લાઉડસ્પીકરોની પણ જરૂર હતી, પણ જાપાનીઓ ખરે ટાણે ખૂટલ નીવડયા. હવે આપણે એ આપણી મેળે જ બનાવી લઇએ છીએ."

ઑગસ્ટ ૨૧, ૧૯૪૪

અમારા સિપેહસાલાર નેતાજીએ એક ફરમાન કાઢીને વરસાદને કારણે યુદ્ધ-પ્રવૃત્તિઓને મોકૂફ રાખવાનો આદેશ આપ્યો છે. આક્રમણને માટે તૈયાર થવાની એમણે પ્રત્યેકને આજ્ઞા આપી છે.

એક જાહેર સભામાં નેતાજીએ શ્રીમતી બી.ને સેવકે-હિંદનો ચન્દ્રક આપ્યો—હિંદી આઝાદીને ખાતર એમણે આપેલી ભેટો અને કુરબાનીઓની કદરના પ્રતીક લેખે.

સપ્ટેમ્બર ૧૦, ૧૯૪૪

છેલ્લા આખા અઠવાડિયા દરમ્યાન બ્રહ્મદેશના હિંદી સ્વાતંત્ર્ય સંઘની પરિષદ મળી. ૭૪ શાખાઓના કુલ્લે ૧૮૦ પ્રતિનિધિઓએ હાજરી આપી. પરિષદ હવે ખતમ થઇ છે. એના સામાન્ય મંત્રી શ્રી. જી.એ મને કહ્યું કે પરિષદને ખૂબ જ સફળતા મળી. કોઇ પણ જાતના ટંટારા વગર એ પાર પડી અને અનેક મુશ્કેલીઓનો ઉકેલ આવ્યો.

નેતાજીએ માદરે વતનની કેટલી મૂગી સેવા કરી છે! કોણ જાણે ક્યારે આ વાતનું હિંદને પૂરેપૂરું ભાન થશે! નેતાજી ન હોત તો જાપાનીઓએ કલકત્તા, જમશેદપુર, મદ્રાસ અને બીજા ગીચ વસતિવાળા વિસ્તારોને બૉંબ મારી મારીને ધરતીના પટ ઉપરથી સાફ જ કરી નાખ્યા હોત! શ્રી. આર. કહેતા હતા કે, જાપાનીઓને આમ કરતા નેતાજીએ જ વારેલા "હિંદનો નાશ તમારે હાથે થાય અને અમે તે જોતા બેસી રહીએ એમ નહિ બને." જાપાનીઓને તેમણે સંભળાવેલું: "હિંદ અમારા હાથમાં એક પરિપક્વ ફળની પેઠે આવવું જોઇએ."

મારી નોંધપોથી હવે ટાંચણપોથી જેવી થતી જાય છે. પણ શું કરું? હાથ ઉપર જે કામ છે તેને પુરું કરવા માટે પણ સમય ક્યાં મળે છે!

સપ્ટેમ્બર ૨૨, ૧૯૪૪

ગઇ કાલે અમે જતીનદાસ સંવત્સરી અને શહીદ–દિન ઊજવ્યો.

જ્યૂબિલી હૉલ ખીચોખીચ ભરાઇ ગયો હતો. વકતાઓ એક પછી એક ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવની સ્મૃતિઓ તાજી કરાવતા ગયા અને ઇન્કિલાબ ઝિન્દાબાદના પોકારો સાથે તેમની પેઠે જ ફાંસીને માંચડે ચડી ગયેલ અમર ચંદ્રશેખર આઝાદની, બંગાળના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટને ગોળીએ દેનાર પેલી બે છોકરીઓ–સુનીતિ અને શાન્તિની, કલકત્તાના યુનિવર્સિટી કૉન્વોશન હૉલમાં ગવર્નર સામે ગોળીબાર કરનાર વીણા દાસની, હિંદના અનેક ક્રાન્તિવીરોની યાદો તાજી થઇ. લ હોર જેલમાં યશસ્વી ભૂખ–હડતાળ દરમ્યાન કાયાની કણીએ કણીને, મૃત્યુના ખપ્પરમાં હોમનાર જતીનદાસની આખી યે કહાણી કહેવામાં આવી.

અમારી આંખો તો આ ભાષણો દરમ્યાન ભીંજાયેલી જ રહી.

ક્રાન્તિવીરો ઉપર ગુજરેલ અત્યાચારોનાં વર્ણનો અપાયાં ત્યારે ઘણાય તો ડૂસકાં ભરી ભરીને રોઇ પણ પડયાં.

પછી નેતાજી બોલ્યા :

"માદરે વતન આઝાદી માગે છે. આઝાદી વગર એ હવે જીવી શકે એમ નથી. પણ આઝાદી કુરબાની વગર શકય જ નથી. તમારી શકિતની, તમારી સંપત્તિની, તમે જેને પ્રાણથી યે પ્યારી ગણતા હો એવી બધી યે વસ્તુઓની, તમારા સર્વસ્વની વિશુદ્ધ કુરબાની આઝાદી અત્યારે માગી રહી છે. ભૂતકાળના ક્રાન્તિવીરોની પેઠે તમારે પણ, તમારા ચેન અને આરામનો, તમારી સુખસગવડો અને સંપત્તિનો, તમારા જાનમાલનો ભોગ આપવો પડશે. તમે રણચંડીના ખપ્પરમાં તમારા બત્રીસા બેટડાઓને હોમ્યાં છે એ હું જાણું છું. પણ રણચંડી હજી રીઝી નથી. એને રિઝવવાની રીત હું તમને આજે શીખવીશ. આજે રણચંડી ફકત સૈનિકો જ નથી માગતી. આજે એ માગે છે સાચા બંડખોરો–પુરુષ બંડખોરો અને સ્ત્રી–બંડખોરો–જેઓ આત્મઘાતક દળમાં ભરતી થઇ જાય; જેમના માટે મૃત્યુ એ આજની એક નિશ્ચિતતા હોય, જેઓ પોતાના શોણિતસાગરમાં દુશ્મનોને ડુબાડી દેવા માટે થનગની રહ્યા હોય.

'તૂમ હમ કો ખુન દો
મૈં તૂમ કો આઝાદી દુંગા !'

શ્રોતૃવૃન્દમાંથી આપોઆપ ગર્જનાઓ ઊઠીઃ " અમે તૈયાર છીએ. અમે લોહી આપીશું. હમણાં જ લો !"

નેતાજીએ આગળ જણાવ્યું: "સાંભળો. મારે તમારા ઉશ્કેરાટનો લાભ નથી લેવો. તમે આવેશમાં આવી જઈને સંમતિ આપી દો એમ હું નથી ઇચ્છતો. તમારામાંથી જે આત્મઘાતક દળોમાં ભરતી થવા માટે તૈયાર હોય તે આગળ આવે અને આ કાગળ ઉપર, આઝાદીને ખાતર, રણચંડીના ખપ્પરમાં અત્તરઘડી હોમાઈ જવાના સોગંદ આપતા આ કાગળ ઉપર પોતાના હસ્તાક્ષરો કરી જાય !"

"અમે હસ્તાક્ષરો કરવા તૈયાર છીએ." સભાખંડના એકેકેએક ખૂણામાંથી અવાજ ગુંજી રહ્યો.

"પણ મોત સાથેના આ કરારો ઉપર તમે સામાન્ય શાહીથી સહીઓ નહિ કરી શકો. તમારે એ હસ્તાક્ષરો તમારા શોણિતથી કરવા પડશે. હિંમત હોય તે આગળ આવો ! માતૃભૂમિની મુક્તિને ખાતર રુધિરના હસ્તાક્ષરોથી મૃત્યુ સાથે બંધાતા વીરોને મારે જોવા છે."

વિરાટ જનસમુદાય એકાએક ઊભો થઈ ગયો: મુક્તિમત્ત માનવતા રંગમંચ પર ઊભેલા નેતાજી ભણી ધસી. અમે રંગમંચ નીચે જ બેઠા હતા. કોઈ અજેય શક્તિએ અમને એક બાજુએ ધકેલી કાઢયા...અને... પ્રથમ હસ્તાક્ષરો કરનારો તો ક્યારના ય રંગમંચ ઉપર ચડી ચૂકયા હતા. ચપ્પુઓ અને ટાંકણીઓ કામે લાગી ગયાં હતાં. અને શૌણિતના અક્ષરોમાં સહીઓ થયે જતી હતી. પહેલાં હસ્તાક્ષરો આવ્યા સત્તર બહેનોના. એ સત્તરે સત્તર સહીઓ કરી લે તે પહેલાં કોઈ પણ પુરુષને આગળ પણ તેઓ આવવા નહોતી દેતી. એક કલાક આ ચાલ્યું-નિજના શોણિતથી સહીઓ કરવાનું કામ-સભાખંડને ખૂણે ખૂણે-આઝાદીને ખાતર-નિજના મૃત્યુખત ઉપર.

લોકોનો ઉત્સાહ માન્યામાં ન આવે એટલો અજબ હતો. જ્યાં જુઓ ત્યાં હર્ષભરપૂર ચહેરાઓ અને ચમકતી આંખો ! કેસરિયા કરતી વખતે રજપૂતો કેવા દેખાતા હશે તે આજે મને સમજાયું. આવી પ્રજાને કોણ ગુલામ રાખી શકે ? બ્રિટિશ શહેનશાહત, તારી ઘોર ખરેખર ખોદાઈ રહી લાગે છે!

ઘેર આવી અને પી. સામે જોયું તો એમની આંગળી ઉપર પણ એક કાપ હતો. મારાથી એ છુપાવી રહ્યા હતા. પણ હું જોઇ ગઇ...અને સમજી ગઇ કે, આત્મઘાતક દળમાં એ પણ જોડાઇ ગયા છે. એક પળ વાર તો હું ભયભીત બની ગઇ. આંખો આંસુઓથી છલકાઇ ઊઠી. પણ એ વ્યગ્રતા તો પળવારની જ. બીજી જ પળે, મેં એમને ભેટીને ચુમ્બન કર્યું.

ગઇ રાતે મને ઊંઘ ન આવીઃ પી. વગર જગતમાં એકલી હું શું કરીશ એવા વિચારો આવ્યા જ કર્યા...પણ હું એમનો નિશ્ચય ફેરવાવવા માગતી નથી. એ તો અશકય. મારું ધર્મ–સંકટ તો જુદું જ છે. જો હું પણ સહી કરું તો પછી અમારા પુત્રનું કોણ? આ વિચાર પી.એ કેમ ન કર્યો? એના બદલે એમણે મને જ સહી કરવા દીધી હોત તો! મારા વગર તો ચાલ્યું જશે!

મારા દેવ! અંતે આની પણ જરૂર હતી? ના, પણ તમારે કેટલો આત્મભોગ આપવો એનો નિર્ણય તમે પોતે જ કરો એ જ ઠીક છે. પી., તમે તો મેં નહોતી ધારી એવી અજબ રીતે મારી કસોટી કરી રહ્યા છો!......પણ એ કસોટીમાંથી હું અણીશુદ્ધ જ પાર પડીશ, હો!

સપ્ટેમ્બર ૨૭, ૧૯૪૪

આજે વડા મથક ઉપર સુભાષબાબુને મળી. એ બહાર નીકળતા હતા અને હું અંદર જતી હતી. હું બાહોશીથી 'ખબરદાર' થઇ ગઈ અને 'જય હિંદની' સલામી એમને આપીને ઊભી રહી. એ ઊભા રહ્યા. મારા જખમો વિષે પૂછપરછ કરી, પી.ના વખાણ કર્યા. મેં એમને કહ્યુંઃ દિલ્લી રેડિયોએ તમને સ્વપ્નદ્રષ્ટા કહ્યા છે.

એક મિનિટ વાર નેતાજી શાંત રહ્યા. પછી એમણે જવાબ આપ્યો–બહુ જ ધીમા શબ્દોમાં. એ શબ્દોમાં એમનો આત્મા હતો. અને ક્રોધ તો એમાં હતો જ નહિ...તેમણે કહ્યુંઃ "તેઓ મને સ્વપ્નદ્રષ્ટા કહે છે, ખરું ને? હું પણ કબૂલ કરું છું કે, હું સ્વપ્નદ્રષ્ટા છું. હું બાલ્યાવસ્થાથી જ સ્વપ્નદ્રષ્ટા રહ્યો છું...અને મારું સૌથી વહાલું સ્વપ્ન એ મારી માતૃભૂમિની આઝાદી છે. એમને લાગે છે કે સ્વપ્નદ્રષ્ટા હોવું એ કોઇ શરમની વાત છે. મને તો એ બહુમાનનું અભિમાન છે. એમને મારાં સ્વપ્નો નથી ગમતાં, પણ એમાંય તે નવું શું છે? હિંદની મુક્તિનાં સ્વપ્નો હું ન નિહાળી રહ્યો હોત તો ગુલામીની

શૃંખલાઓને સનાતન ગણીને જ હું બેસી રહેત. મુદ્દાની વાત એ છે કે મારાં સ્વપ્નો સાચાં પડી શકે છે કે નહિ? મારી માન્યતા એવી છે કે એ સાચાં પડતાં જાય છે. એમાંનું એક સ્વપ્ન—જે સાચું પડ્યું છે—તે છે આઝાદ હિંદ ફોજ. તમે અને તમારા પતિ—એ મારું બીજું સ્વપ્ન—જે સાચું પડ્યું છે. ના. ભલે હું સ્વપ્નદ્રષ્ટા જ રહ્યો. જગતની પ્રગતિનો આધાર સર્વદા સ્વપ્નદ્રષ્ટાઓ અને એમનાં સ્વપ્નો ઉપર જ રહ્યો છે...શોષણ, સ્વાર્થ અને સામ્રાજ્યવાદનાં સ્વપ્નો ઉપર નહિ, પણ પ્રગતિનાં, લોકકલ્યાણનાં અને જગતની સમગ્ર પ્રજાઓની સ્વાધીનતાનાં સ્વપ્નો ઉપર."

અને એ ચાલ્યા ગયા. કેવા ભવ્ય પુરુષ!

ઑક્ટોબર ૨, ૧૯૪૪

અમે આજે ગાંધીજયંતિ ઊજવી. દરેક હિંદી મકાન ઉપર ત્રિરંગી ઝંડો ફરકતો હતો. સવારમાં ફોજ તરફથી ઝંડાવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. હિંદને સ્વાધીન કરવાની પ્રતિજ્ઞા અમે ફરીથી લીધી. કોંગ્રેસની સ્વાધીનતાની પ્રતિજ્ઞા ઉપર રંગૂનના હજારો હિંદીઓએ સહી કરી.

ઑક્ટોબર ૨૦, ૧૯૪૪

જાપાનીઓએ ટિડિમમાંથી પીછેહઠ કરી છે. ચૌદમું બ્રિટિશ લશ્કર બળિયો દુશ્મન નીવડેલ કહેવાય છે, પણ અમારી ફોજના સૈનિકો સામે ટકી શકશે નહિ. પણ ફોજ મોરચા ઉપર પૂરેપૂરી સંખ્યામાં કેમ નથી?

નવેમ્બર ૧૭, ૧૯૪૨

આજે અમે પંજાબના મહાન ક્રાંતિકારી લાલા લજપતરાયની મૃત્યુતિથિ ઊજવી. શ્રી. એન. બેંગકોકથી અત્રે આવેલ છે. એમણે સરકારી વડા મથકના માણસોને ઉદ્દેશીને આ પ્રમાણે કહ્યું:

"આપણે, પૂર્વ-એશિયાના ત્રીશ લાખ હિંદીઓએ આપણા દેશની સ્વાધીનતા માટે લડવાનો મક્કમ નિશ્ચય કર્યો છે. આપણે કાં તો વિજયને વરીશું, કાં તો મૃત્યુને ભેટીશું. પણ હિન્દને મુક્ત કરવા માટેના આપણા આ મહાન જંગમાં આપણે અગર નષ્ટ થઇશું, તો પણ સાચા હિંદીઓ તરીકેનો આપણો ધર્મ બજાવ્યાના ભાન સાથે જ નષ્ટ થઇશું પરાજયોથી આપણે ડરતા નથી. આપણે જે લોહી વહાવીશું તેના બિન્દુએ બિન્દુમાંથી એનું વેર

લેનારાઓ પ્રગટશે. બ્રિટન ગમે તેટલી મહેનત કરે, ગમે એટલા ધમપછાડા મારે પણ હિંદની સ્વાધીનતા સિદ્ધ થયા વગર નહિ રહે. ચાળીસ કરોડ માણસોને આઝાદ બનવાનો અધિકાર છે જ.

"એક વાત હું સ્પષ્ટ કરવા ચાહું છું. સુભાષબાબુ અને એમની પાછળ ચાલનારા પૂર્વ-એશિયામાંના ત્રીશ લાખ હિંદીઓ શાહીવાદના મિત્રો નથી—કોઇ પણ પ્રકારના શાહીવાદના મિત્રો નથી. રાજકીય સ્વાધીનતા તો હિંદને માટે એક સાધન છે; હિંદી સમાજનું ક્રાન્તિકારી પરિવર્તન કરવા માટેનું એક સાધન છે."

શ્રી. એન. જાપાની સત્તાવાળાઓને ગમતા નથી. સમાજ અને સમાજવાદ વિષેના એમના વિચારો પ્રત્યે એ લોકો શંકા અને અણગમાની નજરે નિહાળે છે. પણ જ્યાં સુધી અમારી આઝાદ સરકારના એ પ્રજાજન છે ત્યાં સુધી એમને આંગળી અડકાડવાની પણ જાપાનીઓની દેન નથી. જો એ ચાઇનીઝ હોત તો, તો, વાય. એમ. સી. એ. ના મકાનમાં એમને કયારના લઇ જવામાં આવ્યા હોત—"સુધારણા" માટે. પણ નેતાજી સર્વ હિંદીઓ માટે એક મહા-શક્તિશાળી આધારસ્તંભ બન્યા છે. એમના આવ્યા પછી જ અમે બધા સલામત થયા છીએ. એ ન આવ્યા હોત તો બીજા શત્રુદેશવાસીઓ કરતાં અમારી સ્થિતિ જરા પણ સારી ન હોત.

શ્રી. એને. અમને કહ્યું કે, નેતાજીનાં ભાષણો અને વાયુપ્રવચનોનો સંગ્રહ—"ચલો દિલ્લી" પુસ્તકની એમની પ્રસ્તાવના સામે કિકાને વાંધો લીધો હતો. પણ છેવટે, એમને નમતું આપવું પડયું અને પુસ્તક ખુલ્લા બજારમાં વેચાવા મુકાયું. પણ જાપાનીઓએ 'બેંગકોક ક્રોનિકલ" નામના દૈનિક અખબાર પર દબાણ મૂકયું છે કે, શ્રી. એન. નાં કોઇ લખાણો એણે છાપવાં નહિ અને આજ સુધી તો, આ બાબતમાં, એમનું (જાપાનીઓનું) ધાર્યું થયું છે.

શ્રી. એન. બહાદુર અને નીડર લડવૈયા છે. તાઇલેંડમાં એમના પ્રત્યે ખૂબ આદર છે અને અમે એમના લેખો અખબારોમાં અનેક વાર વાંચ્યા છે. એ વાંચીને એમનું જે ચિત્ર મારા મનમાં મેં રચ્યું હતું તેના જેવા જ તે હતા એમ મેં સભામાં પ્રત્યક્ષ મળ્યા ત્યારે જોયું. પૂર્વ-એશિયામાંના હિંદના સુપુત્રો અને સુપુત્રીઓ એવાં છે કે જે દુનિયાના કોઇ પણ ભાગમાં સન્માનિત થાય.

ડિસેમ્બર ૨૬, ૧૯૪૪

ચાઇનીઝ લશ્કરોએ ભામો લીધું છે અને બ્રિટિશ લશ્કર બુચિડોંગ ખાતે છે.

પણ, યુદ્ધમાં તો હમેશાં જયપરાજયનાં ભરતીઓટ આવ્યા કરશે. નેતાજીએ હમેશાં કહ્યું છે કે, "અંગ્રેજો આસામમાં અને બંગાળની સરહદ પર જાન મૂકીને લડશે."

પી.એ મને આજે કહ્યું છે કે અમારી ફોજનો અત્યારનો જંગ બચાવનો જંગ છે. અને એનાં કારણો બે છેઃ પહેલું તો એ કે, બર્મા જો જાય તો અમારી આઝાદ પ્રવૃત્તિને ધોકો પહોંચે. બીજું, પ્રશાંતમાં જાપાનીઓ ઘણી સંકડામણમાં મુકાયા છે અને તેથી, તેઓ ધાર્યા પ્રમાણેની સહાય અમને આપી શકતા નથી.

જાનેવારી ૨૬, ૧૯૪૫

સ્વાતંત્ર્ય-દિન આજે છે ! સરસ સભા થઇ હતી. પી. આજે કોઇ અજ્ઞાત સ્થળે ગયેલ છે. આપણે ફરીથી મળીશું ખરાં, મારા નાથ ? મારા મનમાં જે શંકાઓ અને ભયો જાગે છે તેની જાણ મને પોતાને પણ થતી હોય તો કેવું સારું...

મારી જાત ઉપર મારે પૂરો કાબૂ રાખવો જોઇએ અને કામમાં વધુ ડૂબી જવું જોઇએ.

બ્રિટિશરો અક્યાબમાં ઊતર્યા છે. મોરચા ઉપરના સમાચાર સારા નથી. પણ લડવા માટેનો અને વિજય પ્રાપ્ત કરવાનો અમારો નિરધાર છે.

સ્વાતંત્ર્ય-દિન પરના મલાયાના ફાળા તરીકે છેલ્લાં બે અઠવાડિયામાં અમારી આઝાદ હિંદ સરકાર માટે ચાળીશ લાખ રૂપિયા એકત્ર કરવામાં આવ્યા. બર્માના કુલ ફાળાનો આંકડો આઠ કરોડ સુધી પહોંચ્યો છે.

ફેબ્રુઆરી ૧૫, ૧૯૪૫

પીછેહઠના રોજના સમાચારોની અસર નાબૂદ કરે એવા ઉત્સાહપ્રેરક સમાચાર આવ્યા છે. કર્નલ એસ.ની સરદારી નીચેના સુભાષટુકડીના સૈનિકોએ અદ્ભુત વીરતા બતાવી છે અને ચૌદમા લશ્કરના ધસારાને ખાળ્યો છે.

માર્ચ ૬, ૧૯૪૪

એક દ્વીપ ઉપરથી બીજા દ્વીપ ઉપર કૂદતો કૂદતો મેક આર્થર જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ પ્રશાંતના યુદ્ધમાં આપણે માટે માનશુકન

વરતાતાં જાય છે. ૧,૫૦૦ અમેરિકન હવાઇ જહાજોએ નવ કલાક સુધી ટોકિયો ઉપર બોમમારો કર્યો–સાથી રાજ્યો એવી ડંફાસ મારી રહ્યા છે. કદાચ એ સંપૂર્ણ સત્ય ન પણ હોય, પણ જાપલાઓ ઉપર જીવલેણ આફત તોળાઇ રહી છે એ વાત નિર્વિવાદ. આહીં એમના ચહેરા ઉપરથી જ આમ લાગે છે તો! અમેરિકનો ઇવોજીવામાં ઊતર્યા...અને અત્યાર સુધી ત્યાં ટકી પણ રહ્યા છે, પણ કેટલો વખત?

કર્નલ ઝેડ.ની સરદારી નીચેની અમારી આઝાદ ટુકડીએ એક ભારે વિજય મેળવ્યો. ફોજના સૈનિકો પાગલની પેઠ લડી રહ્યા છે. એમની દિલેરી વિષેની મેં સાંભળેલી એક વાત આ પ્રમાણે છે :

જ્યારે તેમને પીછેહઠ કરવાનો હુકમ મળ્યો ત્યારે તેમનામાં સનસનાટીની લાગણી વ્યાપી ગઇ. એ હુકમને તાબે થવાનો એકેએક સૈનિકે ઇનકાર કર્યો. હમણાં જ બંડ ફાટી નીકળશે એવું વાતાવરણ થઇ ગયું.

"આપણા સૈનિકોએ દિલ્લી પહોંચવાનું છે, સિપેહસાલાર નેતાજીએ અમને આમ જ કહ્યું છે. સંયોગો ગમે તેવા કપરા હોય છતાં પાછા ન ફરવાની તેમણે અમને આજ્ઞા આપી છે. આ બ્રિટિશરોની કપટજાળ પણ હોય. બ્રિટિશ હિંદી સૈન્યના પેલા ચાર મેજરો–ડે અને માનદ રૈઆઝ અને ગુલામ સરવરે–એમણે પણ એવી કપટજાળ આપણા ઉપર પાથરવાની કોશિશ કયાં નહોતી કરી?"

કમાન્ડરે અને બીજા અમલદારોએ માણસોને ખૂબ સમજાવ્યા. પીછેહઠ શા માટે જરૂરી છે તે પણ તેમણે એમને કહ્યું: "આપણી પાસે દારુગોળો નથી. આપણી પાસે ટેંકો નથી. મોટરકારો નથી. આપણે ચિન્દવીન પાર કરી તે જ વખતે આપણી પાસેથી ખાધાખોરાકી ખૂટી ગયેલી. આપણે ઘાસ અને મૂળિયાં ઉપર જ જીવવાનો વારો આવ્યો છે. ઘણાખરા તાવથી પીડાઇ રહ્યા છે. મેલેરિયાના ખપ્પરમાં ઘણા માણસો હોમાઇ રહ્યા છે. અને આપણી પાસે દવાદારુનું પણ ઠેકાણું નથી. પીછેહઠ કર્યા સિવાય આપણો આરો નથી."

પણ માણસો સાંભળે જ શાના? "ઘાસમૂળિયાં ઉપર તો આપણે જીવીએ જ છીએ ના! ને જીવીશું! પણ અમને આગળ વધવા દો! દવાદારૂની અમને જરુર નથી. અમારે જરુર છે દુશ્મનોને ભિડાવવાની. અમે નેતાજીની આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરીએ."

આ લોકોએ બે વખત બ્રિટિશ દળોને ઇરાવદીની પેલી પાર હાંકી કાઢયાં હતાં.

એમને સમજાવવામાં આવ્યું કે 'જાપાનીઓ તો કયારના પીછેહઠ કરી ગયા છે. એટલે પીછેહઠ કર્યા વગર છૂટકો જ નથી.' પણ એ લોકો એકના બે ન થયા. "મહેરબાની કરીને અમને દુશ્મનોનો પીછો કરવા દો! આજે તક છે. અમે એમને ચપટીમાં ચોળી નાખીશું." એ જ એમનો જવાબ.

આખરે એક માણસને નેતાજી પાસે મોકલવો પડયો. નેતાજીના જ હસ્તાક્ષરમાં લખાયેલ આજ્ઞાપત્ર આવ્યો ત્યારે જ એ લોકો સમજ્યા. પણ હવે વિરોધનું સ્થાન આંસુઓ અને ડૂસકાઓએ લીધું. નાના બાળકોની પેઠે આ બહાદુર રણબંકડાઓ રોઇ પડયા. ભગ્નહૃદયે તેમણે રણભૂમિ તરફ પીઠ ફેરવી. એ દિવસે કોઇએ અન્નનો સ્પર્શ સરખો પણ કર્યો નહિ. અંતનો આ આરંભ તો નહોતો? સૌના ચહેરા ઉપર એ જ એક પ્રશ્ન હતો!

માર્ચ ૧૫, ૧૯૪૫

પાંચમીએ મિકતીલા પડયું. જાપલાઓ રંગૂન ખાલી કરી જવા કટિબદ્ધ છે. મને કોઇએ કહ્યું:

ફોજ લડે અને રંગૂનને સાચવી રાખે એવી વ્યવસ્થા કરવા માટે નેતાજી દલીલો કરવાની પોતાની બધી જ શક્તિઓ વાપરી રહ્યા છે—જાપલાઓ સાથે. બ્રહ્મદેશ બ્રિટનના હાથમાં જાય તો દિલ્લી આપણે માટે છે તેથી યે દૂર બને; અને એનો અર્થ એ કે આઝાદીની આપણી આશાઓ સદાને માટે નષ્ટ.

ગાંધી અને નહેરુ દળોએ મોટી ખુવારીઓ વેઠી છે. પણ એક એક તસુની પીછેહઠને માટે તેમણે બ્રિટિશરો પાસેથી શોણિતના રૂપમાં પૂરેપૂરી કિંમત વસૂલ કરી છે. આપણે મરણિયા બનીને લડીએ છીએ, એક એક તસુ ધરતીના ટુકડાને માટે.

૧૯મા બ્રિટિશ ડિવિઝને માંડલે લીધું સંભળાય છે. મેમ્યો પણ...શું થઇ રહ્યું છે આ? બ્રિટિશરોમાં આટલી બધી તાકાત એકાએક કયાંથી આવી ગઇ? કે પછી આ પરાક્રમો અમેરિકનોનાં છે? જાપલાઓનાં હવાઇ દળો તો અદૃશ્ય જ થઇ ગયાં છે.

એપ્રિલ ૫, ૧૯૪૪

સોવિયેટ–જાપાન તટસ્થતા–કરાર હવે અસ્તિત્વમાં નથી એમ મોસ્કોએ જાહેર કર્યું. આનો અર્થ ખેલ ખતમ......

ઓસરતાં પૂર

એપ્રિલ ૨૪, ૧૯૪૫

આજે સુભાષબાબુ રંગૂનથી બેંગકોક ગયા. ઝાંસીની રાણી દળ અને બીજા બધા રંગૂનમાંથી સલામત બહાર નીકળી ગયા ત્યાર પછી જ એ નીકળ્યા. હું રંગૂનના વડા મથક સાથે સંકળાયેલી છું. મેં વિનંતિ કરી છે કે, મને અહીં જ રહેવા દેવામાં આવે, અને મારી એ વિનંતિ માન્ય થઇ છે.

જાપાની સેનાપતિ ગઇ કાલે જ રંગૂન છોડી ચાલ્યો ગયો.

રંગૂન છોડી જનારાઓમાં સુભાષબાબુ છેલ્લા હતા. વિમાનમાં દાખલ થતા પહેલાં અમારા પ્રત્યે એમણે જે એક છેલ્લી નજર નાખી—એને હું જીવનભર નહિ ભૂલી શકું.

ફોજ રંગૂનના ચાર્જમાં રહેશે—જનરલ લોકનાથનની સરદારી નીચે. ફોજના સૈનિકો શહેરની વ્યવસ્થા જાળવશે અને નાગરિકોના જાનમાલનું રક્ષણ કરશે. બ્રિટિશરો આવી પહોંચે ત્યારે તેમની સામે અમારે લડવાનું નથી. અમે જાણીએ છીએ કે રંગૂન હવે એક જાળ જેવું છે. પણ હિંદી આઝાદી પ્રાપ્ત કરવાની એકેએક શકયતા હવે લુપ્ત થઈ છે એ જોતાં મલાયા તરફ દોડી જવું એ હવે નકામું છે. અમે હવે વ્યવસ્થિત રીતે શરણાગતિ જ સ્વીકારી લઇશું.

અમારો હિંદી સ્વાતંત્ર્ય સંઘ હવે શ્રી. બહાદુરીના ચાર્જમાં છે. સંઘના એ ઉપપ્રમુખ છે.

અમારી સરકારે પોતાની ઉપરનું એકેએક પાઈનું લેણું ચૂકવી દીધું છે—બેંગકોક જતાં પહેલાં.

અમારી બેન્ક બ્રિટિશરોના આવ્યા પછી પણ કામકાજ ચાલુ જ રાખશે. આઝાદ બ્રહ્મદેશ સરકાર પાસે પોતાની ફોજના સિપાહીઓને છેલ્લા પગારો ચૂકવવા માટે નાણા નહોતા ! બેન્કે તેને પાંચ લાખ રૂપિયાની સખાવત આપી. સાથી રાજ્યો સાનફ્રાન્સિસ્કો ખાતે વિજયોત્સવ ઊજવી રહ્યા છે...રોમ સળગી રહ્યું છે અને શહેનશાહ નીરો સારંગી બજાવે છે.........

મે ૪, ૧૯૪૫

ગઇ કાલે રંગૂન બ્રિટિશરોને શરણે થયું. પેગુ બીજીએ પડેલું. ટાન્ગુ એક અઠવાડિયાં પહેલાં.

પણ ફોજે રંગૂનમાં જે રીતે જાહેર વ્યવસ્થાનું સંક્ષરણ કર્યું એની તો દુશ્મનોને પણ તારીફ કરવી પડે.

અમે ચાર્જમાં હતા તે દરમ્યાન ચોરી કે લૂંટનો એક કહેતાં એક પણ કિસ્સો નથી બન્યો. ૧૯૪૨માં બ્રિટિશરો રંગૂન ખાલી કરીને ચાલ્યા ગયેલા તે વખતે જે બનેલું તેના કરતાં તદ્દન ઊલટું!

ઇરાવદીમાં જાપાનીઓએ સુરંગો બિછાવી રાખી હતી અને ધાર્યું હોત તો, રંગૂન, ગલીએ ગલીએ અને મકાને મકાને. દુશ્મનો સામે એક નવો મોરચો ઊભો કરી શક્યું હોત. પણ નિશ્ચય થઇ ચૂક્યો હતો કે હવે સંપૂર્ણ શાંતિમયતાથી શરણાગતિ સ્વીકારી લેવી. હાલ તરતને માટે તો આપણું વહાણ ખરાબે જ ચડયું છે. હવે જાપલાઓની પ્રતિષ્ઠાને ખાતર હિંદી જાનમાલને હોમવાનો અર્થ શો ?

સંઘની શાખાઓ તરફથી સાંપડેલા અહેવાલો બતાવે છે, કે જિલ્લાઓમાં સર્વત્ર આ પ્રમાણે જ બન્યું છે. હિંદી અને બ્રહ્મી જાનમાલની રક્ષા ફોજના સૈનિકોએ સફળતાથી કરી છે.

મે ૫, ૧૯૪૫

૨૪મી ઇન્ડિયન ઇન્ફંટ્રીનો બ્રિગેડિયર લોડેર રંગૂન વિસ્તારના ચાર્જમાં છે.

આજે એ શ્રી. બહાદુરીને મળ્યો. સંઘની પ્રવૃત્તિઓ વિષેનો અહેવાલ તેણે માગ્યો. એની સૂચના એવી છે કે સંઘે પોતાની રાજકીય પ્રવૃત્તિઓનું વિસર્જન કરવું, પણ સામાજિક અને આરોગ્યવિષયક પ્રવૃત્તિઓ ચાલુ રાખવી. હિંદી કોંગ્રેસનું એણે ઉદાહરણ આપ્યું. રાજકીય ક્ષેત્રમાં કોંગ્રેસ અને હિંદ સરકાર બેય સામસામે પક્ષે હોય છે ત્યારે પણ જાહેર હિતનાં ઇતર કાર્યોમાં તે સરકાર સાથે સહકાર કરે છે.

રંગૂનમાં અમારા દવાખાનાં છે તેમને ચાલુ રાખવાનું શ્રી. બહાદુરીએ કબૂલ કર્યું છે. બ્રિગેડિયર લોડેરે આર્થિક સહાયતાની ઑફર કરી પણ અમે એ સ્વીકારવાનો ઇનકાર કર્યો છે.

નેશનલ બૅન્ક ઑફ આઝાદ હિંદ પોતાનું કામકાજ ચાલુ રાખી શકશે. તેને તેમ કરવાની છૂટ આપવામાં આવી છે. ચાલો, એટલું પણ ઠીક થયું. નહિતર આ અરાજકતાના અન્ધકારમાં, જ્યારે બજારો સદા બંધ જ રહે છે અને ભાવો આકાશ તરફ જ ઊડતા જાય છે ત્યારે લોકોનું થાત શું ? અત્યારે

તો બૅન્ક જ એમને કપડાં, અનાજ અને બીજી બધી વસ્તુઓ પૂરી પાડે છે, જૂને ભાવે. આ તોફાનમાં આ બૅન્ક એ જ અમારો એકનો એક ત્રાપો છે.

ફોજની બાબતમાં બ્રિગેડિયર લોડેરે લોકનાથનને ખાતરી આપી છે કે, એના બધાય માણસોને–પુરુષો અને સ્ત્રીઓને–હિંદમાં સ્વતંત્ર નાગરિકો તરીકે પાછા ફરવા દેવામાં આવશે. બ્રિગેડિયરે ફક્ત એક જ વિનતિ કરેલી. ફોજના અમલદારોએ પોતાનો ગણવેશ છોડી દેવો અને જેઓ મૂળ બ્રિટિશ હિંદી સૈન્યના અમલદારો હોય તેમણે તે વખતનો પોતાનો જૂનો ગણવેશ પહેરવો.

લોકનાથનને બ્રિગેડિયરે એક બીજી પણ ખોળાધરી આપેલી કે, ફોજના અમલદારો તથા માણસોને ગંદી મજૂરીના કામ માટે ઉપયોગમાં નહિ લેવામાં આવે–અને એમ કરવું કદાચ અનિવાર્ય બનશે તો બ્રિટિશ હિંદી સૈન્યની સાથે જ ન છૂટકે, અને સરખે હિસ્સે, તેમનો ઉપયોગ કરવામાં આવશે.

ફોજની છાવણી ફરતો ચોકીપહેરો પણ ફોજના સિપાહીઓનો જ રહેશે; અને એના ઉપર અમારો ત્રિરંગી ધ્વજ પણ ફરફરતો રહેશે. ફોજને પોતાનું રાષ્ટ્રગીત ગાવાની છૂટ પણ આપવામાં આવી છે.

આજે હું એન.ને મળી. એન. પી.ની સાથે જ આત્મઘાતક દળમાં હતા. એમણે પી.ને છેલ્લી વાર પેનાન ચુઆંગમાં દીઠેલાં. એટલે...હવે...ફરી વાર એમના દર્શન આ અભાગિનીને ભાગ્યે નથી. મારા દેવ! જો તમે યુદ્ધકેદી તરીકે ગિરફતાર થયા હશો તો તો રંગૂનમાં મોકલાવેલા...

પણ...જીવવું તમારા વિના કેટલું દોહ્યલું બન્યું છે!

મે ૧૯, ૧૯૪૫

બ્રિગેડિયર લોડેર આજે અમારી બૅન્ક ઉપર તૂટી પડ્યો. બૅન્કે ખાતેદારોના નાણા તો ઘણુંખરાં પાછાં જ આપી દીધાં છે–છતાં ૩૫ લાખ જેટલા રૂપિયા બૅન્કના પોતાના બૅન્કમાં હતા એ રકમ અને બૅન્કના ચોપડા બધું જપ્ત થયું.

ધીમે ધીમે પણ બહુ સખત અને સચોટ રીતે અમારાં ગળાં ફરતાં વીંટાયેલા દોરડાંની ભીંસ તંગ થતી જાય છે. શરૂઆતમાં બ્રિગેડિયરે જે વચનો આપ્યાં હતાં તે બધાથી આ તદ્દન વિરુદ્ધ છે, પણ...બ્રિટિશરોને 'વિશ્વાસઘાતક' કોણે કહ્યા હતા, ભલા?

બ્રિટિશ ફિલ્ડ સિક્યોરિટિ સર્વિસ આજકાલ ખૂબ સજાગ બની ગઇ છે. આજે એણે મને તેડાવી. સૈનિકો સાથે લશ્કરી અમલદારો તમારી પાસે આવીને કહે: "થોડીક મિનિટોનું કામ છે, અમારી સાથે ચાલો." પછી તમારા માટે બીજો કોઇ માર્ગ જ નહિ! તમારે અમલદારો સાથે ગયે જ છૂટકો. પહેલાં તો તમને ફિલ્ડ ઇન્ટરોગેશન યુનિટમાં લઇ જાય. ત્યાં દિવસો સુધી તમારી તપાસ ચાલ્યા કરે. તમે તો પહેરેલ લૂગડે હાલી નીકળ્યા હો. બિસ્તરો નહિ, બદલવાની એક બીજી જોડ પણ નહિ. એટલે જ્યાં સુધી એ લોકો તમને જવાની રજા ન આપે ત્યાં લગી રંગૂન સેન્ટ્રલ જેલમાં તમારે આ હાલતમાં રહેવાનું—અને જવાની રજા આપે...જો તમે નસીબદાર હો તો—બાકી મોટે ભાગે તો જેલમાં દાખલ થયા એટલે ખેલ ખલાસ જ સમજવો.

જેલમાં દિવસો સુધી રહીને જેઓ પાછા આવ્યા છે તેમની પ્રવૃત્તિ ઉપર સત્તાધીશોની નજર ચાલુ જ હોય છે. કેટલાકને તો સારી ચાલચલગતના જામીન પેટે ગંજાવર રકમો પણ આપવી પડી છે. કેટલાકને પોલીસ ચાવડીમાં નિયમિત હાજરી ભરાવવા જવું પડે છે. "ઝાંસીની રાણી" દળવાળા અમે પણ એમનામાંથી છટકી શકયા નથી. હું તો માંડ બચી. એ લોકોએ પી. કયાં છે એ વિષે પૂછપરછ કરી. એનો અર્થ એક જ...કે પી. યુદ્ધકેદી તરીકે નથી ગિરફતાર થયા. પછી તેમણે મારી પ્રવૃત્તિઓ વિષે પૂછયું. મેં તો તેમને બેધડક કહી દીધું કે હું સંઘમાં કામ કરું છું. મારા લશ્કરી દળનું નામ ઝાંસીની રાણી દળ છે... અને વધુ જિજ્ઞાસા હોય તો દળના અધિકારીઓને મળો.

ગમે તે કારણોએ, પણ તેમણે મારા ઉપર દબાણ ન કર્યું. સંભવ છે કે મરણિયાના જેવી દેખાતી મારી વલણે પણ તેમને કૈંક વિચારમાં નાખી દીધા હોય. પણ જ્યારથી ઘેર પાછી ફરી છું ત્યારથી એક ભૂત મારી પાછળ લાગુ થઇ ગયું છે એમ લાગે છે. અત્યારે એ ઘરની બરાબર સામે બેઠું છે. ભલે એ મારી પાછળ પાછળ ભમ્યા કરે, ફિકર નથી.

પણ જો પી. એકાએક ઘેર આવી ચડે તો? મારે એની તલાશમાં રહેવું જોઇએ...અને એ આવી ચડે તો એને સલામતિપૂર્વક સંતાઇ રહેવા માટે નજીકમાં જ કોઇ સ્થાન નક્કી કરી રાખવું જોઇએ. ઉપરાંત, દોસ્તોને પણ મારે ચેતવણી આપી દેવી જોઇએ—આ ભૂતની બાબત. જેથી, પી.ને પણ ચેતતા રાખી શકાય—જો પી. મને મળતાં પહેલાં એમાંના કોઇને મળી જાય તો,

ઓસરતાં પૂર

મે ૨૮, ૧૯૪૫

શ્રી. બહાદુરીને ગિરફતાર કરીને રંગૂનની જેલમાં લઈ જવામાં આવ્યા છે. હવે હદ થાય છે.

અફવા તો એવી છે કે, અમારા બસો જેટલા માણસોને કોઈ પણ જાતની અદાલતી કારવાઈ સિવાય, લાંબાટૂંકા કારાવાસોની સજા કરવામાં આવી છે. તેઓ બધા અત્યારે ઇન્સીન જેલમાં છે.

ફોજની બાબત પણ અમારી સાથે દગો રમવામાં આવ્યો છે. જે ઘડીએ નિઃશસ્ત્રીકરણનું કાર્ય સાંગોપાંગ પાર પડી ગયું તે જ ઘડીથી અમારા બધાય સૈનિકોને રંગૂનની સેન્ટ્રલ જેલના એક અલાયદા ભાગમાં બ્રિટિશ ચોકીપહેરા નીચે રાખવામાં આવ્યા છે. રસ્તા ઉપર મજૂરીનું કામ, બ્રિટિશ હિંદી સૈનિકોની દેખરેખ નીચે ઝાડુ મારવાનું કામ પણ, તેમની પાસે પરાણે કરાવવામાં આવે છે. તેમના પ્રત્યે કેદીઓના જેવો જ વર્તાવ કરવામાં આવે છે. અફવા તો એવી છે કે ઉપલા અમલદારોને હિંદમાં લઈ જઈને તેમના ઉપર લશ્કરી અદાલતો સમક્ષ કામ ચલાવવામાં આવશે.

નોંધપોથી મારી! તારી પાસે અંતરની વાત કબૂલતાં મને સંકોચ શાનો! મારું હૃદય ભાંગી પડ્યું છે. હવે એ ફરી વાર સાજું થાય એ બનવાજોગ નથી. પી.ના વિચારો રાતદહાડો આવ્યા કરે છે. ઘરની એકેકેએક વસ્તુમાં એની કેટકેટલી યાદો ભરી છે! એમની હોકલી, એમનાં કપડાં, ભોજન-મેજ ઉપરની એમની જગ્યા–ઘરમાં જ્યાંત્યાં એમનો અવાજ ગુંજતો હોય એમ જ મને લાગ્યા કરે છે.

એ રાત અને એ દિવસ–મેં રોયા જ કર્યું છે. મારું ઓશિકું તો આંસુઓથી પલળી પલળીને લચ્દો થઈ ગયું છે. પણ મને આશ્વાસન આપે એવું યે કોણ છે? જીવનમાં જેનું થોડુંઘણું પણ મહત્ત્વ હતું એ બધું અત્યારે ફીકું અને નીરસ લાગે છે. મન આત્મહત્યાના વિચારોની આસપાસ ધુમરડી ફર્યા કરે છે–આત્મહત્યાના વિચારને આઘો રાખવા માટે મારે મહાભારત પ્રયત્ન કરવો પડે છે! મારા ભાગ્યમાં આ જ તેં લખ્યું હશે, દેવાધિદેવ! એવો તે મારો કયો અપરાધ હતો, જેના માટે આવડી ભયંકર સજા મારે માથે ઝીંકણી છે! જીવનને આનંદદાયક, મંગળમય, પ્રેમસ્વરૂપ બનાવનારી બધી ય વસ્તુઓને તેં

એક જ સપાટે મારી પાસેથી આંચકી લીધી ! પી.ને હું જીવથીય વધુ ચાહતી અને પી. ગયા. હિંદની સ્વાધીનતા માટેના યુદ્ધને હું ચાહતી હતી. પી. અને હું બન્નેએ એમાં ઝંપલાવ્યું હતું. એ યુદ્ધને પણ અમે હારી બેઠા. જીવન આજે દિશાશૂન્ય, સાથીશૂન્ય અને હેતુશૂન્ય બની ગયું. હું જાણે અનાથ બની ગઇ. હવે અહીં તો મારા માટે સ્થાન પણ નથી. કંઇક પણ હોય તો તે હિંદમાં–જ્યાં મારો પુત્ર છે–મારા નવા જીવનનો એકનો એક વિસામો !

નોંધપોથી મારી ! હવે મારે શું કરવું? હવે મારે સલાહ પણ કોની પૂછવી? હું પી. સાથે રોજ તકરારો કર્યા કરતી–આઝાદ થવા માટે. પણ ના; પી. ! તમારી દોરવણી વગર મારા જીવનનો રથ ચલાવવો દોહ્યલો છે એમ મને લાગે છે.

સમાચાર જ્યારે મેં પહેલવહેલા સાંભળ્યા ત્યારે કેટલો આઘાત લાગ્યો. કે. તો કેટલાયે વખતથી, કોણ જાણે, એ જાણતા હશે. હવે જ્યારે એની વિગતોને હું મનમાં ને મનમાં ફરી ફરીથી વિચારી જોઉં છું ત્યારે મને લાગે છે કે શ્રી. કે.એ એ સમાચાર મારી કને પ્રગટ કરતાં પહેલાં ખૂબ ખૂબ વિચાર કર્યો હશે !

પી.ની અંતિમ પળોનું દૃશ્ય આજે પણ મારી આંખો સામે તરવરી રહ્યું છે. કે.એ જ્યારે એ પ્રસંગનું વર્ણન કર્યું ત્યારે જ એની તસવીર મારી સામે ખડી થઇ ગઇ હતી. ત્યાર પછી એ તસવીરે મને કદી છોડી જ નથી. કે.ના છેલ્લા શબ્દો તો હજુ યે મારા કાનમાં ગુંજ્યા કરે છે.

"દુશ્મનોના દારૂગોળાના એક મોટા ગંજને ઉડાવી મૂકવાની તેમણે કોશિશ કરેલી. એમાં શિરના સાટાની વાત છે એ પી. જાણતા જ હતા. માટે જ તો એમણે એ છેવટનું કામ, પોતાના કોઇ પણ સાથીને ન સોંપ્યું. સાથીઓએ ઘણી યે વિનતિઓ કરી, પણ પી. કોઇનું સાંભળે જ નહિ તો ! બ્રહ્મદેશની સરહદની પેલી પાર, માદરે વતનની ધરતી ઉપર પી. મૃત્યુને ભેટયા. તમારે એમને માટે શોક ન કરવો–કારણ કે, એમને પોતાને પણ એ વાતનો શોક નહોતો. દારૂગોળાના ગંજને ઉડાવી મૂકવામાં એ સફળ થયા...અને જ્યારે એમના દેહનો પત્તો લાગ્યો ત્યારે એ એક ખાડીમાં પડયા હતા. ડાબો હાથ નહોતો–કપાઇને ઊડી ગયેલો. અને દેહ

ઉપર ઊંડા અને કારી જખ્મો હતા. પોતે હવે જીવવાના નથી એ વાત એ પોતે પણ જાણતા હતા એટલે એમણે તમને અને બીજા બધા સાથીઓને સંદેશ પાઠવ્યો છે. "સાબૂત કદમે બહાદુરીથી આગે બઢો! મારી વીર પત્ની... એમને કહેજો કે હું વીરની ગતિને પામ્યો છું. જનની જન્મભૂમિ આજે મને સાદ કરી રહી છે. હું તો એના પ્રત્યેની મારી ફરજ બજાવી છૂટયો. નેતાજી! મેં મારા શોણિતનું સમર્પણ કર્યું છે. એ શોણિત માતૃભૂમિની મુક્તિના બીજા અનેક વીરોની પ્રેરણા બનશે. હવે અહીં પડયા રહેવામાં સાર નથી. દોસ્તો! કામે લાગી જાઓ. હું તો હવે પળ બે પળનો મહેમાન છું. દુશ્મનોના હાથમાં હું જીવતો નથી જવાનો. આપણી ફોજના માર્ગ ઉપર, વિજય અને મુક્તિના માર્ગ ઉપર, મેં શોણિતથી રંગોળી પૂરી છે. આજે નેતાજીના એ શબ્દો મને ફરી સાંભરે છે:

"હમારે જવાંમર્દો કા ખૂન હમારી આઝાદી કી કિંમત હોગા. હમારે શહીદોં કે ખૂન–ઉન કી બહાદૂરી ઔર મર્દાનગી સે હિ હિંદુસ્તાન કી માંગ પૂરી હો સંકેગી. હિંદુસ્તાનિયોં પર જુલ્મો–સિતમ તોલને વાલી બતાનવી જબરોંસે અદલેકા બદલા સિર્ફ ખૂન સે હિ લિયા જા સકેગા!–જય હિન્દ!"

અને આ શબ્દો બોલતાં બોલતાં એમણે પોતાની પિસ્તોલ ખેંચી અને એક અતિમાનવ પ્રયત્ન કરીને એની નળીને પોતાના મોંમાં ગોઠવી...અને ઘોડો દાબ્યો...

"જય હિન્દ!......જય હિન્દ!......જય...!"

ઘટનાઓની ઘટમાળ—

ડિસેમ્બર	૭, ૧૯૪૧	... ... દૂરપૂર્વની લડાઇ શરૂ થઇ.
ફેબ્રુઆરી	૧૫, ૧૯૪૨	... ... જાપાનીઓના સિંગાપુરનું પતન.
જૂન	૨૪, ૧૯૪૨	... ... હિંદ સ્વાતંત્ર્ય સંઘની સ્થાપના.
નવે.–ડિસેમ્બર	૧૯૪૨	... ... પેનાંગ સ્વરાજ સંઘ અને આઝાદ હિન્દ ફોજ માટે કટોકટી
એપ્રિલ	૧૮, ૧૯૪૩	... ... હિંદ સ્વાતંત્ર્ય સંઘની યુદ્ધ માટેની તૈયારી.
જુલાઇ	૪, ૧૯૪૩	... ... શ્રી સુભાષચંદ્ર બોઝ હિન્દ સ્વાતંત્ર્ય સંઘના પ્રમુખપદે.
જુલાઇ	૫, ૧૯૪૩	... ... આઝાદ હિન્દ ફોજની જગત સમક્ષ જાહેરાત.
ઑગસ્ટ	૨૫, ૧૯૪૩	... ... શ્રી સુભાષચંદ્ર બોઝ ફોજના સિપેહસાલાર તરીકે.
ઑક્ટોબર	૨૧, ૧૯૪૩	... ... આરઝી હકૂમતની સ્થાપના.
ઑક્ટોબર	૨૨, ૧૯૪૩	... ... ઝાંસીની રાણી રેજીમેન્ટ છાવણીનું ઉદ્ઘાટન.
ઑક્ટોબર	૨૫, ૧૯૪૩	... ... બ્રિટિશ સામ્રાજ્ય અને અમેરિકા સામે યુદ્ધની જાહેરાત.
નવેમ્બર	૮, ૧૯૪૩	... ... આંદામાન અને નિકોબાર ટાપુઓ આઝાદ હિન્દ સરકારને સુપરત થયા.
ડિસેમ્બર	૩૦, ૧૯૪૩	... ... પોર્ટ બ્લેર ઉપર ત્રિરંગી ધ્વજ ચડયો.
જાનેવારી	૮, ૧૯૪૪	... ... રંગૂનમાં વડા મથકની સ્થાપના, શહિદ દ્વીપોના ચીફ કમિશ્નરપદે જન. લોકનાથની નિમણૂક
માર્ચ	૯, ૧૯૪૪	... ... ફોજ હિન્દની સરહદ ઓળંગે છે.
માર્ચ	૨૨, ૧૯૪૪	... ... જન. ચેટરજી હિંદના મુક્ત કરાયેલા વિસ્તારના પહેલા ગવર્નર તરીકે નિમાયા.
જુલાઇ	૪, ૧૯૪૪	... ... નેતાજી–સપ્તાહની શરૂઆત.
ઑગસ્ટ	૨૧, ૧૯૪૪	... ... વર્ષાઋતુને કારણ યુદ્ધપ્રવૃત્તિ મોકૂફ.
ડિસે.–જાનેવારી	૧૯૪૫	... ... ફોજનો બીજો વિગ્રહ.
એપ્રિલ	૨૪, ૧૯૪૫	... ... આઝાદ હિન્દ સરકાર રંગૂનમાંથી બેંગકોક જાય છે.
મે	૩, ૧૯૪૫	... ... ફોજે રંગૂન બ્રિટિશરોને સોંપી દીધું.

રંગૂન છોડતા પહેલાં શ્રી સુભાષચંદ્ર બોઝે ફોજને અનુલક્ષીને કાઢેલું છેલ્લું ફરમાન

હેડક્વાર્ટર, આઝાદ હિંદ ફોજ

આઝાદ હિન્દ ફોજના બહાદુર અમલદારો અને સૈનિકો,

બ્રહ્મદેશમાંથી હું ભારે હૈયે વિદાય લઇ રહ્યો છું. ૧૯૪૪ના ફેબ્રુઆરીથી આજ સુધીમાં આ ધરતી ઉપર તમે અનેક વીરસંગ્રામો ખેડ્યા છે. આપણા સ્વાતંત્ર્યવિગ્રહનું પહેલું યુદ્ધ, આપણે ઇમ્ફાલમાં અને બ્રહ્મદેશમાં, હારી બેઠા છીએ—પણ પહેલું યુદ્ધ જ. હજુ તો ઘણાં યુદ્ધો લડવાના બાકી છે. હું તો જન્મથી જ આશાવાદી છું. કોઇ પણ સંજોગોમાં પરાજય તો હું સ્વીકારવાનો નથી. ઇમ્ફાલના મેદાનોમાં, આરાકાનનાં જંગલો અને ડુંગરાઓમાં, બ્રહ્મદેશના તેલવિસ્તારોમાં અને અન્યત્ર, તમે શત્રુઓ સામે જે મર્દાનગી દાખવી છે તે હિંદી આઝાદીના યુદ્ધના ઇતિહાસમાં સર્વદા અંકિત રહેશે.

સાથીઓ, કટોકટીની આ ઘડીએ મારે તમને એક જ આદેશ આપવાનો છે, અને તે એ કે થોડાક વારને માટે અગર જો આપણને પરાજય સ્વીકારવાનો છે, તો તે આપણે વીરોની પેઠે સ્વીકારીએ, શિસ્ત અને સ્વમાનના ઉચ્ચતર ધોરણોનું સાંગોપાંગ પાલન કરીને સ્વીકારીએ. હિંદીઓની ભવિષ્યની પેઢીઓ—જેઓ ગુલામીમાં નહિ પરંતુ આઝાદીમાં જન્મશે અને જીવશે—તમારી પ્રચંડ કુરબાનીઓને પ્રતાપે જ—તેઓ તમારા ઉપર આશીર્વાદ વરસાવશે; જગતને તેઓ સગર્વ સંભળાવશે કે મણિપુર, આસામ અને બ્રહ્મદેશના રણક્ષેત્રોમાં લડીને અને પરાજિત થઇને પણ, તમે સ્વાધીનતાની સિદ્ધિનો માર્ગ સાફ કર્યો હતો.

હિંદની મુક્તિ બાબતની મારી શ્રદ્ધા અવિચળ છે. આપણો કોમી ઝંડો, આપણા કોમી સ્વમાન અને હિંદી સૈનિકોની મર્દાનગીની વીરપરંપરા એ બધું હું તમારા હાથમાં સલામત છોડી જાઉં છું. એના રક્ષણને માટે તમે, આઝાદી જંગના અગ્રેસરો, તમારાં સર્વસ્વનું બલિદાન આપશો એ બાબત મને તલભાર પણ શંકા નથી. આપણા આઝાદી—જંગની, જગતને કોઇ બીજે ખૂણે શરૂઆત કરનારાઓ તમારા જીવનમાંથી પ્રકાશમયી પ્રેરણા મેળવશે.

મારું ચાલ્યું હોત તો, હું, અહીં તમારી સાથે જ રહ્યો હોત, આપણી આ ટૂંકમુદતી હારના દુઃખમાં તમારી સાથે ભાગ પડાવવા. પણ મારા પ્રધાનો અને ઉચ્ચ અમલદારોના આગ્રહથી હું બ્રહ્મદેશ છોડું છું—અન્યત્ર જઈને આઝાદીનું આપણું યુદ્ધ ચાલુ રાખવા. પૂર્વ-એશિયાના અને હિંદની ધરતી ઉપરના મારા હિંદી દેશબાન્ધવોને હું પૂરેપૂરા પિછાણું છું, અને પિછાણું છું માટે જ હું તમને ખાતરી આપી શકું છું કે ગમે તેવા સંયોગોમાં પણ એ સ્વાતંત્ર્ય સંગ્રામ જારી જ રાખશે, અને તમે આપેલી કુરબાનીઓ અને વેઠેલી યાતનાઓ અફળ નહિ જાય. મને નિસબત છે ત્યાં સુધી હું તો, ૧૯૪૩ ના ઓકટોબરની ૨૧મીએ મેં જે શપથ લીધા છે તેને વફાદારીપૂર્વક વળગી રહીશ... અને ૩૮ કરોડ જેટલા મારા દેશબાન્ધવોના કલ્યાણ અર્થે અને એમની મુકિત અર્થે શકય તેટલું બધું યે કરી છૂટીશ. મારો તમને પણ એ જ આગ્રહ છે કે મારી પેઠે તમે પણ આશાવાદને વળગી રહેશો...અને ઉષાનો ઉદય ગાઢતમ અંધકાર પછી જ થાય છે એવી મારી માન્યતાને સ્વીકારશો.

હિન્દ આઝાદ થશે જ અને તે થોડા જ વખતમાં.

ઇશ્વરનો આશીર્વાદ ઊતરો તમારા ઉપર......

ઇન્કિલાબ ઝિન્દાબાદ !

આઝાદ હિંદ ઝિન્દાબાદ !

જય હિન્દ !

સુભાષચંદ્ર બોઝ

આઝાદ હિન્દ સેનાના સરસેનાપતિ

૨૪, એપ્રિલ, ૧૯૪૫

બ્રહ્મદેશ છોડતાં પહેલાં પોતાના સહકાર્યકરોને શ્રી સુભાષચંદ્ર બોઝે આપેલો છેલ્લો સંદેશ

બ્રહ્મદેશના મારા હિન્દી અને બ્રહ્મી મિત્રોને–

ભાઈઓ અને બહેનો,

બ્રહ્મદેશમાંથી હું ભારે હૃદયે વિદાય લઇ રહ્યો છું. આપણા સ્વાતંત્ર્યવિગ્રહનું પહેલું યુદ્ધ આપણે હારી બેઠા છીએ–પણ ફક્ત પહેલું જ. હજુ તો ઘણાં યુદ્ધો બાકી છે. એકાદ યુદ્ધમાં પરાજય પામીને નિરાશ થવાનું હું કોઇ પણ કારણ જોતો નથી. તમે બ્રહ્મદેશના મારા દેશબાંધવોએ–માદરે વતન પ્રત્યેની તમારી ફરજ, દુનિયા આખીને તારીફ કરવી પડે એવી રીતે બજાવી છે. તમે, સર્વસ્પર્શી યુદ્ધ માટેની તૈયારી એટલે શું, એ તમે તમારા વર્તનથી બતાવી આપ્યું છે. પણ આપણી સામેનાં બળો અતિ પ્રચંડ હતાં; અને પરિણામે હાલ થોડા વખતને માટે તો આપણી આઝાદીનું આ બ્રહ્મદેશવાળું યુદ્ધ તો આપણે હારી જ બેઠા છીએ.

નિઃસ્વાર્થ સમર્પણવૃત્તિની જે ભાવના તમે બતાવી છે–અને ખાસ કરીને મેં મારું વડું મથક બ્રહ્મદેશમાં ખસેડ્યું તે પછી–એ તો મારાથી હું જીવીશ ત્યાં સુધી કદાપિ નહિ વિસરાય.

આ ભાવનાને કોઇ પણ શક્તિ કદી કચડી શકશે નહિ એવી મારી શ્રદ્ધા છે. હું તમને વિનવું છું કે, હિંદની આઝાદીને ખાતર એ ભાવના ટકાવી રાખજો... હિંદની આઝાદી માટે ફરી યુદ્ધ લડવાનો ધન્ય દિવસ ઊગે ત્યાં સુધી ઉન્નતશિરે ઊભા રહેવાની મારી તમને વિનતિ છે.

હિંદના છેલ્લા સ્વાતંત્ર્યસંગ્રામનો ઇતિહાસ લખાશે ત્યારે બ્રહ્મદેશના હિંદીઓને એમાં આદરભર્યું સ્થાન હશે.

હું મારી રાજીખુશીથી બ્રહ્મદેશ છોડતો નથી મને પોતાને તો અહીં જ રહીને આપણા ટૂંક મુદતી પરાજયનું દુઃખ તમ સૌની સાથે સહેવાનું વધારે ગમત. પરંતુ મારા પ્રધાનોની અને ઉચ્ચ દરજ્જાના અમલદારોની આગ્રહભરી સલાહ

છે કે હિંદી આઝાદીની લડતને જારી રાખવા માટે મારે બ્રહ્મદેશમાંથી બીજે ક્યાંક ચાલ્યા જવું જોઇએ. જન્મથી જ હું આશાવાદી છું–અને પરિણામે હિંદની સ્વાતંત્ર્યસિદ્ધિને હવે થોડા જ વખતની વાર છે એવી મારી શ્રદ્ધા આજે પણ અવિચળ જ છે. એ જ આશાવાદને હૃદયમાં રાખવાની હું તમ સૌને વિનતિ કરુ છું.

ઉષા પહેલા ગાઢમાં ગાઢ અન્ધકાર આવવાનો જ–એમ મેં તમને અનેક વાર કહ્યું છે. અત્યારે આપણે ગાઢમાં ગાઢ અન્ધકાર સોંસરા પસાર થઇ રહ્યા છીએ...એટલે, ઉષા હવે દૂર નથી.

હિંદ આઝાદ થશે જ.

બ્રહ્મદેશની પ્રજા અને બ્રહ્મદેશની સરકારે આપણા આઝાદીજંગને ચલાવવામાં શક્ય તેટલી બધી ય સહાયતા મને કરી છે તે બાબત તેમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કર્યા વગર આ સંદેશ હું પૂરો ન જ કરી શકું... બ્રહ્મદેશનું એ ઋણ સ્વતંત્ર ભારતને હાથે જ ફીટી શકે...અને તે દિવસ પણ હવે દૂર નથી.

ઈન્કિલાબ ઝિન્દાબાદ !
આઝાદ હિન્દ ઝિન્દાબાદ !
જય હિન્દ !

સુભાષચંદ્ર બોઝ

દૂર, આ ...ની

પેલી પાર, જંગલો ... ...ી

તરફ, આપણી પુણ્યભૂ... ...ી

માટીમાંથી આપણી કાયાઓ ... છે,

અને જ્યાં આપણે થોડાજ વખતમાં પહોંચવાના છીએ. સાંભળો! હિંદ મૈયા બોલાવી રહી છે: શોણિત સાદ કરી રહ્યું છે, શોણિતને! ઊઠો, વખત નથી. હથિયાર સમાલો. દુશ્મનોને ચીરીને આપણે આપણો માર્ગ કોરી કાઢીશું; અથવા, ઈશ્વરની એવીજ મરજી હશે તો, રણભૂમિ ઉપર વીરોની ગતિને પામીશું. પણ મરતાં મરતાંયે, જે માર્ગે થઈને આપણી આઝાદ હિંદ ફોજ દિલ્હી પહોંચવાની છે, તે માર્ગ ઉપરના પુણ્યરજને આપણે માથે તો જરૂર ચઢાવીશું. દિલ્હીનો માર્ગ એજ આઝાદીનો માર્ગ છે.

"ચલો દિલ્હી!"

—સુભાષચન્દ્ર બોઝ